ઑનરેબલ

મી. બાલ ગંગાધર ટીલકનો મુકરદમો.

(મી. ટીલકનું જીવનવૃતાન્ત, પકડાવું, જામીનપર છૂટવું, પોલિસ કોર્ટમાં ચાલેલી તપાસ, અને સેશન્સ કોર્ટમાં ચાલેલાં મુકરદમાની પૂરેપુરી હકીકત સાથેનું પુસ્તક.)

પ્રકટ કર્તા.

"હિંદુસ્તાન" પત્રના ઑફીસ.

દાદીઅગિયારી લેન નં૦ ૧૧૨, મોર્કેટ પોસ્ટ—મુંબઈ.

"સાક્ષર સહાયક-પ્રજા પ્રબોધક મંડળી" ના પ્રિન્ટિંગ પ્રેસમાં રાઘોબા સદોજીએ છાપ્યું.

સન ૧૮૯૭. સંવત ૧૯૫૩.

કિંમત ચાર આના.

ઑનરેબલ

મી. ટીલકનો મુકરદમો.

મુકરદમો પ્રકટ કરવાનું પ્રયોજન.

ઑનરેબલ મી. બાળ ગંગાધર ટીળક કે જેઓ પુનામાં પ્રકટ થતાં ઇંગ્રેજી "મરાઠા" અને મરાઠી "કેસરી" પત્રના માલેક અને અધિપતિ છે, જેમના ઉપર ફિતુરી લખાણો કરી, બ્રિટિશ સરકાર સામે લોકોની લાગણી ઉશ્કેરવાનો અપરાધ મુકી કામ ચલાવવામાં આવ્યુ હતું, પોલિસકોર્ટમાંથી જેમના એ મુકરદમાને સેશન્સ કમિટ કરવામાં આવ્યો હતો, એ પછી સેશન્સકોર્ટમાં ખાસ જુરીના ગ્રહસ્થો સમિપ અને હાઇકોર્ટના જડજ મી. સ્ટ્રેચી હજુર પાંચ દિવસસુધી તપાસ ચાલ્યા બાદ જેમને ગઇ તા. ૧૪ મી સપટેમ્બર સન ૧૮૯૭ ના રોજ અઢાર મહિનાના સખ્ત કેદખાનાની સજા કરવામાં આવેલી છે અને જેમના પ્રીન્ટર મી. કેશવ મહાદેવ બાળને નિર્દોષ ગણી છોડી મુકવામાં આવેલો છે. તે ઑનરેબલ મી. ટીલકનો આ રાજ્યદ્વારી સ્વરૂપને પામેલા મુકરદમાએ લોકોનું એટલું બધું તો ધ્યાન ખેંચ્યું છે કે તેની રોજરોજની હકીકતના વર્તમાનપત્રો તરફથી પ્રકટ થયેલા વધારાઓની હજારો નકલો રોજની રોજ ખપી જતી હતી અને તેથીજ લોકોનું ધ્યાન ખેંચનારા જાણવા લાયક આ મુકરદમાની સવીસ્તર હકીકતનું પુસ્તક પ્રકટ કરવું–તે "હિંદુસ્તાન" પત્રની આફિસને જરૂરનું લાગ્યું છે.

મી. ટીલકનું જીવનવૃતાંત.

ઑ૦ મી૦ બાળ ગંગાધર ટીલકનો જન્મ રત્નાગીરીમાં શાકે ૧૭૭૮ ના આશાડ વદી ૬ એટલે ઈ૦ સ૦ ૧૮૫૬ ના જુલાઈ માસની તા૦ ૨૩ મીના રોજ થયો હતો. મી. ટીલકના પિતા મી. ગંગાધર રામચંદ્ર ટીલકનું ઘણું ખરૂં આયુષ્ય શિક્ષકના ધંધામાંજ ગુજર્યું હતું. તેઓએ થોડા વર્ષ પુના અને થાણામાં આસિસ્ટંટ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરનું પણ કામ કર્યું હતું. ઈ૦ સ૦ ૧૮૭૨ માં મી. ગંગાધર ટીલક મૃત્યુ પામ્યા. એજ વર્ષમાં મી. બાલ ગંગાધર ટીલક મેટ્રીક્યુલેશન થયા. ૧૮૭૬ માં તેઓ બી. એ. ની પરીક્ષામાં પાસ થયા. ૧૮૭૯ ના વર્ષમાં એલ. એલ. બી. એટલે હાઈકોર્ટ પ્લીડર થયા. એ પછી ૧૮૮૦ થી "ન્યુ ઇંગ્લીશ સ્કૂલ" પોતાના મિત્રોની સાથે મળીને સ્થાપન કરી. ૧૮૮૪ માં "ડેક્કન એજ્યુકેશન સોસાયટી" સ્થાપન કરવામાં ઉત્સાહથી ભાગ લીધો. ૧૮૯૦ માં કેટલાંક કારણોને લઈને, તેમણે સોસાઇટી સાથેનો પોતાનો સંબંધ છોડયો. "ન્યુ ઇંગ્લીશ સ્કૂલ" કૈલાસવાસી મી. વિશ્નુ કૃષ્ણ ચીપલુણકર શાસ્ત્રી સાથે મલીને સ્થાપી ત્યારથી ઈંગ્રેજી "મરાઠા" અને મરાઠી "કેસરી" પત્ર પ્રકટ કરવા માંડયા હતા, તે પત્રોના આન૦ મી. ટીલક સોસાઇટીના સંબંધથી છૂટા થયા પછી માલેક અને અધિપતિ થયા. તે પૂર્વે પણ તે પત્રોના પોતે લેખક હતા. કોલ્હાપુર પ્રકરણમાં "કેસરી" અને "મરાઠા" પત્રમાં આવેલા લેખના સંબંધમાં ડેફ્રેમેશન કેસ થવાથી આન૦ મી. ટીલકને મરહુમ મી. આગરકરની સાથે ૧૦૧ દિવસનું કેદખાનું ભોગવવું પડયું. ૧૮૮૧ થી તેમણે પુનામાં "લૉકલાસ" કહાડયો. ત્યારબાદ "કનસેન્ટબિલ" સંબંધે ભારે ઘોંઘાટ ઉઠાવ્યો. એ ઘોંઘાટ ૧૮૮૬ થી ૧૮૯૦ પર્યંત "કેસરી" અને "મરાઠા" માં વારંવાર પ્રકટ થયાં કર્યો. ૧૮૯૨ માં "ઓરિયાન" નામનો નિબંધ લખીને "ઓરિયન્ટલ કોનગ્રેસ"માં મોકલાવ્યો હતો ને ૧૮૯૩ માં છપાવી પ્રકટ કર્યો. એ પછી બીજાં કેટલાંક પુસ્તકો પ્રકટ કર્યાં. ગણપતિના મેળા અને શ્રી શિવાજીની સમાધીના જીર્ણોદ્ધાર માટે યત્ન કરવામાં આગેવાની ભરેલો ભાગ લીધો. મુંબઈની ધારાસભામાં ૧૮૯૫ માં મધ્ય વિભાગ તરફથી લોકનિયુક્ત સભાસદ નિમાયા. પ્રત્યેક વેળાએ નેશનલ કોનગ્રેસના સમારંભમાં પુનાના પ્રતિનિધિ તરીકે હાજર થતા રહેતા રહ્યા, તથા હમણા ૧૮૯૭ માં પણ ધારાસભામાં લોકનિયુક્ત સભાસદ તરીકે ફરી નિમાયા અને ત્યાર પછી તેમના ઉપર "ફિતુરી લખાણ કરવાનો આરોપ" મુકાઈને તેઓ સેશન્સ કોર્ટથી તા૦ ૧૪ મી સપટેમ્બર ૧૮૯૭ મંગળવારના રોજ અઢાર મહિનાના કેદખાનાની સજા પામ્યા.

ઑનરેબલ

મી. ટીલકનો મુકરદમો.

આન. મી. ટીલકનું પકડાવું.

આન. મી. ટીલક ઉપર વારંટ.

તા૦ ૨૭ મી જુલાઈ ૧૮૯૭ મંગળવારે બપોરના બે વાગ્યા પછી સરકારી સોલિસીટર મી. નીકલસન સાથે સરકારી ઓરીયન્ટલ ટ્રાન્સલેટર મી. મીરઝાં આબાસ અલીબેગ મુંબઇના વડા મેજીસ્ટ્રેટની કોર્ટમાં હાજર થયા હતા, અને તા. ૧૫ મી જુનના "કેસરી" પત્રના અંકમાંથી આરોપવાળા ફકરાઓના પોતે કરેલાં ભાષાન્તર વિષે નીચેનું ફરિયાદનામું માજીસ્ટ્રેટને આપ્યું હતું:—

"હું સરકારનો ટ્રાન્સલેટર, એટલે દુભાષિયો છું. પુના શેહેરના બુધવાર પેઠના લતા ઉપર આવેલા "આર્યભુષણ" નામના એક છાપખાનામાં "કેસરી" નામનું એક અઠવાડિક પત્ર છપાય છે તેનો માલેક, અધિપતિ અને પ્રકટ કરનાર એક બાળ ગંગાધર ટીળક છે. "કેસરી" પત્રનો તા. ૧૫ મી જુન ૧૮૯૭ નો એક અંક હું અત્રે રજુ કરૂં છું. એ પત્ર ઉપર નિશાની કરેલું લખાણ જે મને દેખાડવામાં આવેલું છે તે મેં વાંચ્યું છે. તેમાં જે ફકરાઓ ઉપર નીશાનીઓ કરવામાં આવી છે, તે માંના ચોકસ શબ્દો બહુ ઉશ્કેરણીવાળા તથા વાંધા ભર્યા છે. એ શબ્દો માટે મને કહેવામાં આવ્યું છે કે હિંદુસ્થાનની ઇંગ્રેજ સરકાર સામે લોકોને બેદીલ કરવા માટે ઉપલ્યા શબ્દો વાપરવામાં આવ્યા છે, તેટલા માટે મજકુર બાળ ગંગાધર ટીળક, જે ગઈ તા. ૧૫ મી જુને છાપવામાં આવેલા "કેસરી" પત્રનો માલેક, અધિપતિ અને પ્રકટ કરનાર છે અને તેટલા માટે ઉપલ્યા પત્રમાં આવેલા વાંધા ભરેલા લખાણ વાસ્તે તે જવાબદાર હોવાથી, તેની ઉપર લોકોના વાંચવા માટે ઉપલ્યું લખાણ પ્રકટ કરવાનો અને તેથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૨૪ મી "એ" કલમનું ખંડન કરવાનો આરોપ લાગુ પડે છે. મજકુર "કેસરી" પત્રના તા. ૧૫ મી જુનના જે અંક પુના ખાતેના છાપખાનામાં છાપવામાં આવ્યા હતા, તે અંકો એ પત્રના મુંબઇ ખાતેના ગ્રાહકો ઉપર ટપાલ મારફતે મોકલવામાં તથા તેઓમાં વેહેંચવામાં આવ્યા હતા, એમ મને ખબર મળી છે. અને હું તે માનું છું તે અંકોમાં જે ફકરાઓ આવ્યા હતા, તે આ કોર્ટની હદમાંના લોકો વચ્ચે વંચાવવાની મતલબથી પ્રકટ કરવામાં આવ્યા હતા. "હિંદી સિવિલ પ્રોસિડ્યુર કોડ" ની ૧૯૬ મી કલમ મુજબના એક સરકારી હુકમ હેઠળ ઉપલ્યું ફરીયાદનામું નોંધાવવામાં આવ્યું છે. મને ખબર મળી છે તથા હું તે ખરી માનું છું કે મજકુર બાળ ગંગાધર ટીળક હાલ મુંબઇમાં છે."

એ પછી સરકારી સોલિસિટર મી. નીકલસને મી. ટીલક સામે વારંટ મેળવવાની અરજ કરી હતી અને અરજનામું વાંચ્યા પછી માજીસ્ટ્રેટે વારંટ આપ્યું હતું.

આન. મી. ટીલકનું પકડાવું.

એજ દિવસ રાતના દસવાગે ગીરગામ બેકરોડ ઉપર આવેલી આંગરીયાની વાડીમાં આવેલા આન. મી. દાજી આબાજી ખરેના ઘરની આસપાસ પોલીસના માણસોનો પેહેરો મેલી, સરદાર ખાન બહાદુર મીર અબદુલઅલી તથા છુપી પોલીસના એક ડીટેકટીવ કૃષ્ણાજી યશવંત, મી. ખરેના મકાનમાં દાખલ થયા હતા, અને પુનાની ડયુનિટિવ પોલિસના વડા મી. ગાઇડરે મી. ટીલકને ઓળખાવ્યા બાદ વડા માજીસ્ટ્રેટે કાહાડેલું વારંટ મી. ટીળકને દેખાડી, તેમને શરણ થવા ફરમાવ્યું હતું. કાંઇ પણ ગડબડ

કર્યા વિના મી. ટીલક પોલિસને શરણ થયા હતા. તેમને તે રાત્રીએ મેદાનની પોલિસ ચોકીમાં રાખવામાં આવ્યા હતા.

જામીનપર છોડવાની ના પાડવામાં આવી.

બીજે દિવસે સવારે અગિયાર વાગે મી. ટીલકને ઓળખાવવા માટે વડા માજીસ્ટ્રેટની કોર્ટમાં લાવવામાં આવ્યા હતા. બપોરના અઢી વાગતે ફરીયાદીપક્ષ હાજર થતાં વાર મી. ટીલકને જામીન પર છોડવાની તેમના બારીસ્ટરે અરજ કરી, ત્યારે મેજીસ્ટ્રેટે બન્ને પક્ષની દલીલો સાંભળ્યા પછી જણાવ્યું કે તોહોમતદાર ઉપર ચલાવવામાં આવતા કામ માટે મુંબઇ સરકારની ખાસ પરવાનગી મેળવવામાં આવેલી હોવાથી, જો કે તે વડે મુકરદમા ઉપર કાંઇ અસર ઉપજી શકતી નથી, તેમજ સાધારણ અકલવાળા માણસોને પણ વાંધાવાળા ફકરા લેખોમાં સરકાર સામે અભાવ ઉત્પન્ન કરે એવા લાગતા હોવાથી, હું તોહોમતદારને જામીન ઉપર છોડી શકતો નથી. એ પછી ફરીયાદનામાની તથા કોરટના ચુકાદાની નકલ મળવાની આરોપીના બેરીસ્ટરે અરજ કરી હતી અને તે સ્વીકારવામાં આવી હતી. તથા મુકરદમો શનિવાર તા૦ ૩૧ મી આગષ્ટના રોજ ચલાવવાનું મેજીસ્ટ્રેટે જણાવ્યું હતું.

પોલિસ કોર્ટમાં ચાલેલી તપાસ.

તા. ૩૧ મી આગસ્ટ શનિવારના રોજ બપોરના ૨॥ કલાકે આનરેબલ મી. બાલ ગંગાધર તીલક અને "કેસરી" પત્રના પ્રીન્ટર કેશવ મહાદેવ બાલ સામેનો મુકદમો મેદાનની પોલીસ કોરટના વડા પ્રેસીડંસી મેજીસ્ટ્રેટ હજુર ચાલ્યો હતો. સવારના ૧૦ વાગેથી તે માટે હિંદુઓએ, મુખ્ય કરીને મરાઠા હિંદુઓએ કોર્ટમાં ભેગા થવા માડ્યું હતું. કોર્ટનું દીવાનખાનું ચીકાર ભરાઇ જવાથી, બાહેરની ગેલરી અને નીચે કંપાઉન્ડમાં લોકોની ભરચક ગીરદી બપોર અગાઉથી થઇ ગઇ હતી. પોલીસના યુરોપિયન તથા દેશી અમલદારોને એ ઉપરથી કોર્ટમાંથી લોકોની ભીડ દુર કરવાને બહુ મહેનતમાં ઉતરવું પડ્યું હતું અને આખરે કેટલાકોને ધકકા મારીને બાહેર કહાડવા પડ્યા હતા. નીચે કંપાઉંડમાંનાં લોકોને કોર્ટની ઉપર જતા અટકાવવામાં આવ્યા હતા.

આનરેબલ મી૦ તીલક અને મી. કેશવ મહાદેવ બાળને બપોર. પછી બરાબર ૨॥ કલાકે કોર્ટમાં પોલીસ ઇન્સ્પેકટર મી. રોબર્ટસ અને ઇન્સ્પેકટર મી. વ્હિટલે લાવી, મેજીસ્ટ્રેટ હજુર ઉભા કર્યા હતા.

મી. તીલક તરફથી મેસર્સ હીરાલાલ, મુલ્લાં અને મુલ્લાં સોલીસીટરોની ફરમાસથી મી. દીનશાહ દાવર બારીસ્ટર અને મી. બાલ તરફથી મી. બેડસ હાજર થયા હતા જ્યારે સરકાર તરફથી મુકદમો ચલાવવાને મી. નીકલસન સોલીસીટર હતા હતા.

કલાક ૨-૩૫ મીનીટે માજીસ્ટ્રેટે ન્યાયાસન લેવા પછી, મુકદમો ચલાવવામાં આવ્યો હતો.

મી. દાવરે, પુનામાં જે જડતીનું વારંટ બજવ્યું હતું, તે જોઇ તેમના પત્રોના ઘરાકોનું લીસ્ટ માગ્યું, એવું જણાવીને કે તેઓને આવતી કાલે આંકડો પેપર કહાડનાર હોવાથી તેની જરૂર છે.

મી. નીકલસને વાંધો લીધો, પણ એટલું જણાવ્યું કે જોઇએ તો કોર્ટની અંદર તે ઉતારી લેવું.

મી. દાવરે જણાવવા માંડ્યું કે તેમના પત્રના ૨૦૦૦૦ ઘરાકો છે, જે સવાર સુધીમાં પણ ઉતારી શકાય નહીં.

મેજીસ્ટ્રેટે મી. દાવરને એ અરજ છેવટે કોર્ટ ઉઠતી વખતે કરવા જણાવ્યું.

મી. નીકલસને એ પછી હીંદી ફોજદારી કાયદાની ૧૨૪ મી કલમ પ્રમાણે મી. તીલક ઉપર આરોપ મેલવામાં આવ્યો છે, તે ટાંકી બતાવી જણાવ્યું કે વાંધાભરી આરટીકલો એ કલમમાં દરશાવેલા ગુનાહમાં સમાઇ શકે છે. મી૦ તીલક "કેસરી" નો અધિપતિ, છાપનાર તથા માલેક છે અને તા. ૧૫ મી જુનના અંકમાં ચોકસ આર્ટીકલો લખેલા છે. જે લોકોમાં અભાવ અને ઉશકેરણી ચલાવનાર તરીકે લેખવામાં આવ્યા છે. મુંબઇમાં અને બીજે ઠેકાણે પણ એ પત્રના ઘરાકો છે.

લેવામાં આવેલા સાક્ષીઓ.

મુંબઇના પોલીસ કમીશનરની આફીસના એક કલાર્ક મી. દત્તાત્રિય દામોદર આંનદીકરની એ પછી જબાની લેવામાં આવી હતી, કે પુનામાં પ્રગટ થતા જે કેસરી પત્રનો એક ઘરાક છે.

મી. દાવરના પુછવાથી મેજીસ્ટ્રેટે ખુલાસો કર્યો કે એ મુકદમો તેઓ સેશન્સ કમીટ કરનાર છે, જેથી મી. દાવરે સાક્ષીઓને ઉલટપાલટ તપાસ્યા ન હતા.

ઓરીયેન્ટલ ટ્રાન્સલેટર મી. મીરઝાં આબાસ અલીબેગે આરટીકલનો તરજુમો કરવાને લગતી જબાની આપી હતી. શીવાજીના મહોત્સવનાં સંબંધમાં ટીકા તેની અંદર કરેલી હતી. કોર્ટમાં એ આર્ટીકલો રજુ કરવામાં આવી હતી.

મી. તીલક સામે ફોજદારી ચલાવવાને લગતો નામદાર મુંબઇ સરકારનાં સેક્રેટરીનો હુકમ મી. નીકલ અને કોર્ટમાં અત્રે રજુ કર્યો હતો.

પોસ્ટ આફીસના એક કલાર્ક તથા પોલીસ ઇનસ્પેકટર મી. ગાડગીલની જબાની લીધા બાદ, મી. દાવરે મી. તીલકને જામીન ઉપર છોડવાની પાછી અરજ કરી હતી, પણ મેજીસ્ટ્રેટે ના પાડી હતી.

મુકરદમાની વધુ તપાસ તા. ૨ જી આગસ્ટ સોમવાર ઉપર મુલતવી રહી હતી.

લેવામાં આવેલા વધુ સાક્ષીઓ.

"કેસરી" પત્રના માલેક, અધિપતિ અને પ્રકટકર્તા આન. મી. બાળ ગંગાધર ટીલક અને "આર્યભૂષણ" છાપખાનાના કારકુન મી. કેશવ મહાદેવ બાલબાળો મુકદમો સોમવાર તા. ૨ જી આગષ્ટના રોજ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ હજુર ચલાવવામાં આવ્યો હતો. ફરિયાદી તરફથી સરકારી સોલિસિટર મી. નિકલસન, મી. ટીલક તરફથી મેસર્સ ભાઇશંકર અને કાંગા સોલિસિટરોની ફરમાશથી મેસર્સ દાવર અને દેશપાંડે બારીસ્ટર; તેમજ મી. બાળ તરફથી વકીલ મી. બોડસ હાજર હતા. મુકરદમાઓની તપાસ બપોરના બાર વાગ્યાથી શરૂ કરવામાં આવી હતી. તે વેળાએ મુંબઇમાંના "કેસરી" પત્રના એજન્ટ મી. વિષ્ણુ જગન્નાથ દાતારની પ્રથમ સાક્ષી લેવામાં આવી હતી. તેણે જણાવ્યું હતું કે હું "કેસરી" પત્રનો મુંબઈ ખાતાનો એજન્ટ છું. આ એજન્સી મી. હરી નારાયણ ગોખલેના નામપર ચાલે છે. "કેસરી" પુનાથી મંગળવારે સાંજે આવે છે, અને તે પછી વેહેંચાય છે. એ પત્રનું લવાજમ અમે સર્વે બાઇઓ ઉઘરાવીએ છીએ. મરકીના સમયમાં અમે કામ કરતા નહોતા તેથી એ પત્ર પુનાથી ટપાલ મારફતે આવતું હતું. અમે પુને લવાજમના નાણા મોકલીએ તેની પહોંચ પ્રથમ ગોખલેના નામથી આવતી હતી અને ત્યાર પછી બાળના નામની આવે છે. મી. બાળ ગયા એપ્રીલથી સહીઓ કરવા લાગ્યા હશે. એ પછી "આર્યભૂષણ" છાપખાનાના એક કલાર્ક મી. નારાયણ મહાદેવ પુરાણિકની શાક્ષી લેવામાં આવતાં તેણે જણાવ્યું કે, હું એ છાપખાનામાં છ સાત વર્ષથી નોકરી કરૂં છું. મી. ગોખલેનું કામ હાલ મી. બાળ ચલાવે છે. હું માત્ર હિસાબ રાખું છું. "કેસરી"ના માલેક આન. મી. ટીલક છે. લવાજમ અને જાહેર ખબરોનો હિસાબ જુદો જુદો રાખવામાં આવે છે. એ હિસાબોમાંજ "મરાઠા" પત્રનો પણ હિસાબ રાખવામાં આવે છે અને તે પત્રના માલેક પણ મી. ટીલકજ છે. મી. ગોખલે ગયા પછીથી મી. બાળ જવાબદાર પ્રીન્ટર છે. ત્રીજા શાક્ષી આર્યભૂષણ છાપખાનાના હેડ કંપાઝીટર બળવંત કૃષ્ણ કોલંગડેની શાક્ષી લેવામાં આવતાં તેણે જણાવ્યું કે "કેસરી"ની કાપીઓ કંપાઝ કરવા માટે કંપાઝીટરોમાં હું વહેંચી આપું છું. કંપોઝ થયા પછી છાપી અને પ્રુફો પ્રુફ રીડરને સોંપી દઉં છું અને પ્રુફ વંચાયા પછી તે સુધારવા માટે એકલાં પ્રુફોજ મને પાછાં આપવામાં આવે છે. અસલ કોપીનું શું થાય છે તે હું જાણતો નથી. મી. ટીલકે વાંચેલાં પ્રુફો તેમની કને પાછાં જાય છે કે નહીં તેની મને ખબર નથી. મી. બાળ મેનેજર છે અને તા. ૧૫ મી જુનનો "કેસરી"નો અંક મી. બાળે છાપેલો છે.

આરોપીઓએ શું કહ્યું?

ત્યાર પછી, તમોને કાંઇ કહેવું છે, એમ કોર્ટ તરફથી આરોપીઓને પુછવામાં આવતાં મી. ટીલકે જણાવ્યું કે હું "કેસરી પત્રનો માલેક અને પ્રકટ કર્તા છું. "કેસરી" મુંબઈ અને ઇતર સ્થળોએ વહેંચવામાં આવે છે. મારા ઉપર જે આરોપો મુક

વામાં આવેલા છે, તેનો હું ઇનકાર કરૂં છું. મારે જે કાંઇ કહેવાનું છે તે હું અહીં કહી શકતો નથી. લો કોનો વખત વધારે ન જાય તેટલા માટે "કેસરી" પત્રની માલેકીની અને પ્રસિદ્ધિની હું કબુલાત આપું છું. મી. બાળે જણાવ્યું કે મારા ઉપર શો આરોપ મુકવામાં આવેલો છે તેની મને ખબર નથી. કોર્ટ તરફથી કહેવામાં આવ્યું કે તા. ૧૫ મી જુનના "કેસરી"માં અપવાદક લેખ આવેલો છે તેના છાપનાર તરીકેનો તમારા ઉપર આરોપ મુકવામાં આવેલો છે. મી. બાળે જણાવ્યું કે તે વિષે હું ગુન્હેગાર નથી.

મુકરદમો સેશન કમિટ કરવામાં આવ્યો.

ત્યાર પછી મી. ટીલક ઉપર તા. ૧૫ મી જુન ૧૮૯૭ ના "કેસરી" પત્રમાં લેખ છાપીને ઇન્ડીઅન પીનલકોડની ૧૨૪ (અ) કલમ પ્રમાણે ગુન્હો કરવાનો આરોપ મુકી તેને સેશન કમિટ કર્યો. તેવીજ રીતિયે એ પત્રના પ્રિન્ટર તરીકે મી. બાળને ગણી તેને પણ સેશન કમિટ કરવામાં આવ્યો. આવી રીતે માજીસ્ટ્રેટ કોર્ટમાંથી એ મુકરદમાનું કામ પુરૂં થયું.

આ૦ મી૦ ટીલકનું જામીનપર છુટવું.

તા. ૪ થી આગષ્ટ બુધવારના રોજ બપોરના ત્રણ વાગતે હાઇકોર્ટમાં મી. જસ્ટીસ બદરૂદીન હજુર આન. મી. ટીલક તરફથી મેસર્સ ભાઇશંકર અને કાંગા સોલીસીટરની ફરમાશથી મી. દાવરે જામીનપર છોડવા અરજ કરી હતી. સરકાર તરફથી સરકારી સોલિસિટર મી. નિકલસનની ફરમાશથી આન. મી. લેંગ બારીસ્ટર પણ હાજર થયા હતા.

જામીનપર નહીં છોડવાથી થનાર હરકત.

શરૂઆતમાં મી. દાવરે જણાવ્યું કે મારા કુલને જામીનઉપર છોડવામાં નહીં આવે તો આવતા સપટેમ્બર માસની પેહલી તારીખે સેશન ભરાતા સુધી કેદખાનામાં રહેવું પડશે. આમ થવાથી એવો ભાવાર્થ ઉઠશે કે બચાવ માટે મારા કુલને જોગવાઇ નહીં કરી આપવા અને પોતાના ધારાના હિમાયતી સાથે ખાનગી વાતચીત નહીં કરવા દેવા માટે તેને જામીનપર છુટો કરવામાં આવ્યો નહીં. કેદી તરીકે રહેવાથી તેના સોલિસિટરને વારંવાર કેદખાનામાં જવું પડશે, કાયદા પ્રમાણે દરોગાની હાજરીમાં વાતચિત થવાથી મારા કુલનો બચાવ ખુલ્લો થઇ જશે અને તેના બચાવમાં બહુ હરકત આવશે.

'બંગવાસી' પત્રના અધિપતિને જામીનપર છોડવામાં આવ્યો હતો.

તોહમતદાર સામે ફોજદારી કાયદાની ૧૨૪ (એ) કલમ પ્રમાણે આરોપ મુકવામાં આવ્યો છે એવોજ આરોપ અગાઉ કલકતામાં પ્રકટ થતા "બંગવાસી" પત્રના અધિપતિ ઉપર સન ૧૮૯૧ માં મુકવામાં આવ્યો હતો, એ મુકરદમાને પણ સેશન્સમાં નોંધવામાં આવ્યા પછી તેને જામીનપર છુટો કરવામાં આવ્યો હતો, એ મુકરદમાની વિગતવાળું તા. ૧૨ આગસ્ટ ૧૮૯૧ ના કલકતાના "સ્ટેટસમેન" પત્ર ઉપરથી ઉતારેલી નકલ રજુ કરૂં છું.

વાંધાવાળા ફકરાઓમાં ફિતુર જેવું કાંઇ નથી.

મી. દાવરે એ પછી જણાવ્યું કે હાલના મુકરદમા વિષે એવું કહેવામાં આવે કે આ ઘણો ગંભિર આરોપ છે અને તેથી તેને જન્મ દેશનિકાલની સજા મળશે; તથાપિ મારે કહેવું જોઇએ કે તે માટે કાયદામાં ત્રણ વર્ષની પણ સજા ઠરાવવામાં આવેલી છે. કોર્ટ સન્મુખ જે જુબાની હાજર છે, તે વાંધાવાળા ફકરાઓ ઉપરાંત મી. મીરજાં આબાસ અલીબેગની સાક્ષી છે, પણ તે શિવાય વધારે જુબાની જોવામાં આવતી નથી. જેને મરાઠી ભાષાનું પુરૂં ગ્નાન હોય અને જે અભાવ અને ગુસ્સાથી બદ્ધ થયો નહીં હોય . વાંધાવાળા ફકરાઓમાં કાંઇ પણ ફિતુરી જેવું છે એમ તે કહી શકશે નહીં, એમ હું હીંમતથી કહી શકું છું આ ફકરાઓ જે માત્ર ઉપર ઉપરથીજ વાંચે તથા કમનસીબ સંજોગો જેના મગજપર અસર કરી શકે તેજ કહીં શકે, કે આ લખાણ ફિતુરી છે. આ ફકરાઓ કોઇને પણ અપમાન કરે તેવા નથી. તેમજ ઇંગ્રેજો અને સરકાર સામે ખરાબ ભાષા વાપરેલી જણાવી શકતા નથી. આ લખાણ અલંકારિક હોવાથી, તેનો કેટલોક ભાગ સમજી શકાય તેવો નથી. હિંદુસ્તાનની સરકાર સામે આ ફકરાઓ લખવામાં આવ્યા નથી અને અમે એવો પુરાવો રજુ કરીશું કે "કેસરી" ના વાંચનારાઓ એવું જોઇ શક્યા નથી કે તે ફકરાઓમાં સરકાર સામે અભાવ ઉત્પન્ન કરવાનો યત્ન કરવામાં આવ્યો છે. વાંધાવાળા ફકરાઓ જો ફિતુરી હોત તો મી. ટીલક સામે, તેઓ ધારાસભાના સભાસદ ચુંટી કહડાયા પેહલાંજ તેમની સામે કામ ચલાવવામાં આવત.

એ ફકરાઓમાં શું જણાવવામાં આવ્યું છે?

ત્યાર પછી વાંધાવાળા ફકરાઓ મરાઠી ભાષામાંજ વાંચવાની મી. દાવરે અરજ કરવાથી કોર્ટના હુકમથી ઇન્ટરપ્રીન્ટરે વાંચી સંભળાવ્યા હતા. તે પછી મી. દાવરે જણાવ્યું કે આ ફકરામાં "મ્લેચ્છો" એ શબ્દ માટે સર્વથી વધારે વાંધો લેવામાં આવે છે. વિરૂદ્ધ પક્ષ તરફથી તેનો એવો અર્થ ઉઠાવવામાં આવે છે કે સંસ્કૃત ભાષા નહીં જાણનારાઓને તથા હિંદુ રીતરીવાજ નહીં પાળનારાઓને એ શબ્દ

લાગુ પડે છે. પણ ફકરાઓ વાંચતાં એવો અર્થ તેમાંથી નિકળતો માલુમ પડતો નથી. એ ફકરામાં વધારે એ જણાવવામાં આવ્યું છે કે અફઝુલખાનને મારી નાંખવા માટે શિવાજી જો ગુન્હેગાર હોય તો નેપોલિયનને ૨૦૦૦ માણસને તથા સીઝરે તે કરતાં વધારે માણસોને મારી નાંખ્યાં હતાં અને તેથી તેના જેટલો તે ગુન્હેગાર ઠરતો નથી. આ ફકરાઓ વાંચતાં જેઓ ઉશ્કેરાઇ જાય તેઓનો મિજાજ ઘણો ગરમ હોવો જોઇએ, પરંતુ આ ફકરાઓ વાંચનારી દેશી પ્રજા ઉશ્કેરાઇ જાય એવા મિજાજની નથી. તોહોમતદાર કરતાં કેટલાંક ઇંગ્રેજી પત્રોએ મુકરદમા વિષે વિવેચન કરતાં જે ભાષા વાપરી છે તે ઘણી સખ્ત છે એમ હું બતાવી શકાશ.

વિરૂદ્ધ પક્ષનો વાંધો.

મી. દાવરે મી. ટીલક બહુ પ્રતિષ્ઠિત ગૃહસ્થ છે, મુંબઇમાં તેઓ સારો વગ ધરાવે છે અને તે હાજર નહીં થાય એવો બિલકુલ સંભવ નથી. એમ જણાવ્યા પછી વિરૂદ્ધ પક્ષ તરફથી મી. લેંગે વાંધો લીધો કે ઇંગ્લંડમાં આવા મુકરદમામાં તોહોમતદારને જામીન પર છોડવામાં આવતો નથી. ફુરંગને લગતો સરકારી કાયદો માત્ર એટલુંજ કહે છે કે તોહોમતદાર કોઇ સાથે વાતચીત કરે ત્યારે માત્ર તેના ઉપર નજર રાખવી અને તેથી તે તેના વકીલ સાથે વાતચીત કરે તે દરોગો સાંભળી લે, એમ કાંઇ તે ઉપરથી માની શકાતું નથી. આ મુકરદમામાં ત્રણ બાબતો તરફ ધ્યાન આપવાનું છે. (૧) અપરાધની ગંભિરતા, (૨) તે વિષેની સખ્ત સજા, (૩) તે માટે પડનારો પુરાવો. અપરાધીએ સરકાર સામે હુમલો કરવાનો ગંભિર ગુન્હો કર્યો છે, તે માટે જન્મદેશનિકાલની સજા કાયદામાં ઠરાવવામાં આવી છે. અને અમારી કને કરેલા ગુન્હા વિષેનો મજબુત પુરાવો છે, માટે તેને જામીન ઉપર કોર્ટે નહીં છોડવો જોઇએ. અહીં મી. લેંગે ત્રણ ઉદાહરણો આપ્યાં હતાં; પરંતુ મી. દાવરે એ ત્રણે ઉદાહરણો આ મુકરદમાને બિલકુલ લાગુ પડતા નથી એમ વિસ્તારથી જણાવ્યું હતું.

નામદાર જજજનો ચુકાદો.

છેલ્લે નામદાર જજજે ચુકાદો આપતાં જણાવ્યું કે કાયદાનો એક મુખ્ય નિયમ એ છે કે જ્યાં સુધી એક આરોપી ઉપર અપરાધ સાબિત થાય નહીં. ત્યાં સુધી તેને નિર્દોષ ગણવો અને બીજો મુખ્ય નિયમ એ છે કે અપરાધને આશ્રયનો લાભ મળવો ન જોઇએ. આ મુકરદમામાં મારે એ જોવાનું છે કે આવતી સેશન્સ વખતે મી. ટીલક હાજર થશે કે નહીં? અને તેના નહીં હાજર થવાના સંબંધમાં ધાસ્તી રહી શકે છે કે નહીં? એવી ધાસ્તી હોય તો તેને કેદખાનામાં રહેવા દઇ એ ધાસ્તી દુર કરવી જોઇએ કે જેથી ન્યાયના કામમાં હરકત ન આવે: પણ જો ખાત્રી થાય કે તપાસ વેળાએ તે હાજર થશે, તો તપાસ ચાલતાં સુધી તેને કેદખાનામાં રાખવાની જરૂર નથી. મી. દાવરની અરજ વિષે મી. લેંગના જણાવ્યા પ્રમાણે ત્રણ બાબતો ગુન્હાનું ગંભિરપણું, તે માટેની સજા અને પડેલી જુબાનીથી એવું માલુમ પરતું હોય કે આરોપ પુરવાર થઇ શકશે. આ મુકરદમામાં આરોપ ગંભિર છે, તે માટે દેશનિકાલ કરવા સુધીની સજા છે; પરંતુ સજા ઓછી કરી ત્રણ વર્ષની પણ ઠરાવવામાં આવી છે તે લક્ષમાં રાખવાનું છે. આરોપ ગંભિર છતાં ખુનના આરોપની સપાટી ઉપર તેને મેલી શકાય તેમ નથી. હાલની પંક્તિપર મુકરદમા વિષે ચોકસ અભિપ્રાય આપવો યોગ્ય નથી. વાંધાવાળી પેહેલી આરટીકલ માટે મી. લેંગ કહે છે કે રાજદ્વારી બાબત માટે મારી નાંખવું એ ઠીક છે એમ તેમાં દર્શાવવામાં આવ્યું છે. મી. દાવર કહે છે કે તેનો તેવો ભાવાર્થ નિકળતો નથી. બીજી આરટીકલ શ્લોકમાં લખાયલી છે અને શિવાજી પોતાના સમયના લોકો આગળ બોલતો હોય એવી ઢબથી તે લખવામાં આવેલી છે પણ "ગોરા" શબ્દ તો યુરોપિયનો માટે વપરાયલો જણાય છે અને શિવાજી હાલના લોકો આગળ બોલતો હોય એમ જણાય છે. એક આરટીકલ તોહોમતદારને નિરપરાધી ઠરાવે એ બીજી આરટીકલ કદાચિત દોષિત ઠરાવે કે નહીં પણ ઠરાવે; કારણ કે એ બન્ને આરટીકલો એવી જાતની જણાતી નથી કે અપરાધી ઉપરનો આરોપ સાબિત થઇ શકે, તો પણ આવા સંજોગોને લીધે આ કોર્ટના સ્થાપિત થયેલા નિયમથી વેગળા જઇને, તો હોમતદારને જામીનપર નહીં છોડવાથી ન્યાયનો હેતુ ઉંધો વળશે એમ મને નહીં લાગવાથી, તેને જામીન પર છોડવાનો હું હુકમ કરૂં છું. તોહોમતદારે પચાસ હજાર રૂપિયાના હાથ મુચરકા તથા પચીસ હજારના બે જામીન આપવા. આવો ચુકાદો મળ્યા પછી મી. ટીલકે કલાર્ક ઑફ ધી ક્રાઉનની ઑફિસમાં હાથ મુચરકા આપવાની સહી કરી હતી અને તે પછી પોતાના સોલિસિટર મી. બાઇશંકર સાથે તેઓ કોર્ટ છોડી ગયા હતા. આ વેળાએ સેંકડો લોકો "હુરેરે" ના પોકારો કરી તેમની ગાડી પાછળ દોડતા ગયા હતા.

ત્યાર પછી હાઇકોર્ટની ફોજદારી સેશન્સ કોર્ટમાં તા. ૮ મી. સપટેમ્બર ૧૮૯૭, ના રોજ આ મુકરદમાની તપસ શરૂ થઇ હતી.

સેશન્સ કોર્ટમાં ચાલેલી તપાસ.

મુકરદમો સાંભળવા માટે લોકોની આતુરતા.

પુનામાં પ્રકટ થતાં 'કેસરી' પત્રના અધિપતિ મિ. બાળ ગંગાધર તિલક અને પ્રિન્ટર કેશવ મહાદેવ બાળની પોતાના પત્રમાં રાજ્યદ્રોહી લખાણ કરવાના ગુન્હા માટે તા. ૮ મીએ ચોથી ફોજદારી સેશન્સમાં તપાસ શરૂ થઇ હતી. આ મુકરદમો શ્રવણ કરવાને શ્રોતાઓની અસાધારણ સંખ્યા કોર્ટમાં હાજર થઇ હતી. સવારના આઠ વાગ્યાથી વિદ્યાર્થીઓની ઉપરા ઉપરી મંડળીઓ આવવા લાગી હતી, પણ પ્રથમથી કલ્પના કરીને પોલીસનો સારો બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. સવારના સાડા સાત વાગ્યા પછી સર્વ કોઇને પેસવાને પોલીસ અટકાવતી હતી. કોર્ટના મકાના નિચેના ભાગમાં તેમજ કમ્પાઉન્ડની બહાર શાન્તિ જાળવવાનું કામ મિ. રાબર્ટસને, અને કોર્ટના અંદરના ભાગમાં યોગ્ય બંદોબસ્ત રાખવાનું કામ મિ. ગ્રેનને સોંપવામાં આવ્યું હતું. આ બંને અમલદારોને સહાયતા કરવાને ઇન્સ્પેકટર વિલ્કીનસન, વિલસન, બારકર, બ્રુઇન અને બીજા અંગ્રેજ અમલદારોને રાખવામાં આવ્યા હતા. હથિયારબંધ પોલીસના ૨૫ સિપાઇઓને કોર્ટના બીજા મજલા પર બંદોબસ્ત માટે રાખવામાં આવ્યા હતા. સુમારે એક ડઝન ઘોડેસ્વાર તો બહાર કમ્પાઉન્ડમાં ફરતા હતા. ત્રીજા મજલાની સેશન્સ કોર્ટના દિવાનખાનાની ગ્યાલરી પર પણ કેટલાએક સિપાઇઓ તપાસ રાખતા હતા, સેશન્સ કોર્ટના ઓરડાનાં બારણાં બરાબર દશ વાગે ખુલ્લા મૂકવામાં આવતાં કોર્ટમાં અસાધારણ ગર્દી થઇ રહી હતી. તેમજ સાડા દશ વાગ્યાની અંદર કોર્ટનું દિવાનખાનું તથા ગ્યાલરી શ્રોતાઓથી પૂર્ણ ભરાઇ ગયાં હતાં.

ન્યાયાસનની સન્મુખ કેટલીક અંગ્રેજ બાનુઓ અને ગૃહસ્થો મુકરદમો સાંભળવા માટે આવી બેઠાં હતાં. જેઓની સંખ્યામાં એક દેશી ગૃહસ્થ જણાત હતા તે મિ. અમીરદીન તૈયબજી હતા.

રીપોર્ટરો.

આ મુકરદમાનો હેવાલ લેવાને બહાર ગામથી રીપોર્ટરોની એક સારી સંખ્યા આવેલી હોવાથી, અને કોર્ટમાં રીપોર્ટરોની બેઠક થોડી હોવાથી તેઓ બેસવાની જગ્યા મેળવી શકયા નહીં એટલુંજ નહીં પણ તેઓને કોર્ટના તખ્તાની નિચે ઉભા રાખવાને કલાર્ક ઑફ ધી ક્રાઉને હુકમ કર્યો હતો. સેશન્સ કોર્ટમાં રીપોર્ટરો માટે ચાર ખુરશીઓની એક હાર ગોઠવેલી છે. જેની પાછળના ભાગમાં જુરીનું બાક્સ ગોઠવેલું છે. સાધારણ વખતે અંગ્રેજી તેમજ દેશી પેપરોનો એકેક રીપોર્ટર તે હારની પ્રત્યેક બેઠક પર બેસે છે; પણ આ સમયે એ હારની બે ખુરશીઓ પર બેઠેલા બે રોજીંદા ગુજરાતી પત્રના રીપોર્ટરોને એ બેઠકો 'ટાઇમ્સ' તથા 'ગેઝટ' પત્રોના રીપોર્ટરો માટે રીઝર્વ કરવામાં આવી છે એવું જણાવીને કલાર્ક આફ ધી ક્રાઉને મિ. ગ્રેન ની સહાયતાથી પોતાની બેઠકો છોડવાની ફરજ પાડી હતી, તેઓએ જ્યારે બીજી બેઠક આપવાની વિનતિ કરી ત્યારે તેઓએ કોર્ટમાં વચ્ચે ઉભા રહી હરકત નહીં કરતાં નિચે જઈ ઉભા રહેવું એવો પ્રત્યુત્તર મેળવ્યો. રોજીંદા અંગ્રેજી પત્રો તરફથી ત્રણ રીપોર્ટરોએ મુખ્ય બેઠક રોકી હતી.

તોહોમતદારોએ કોર્ટને શરણ થઇ પોતાને નિર્દોષ જણાવ્યા.

નામદાર જડજ મિ. સ્ટ્રેચી બરાબર અગિયાર-વાગે કોર્ટમાં પધારી ન્યાયાસનપર બિરાજ્યા હતા; જે સમયે કલાર્ક ઑફ ધી ક્રાઉને કહ્યું કે, બાળ ગંગાધર તિલક અને કેશવ બાળે આવીને કોર્ટને શરણ થવું.

ઑન. મિ. તિલક અને મિ. બાળ પીંજરામાં આવી ઉભા રહેતાં કલાર્ક ઑફ ધી ક્રાઉન મિ. સ્ટારલિંગે તેમને પ્રશ્ન પૂછયો કે, તમે 'કેસરી' પત્રના અધિપતિ અને પ્રિન્ટર તરીકે મઇ તા. ૧૫ મી જુનના અંકમાં ચોકસ રાજ્યદ્રોહી લખાણ પ્રકટ કરી કાયદાની રૂઇએ હિંદુસ્તાનમાં સ્થપાયેલી બ્રીટીશ સરકાર સામે લોકોમાં અસંતોષ ફેલાવ્યો કિંવા ફેલાવવાનો યત્ન કર્યો હતો? અને તે કાર્યમાં પરસ્પર સ

હાયતા કરી હતી? તમે એ ગુન્હા માટે શું કહેવા માગોછો? એ ગુન્હા માટે તમે પોતાને અપરાધી ઠરવો છો કે ન્યાય મેળવવાની ઇચ્છા રાખોછો?

મિ. તિલક—હું નિર્દોષ છું.

મિ. બાળે પણ પોતાને નિર્દોષ જણાવ્યા હતા અને એ ગુન્હા સંબંધી તપાસ ચલાવવાની વિનતિ કરી હતી.

ખાસ જુરીની વ્યવસ્થા.

ખાસ જુરી મેશર્સ જે. પી. ટામસન (ફોરમેન), જે. એસ. સાસુન, જે. પોર્ટર હરબર્ટ ફીપસન, આનંદરાવ નારાયણ વાસુદેવ. આર, વુલકોબ, બાબાજી કાશીનાથ, પેસ્તનજી નશરવાનજી વહાડિયા તથા એચ. પ્રાક્ટર આટલા ગૃહસ્થોની બની હતી.

ચેલેન્જ થયેલા જુરરો.

મેશર્સ એકનાથ આર ખોટે, ઇસમાલજી ઇબ્રાહીમ કરીમ, જેમ્સ સ્ટુઅર્ટ, હોરમસજી એદલજી બહમનજી, ડબલ્યુ એ. યુલ, એચ. હોલમસ, દ્વારકાદાસ ધરમશી, જગમોહનદાસ વંદ્રાવનદાસ ભાઇ શેઠ, જે. ગ્રાહામ, ડબલ્યુ ક્રુકસ, ડી. મેકલોગલન સ્લેટર, આર. જી. સી. ગ્લેઝ બ્રુકસ, કાવસજી દાદાભાઇ દુબાસ, ગોર્વધનદાસ ગોકળદાસ તેજપાળ, જહાંગીર જીજીભાઈ લામ તથા વિરચંદ દીપચંદ આટલા જુરરોને ચેલેન્જ કરવામાં આવી હતી.

મિ૦ બમનજી દિનશાહ પીટીટ અને મિ૦ ત્રિભોવનદાસ મંગળદાસ નથુભાઇ એ બે જુરરો માંદગી કે કોઇ બીજા કારણોને લીધે હાજર થઇ શકયા નહોતા.

પક્ષકારોના વકીલ બારીસ્ટરો.

મુકરદમો ચલાવવાને સરકાર તરફથી સરકારી સોલીસીટર મિ૦ નિકલસનની ફરમાશથી એડવોકેટ જનરલ મિ૦ લેંગ અને મિ૦ મેકફર્સન બારીસ્ટરો તથા તોહોમતદારો તરફથી સોલીસિટરો મી૦ ભાઇશંકર અને કાંગાની ફરમાસથી મિ૦ પ્યુ અને મિ૦ દિનશાહ ધનજીભાઇ દાવર હાજર થયા હતા.

એડવોકેટ જનરલનું ભાષણ.

એડવોકેટ જનરલ ઑન૦ મિ૦ લેંગે સરકાર તરફથી મુકરદમાનો સાર જુરીના ગૃહસ્થો સન્મુખ કહી સંભળાવતાં તેમને જણાવ્યું કે આ મુકરદમાના સંબંધમાં તમારે મનમાંથી કંઇપણ કાઢી નાંખી જુબાની સાંભળી તેપરથી તમારે તમારો સ્વતંત્ર અભિપ્રાય આપવો. આ મુકરદમો ઘણો અગત્યનો છે. પેહેલા પ્રતિવાદી પુણામાં પ્રકટ થતાં 'કેસરી' પત્રના અધિપતિ અને બીજા પ્રતિવાદી તેના છાપનારછે. એડવોકેટ જનરલે અત્રે પ્રતિવાદીઓ પ્રતિ મૂકવામાં આવેલા આરોપોની વિગત વાંચી સંભળાવ્યા પછી તે સંબંધી કાયદાની કલમ ૧૨૪ મી A વાંચી હતી તે કલમ આ પ્રમાણે છેઃ—"જે કોઇ મ્હોડાના અથવા લિખિત શબ્દોથી અથવા ચિન્હો કે ચિત્રોથી કે બીજી રીતે બ્રીટીશ હિંદુસ્તાનમાં કાયદ દ્વારાએ મુકરર કરવામાં આવેલી સરકાર પ્રતિ બેદીલીની વૃતિ ઉશ્કેરશે અથવા ઉશ્કેરવાનો પ્રયત્ન કરશે તેને તેની આખી જીંદગી પર્યંત અથવા કોઇ પણ મુદત પર્યંત દેશનિકાલની શિક્ષા કરવામાં આવશે અને તેની સાથે દંડ પણ લેવામાં આવશે; અથવા ત્રણ વર્ષ પર્યંત સખ્ત કેદખાનાની, તેમજ કેદખાનાં અને દંડની અથવા માત્ર દંડની શિક્ષા કરવામાં આવશે." એડવોકેટ જનરલે જણાવ્યું કે આ કલમના સંબંધમાં કાયદામાં આ પ્રમાણે ખુલાસો કરવામાં આવ્યો છે. "સરકારની કાયદાસરની સત્તાને તાબે થવાની લાગણી, અને તે સત્તાને ઊંધી વાળવાની અથવા તેની સામે થવાની ગેરકાયદેના યત્ન સામે સરકારને આશ્રય આપવાની લાગણી સાથે યોગ્ય થવાય એવી રીતે સરકારનાં કામો સામે નાપસંદગી બતાવવામાં આવે તે કાંઇ બેદીલી નથી; તેટલા માટે એવા પ્રકારની નાપસંદગીની લાગણી ઉશ્કેરવા માટેજ જે ટીકા કરવામાં આવે તે કાંઇ આ કલમ પ્રમાણે અપરાધ નથી."

"બેદીલી" એટલે શું? 'બંગબાસી'ના કેસમાં તેનો કરેલો અર્થ.

"બેદીલી" એટલે શું તે વિષે શબ્દ કોષની સહાયતાથી મિ. લેંગે જણાવ્યું કે તેનો અર્થ સરકારની સામે દુશ્મનાઇ અથવા નઠારી લાગણી ધરાવવી એવો થાય છે. "બંગબાસી કેસ" ને નામે ઓળખાતા પ્રખ્યાત મુકરદમામાં બંગાળાના માજી વડા જડજ સર કોમર પેથરામે કાયદાની ઉપલી કલમના

સંબંધમાં જુરી આગળ કરેલો ખુલાસો મિ. લેંગે તે પછી વાંચી સંભળાવ્યો હતો. તેમાં તે નામદારે જણાવ્યું હતું કે, "જો કોઇ શખ્સ મુખેથી કિંવા લખીને એવા શબ્દોનો ઉપયોગ કરે કે જેથી તે શ્રવણ કરનારાઓનાં મનમાં જ્યારે પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે સરકારની હકદાર સત્તાને નહીં સ્વિકારવાની, અથવા તેને ઉંધી વાળવા કે તેની સામે થવાની વૃત્તિ ઉદ્ભવે, અને તે જો એ પ્રમાણે પોતાના શ્રોતાઓ અથા વાચકોનાં મનમાં એવી લાગણી ઉદ્ભવે એવા ઇરાદાથી તેવા શબ્દોનો ઉપયોગ કરે તો, તેથી કોઈ પ્રકારનું રમખાણ થવા નહીં પામે તોપણ, આ કલમ અનુસાર તે બેદીલી ઉત્પન્ન કરવાના યત્ન કરવાના અપરાધમાં આવે છે. આ કલમ પ્રમાણે એટલુંજ બતાવવું પૂર્ણ છે કે સરકાર પ્રત્તિ નઠારી લાગણી ઉત્પન્ન કરે અને પ્રજામાં તે તિરસ્કાર પામે એવા શબ્દો વાપરવામાં આવ્યા હતા, અને તેવી વૃત્તિ ઉત્પન્ન કરવાની ઇચ્છાથી તે વાપરવામાં આવ્યા હતા."

"શિવાજીના શબ્દો" વગેરે લખાણ— શિવાજી મહોત્સવ.

કાયદાની કલમ વિષે આ પ્રમાણે ખુલાસો કર્યા પછી મિ. લેંગે જણાવ્યું કે હવે તમારે ગઇ તા. ૧૫ મી જુનના કેસરી પત્રમાં આવેલા જે લખાણો પરથી પ્રતિવાદીઓ સામે આરોપ મૂકવામાં આવ્યો છે તે ધ્યાન પર લેવા જોઈશે. પ્રથમ લખાણ "શિવાજીના શબ્દો" અને બીજું "શિવાજીની જન્મ ગાંઠ અને તેઓ ગાદીએ બેઠા તેના વાર્ષિક મહોત્સવ" એવા મથાળા નિચે આવ્યું છે. શિવાજી કોણ હતો તે વિષે વિસ્તારથી કહેવાની કાંઇ આવશ્યકતા નથી. ટૂંકમાં એટલુંજ કહેવું પૂર્ણ થશે કે ૧૭ મી સદીમાં તેઓએ દક્ષિણમાં મોહમેદનોની સત્તાનો નાશ કરી મરાઠા રાજ્યની સ્થાપના કરી હતી. છેલ્લાં થોડાંક વર્ષ થયાં તેઓની જન્મ ગાંઠ તથા તેઓ તખ્તનશિન થયા તેનો વાર્ષિક મહોત્સવ પાળવાની રીતિ ઉભી કરવામાં આવી છે. મે ૧૬૨૭ માં તેઓ જન્મ્યા હતા અને ૧૬૭૪ માં તા. ૬ ઠી જુને રાજ્ય ગાદીપર આવ્યા હતા. હું એમ કહેવા માગતો નથી કે વાર્ષિક મહોત્સવ પાળવા ખોટા છે, પણ કેટલાક શખ્સોએ તેનો લાભ લઇ પ્રજાના મનમાં બેદીલીની લાગણી ઉત્પન્ન કરવા અને હમણાંની સરકારને ઉંધી વાળવાનો યત્ન કર્યો છે. દેશની આધુનિક સ્થિતિને પ્રાચિન સ્થિતિ સાથે તુલના કરવાનો અને હિંદુસ્તાનમાંથી અંગ્રેજી સત્તા ઉંધી વાળવાનું કામ યોગ્ય ઠરાવવાનો યત્ન કર્યો છે. "કેસરી" પત્ર કે જે બંને આરોપીઓ સાથે સંબંધ ધરાવે છે તેના ગયા મે માસની તા. ૪ થીના અંકમાં આવેલું લખાણ તેમની નઠારી લાગણી દર્શાવી આપે છે. અત્રે મિ. લેંગે તે લખાણના અંગ્રેજી ભાષામાં કરેલા તરજુમાની છાપેલી નકલો જુરીના ગૃહસ્થોને તથા નામદાર જડજને પૂરી પાડી હતી. અને સરકારી વકીલે અંગ્રેજી છાપાને પણ તેની નકલો આપી. દેશી છાપા તરફથી માગણી થતાં જણાવવામાં આવ્યું કે અમારી પાસે વધારે નકલ નથી. મિ. લેંગે તે લખાણપર ટીકા કરી જણાવ્યું કે તેમાં દેશની પ્રસ્તુત તેમજ પૂર્વ સ્થિતિની તુલના કરી રાવણને પરાજય પમાડવામાં ઇશ્વરે શ્રી રામને કેવી સહાયતા આપી હતી તેનું સ્મરણ આપવામાં આવ્યું છે. તે લખાણ આ પ્રમાણે છે:—

શ્રી રામજયંતિ અને શ્રી શિવજયંતિ.

આપણામાં ઘણાં જન્મોત્સવ અને જાત્રાઓ છે. (કોઇ મૂર્તિ કે જેના માનમાં વાર્ષિક મહોત્સવ પાળવામાં આવે અને જે સ્થળે જાત્રાળુઓ જાય તેને જાત્રા કહે છે.) પ્રત્યેક શહેર, ગામ અને છેક પ્રત્યેક નાના ઝુંપડાંમાં પણ જાત્રા ભરવામાં આવે છે; પણ પશ્ચિમ તરફના દેશોમાં તે જેટલી ઉપયોગી થઇ પડે છે તેટલી તે આ દેશમાં થતી નથી. સર્વ સ્થળે આપણે જોઇએ છીએ કે જાત્રાઓનો શોખ મંદ પડયો છે, પણ તેજ સમયે વૃથા ભપકા અને દમામનો શોખ બહુ વૃદ્ધિ પામ્યો છે. મ્હોટી જાત્રાઓની પણ નાની જાત્રાઓ જેવી સ્થિતિ થઇ છે. જે બનાવનો ઉત્સવ પાળવાનો હોય તે પાળવામાં નજીવી અડચણો પણ જો નડે તો તે માટેના પ્રેમની સર્વ લાગણીઓ લુપ્ત થાય છે, અને લોકો પોતાના નાશવંત શરીરની સંભાળ લેવા માટે ગભરાટમાં અહીં તહીં ફરતા ફરે છે. છેલ્લી રામનવમી (ચૈત્ર શુદ ૯, રામનો જન્મ

દિવસ તેનું લગતું એક દૃષ્ટાન્ત પુરૂં પાડેછે. રામ જયંતિના (ગાયન અને વાજીંત્રને લગતા એક દેવ તાનાં પરાક્રમો વિષેની દંતકથા) દિવસની પૂર્વે હમેશ પ્રમાણે અફવાઓ પ્રસરી રહી હતી અને તેને લીધે પૂજા કરનારાઓપર થોડી અસર થઇ હતી. સર્વ સુ ખોનું જે મૂળ અને જીવિતનો સમય વિસ્તૃત કરેછે તેને માટે કાંઇપણ ચિન્તા રાખ્યાવિના પોતાનું દ્રવ્ય તથા પોકળ કીર્તિ જાળવવાનો પ્રયત્ન કરેછે; તો પ ણ રામનવમીનો તેહેવાર પાળવામાં આવ્યો હતો. એવા પ્રસંગોપર લોકો પોતાનાં નવા કપડાંનું પરિધાન કરી દેવના દર્શનાર્થે જાયછે. અને મૂર્તિભણી એક સત્વર દૃષ્ટિ ફેંકી પોતાને ગૃહે આવી મરકીની અ ગવડો વિષે વાતો કરવા બેસેછે. કોઇપણ શખ્સ ક થા સાંભળવાની, શ્રીરામનું સ્મરણ કરવાની કિંવા તેની મૂર્તિના દર્શન કરવાની કાળજી રાખતું નથી. તેમ છતાં કથેકરી (કથા કહી સંભળાવનાર) પો તાની આવક કૂટી કાઢેછે. તે સમયે તેના શ્રોતાજનો પોતાના જોડાંની યા ગૃહસંસારની વાર્તા કરેછે, અને કોઇ તો રમુજ કરેછે. સાડાબાર વાગતે (મદ્રાસટાઇમ) જે સમયે શ્રીરામના જન્મની ક્રિયા કરવામાં આવેછે તે સમયની પુર્વે કેટલાક તો પોતાના ગૃહભણી વિદાય થાય છે અને મનમાં સમજેછે કે અમોએ શ્રીરામના જન્મની ક્રિયાનાં દર્શન કર્યાંછે. સહસ્રો વર્ષોથી અદ્યાપિ પર્યંત એ પ્રમાણે શ્રીરામનો જન્મો ત્સવ પાળવામાં આવેછે, અને હું ઇચ્છું છું કે તેજ પ્રમાણે ભવિષ્યમાં પાળવામાં આવે; પણ જનસમાજ ના લાભ લક્ષપર લેતાં એવા લાખ જન્મોત્સવથી અને ન્હાનાં મ્હોટાં સર્વે રામાયણની વાર્તા જાણે તે થી પણ કાંઇ લાભ થનાર નથી. એક બાલક પણ કહી શકશે કે રામના હાથે નિપજેલાં રાવણનાં મૃ ત્યુ વિષે રામાયણ વર્ણન કરેછે, પણ કોઈ એમ વિ ચાર નથી કરતું કે શા માટે અને કોણને માટે શ્રી રામે તેને મારી નાંખ્યો અને તે મુખ્ય અને પવિત્ર ઋષિ વાલ્મિકીએ શા માટે તેનું વર્ણન પુસ્તકમાં કર્યું, અને વિચાર પણ તે માટે કોણ કરે? પ્રથમ તો જેઓ રામાયણ શ્રવણ કરેછે તેઓ એવા જરાવસ્થા ના શખ્સો છે કે જેઓ પોતાની ફરજ બજાવતાં પાછળ હઠેછે. તેઓ એક ચિજ જે કરેછે તે સંપર્ણ વિશ્વાસ સાથે માત્ર શ્રીરામનું નામ મનમાં જપવા ની છે. નાનાં બાલકો કામ કરવાની શક્તિ ધરાવતા હોવાથી તેઓ એજ રામાયણ અને ભારત જેવાં કથનો શ્રવણ કરવાં જોઇએ. પુરાણીકો (પુરાણની સમ જ આપનારાઓ)ની જે પ્રચલીત છે તે (પુરા ણની શીખામણ પુરાણોમાંજ રહેવા દેવી એટલે પાળવી નહીં) કહેવતે લોકોમાંથી તેમની ફરજ વિષેના ખ્યા લનો નાશ કર્યો છે; અને તે અદ્યાપિ પર્યંત તેમજ ચલા વવામાં આવતું હોવાથી પુરાણીએ પોતાની કિમ્મત કમી કરી છે. શિવાજી મહારાજાના જીવિતનું આદિથી અંતપર્યંત મનન કરતાં જણાશે કે રામાયણમાં જે વાર્તા વિસ્તૃત આપવામાં આવી છે તેનો ઉપયોગ ક રનાર તે માત્ર એક હતો. તે વિરરસ કાવ્યની વાર્તા મારી ટૂંક સમજણ પ્રમાણે આ પ્રમાણે છેઃ—"રાવ ણની રાજ્યસત્તા નિચે ઘણા બ્રાહ્મણોને દુઃખ દેવા માં આવતું હતું, દેવતાઓને હેરાન કરવામાં આવતા હતા અને યજ્ઞ કરવાનું કામ તદ્દન બંધ થયું હતું. વિશેષતઃ રાવણ પોતે જે કરવા ઇચ્છતો હતો તે કરતો હતો. બ્રાહ્મણોએ તેની સન્મુખ અથવા કોઇ પણ માનવ જાત સન્મુખ અથવા કોઇ પણ બીજા સહસ્ત્રમુખી રાવણ સન્મુખ તેના જુલમની ફરિયાદ કરી હતી નહીં; કારણ કે તેઓ દૈત્ય હતા. એક સમયે તો બ્રાહ્મણોએ અને સર્વ ગાયોએ ખરા અંતઃ કરણથી અને વિશ્વાસથી પોતાને જુલમમાંથી બચાવવા માટે ખુદ સર્વ શક્તિમાન ઇશ્વરને વિનતિ કરી હતી. તે માયાળુ ઇશ્વર લાંબા સમય સુધી કેમ ધૈર્ય પકડે? તેણે સત્વર ગાયો અને બ્રાહ્મણોને ખાત્રી આપી! અને તે પછી શું આશ્ચર્યકારક બનાવ બન્યો તે જુઓ! સર્વસ્થળે વ્યાપી રહેલા જગન્નિયંતા ઇશ્વરે મનુષ્યા- વતાર ધારણ કર્યો અને માનવજાતને દૃષ્ટાંત આ- પવા માટે ઘણી રમતો કરી બતાવી. બ્રાહ્મણો અને ગાયોને જુલમમાંથી બચાવવા માટે પોતાના ઇષ્ટપર લક્ષ નહીં આપીને તથા પોતાની માતુશ્રીના અત્યન્ત દુઃખ વચ્ચે તેણે ચૌદ વર્ષ પર્યંત વનવાસ ભોગવ્યો. મૂળકંદ પર નિર્વાહ કરીને તેણે પોતાની કાયા પુષ્ટ કરી હતી. પોતાના વનવાસ દરમ્યાન તેને વાંદ- રાઓ સાથે અને મુખ્યત્વે કરીને હનુમાન સાથે મૈત્રી થઇ હતી. તે રીતે ઇશ્વરે મનુષ્યાવતારમાં

અરણ્યના વાંદરાઓની સહાયતાથી તે મદોન્મત રાવણનો વિનાશ કર્યો. રાવણ જો કે એક નાના દ્વીપમાં વસતો હતો; છતાં તેણે ત્રીશે વર્ણના દેવતાઓને કેદ કર્યા હતા. તેને પસંદ પડતો ભક્ષ માનવ કુળનો હતો. તેને મૃત્યુવશ કરીને રામે તે સર્વ દેવતાઓને મુક્ત કર્યા હતા. રામના તે વિજય સમયે સ્વર્ગમાં જે ઘંટ વાગ્યો હતો તે એટલા માટે વાગ્યો હતો કે તેણે (રામે) રણસંગ્રામ કરીને તે પ્રબળ રાક્ષસ યોદ્ધાને હરાવ્યો હતો. તે રીતિ અનુસાર પેલા પ્રબળ અફઝુલખાન અને અનુભવ રહિત તથા થોડું લશ્કરી બળ ધરાવનારા શ્રી શિવાજી મહારાજા વચ્ચે લડાઇ થઇ હતી. ઇશ્વર એવાં મહત્ કાર્યો મનુષ્યને હાથે કરાવે છે, જેથી પહેલી કહેવત ખરી પડે છે કે, 'એક માણસ જો શ્રમ કરે તો તે મનુષ્યની સ્થિતિમાંથી વધીને ઇશ્વરી સ્થિતિએ પહોંચે' ભૂતકાળમાં અને પ્રસ્તુત સમયમાં આપણે આપણી જે ફરજો વિસારી દીધી છે અને મૂકીએ છીએ તેનાં પરિણામો આપણે ભોગવીએ છીએ. ઉપર પ્રમાણે જોતાં આપણને શું જણાતું નથી કે રામાયણની તે કથાનો શ્રી શિવાજીએ બહુ સારો ઉપયોગ કર્યો હતો? હાલમાં પણ પુરાણ શ્રવણ કરીએ છીએ, વાર્તાઓ વાંચીએ છીએ; પણ એક ચિજ કરતાં ભૂલીએ છીએ તે આપણા મનમાં દૃઢ નિશ્ચય કરી યોગ્ય રીતે ચાલવાને લગતી છે. આપણા યુવકો એક બીજાના ભાષણોપર વિચાર આપે છે તેના કરતાં પોતાની જીંદગી દરમ્યાન રામાયણના અને શ્રીશિવાજીના દાખલાની નકલ કરશે? તેમ જો નહીં કરે તો ઉત્સવ હવે પછી સહસ્ત્ર વર્ષ પર્યંત કરવામાં આવે કિંવા કરવામાં ન આવે તે સરખુજ છે; તેટલા માટે મારી ઇચ્છા છે કે શિવ જયંતિને દિવસે સર્વ હિંદુઓ શિવાજીની ચાલાકી, દૃઢ નિશ્ચય; શૌર્ય અને કાર્યોપર વિચાર કરે અને સત્તાવાળાઓ આગળ નિચા પડીને અરજ કરવાને બદલે ઇશ્વર સન્મુખ પોતાની ફરિયાદ રજુ કરી તેના જેવા એક શિવાજી ઉભા કરવાની ચાલુ અરજ કરે.

નિચલી બીનાઓ એટલે કે હાલનો દુષ્કાળ, તેના સંબંધમાં કરવામાં આવેલી યોજનાઓ, સરકારી રાજ્યનીતિને લીધે નિપજેલા મૃત્યુ, તાવનો ઉપદ્રવ, તે દાબી દેવાને લેવામાં આવેલા જુલમગાર. ઉપાયો અને તેથી નિપજેલા પરિણામોનું સ્મરણ તે વિષે વિચાર ચલાવ્યાથી તાજું રહેશે? બીજા હાથ ઉપર "દુષ્કાળમાં ભૂખે ના મરો" એટલા ચાર શબ્દોનું વાક્ય મહારાણી બોલે કે સત્વર લોકો પોતાને છૂટા થયેલા વિચારે છે; પણ દુષ્કાળથી નિપજતાં મરણોની સંખ્યા વધતીજ જાય છે. લોકો સંકટ ભોગવી રહે અને દેવતાઓ હાડ મારી સહન કરી રહે અને ગરુડ (વિશ્નુનું પક્ષી અને તેની ગાડી) (જે સર્વ હિંદુઓ માટે એકજ છે) નો નાશ થઈ રહે તે પછી તે બનાવો માટે એક ગવર્નર પોતાનો શોક દર્શાવે એટલે આપણે ખુશી થઇ જઇએ છીએ!! પોકળ શબ્દો શિવાજીને પસંદ નહીં હતા; તેટલા માટે કોઇ એવો બનાવ બનવા દેવો જોઇતો નથી. આ જાહેરમાં લાવવું જોઇએ. તમારો તાબેદાર સેવક–ગણેશ.

મિ. પ્યુએ અત્રે વાંધો ઉઠાવ્યો કે એ લખાણ દાખલ કરી નહીં શકાય કેમકે તે તો એક ચર્ચાપત્ર છે, અને ચર્ચાપત્રમાં જે મત આપવામાં અથવા લાગણી દર્શાવવામાં આવે તે માટે વર્તમાન પત્રના અધિપતિને જોખમદાર લેખી નહીં શકાય.

જડજ—એ વાંધો હમણાં ઉપસ્થિત કરવો એ અયોગ્ય છે. તે દાખલ કરવાની માગણી કરવામાં આવે ત્યારે તે વિષે વાંધો ઉઠાવજો. જ્યુરી તરફ ફરી તે પછી તે નામદારે તેને સૂચના કરી કે તુરત વેળા તમે તમારા મનમાંથી એ લખાણની વાત બાજુએ રાખજો.

મિ. પ્યુએ અત્રે કોર્ટને અરજ કરી કે પ્રથમ પ્રતિવાદી મિ. તિલકને મારી પાછળ બેસવાની પરવાનગી આપવી, કે જેથી જુદાં જુદાં લખાણને લીધે જોઇતી સૂચના તે મને આપી શકે.

નામદાર જડજે તે અરજનો સ્વિકાર કર્યો હતો. તે પરથી મિ. તિલક પિંજરામાંથી નિકળીને મિ. પ્યુની પછવાડે એક ખુરશી પર આવી બેઠા હતા.

મિ. લેંગે તે પછી "કેસરી" પત્રના તા. ૧૫મી જુનના અંકમાં "શિવાજીના શબ્દો" એવા મથાળા નિચે પ્રગટ કરવામાં આવેલું લખાણ વાંચી

સંભળાવ્યું અને તે પર પોતાની તરફથી યોગ્ય સ્થળે ટીકા કરતો ગયો હતો. તે લખાણ આ પ્રમાણે છે:—

શિવાજીના શબ્દો.

કુકર્મોનો નાશ કરી ધરતી અને પાણીવાળી આ પૃથ્વી પરનો ભારે બોજો હું હલકો કરી નાંખું છું. સ્વરાજ્ય (એટલે કે, પોતાની સરકાર, દેશી સરકાર) સ્થાપીને અને ધર્મનું રક્ષણ કરીને મેં દેશનો છુટકારો કર્યો. મારી પર જે મોટો ભય આવી પડ્યો હતો તે કાઢી નાંખવાને હું પોતે આકાશ (આકાશનો અર્થ ઇંદ્રનું સ્વર્ગ થાય છે) ઉપર ચડયો. હું ઉંઘાઈ ગયો હતો; મારાં વહાલાંઓ ત્યારે તમે મને શા માટે જાગૃત કર્યો? ઉત્તમ રાજ્યનીતિ (જેનો અર્થનીતિ પણ થાય છે) વાળા દઢપાયાપર નાં કલ્પવૃક્ષ (ઇંદ્રનાં સ્વર્ગમાંનું એક કહાણી રૂપી વૃક્ષ જેની સન્મુખ કોઇ પણ ઇચ્છા પ્રદર્શિત કરવાથી તે તુરત પાર પડે છે તે, એવાં વૃક્ષોની સંખ્યા પાંચની કલ્પવામાં આવી છે) ના વૃક્ષ સાથે તુલના કરી શકાય એવા સદ્ગુણો આ ભૂમિપર મેં રોપ્યા હતા. રણસંગ્રામના મેદાનમાં કૌરવના (સખાવતને માટે પ્રખ્યાત થયેલા પાંડવના સાવકા ભાઇનું નામ) ના જેવું કૌવત, દેશાભિમાન, ખરૂં શૌર્ય અને એ સર્વ કરતા ઉત્તમ એક સંપનો પ્રચાર મેં કીધો હતો. ભાગ્યેજ એ સર્વનાં મિષ્ટ ફળ હું તમને દર્શાવું એવી તમારી ઇચ્છા હશે. ઓ કમ ભાગ્ય! આ શું છે? એક કિલ્લો તૂટી પડેલો હું નિહાળું છું. (કમ) નસીબે બેસવા માટે મને એક ભાગેલી શિલા જડે છે. આજે તેની માફક મારૂં અંતઃકરણ શા માટે નથી ભાંગી જતું? અફસોસ! અફસોસ! (મારાં પોતાનાં) ચઓરાથી (મારા) દેશનું સત્યાનાશ વળેલું જોઉં છું. પેલા મારા કિલ્લાઓ, જે બાંધવા માટે મેં પાણીની માફક પૈસાનો વ્યય કર્યો હતો, જેમની સ્વાધિનતા મેળવવા માટે તેમની નજીક ઉછળતું અને જુસ્સાવાળું લોહી રેડવામાં આવ્યું હતું, જેમાંથી સિંહની માફક ગર્જના કરતો બહાર નીકળી હું ખીણોમાંથી મારો રસ્તો કાપતો હતો, તેઓ આજે નાશ પામ્યા છે. અરે! આ કેવા પ્રકારની અધમગતિ છે! જબરદસ્તીના હાથથી ('હાથથી' ને બદલે 'કરો નાખીને' એવા શબ્દો પણ મૂકી શકાય) અને જુલમ ગુજારીને વિદેશીઓ લક્ષ્મી (દોલતની દેવી) ને બહાર ઘસડી જાય છે. તેના જવા સાથે આબાદી જતી રહીછે, અને તે પાછળ તનદુરસ્તી પણ નાશી ગઇછે. આ ધાત કી અકાલાયા (નશીબ દેવીની વડી ભગિની; કમનશીબનું દેવતાઈ રૂપ) પોતાની સાથે દુષ્કાળને લઇને આખા દેશમાં ગર્વથી ચાલેછે. કુર મૃત્યુ રોગોના ઉપદ્રવે પ્રચલિત કરતું ચારે બાજુ હીંડેછે. (શ્લોક) અરે તમે કહો કે પેલા શોભીતા મવલા, મારી બીજી જીંદગીઓ (વહાલાંઓ) જેઓ જ્યાં મારા સ્વેદનું બિંદુ પડતું ત્યાં સત્વર પોતાનું લોહી રેડતાં તેઓ કયાં ગયાછે? તેઓ દિવસમાં એકવાર રોટલી ખાતા હતા. (એટલે કે દિવસે તેઓ એકજ ભોજન જમતા હતા) અને તે પણ તેમને પૂર્ણ મળતી નહી. આપત્તિને સમયે પોતાનું અન્નાશય બંધ કરી (એટલે ભુખની વેદનાઓ શાંત પાડી દઇ) તેઓ શ્રમ કરતા હતા. અરે! લોકો! ક્ષેત્ર (પવિત્ર ધામ; વાઇના ક્ષેત્ર વિષે ઇશારો કરવામાં આવ્યો હોય એમ માની શકાય છે) માં પેલા સારા સલાહકારો, મારા ધાર્મિક ગુરૂઓ, બ્રાહ્મણો જેમને મેં રક્ષણ આપ્યુ હતું તેમને તમે કારાગ્રહમાં કેમ જવા દીધા; શાન્તિના સમયે તેઓ પોતાના ધર્મને વળગી રહેતા હતા અને કામ આવે ત્યારે હાથમાં શસ્ત્ર ધારણ કરી તેઓ પોતાનું 'દર્ભ' (ભોગ આપતી વેળા વાપરવામાં આવતું એક જાતનું પવિત્ર ઘાસ) ત્યજી દેતા હતા. ગાય જે માતા પાછળ રહી ગયેલાં કુમળાં બાળકોની સાવકી માતા જેવી છે, જેનીપર કૃષિનો સર્વ આધાર છે, જે ઘણાં લોકોને કૌવત બક્ષે છે, જેને હું મારી માતુશ્રીની માફક પૂજતો હતો અને મારા પોતાના પ્રાણ કરતાં જેનું હું વધારે રક્ષણ કરતો હતો તેને દરરોજ કસાઈખાનામાં લઇ જવામાં આવે છે અને સહેજ પણ દયા વિના ત્યાં પ્રાણનો ધ્વંસ કરવામાં આવે છે. "મારી તોપના મુખની બરાબર સામે તે દોડતો ધસી આવ્યો હતો." "હું તેને રીંછ સમજ્યો" "તેમની તલ્લીઓ હમે શાં મ્હોટી થતી જાય છે." ગોરા લોકો આવી આવી પાયા વિનાની દલીલો ઉભી કરી કેવી રીતે બચી જવા પામે છે? હાલમાં ન્યાયની કોર્ટોમાં આવી જાતનો મોટો

અન્યાય ચાલતો જાય છે. શુ તે વખતે કોઇ પણ પુરૂષ બીજાની સ્ત્રી ઉપર અયોગ્ય દૃષ્ટિ (આડી નજર) કરવાની હિંમત કરી શકત? જો એમ થાત તો તેજ વેળાએ એક હજાર તલવારો મ્યાનમાંથી બહાર નિકલ્યા વિના રહેત નહી. તો પણ હવે તો રેલવે ગાડીમાં મળતી તકોનો લાભ લેવામાં આવે છે. અરે નપુંશકો! આ તમે કેમ સાંખી શકો છો? એવી હીણુપત ભરેલી સ્થિતિમાંથી છુટવાના ઉપાયો લ્યો. "તેતો ઘેલો છે. તેને ઉપાડીને એકદમ યાત્રાએ મોકલાવી દો." "તે મોજમજાહનો શોખી. તેની કનેથી તેના બળનાં સાધનો, એમ કહીને છીનવી લ્યો, ટુંક વખતને માટે તેમ કરવામાં આવે છે." હાલ રાજવંશી કુટુંબો સાથે એવીજ રીતે વર્તવામાં આવે છે. દેશ ઉપર કેવી આફત આવી પડી છે!! શેત્રંજના પાટીયાં ઉપરના રાજાઓની પેઠે આ સર્વ રાજાઓ કેવા નામર્દ બની ગયા છે? હૃદય ભેદી નાખનારો આ બનાવ હું કેમ સહન કરી શકું? તમોને એક ટુંકો સંદેશો કહીને (આપીને) હું બીજી તરફ મારી નજર નાખુંછું. મારા ભલા મિત્રો, તમારા રાજકર્ત્તાઓ કે જેમના મુલકો ઉપર કદીપણુ સૂર્ય અસ્ત થવા પામતો નથી તેમને મારા નમસ્કાર કહેજ્યો. તેમને કહેજ્યો કે "હાથમાં ત્રાજવા લઇ (તમારી) વખારોમાંનો (તમારો માલ) તમો વેચતા હતા તે તમારો જુનો ધંધો તમે કેમ વિસરી ગયા છો." તે દિશામાં તે વેળાએ હું વારમવાર ચઢાઇ લઇ જતો હોવાથી તમોને તમારા સ્વદેશ તરફ હાંકી કહાડવાને હું શક્તિવાન હતો. હિંદુઓ 'કુદરતી રીતે ઉદાર સ્વભાવના હોવાથી મેં તમોને રક્ષણુ આપ્યું' એ રીતે શુ તમે ભારે આભારમાં આવ્યા નથી? જ્યારે એમ છે, ત્યારે તમારી પ્રજા કે જે મારાં બાળકો છે તેમને સુખી કરો (ઉપકારનું) એ કરજ અદા કરી તમે આભાર દર્શાવશો તો તે તમારી પ્રતિષ્ઠા માટે સારૂં થઇ પડશે.—ભવાની તરવારની નિશાની.

"શિવાજીના શબ્દો" ઉપરથી મી. લેંગે ઉપજાવેલો સાર.

મી. લેંગે જુરીનું લક્ષ ખેંચ્યું કે આ તરજુમામાં જે શબ્દો " " આવી નિશાનીની વચમાં મુકવામાં આવેલા છે, તે ઉપર તમે વિશેષ ધ્યાન આપશો. "તેમની તલ્લીઓ દરરોજ મોટી થતી જાય છે" એ શબ્દોનો ભાવાર્થ શો છે તે તમો સમજી શકશો. યુરોપિયનો મૃત્યુ નિપજાવવાના હેતુ વિના દેશીઓને ફટકા મારે છે અને તેમાંથી દુર્દૈવે કરીને મૃત્યુ નિપજે છે તે વિષે ઇસારો કરી જણાવવામાં આવ્યું છે કે ગોરા લોકો તલ્લી ફુલી આવ્યાનું બ્હાનું બચાવમાં લાવીને છટકી જાય છે. વળી આગળ જણાવવામાં આવ્યું છે કે પૂર્વકાળમાં કોઇ પુરૂષ પરસ્ત્રીપર દ્રષ્ટિ કરી શકતો નહોતો અને આજે તો રેલવેગાડીમાંથી હાથ પકડીને સ્ત્રીને ખેંચી કહાડવામાં આવે છે. "તે તો ઘેલો છે. તેને એકદમ ઉપાડીને યાત્રાએ મોકલાવી દો." એવા જે શબ્દો વપરાયા છે, તેનો ભાવાર્થ દેશી રાજ્યોમ અન્યાય ચલાવવાના અપરાધ માટે કિંવા એવાજ બીજા કારણથી દેશી રાજાઓની સત્તા સરકાર છીનવી લે છે તે સામેનો છે. અમે માનીએ છીએ કે કોલ્હાપુરના અગાઉના મહારાજા વિષે ઘણું કરી તે એ વાક્યમાં ઇસારો કરવામાં આવેલો છે. એ મહારાજાનું મગજ ઠેકાણે નહીં રહેવાથી હાલમાં સરકારે તેમની સત્તા લઇ લીધી હતી. છેવટે દેશી રાજાઓના સંબંધમાં ટીકા કરવામાં આવી છે કે શેત્રંજના પાટિયાં ઉપરના રાજાઓની પેઠે તેઓ નામર્દ બની ગયા છે. સરકારે આ લખાણુ વાંચ્યું છે અને તે એવા સાર પર આવી છે કે બેદીલી ફેલાવવા માટે એ લખાણુ કરવામાં આવેલું છે. શિવાજી સમાધીમાંથી જાગ્રત થઇને દેશની હાલની સ્થિતિનું અવલોકન કરી બોલે છે કે આ દેશની દોલત પરદેશીઓ એટલે અંગ્રેજો બળાત્કારે તાણી જાય છે. બ્રાહ્મણોને અયોગ્ય રીતે સજા કરવામાં આવે છે. ગાયોનું રક્ષણુ થતું નથી. દેશીઓ અને યુરોપિયનો વચ્ચેના મુકરદમાઓમાં ન્યાય મલતો નથી, અને તેવા મુકરદમામાં વગર અર્થના તલ્લી જેવા બહાનાથી યુરોપિયનો છટકી જાય છે. સ્ત્રીઓનું રેલવે સ્ટેશનો ઉપર અપમાન થાય છે, અને નજીવા કારણુ માટે દેશી રાજાઓની સત્તા છીનવી લેવામાં આવે છે. આ લખાણુ બહુજ બેદીલી ઉત્પન્ન કરનારૂં કિંવા કાયદાએ સ્થાપેલી સર

કાર સામે અભાવ અને ઉશ્કેરણી ઉત્પન્ન કરનારૂં છે તેમાં શક નથી. આવાં લખાણોથી રાજ્ય ભક્તિથી દૂર રહેવાની અસર થાય કે નહીં, તે વિષેનો તમારે વિચાર કરવાનો છે. લખાણની છેલ્લે આવેલા "તમારી પ્રજા કે જે મારાં બાલકો છે તે મને સુખી કરો, (ઉપકારનું) એ કરજ અદા કરી તમે આભાર દર્શાવશો તો તે તમારી પ્રતિષ્ઠા માટે સારૂં થઇ પડશે." એ શબ્દો ઉપર તમારે ભોળવાઇ જવાનું નથી. એ શબ્દો તળે ભવાની દેવીની તલવારની નિશાની છે અને તે સતારા ખાતે હમણા રાખવામાં આવેલી છે, તમે જાણતા હશો કે ભવાની દેવીનું કામ નાશ કરવાનું છે. આ લખાણ એક છેડાથી બીજા છેડા સુધી વાંચનારાઓના મનમાં ઈંગ્રેજ સરકાર પ્રત્યે અંટસ ઉત્પન્ન કરનારૂં છે અને તેના અંતમાં મુકવામાં આવેલી ભવાનીની તલવાર તેનો હેતુ ખુલ્લી રીતે બતાવી આપેછે.

શિવાજી મહોત્સવ વખતે થયેલાં ભાષણો.

એ પછી મી. લેંગે જણાવ્યું કે હવે તમારૂં ધ્યાન "કેસરી" પત્રના એજ અંકમાં પ્રકટ કરવામાં આવેલાં બીજા લખાણ ઉપર ખેંચવા માગું છું. બન્ને લખાણો તમોએ ધ્યાનમાં લેવાનાં છે. પેહેલામાં ઈંગ્રેજી રાજ્ય પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન કરવાની તજવીજ કરવામાં આવી છે અને બીજામાં રાજદ્વારી ખુન કરવાની ભલામણ કરવામાં આવી છે એટલું કહી મી. લેંગે તે લખાણના ઈંગ્રેજી તરજુમાની છાપેલી નકલો નામદાર જડજને તથા જુરીના ગૃહસ્થોને આપી હતી. તે લખાણ નીચે પ્રમાણે હતું.

"શ્રી શિવાજી ગાદિપતિ થયાનો વાર્ષિક મહોત્સવ શનિવાર તા. ૧૨ મીને દીવસે શરૂ થયો હતો. લાકડી પુલ નજીકનું વિઠલના દેવળને પ્રસંગને અનુરૂપ રીતે શણગારવામાં આવ્યું હતું. ઘોડેસ્વાર થયેલા શ્રી શિવાજીનું એક ચિત્ર ત્યાં મુકવામાં આવ્યું હતું. અને તેની આસપાસ બીજા મહારાજાઓનાં ચિત્રો ગોઠવી દેવામાં આવ્યાં હતાં. અત્રેના કુશલ ચિતારા મી. પીમ્પલ ખરેએ પ્રસંગને માટે ખાસ ચિતરેલું ચિત્ર, જેમાં સંજનગઢની તળેટીએ આવેલાં જંગલમાં શ્રી શિવાજી સાથે મુલાકાત થતાં તેમને શિખામણ આપવની ઢબમાં રામદાસ સ્વામીને રજુ કરવામાં આવ્યા છે તે, તથા મી. ભીડેએ બનાવેલું મહારાજાનું બાવલું જોવા લાયક હતું. પ્રારંભમાં વિદ્યાર્થીઓએ શિવાજીની સ્તુતિનાં પદો ગાયા પછી પ્રોફેસર પ્રાંજપેએ પુરાણ વાંચ્યું હતું. તેઓએ પુરાણ વાંચવા માટે મહાભારતનો તે ભાગ પસંદ કીધો હતો કે જેમાં ધર્મ રાજાએ કરેલા રાજ્યસુયજ્ઞના ભોગને જોઇ લોભી સુયોધન કેવો જીવ પર આવી ગયો હતો, તેનું વર્ણન આપવામાં આવ્યું છે, તે વર્ણનમાં યજ્ઞના સંબંધમાં તેના મનમાં પેહેલા શા વિચારો હતા અને તે વિષે શકુની અને ધ્રતરાષ્ટ્ર સાથે તેની શીશી બાતો ચાલી હતી, તેનો પણ સમાવેશ થઈ જાય છે. રાજ્યસુયજ્ઞ વિષે પોતાના શ્રોતાજનોને ખ્યાલ આપવાના હેતુથી પુરાણ વાંચનારે તે ક્રિયાને "ડાયમંડ જ્યુબીલી" ના મહોત્સવ સાથે સરખાવી હતી. દુર્યોધને જે કાંઈ કીધું, તેવું પોતે કરવાની ઇચ્છા રાખતા નથી પણ લોભ જે સર્વ માણસોને ઉશ્કેરે છે અને જે કોઈ પણ દેશ અથવા પક્ષને ઉંચી હદપર લઇ જવાની શકિત ધરાવે છે, તેના બળ અને શકિત વિષે મહાભારતમાં જે જુદા જુદા નિયમો જણાવ્યા છે, તે શ્રોતાજનોને જણાવવામાં આવ્યા હતા, એટલે પ્રારંભનો ખુલાસો કરી તેઓએ પુરાણ વાંચવાની શરૂઆત કરી હતી. પ્રોફેસર પ્રાંજપેની બોલવાની ઢબ મજબુત અને અસરકારક હતી, અને તેથી એક લોભી મગજનું જે સુંદર ચિત્ર શ્રી વ્યાસજીએ ચિતરયું છે, તેની ખુબી સાંભળનારાઓનાં મનપર તેઓ અસરકારક રીતે ઠસાવી શકયા. અસંતોષ આબાદીનું મુળ છે; પણ સંતોષ આબાદીનો નાશ કરે છે, એ કહેવતો તેમના વ્યાખ્યાનની મુખ્ય બાબતો હતી. જુદા સંજોગો વડે એક માણસ જીવ પર ઉદાર થઇ, દુસ્મનોના પગ તળે કચરાવાનું અપમાન સહન કરવા કરતાં મરણ શા મટે પસંદ કરે છે, અને એક અસંતોષી માણસ બીજાઓ સાથેમળી જઇ શસ્ત્રો અને બળની ખામી પોતાની લુચાઇથી કેવી રીતે પુરી કરે છે, તે વિષે તેઓએ કરેલું વિવેચન પણ અસરકારક હતું. વાચન પુરૂં થયા પછી પ્રોફેસર જીનસીવાલાએ ઘણી લાગણી ભરેલા શબ્દોથી પોતાના સાંભળનારાઓને મહાભારતનો અભ્યાસ કર

વાની વિનંતિ કરી હતી, તેઓએ જણાવ્યું કે શ્રી શિવાજી મહારાજને સીઝર કે નેપોલિયન કરતાં વધારે ચઢિયાતા ગણવાનું કારણ એ છે કે જ્યારે તેઓએ આપણા બીજા યોદ્ધાઓની માફક માત્ર લોભને વશ થઇ કામ કર્યું હતું ત્યારે શિવાજીમાં મનુષ્યને છાજતા ઉચ્ચ ગુણો માત્ર લોભ કે અસંતોષને લીધે પ્રકટી નિકળ્યા નહોતા; પરંતુ ધર્મ અને દેશનો પરદેશીઓના હાથે નાશ થતો જોઇ તેને ગુસ્સો ચડ્યો હતો અને તેનું તે પરિણામ હતું. પુરાણ વંચાઇ રહ્યા પછી રાત્રે પુજ્ય ભટંગેકર બાવાની આગેવાની તળે કીર્તન કરવામાં આવ્યું હતું. શિવાજી ગાદિપતિ થવાના સ્મરણાર્થે બાવાજીએ જે પદો રચ્યાં હતાં. તે સર્વ કોઇએ બહુ આનંદથી સાંભળ્યાં હતાં. બીજે દિવસે સવારના વિંચુરકરના વાડામાં કસરતો કરવામાં આવી હતી. ન્યુ ઇંગ્લીશ સ્કુલ અને નાતુ મરાઠી વિદ્યાલયના વિદ્યાર્થિઓએ જોડી તથા મલકમની ઘણી સારી કસરત કરી હતી. લક, દમ, પટામાં ન્યુઇંગ્લીશ સ્કુલના વિદ્યાર્થીઓએ કુશલતા બતાવી હતી. એ બાબતમાં બીજી શાળાઓના વિદ્યાર્થીઓ તેમનું અનુકરણ કરશે, એવી અમે આશા રાખીછીએ. જુદાજુદા શાળાના વિદ્યાર્થીઓને તથા કસરત શાળામાં જતા બીજા લોકોને મરદાનગીની કસરતોમાં પોતાની બહાદુરો બતાવવા માટે શિવાજી વાર્ષિક મહોત્સવ કરતાં વધારે સારો પ્રસંગ મળશે નહીં. જુદી જુદી શાળાઓના મેનેજરો સાથે મળીને કામ લેશે તો વિદ્યાર્થીઓને શારીરિક અને મરદાનગી ભરી કસરતો માટે ખાસ ઉત્તેજન મળવાનો સંભવછે. જુદી જુદી શાળાઓના પ્રિન્સીપાલો અમારી સુચનાપર જરૂર ધ્યાન આપશે એવો સંભવ છે. તેજ દિવસે રાતે પ્રોફેસર ભાનુએ “ અફઝુલખાનનું ખુન ” એ વિષય ઉપર મી. ટીલકના પ્રમુખપણા તળે ભાષણ આપ્યું હતું. ઇંગ્રેજ ઐતિહાસવેત્તાઓ શિવાજી સામે ખુનનો જે આરોપ મુકે છે, તેનો પ્રોફેસરે ઘણો સરસ રીતે રદીઓ આપ્યો હતો. પંતોજી ગોપિનાથ અફઝુલખાનનો નોકર નહી હતો; પણ શરૂઆતથીજ તે શિવાજીનો નોકર હતો, એવું દર્શાવનારી પુરતી જુબાની તેમની પાસે હતી. (એ બાબતને લગતો દસ્તાવેજી પુરાવો બે વરસ સુધી પ્રગટ નહીં કરવાને પ્રોફેસર બંધાયલા હોવાથી તેઓ તે સભા આગળ રજુ કરી શક્યા નહોતા.) તે ઉપરથી દેખીતું છે કે દગલબાજીનું જે આળ ગોપીનાથ પંથ ઉપર મુકવામાં આવે છે તે સદંતર ખોટું છે. અફઝુલખાન કે જેણે મહારાજને પકડી જીવતા લઇ જવાના કિંવા તેમનું માથું કાપી તે વિજાપુર લઇ જવાના સોગન લીધા હતા અને જેણે તુલજાપોરની દેવી અને પંઢરપુરના વિઠોબાની મૂર્તિઓ પગ તળે કચરી નાખી હતી, તે તેમની સાથે સુલેહ કરવા માગતો હતો એમ મહારાજા શી રીતે ધારી શકે? પોતાના રક્ષણ માટે લડાઇની સર્વ તૈયારીઓ કર્યા પછી મહારાજા પ્રતાગપઢની માછી (સપાટ જમીન) ઉપર અફઝુલખાનને મળવા ગયા, તેમાં તેઓએ દગલબાજી શી કરી? ઇંગ્રેજ ઐતિહાસકારો જણાવે છે કે વાઘનખ પ્રથમ ભોકનાર શિવાજી હતા; પણ બે ખબરોમાંની એક શિવાજીના મરણ પછી માત્ર ત્રીશ વરસ રહીને લખવામાં આવી હતી અને બીજી એકસો વરસ વિત્યાબાદ લખાઇ હતી. તે બન્નેમાં એવું લખેલું જોવામાં આવે છે કે અફઝુલખાને શિવાજીને પ્રથમ માર્યા હતા. ધારીએ કે મહારાજાએ અફઝુલખાન ઉપર પ્રથમ હુમલો કર્યો હતો, તોપણ સવાલ એ થાય છે કે જે મહાન પુરૂષને માત્ર નવ વર્ષની ઉમરે મુસલમાન શેહેનશાહો સમિપ પોતાનું શિર લેશ માત્ર પણ નહીં નેમાવવાની ઇશ્વરી પ્રેરણા થઇ હતી તેને ‘ખુની’’ કહેવાનો કોઇ પણ લખનારને શો હક છે? ઈટાલીનો મેઝીની નવ વર્ષની ઉમરે પોતાના દેશનું સ્વતંત્રપણું ગુમાવ્યા માટે શોકનો પોશાક પેહેરે તો મહારાજા નાની ઉમરે પોતાના દેશનું રક્ષણ કરવાને મહાભારત યત્નો કેમ ન કરે? ક્લાઇવ અને વારન હેસ્તીંગ્સ જેવા સખસો જેઓ મહારાજા કરતાં ઉતરતી પંક્તિના હતા અને જેમણે પોતાની કારકીર્દીની અંદર ઘણાં માઠાં કૃત્યો કર્યાં હતાં તેમને વખાણવાની ઈંગ્રેજ લખનારા કેમ સેખાઇ કરે છે? જે ઇંગ્રેજ લખનારાઓ પોતાના નીતિના ધોરણે વૉશિંગ્ટનને ‘ હુલ્લડખોર ’ નું સંબોધન આપવાનો આંચકો ખાયછે, તેઓ શિવાજીને ‘ હુલ્લડખોર ’ ની ઉપમા આપેછે, જ્યારે તેઓ સત્યતાની સ્વચ્છતા ઉપર શું જાણી જોઇને હુમલો કરતા નથી? આખા યુરોપના ઇતિહાસમાંથી શિવાજીના

જેવો એક પણ પ્રમાણિક પુરૂષ નિકળી શકશે નહીં. ઇતિહાસ શિવાજીની ખામીઓ બતાવશે; પણ તે નીતિશાસ્ત્રની રૂઈએ તપાસતાં તેના કામને દોષ આપી શકશે નહીં. યુરોપિયન નીતિશાસ્ત્ર કે જેનો પાયો "પ્રજાના બને તેટલા મોટા ભાગનું બની શકયા પ્રમાણે વધારે કલ્યાણ કરવાના" નિયમ ઉપર રચા યલો છે, તેની રૂઈએ એક મોટું કામ પાર પાડવા માટે એક નાની ફરજ વિસારી દેવા માટે શિવાજીને કેમ દોષ દઇ શકાય? મહાભારતમાં આવા પ્રકાર ના મનુષ્યને "બુદ્ધ" ની ઉપમા આપી છે. પ્રોફે સરે પોતાના ભાષણના અંતે જણાવ્યું કે શિવાજીએ તેનાપર ઐતિહાસકારોએ મુકેલા આરોપો કરતાં પાંચ પચાસ વધારે ઘાતકી ગુનાઓ કર્યા હોત તો પણ હું તો એ મહારાજાની છબી આગળ સોવાર મસ્તક નમાવવાને હાલની પેઠેજ તૈયાર રહેત. ભા ષણ પૂરૂં થયા પછી પ્રોફેસર ભાનુએ કહ્યું કે દરેક હિંદુ, પ્રત્યેક મરાઠો પછી તે ગમે તે પક્ષનો હોય તો પણતેણે શિવાજી મહોત્સવ માટે આનંદ બતાવવો જોઇ એ. આપણે સર્વે આપણું ખોએલું સ્વતંત્રપણું પાછું મેળવવાનો યત્ન કરીએ છીએ, અને આપણુ સર્વ-કોએ સાથે મળીને એ ભયંકર બોજો ઉપાડી લેવો જોઇએ. જે કોઇ પુરૂષ નિખાલસ નિષ્ઠાથી પોતાને યોગ્ય લાગે તે રીતે એ બોજો ઉપાડી લેવાનો યત્ન કરે તો તેના માર્ગમાં અડચણ કરવી કદી પણ યોગ્ય કહેવાશે નહી. અંદર અંદરના આપણા ખટસને લીધે આપણા માર્ગમાં હરકત આવે છે. જે કોઇ પ્રજાને ઉપરથી કચરી નાંખતું હોય તેને બેલાશક કાપી નાંખો, પણ બીજાઓના માર્ગમાં મુશ્કેલીની વાતો ગઇ ગુજરી ભુલી જાઓ અને આગલી પાછલી ભુલી જઇ પરસ્પર માફી આપો. જેને મહાનપુરૂષો ઉદર ભીક્ષાડાની લડાઇ ગણે તેવી પંક્તિની વઢવાડ આપણા વચ્ચે શું હજી પુરી થવા પામી નથી? હાલના મહોત્સવ સરખા સરવ પ્રસંગો કે જે આખી સૃષ્ટિને એકત્ર કરવાને ઉપયોગી થઇ શકે તેમ છે, તે આદર આપવા યોગ્ય છે. ત્યાર બાદ પ્રોફેસર જીન સીવાલા બોલ્યા કે યુરોપમાં બે હજાર ખુનો કરવા માટે જો નેપોલિયનને દોષને પાત્ર ગણવામાં ન આવે અને સીઝરે ગાલ (ફ્રાન્સ) માં ઘણી વખત નકામી કતલ ચલાવી તે છતાં જો તેને દયાલુ પુરૂષ ગણવામાં આવે, તો એકાદ બે સખસોનાં ખુન કરવા માટે શિવાજી ઉપર આવો સખત હુમલો શા માટે કરવો જોઇએ? ફ્રા ન્સમાં બાદશાહી અમલ ઉંધો વાળવાના બખેડામાં ભાગ લેનારાઓ પોતે કીધેલા ખુનનો ઇનસાફ કરી એવો બચાવ કરતા હતા કે તેઓ તો માત્ર પોતાના માર્ગ માં પડેલા કાંટાઓજ ઉખેડી નાખતા હતા. એજ તકરાર મહારાષ્ટ્રના બચાવમાં કેમ નહીં લાગુ પાડવામાં આવે? પક્ષાપક્ષીથી ઉશ્કેરાઇ જઇને આપણા ખરા અભિપ્રાયો છૂપાવવા એ આપણે માટે સારૂં નથી. કોઇપણ અભિપ્રાય જો તે પ્રજા લાભને હાનિ કરતો હોય તો પાછો ખેંચી લેવામાં આંચકો ખાવો નહીં જોઇએ. કોઇએ પણ પોતાનો ખરો અભિપ્રાય જાણુ કને માટે પગતળે કચરાવા દેવો નહીં જોઇએ. પોતાના ભાષણના અંતે પ્રોફેસર જીનસીવાળાએ એવી આશા રાખી હતી કે આવતે વર્ષે આ મહોત્સવના સમયે પુનાના જુદા જુદા પક્ષોમાં વધારે ઐકય થશે. તેમ નું ભાષણ પૂરૂં થયા બાદ પ્રમુખ મી. ટીલકે પોતા નું ભાષણ શરૂ કર્યું હતું. તેઓ બોલ્યા કે અફઝુલ ખાનના ખુનના સંબંધમાં ઈતિહાસને લગતી શોધ કરવી વ્યર્થ છે. ધારીએ કે શિવાજીએ પ્રથમથી ગોઠવણ કરીનેજ તેનું ખુન કર્યું હતું. પણ મહારાજાનું એ કામ સારૂ હતું કે માઠું? ફોજદારી કાયદો, મનુ કે કિંવા ભુતિ કિંવા તો પૂર્વ પશ્ચિમના દેશોના નીતિશાસ્ત્રોએ સ્વીકારેલા નિયમોની રૂઇએ એ સવાલ તપાસવો ઘટે છે. મંડલીને બાંધવામાં આવતા કાયદાઓ મારા અને તમારા જેવા પુરૂષોને માટે છે. એક ઋષિની ઉત્તમતા સિદ્ધ કરવાનો કે એક રાજાને માથે અપરાધનો ટોપલો મુકવાનો કોઇને ખ્યાલ આપી શકતો નથી. મહાન પુરૂષોને એવા કાયદાના સાધાર ણ નિયમો લાગુ પાડી શકાય નહીં. કારણ કે એ નિયમો મહા પુરૂષોના પગ આગળ પહોંચવાની પણ યોગ્યતા ધરાવી શકતા નથી. અફઝુલખાનને મારી નાંખવામાં શિવાજીએ શો અપરાધ કર્યો હતો? એ સવાલનો જવાબ મહાભારતમાંથીજ આપી શકાય તેમ છે. ગીતામાં શ્રી કૃષ્ણે આપણા પોતાના શિક્ષકો અને સગાંઓના ખુનો કરવાની આજ્ઞા આપી છે. પોતાના કર્મોનું ફળ પોતેજ મેળવવાનો હેતુ

રાખ્યા વિના કોઈ પણ પુરૂષ કાંઇ પણ દોષીત કાર્ય કરે, તો તે વિષે તેને દોષ આપી શકાય નહીં. દ્રવ્યની લાલચને ખાતર શિવાજીએ એ કામ કર્યું નહોતું. જાહેર પ્રજાના લાભો જાળવવા માટે નિઃસ્વાર્થે તેણે અફઝલખાનનું ખુન કર્યું હતું. ચોરો આપણા ઘરમાં પેઠા હોય અને તેમને નસાડવાને આપણા કાંડામાં જોર ન હોય તો કાંઇ પણ ચેંચું કર્યા વિના તેમને જીવતાને જીવતા બાળી નાંખવા જોઇએ. પરમેશ્વરે ' મ્લેચ્છો ' ને (એ શબ્દ જંગલીઓ કે પરદેશીઓ માટે વપરાય છે) જે ઓ હિંદુસ્તાન પર સત્તા ભોગવવાને તાંમ્રપત્ર (સનંદ અથવા પટો) આપ્યું નથી. બિજાઓની મિલકત ઉપર લોભદૃષ્ટી રાખવાના સંબંધમાં મહારાજા દોષિત નથી. કારણ કે તેઓએ તો તેમને નસાડવાનો યત્ન કર્યો હતો. કુવામાં પડેલા દેડકાની પેઠે તમારી નજર ટુંકી ન કરી નાખો. ફોજદારી કાયદાની બહાર નિકળો. ભગવત ગીતાના ઉચ્ચ ધોરણમાં પ્રવેશ કરો, અને મહાન પુરૂષોનાં પરાક્રમોનો વિચાર કરો. મૂળની બાબત વિષે ઉપરનું વિવેચન કર્યા પછી મી. ટીલકે પ્રોફેસર ભાનુના ભાષણના છેવટના ભાગ વિષે વિવેચન કર્યું હતું. તેઓ બોલ્યા કે માત્ર થોડાક પ્રસંગ ઉપર પણ જે પ્રજા ઐક્ય કરી શકી નથી તેણે આબાદ થવાની કદી પણ આશા રાખવી નહી. મતભેદ તો સર્વકાળ ચાલુજ રહેશે; પરંતુ ૩૬૫ દિવસોમાંથી એક દિવસજ ઐક્યથી આપણે જોડાઈ એક બીજાને માન આપીએ તે ઘણું ઇચ્છવા જોગછે. શિવાજીના સંબંધમાં આપણે એકત્ર થઇએ, તે ઉપરથી કાંઇ એમ ઠગતું નથી કે આપણે આપણા બીજા અભિપ્રાયો પણ વિસારી દેવા જોઇએ. મારામારી માટે દહાડા ઘણા છે. શંકરની પુજા કરતી વેળા એકજ મંદિરમાં ભેગા થવામાં રામ અને રાવણને કશી હરકત આવી નહોતી, તે આપણે ભુલી જવું જોઇતું નથી. એ ભાષણ પુરૂં થયા પછી સમિત્રસમાજ અને મહારાજીમેળાઓ તરફથી પદો ગાવામાં આવ્યાં હતાં. એ સાથે બીજા દિવસની ધામધૂમ પુરી થઇ હતી. ત્રીજે દિવસે પ્રોફેસર જીનસીવાલાએ એક લંબાણ ભાષણ આપ્યું હતું. ટુંકામાં એ ભાષણ પુરૂં કરી શકાય તેવું નહોવાથી તેનો ટુંકસાર પણ અમે આજે આપી શકતા નથી, જણાવવાને ખુશી ઉપજે છે કે પવિત્ર ગાયકેનું કીર્તન વકી મુજબ સાંભળવા યોગ્ય થયું હતું, તેણે પણ અફઝુલખાનના ખુનની બાબત ઉપર વ્યાખ્યાન આપ્યું હતું અને જોકે તે જુની ઢબ પ્રમાણે અપાયું હતું, તો પણ નવ વિચારોથી તે ભરપુર હતું. ”

ઉપલા લખાણ ઉપરથી મી. લેંગે ઉપજાવી કહાડેલો સાર.

મી. લેંગે ઉપરના લખાણ ઉપર વિવેચન કરતાં જણાવ્યું કે પ્રોફેસર પ્રાંજપેએ આ લખાણમાં નામદાર મહારાણીની ડાયમંડ જુબીલી સાથે મહાભારતમાં વર્ણવેલા રાજસૂયજ્ઞને સરખાવ્યો છે, અને તે વાંચતાં તમારા મનમાં કાંઇપણ શક નહીં રહેવો જોઇએ કે મહાભારત સમજાવવાના નામે પ્રોફેસર પ્રાંજપેએ શ્રોતાઓના મનપર એમ ઠસાવવા માગ્યું છે કે સંતોષી રહેવામાં લાભ નથી. અસંતોષથીજ આબાદી વધે છે અને સંતોષથી આબાદી ઘટે છે. શસ્ત્રોને બદલે કાવાદાવાનો ઉપયોગ કરવાની તેમાં ભલામણ કરવામાં આવી છે. બીજું ભાષણ પ્રોફેસર જીનસીવાલાનું છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે સ્વદેશ અને ધર્મના પરદેશીઓએ કરેલા નાશથી ગુસ્સે થઇને શિવાજીએ સર્વ યત્નો કર્યા હતા. ત્રીજું ભાષણ પ્રોફેસર ભાનુનું છે. તેમાં તેઓએ શિવાજી સામે અફઝુલખાનનું ખુન કરવાનો મુકવામાં આવતો આરોપ ખોટો છે, તે વિષે વિવેચન કર્યું છે. મી. લેંગે અત્રે ગ્રાંટ ડફના " મરાઠાઓનો ઇતિહાસ " એ નામના પુસ્તકમાંથી અફઝુલખાન અને શિવાજી વચ્ચે થયેલી મુલાકાત અને અફઝુલખાનના થયેલા મરણ વિષેની હકીકત વાંચી સંભળાવી હતી. ત્યાર બાદ તેણે કહ્યું કે ભાષણના અંતમાં પ્રોફેસર ભાનુએ દરેક હિંદુ તથા દરેક મરાઠાને આગ્રહ કર્યો છે કે " પ્રજાના શિરપરનો આ બોજો ઉઠાવવામાં દરેક જણને યોગ્ય લાગે એવા જે ઉપાયો તે લે તેમાં તેણે હરકત કરવી નહીં." એ વાક્યમાં જે બોજા વિષે ઇસારો કરવામાં આવ્યો છે તે અમો કહીએ છીએ કે અંગ્રેજ સરકાર છે. તમે પુછશો કે આવું ભાષણ કરવા માટે પ્રો. ભાનુને શામાટે પ્રતિવાદીઓની ચેસ ઉભા કરવામાં ન આવ્યા? તેનો પ્રત્યુત્તર એ છે કે તેઓએ આવું ભાષણ આપ્યું હતું એ સાબી

ત કરવાની જુબાની સરકાર ધરાવતી નથી, અને જે સભામાં એ ભાષણ આપવામાં આવ્યું હતું ત્યાં કોઇ સરકારી રીપોર્ટર હાજર નહોતો. પ્રતિવાદીએ પોતાને પસંદકારક ભાષણનો ભાગ પ્રકટ કર્યો છે, પણ પ્રો. ભાનુ જો એમ કહે કે જે પ્રકટ કરવામાં આવ્યું છે તે કાંઇ તેમનું ભાષણ નથી તો પછી શું કરવું? તેઓ એમજ બોલ્યા હતા તે અમે સાબિત કરી શકશું નહીં. પણ નામદાર જડજ તમને કહેશે કે આવું ભાષણ પ્રકટ કરી તેનો પ્રચાર કરવા માટે પ્રતિવાદીઓ જોખમદાર છે. છેલ્લો ભાગ પ્રતિવાદી મિ. તિલકના ભાષણનો છે, અને તેમાં તેણે શ્રી કૃષ્ણની ઉપમાથી એમ સમજાવવા માગ્યું છે કે દેશના મ્હોટા ભાગના સહુથી વિશેષ ભલાં કાર્યની આડે જે કોઇ આવે તેને મારવો એ ખોટું નથી; પછી તે પોતાનો ગુરૂ હોય કે સગો હોય. પ્રતિવાદીનાં ભાષણમાં વાપરેલા શબ્દો "મલેચ્છોને કાંઇ ઇશ્વરે હિંદુસ્તાનપર સત્તા ભોગવવાને ત્રાંબાના પત્ર પર લેખ આપ્યો નથી" તે પર તમારૂં લક્ષ વિશેષે કરીને ખેંચું છું. શબ્દ કોષપરથી માલુમ પડશે કે મલેચ્છનો અર્થ કોઇ પણ પરદેશી એવો થાય છે. "મલેચ્છોને કાંઈ ઇશ્વરે હિંદુસ્તાન પર સત્તા ભોગવવાને ત્રાંબાના પત્ર પર લેખ આપ્યો નથી" એ વાક્યનો અર્થ સ્પષ્ટ રીતે હાલની સરકાર સામે છે; એમ જણાવવાની હું રજા લઉં છું. હાલની સરકાર વિદેશી છે અને તેને તામ્રપત્ર ઇશ્વરે આપ્યું નથી એમ તેમાં જણાવવામાં આવ્યું છે. એ લખાણ પ્રસિદ્ધ થયા પછી બીજે અઠવાડીએ પ્રતિવાદીએ તે વિષે પોતાના પત્રમાં ખુલાસો કરવાનો પ્રયાસ કર્યો છે, જે ઉપરથી હું પાછળથી તમારૂં લક્ષ ખેંચીશ; પણ હું જણાવીશ કે પ્રતિવાદીનો હેતુ એટલુંજ જણાવવાનો હતો કે અંગ્રેજી અમલ હક્કદાર નથી, અને તે દૂર કરવાને ખૂન પણ કરવામાં આવે તો અડચણ નથી, "કેસરી" પત્રના બંને લખાણો સાથે લઇને તમારે વિચાર કરવાનો છે. તે બંને શિવાજી વિષે છે. પ્રથમમાં શિવાજી શોક કરે છે કે તેના દેશની અધમ સ્થિતિ થવા લાગી છે, અને બીજામાં ખુલ્લી રીતે સૂચના કરવામાં આવી છે કે સૌથી વધારે લોકોના સૌથી વિશેષ લાભ માટે ખૂન પણ કરવાં યોગ્ય છે. મિ. તિલક પોતાના ભાષણમાં જણાવે છે કે અફ્ઝુલખાનનું ખૂન શિવાજીએ કર્યું હોય તો તેમાં તે નિર્દોષ હતો કેમકે દેશના લાભ માટે તેણે તે કાર્ય કર્યું હતું. એવા શબ્દોથી વાચકોના મન પર એવી અસર થવી જોઇએ કે એજ નિયમે તેઓ હાલમાં પણ ચાલે તો તે વ્યાજબી ગણાય.

"કેસરી" માં પ્રકટ થયેલું લખાણ અને પુનાની ખુનરેજી.

તા. ૧૫ મી જુનના "કેસરી" ના અંકમાં એ લખાણ આવ્યાં હતાં, અને તે પછી તે અઠવાડિયે તા. ૨૨ મીની મધરાત પછી મિ. રેન્ડ અને લેફ્ટેનન્ટ એયર્સ્ટનાં ખૂન કરવામાં આવ્યાં હતાં; એવી જુબાની અમે ધરાવતા નથી પણ અમારો અભિપ્રાય એવો છે કે દુષ્કાળ અને મરકીનાં દુઃખોથી ત્રાસ પામેલા લોકોનાં મનપર એવાં લખાણ અસર કરે અને તેઓ ખૂન કરવા નિકળે તે ઘણું સંભવિત છે. એ લખાણો વિષે વિચાર કરતાં તે કયે સમયે કરવાં આવ્યાં છે તે પણ તમારે લક્ષમાં લેવું. જુન ૧૮૯૭ માં તે કરવામાં આવ્યાં હતાં, કે જે સમય મરકી અને દુષ્કાળથી દેશ ઘણી અધમ સ્થિતિમાં આવી ગયેલો હતો અને મરકી શાન્ત કરવાને જે ઉપાય સરકાર લેતી હતી તે સામે લોકોમાં અસંતોષ ચાલતો હતો. તેવા સમયે આ લખાણ પ્રસિદ્ધ કરવામાં આવ્યાં હતાં, અને અંગરેજી અમલથી દેશની સ્મૃદ્ધિનો નાશ કરવામાં આવે છે એમ તેમાં સમજાવવામાં આવ્યું હતું. હવે આ લખાણો પછી બીજે અઠવાડિયે પ્રતિવાદી મિ૦ તિલકે પોતાના પત્રમાં કરેલા ખુલાસા પર તમારૂં હું લક્ષ ખેંચીશ. તેનું ભાષણ વાંચ્યા પછી કોઇએ "જસ્ટીસ"ની સહીથી "ટાઇમ્સ ઑફ ઇન્ડિયા" પત્રમાં તેપર લક્ષ ખેંચ્યું હતું, અને તેપરથી તા૦ ૨૨ મી જુનના "મરાઠા" પત્રના અંકમાં પ્રતિવાદીએ ખુલાસો કર્યો હતો કે તેણે પોતાના ભાષણમાં અફ્ઝુલખાનના મરણ વિષે બોલતાં એમ જણાવવા માગ્યું હતું કે મુસલમાનોને કાંઇ હિંદુસ્તાનપર સત્તા ભોગવવાને તામ્રપત્રપર લેખ

આપવામાં આવ્યો નથી; પણ તેના છાપેલા ભાષણ માં તો "મલેચ્છ" શબ્દ વાપરેલો છે જે કોઇ પણ પ્રદેશીને લાગુ પડે છે અને તે યુરોપિયનોને પણ લાગુ પડેછે. તમારે અવલોકવાનું એ છે કે "કેસરી"ના ૧૫ મી જુનના અંકમાંનાં બંને લખાણો સાથે આ ખુલાસો બંધ બેસ્તો થઇ શકેછે કે કેમ? તમને કહેવાની હું રજા લઉંછું કે તે કબુલ રાખવો મુશ્કેલ છે. તે ઉપરાંત મેં તમને કહ્યું છે તેમ એ લખાણ કેવા સમયે કરવામાં આવ્યાં છે તે લક્ષમાં લેજો. તમને એમ કહેવામાં આવશે કે અંગરેજી સત્તા એટલી બધી મજબુત છે કે એવાં લખાણ અસર કરી નહીં શકે.

પ્રતિવાદીઓની નિષ્ઠાદર્શી વનારાં લખાણો.

પણ તે તકરાર કાંઇ પ્રતિવાદીઓ સામેના આરોપનો પ્રત્યુત્તર પૂરો પાડતી નથી. તે ઉપરાંત આ બીના પણ તમારે લક્ષમાં રાખવાની છે કે ઈંગ્લાંડને વખતે કોઇપણ યુરોપિયન રાજ્ય સામે રણસંગ્રામમાં ઉતરવું પડે અને તેને તે માટે પોતાનાં સર્વ સાધનો ઉપયોગમાં લેવાં પડે. આ લખાણ વાચકોને એમ સૂચવે છે કે અંગ્રેજી સત્તા ઉંધી વાળવી, અને તેવું લખાણ ગંભીર નથી એમ નહીં કહેવાશે. જે પ્રકારનાં લખાણને ૧૨૪ A કલમના ખુલાસામાં આપવા તરીકે લેખવામાં આવ્યું છે તેવા પ્રકારનું લખાણ આ ગણી શકાશે નહીં. મિ. લેંગે તે ખુલાસો અત્રે પાછો વાંચી સંભળાવી જણાવ્યું કે પ્રથમ લખાણમાં કાંધ સરકારના કોઇ કાર્યો સામે વ્યાજબી ટીકા કરવામાં નથી આવી તેમાં સરકારની હકદાર સત્તાને ટેકો આપીને સરકારનાં કાર્યો સામે સાધારણ પ્રકારની નાપસંદગી બતાવવામાં નથી આવી. તેમાં અંગ્રેજી અમલ પર ખુલ્લો હુમલો કરવામાં આવ્યો છે કે દેશની સ્મૃદ્ધિનો નાશ કરવામાં આવે છે. છેવટે પ્રતિવાદીની નિષ્ઠા દેખાડવાને તેના પત્રના જુદા જુદા અંકોમાં આવેલાં કેટલાંક લખાણો પર તમારૂં લક્ષ હું ખેંચી તેમાંનું શ.પ્રથમ "કેસરી" પત્રના તા.૬ઠી એપ્રીલ ૧૮૯૭ના અંકમાં પ્રકટ કરવામાં આવ્યું છે.

મિ. પ્યુએ પ્રતિવાદી તરફથી અત્રે વાંધો ઉઠાવ્યો કે, મિ. લેંગ જે લખાણ વાંચે છે તે તો મદ્રાસથી આવેલું એક ચર્ચાપત્ર માત્ર છે, અને તેને પ્રતિવાદી સામે વાપરવું જોઇતું નથી.

મિ. લેંગ—પ્રતિવાદી, પ્રકટ કરવા માટે જોખમદાર છે.

જડજ—મિ. પ્યુ, તમે તમારા વાંધાના સંબંધમાં શું તકરાર લાવવા માગો છો તે જણાવો તે સાંભળવા હું તત્પર છું.

મિ. પ્યુ—વર્ત્તમાન પત્રમાં આવતાં ચર્ચાપત્રોમાંના વિચારને તે પત્રના અધિપતિના વિચાર તરીકે લેખવા જોખમ ભરેલું છે. એક પત્રને તેની ગ્રાહકીના સંબંધમાં ફતેહ મળે તે માટે જરૂરનું છે કે તેમાં તેના અધિપતિના એકલાનાજ વિચારો નહીં આવે, પણ બીજા લેખકોના વિચારો પણ આ પત્રમાં આવે. સર્વ પત્રોમાં સામસામા વિચાર ધરાવનારાઓનાં લખાણો પ્રકટ કરવામાં આવે છે, પણ જો બહારના લેખકોના વિચારો ઉપરથી એક પત્રના અધિપતિની નિષ્ઠા સાબિત કરવામાં આવે તોપછી ચર્ચાપત્રો દાખલ કરી નહીંજ શકાય.

જડજ—ચર્ચાપત્રી જે વિચારો આપે છે તે એક અધિપતિ કબુલ રાખે છે એમ માનવું ખોટું છે એમ તમો કહો છો?

મિ. પ્યુ—હા. "ટાઇમ્સ ઑફ ઇન્ડિયા" પત્રમાં શિવાજીના સંબંધમાં સામસામા વિચારના ચર્ચાપત્રો આવ્યાં હતાં, અને તેમને આધારે તે પત્રના અધિપતિની નિષ્ઠા પુરવાર થતી સમજવી એમ કહેવું અયોગ્ય છે. એક પત્રે ગ્રાહકીના સંબંધમાં ફતેહ મેળવવા મેં પ્રથમ કહ્યું તેમ સર્વ વિચાર ધરાવનારાઓનાં લખાણ પ્રકટ કરવાની આવશ્યકતા છે. મિ. લેંગે જણાવ્યું કે આવું લખાણ પ્રકટ કરવાની જોખમદારી પ્રતિવાદીઓએ પોતાને શીર લીધી છે. દરેક પત્રનો અધિપતિ તેમાં આવેલાં કોઇ ચર્ચાપત્ર માંનું લખાણ બદનક્ષી ભરેલું હોયતો તે માટે જોખમદાર ગણાય છે. વળી આ કાંઇ ચર્ચાપત્ર નથી. "દાસાનુદાસ" એવી સહીથી એક ખાસ લખાણ તરીકે તે દાખલ કરવામાં આવ્યું છે. જો પ્રતિવાદીના પત્રમાંના વિચારો અથવા તકરારોથી એ લખાણ જુદું પડતું હોત તો તે નકામું થઈ પડત, પણ

આમાં તો પ્રતિવાદીના પત્રના વિચારોને મળતાજ વિચારો ધરાવે છે, અને તે અંગ્રેજી અમલને ગાળ દેવાના છે.

નામદાર જડજે ચુકાદો આપતાં જણાવ્યું કે બદનક્ષીને લગતા મુકરદમાઓમાં એક પત્રના અધિપતિની લાગણી દર્શાવવાને તેમાં કરવામાં આવેલા ઉતારાઓને પણ આગળ કરવામાં આવે છે. અહીં આ લખાણ પ્રતિવાદીએ કરવાનો નહીં પણ તે પ્રકટ કરવાનો આરોપ છે. એથી ભિન્ન વિચારો દર્શાવનારાં લખાણો તમે રજુ કરી શકશો, પણ તુરત વેળા તો એ લખાણ પ્રતિવાદીઓ સામેના અપરાધ સાથે સંબંધ ધરાવે છે, અને તે દાખલ કરવાની હું રજા આપું છું.

આ પછી મિ. લેંગે "કેસરી" પત્રના તા. ૪ થી મેના અને "મરાઠા" ના તા. ૨૩ મી તથા તા. ૩૦ મી મેના અંકોમાં કરવામાં આવેલાં ચોકસ લખાણો વાંચી સંભળાવ્યાં અને જણાવ્યું કે તે પરથી તે લખનારાઓ હિંદુસ્તાનમાંની કાયદાએ મુકરર કરેલી સરકાર સામે કેવી લાગણી ધરાવેછે તે સાબિત કરી આપેછે. તેવી લાગણી શિવાજી મહોત્સવના સંબંધમાં પણ તેઓએ સંપૂર્ણ રીતે દર્શાવી આપીછે. એ લખાણો હાલની સરકાર સામે લોકોને ઉશ્કેરવાની ઇચ્છાર્થીજ કરવામાં આવ્યાં છે. જો વફાદારી બતાવવી હોત તો તે માટેનાઘણા રસ્તાઓ ખુલ્લા હતા. આ સર્વે લખાણો વાંચવાથી તે અંગ્રેજી અમલ સામે ફીતુર ઉશ્કેરવાં જેવાં છે કે નહીં તે તમને જણાશે. નામદાર મહારાણી શ્રીની જ્યુબીલી દરમ્યાન જે દેશી રાજાઓ ઇંગ્લાંડ ગયા હતા તેમની તે લખાણોમાં લોકોમાં હાંસી થાય એવો યત્ન કરવામાં આવ્યો હતો. વળી તેમાં જણાવવામાં આવ્યું છે કે શિવજયંતિના મહોત્સવપર લોકોએ વધારે લક્ષ આપવું અને હાલના વખતમાં સરકારી અમલદારોના હુકમને તાબે થવાને બદલે ઇશ્વરપર આધાર રાખવો અને તેની સહાયતા માગવી તે પરથી તે લખાણો અંગ્રેજી અમલ સામે લોકોને ઉશ્કેરવા જેવાં છે કે નહી તે તમે સમજી શકશો.

ફરિયાદી માંડવામાં થયેલી ઢીલનું કારણ.

પણ કદાચ એમ વાંધો લાવવામાં આવે કે તા. ૧૫ મી જુનના પત્રમાં પ્રકટ થયેલાં લખાણ માટે છેક તા. ૨૭ મી જુલાઇએ શા માટે ફરિયાદ નોંધાવવામાં આવી હતી? પણ તેનો ઉત્તર એવો છે કે જે પત્રમાં તે લખાણ પ્રકટ થયાં હતાં તે પત્ર અંગ્રેજી અમલદારોમાં વંચાતું નથી. તે દેશીઓમાં વંચાય છે, અને મુંબઈ તથા પુના સ્થળે ગ્રાહકોની તે સારી સંખ્યા ધરાવે છે. તે સામે ફરિયાદ નોંધાવવામાં આવે તે પૂર્વે તેનાં લખાણનો બહુ સંભાળથી તરજુમો કરવાનું બહુ આવશ્યક છે; અને તેટલા માટે તેમાં વખત જવો જોઈએ. બીજો વાંધો કદાચ એવો લાવવામાં આવે કે સરકારે આ મુકરદમો ચલાવવાથી તકરારી લખાણ જે પ્રથમ થોડાઓના વાંચવામાં આવ્યું હશે તે હવે વિશેષ મ્હોટી સંખ્યામાં અને બહુ ઉલટથી વંચાશે. તે ખરૂં છે, પણ દેશી પત્રો સામે કામ ચલાવવામાં સરકારે અયોગ્ય ઉતાવળ કરી નથી. આવા પ્રકારનાં લખાણોથી લોકોનાં મન પર શું અસર થવા લાગી છે તે બીના પુખ્ત રીતિયે લક્ષમાં લેવા પછીજ આ કામ ચલાવવામાં આવ્યું છે. બીજી તકરાર મુકરદમો ચલાવવા સામે એવી લાવવામાં આવે કે પ્રથમ તોહોમતદાર મુંબઇની ધારાસભાનો એક સભાસદ છે, અને તેની નિમણુંક તકરારી લખાણ પ્રકટ થયા પછી કરવામાં આવી હતી તે વાત ખરી છે, પણ તોહમતદારની ધારાસભામાં નિમણુક થઇ તે સાથે આ મુકરદમાને કશું લાગતું વળગતું નથી. તેની નિમણુક કરતી વેળા સરકાર એમ ધારતી હોત કે તે લખાણ ફીતુરી હતું તો તેની નિમણુક કરત નહીં; પણ ઉપલું પત્ર મરાઠી ભાષામાં પ્રગટ થતું હોવાથી તે માંહેલું લખાણ સરકારી અંગરેજ અમલદારોના વાંચવામાં આવ્યું હતું નહીં. વળી તેનો તરજુમો કરવા માટે વખત જાય અને મોડું થાય તેથી કાંઈ એવું ઠરતું નથી કે તેનું લખાણ આરોપીની ધારાસભાની નિમણુક વેળા ફીતુરી સમજવામાં આવતું હતું નહીં. તમારે તો માત્ર તે લખાણનો અર્થ તપાસવો છે. ફરિયાદ તરફથી અત્રે રજુ કરવામાં આવનારી જુબાની માત્ર રૂઢીને ખાતર રજુ કરવામાં આવે એવી છે; તમારે તો માત્ર લખાણની મતલબ જોવી છે.

અત્રે મિ૦ લેંગે પોતાનું ભાષણ સમાપ્ત કર્યું હતું.

મિ. મીરઝાંઆબાસ અલીબેગની જુબાની.

મિ. મીરઝાં આબાસ અલીબેગે તે પછી મિ. લેંગની તપાસમાં જુબાની આપતાં જણાવ્યું કે, મારૂં નામ મીરઝાં આબાસ અલીબેગ છે. મુંબઈની સરકારનો હું ઓરિયન્ટલ ટ્રાન્સ્લેટર છું. ગઇ તા. ૧૫ મી જુનના "કેસરી" પત્રમાં આવેલાં કેટલાંક લખાણોના સંબંધમાં મુંબઇ સરકારના હુકમથી મેં ફરિયાદ નોંધાવી હતી.

"કેસરી" પત્રના લખાણોના સંબંધમાં ફરિયાદ ચલાવવાને મિ. મીરઝાં આબાસ અલીબેગને સરકાર તરફથી મળેલા હુકમનો દસ્તાવેજ જુબાની તરીકે દાખલ કરવા માટે મિ. લેંગે અત્રે કોર્ટને અરજ કરી હતી. મિ. પ્યુએ તે દસ્તાવેજ જોઇ તેને જુબાની તરીકે દાખલ કરવા સામે વાંધો લીધો હતો.

જડજ—તમે કઇ કલમને આધારે વાંધો લો છો?

મિ. પ્યુ—ફોજદારી પ્રોસીજર કાયદાની ૧૯ મી કલમ પ્રમાણે.

જડજ—તે શું છે?

મિ. પ્યુએ તે પરથી તે કલમ આ પ્રમાણે વાંચી સંભળાવી હતી; "ફોજદારી કાયદાના છઠ્ઠા પ્રકરણની ૧૨૭મી કલમને લગતા તથા એજ કાયદાની ૨૯૪ મી કલમને લગતા કોઇપણ ગુન્હાની ખબર ગવર્નરજનરલની કાઉન્સીલ, સ્થાનિક સરકાર અથવા ગવર્નરજનરલની કાઉન્સીલે પોતાની તરફથી નિમેલા કોઈ અમલદારના હુકમ યા સત્તા વિના કોઈપણ કોર્ટ લઇ શકે નહીં."

મિ. પ્યુએ વધુ જણાવ્યું કે સરકાર તરફથી મુકરદમો ચલાવવા માટેના દસ્તાવેજમાં માત્ર એટલુંજ લખવામાં આવ્યું છે કે મિ. મીરઝાં આબાસ અલીબેગને "કેસરી" પત્રમાં પ્રગટ થયેલાં લખાણના સંબંધમાં બાળ ગંગાધર તિલક અને કેશવ મહાદેવ બાળપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૨૪ A કલમ પ્રમાણે કામ ચલાવવાની સત્તા આપવામાં આવે છે; પણ કઈ તારીખના પત્રના લખાણ વિષે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો તે વિષે તેમાં જણાવવામાં આવ્યું નથી. "કેસરી" પત્ર છેલ્લાં ૭ વર્ષ થયાં નિકળે છે. હાલ હું એટલુંજ કહેવા માગું છું કે એવા દસ્તાવેજને સરકારની બહાલી કહી શકાય નહીં વળી તે દસ્તાવેજમાં જણાવવામાં આવ્યું છે કે "કેસરી" માં પ્રગટ થયેલી "આર્ટીકલ" તે ખોટું છે; કારણ કે તે લખાણ કાંઇ 'આર્ટીકલ' નથી પણ એક ખબરપત્રી તરફનું લખાણ છે.

મિ. સ્ટ્રેચી—એક રીતે કબૂલ કરીએ કે એ બાબતને ૧૯૬ મી કલમ લાગુ પડે છે તો પણ તે ઉપરથી તમે શું કહેવા માગો છો?

મિ. પ્યુ—એટલુંજ કે આવા સંજોગોમાં કોઇ પણ કોર્ટ એ આરોપની ખબર લઇ શકે નહીં.

મિ. સ્ટ્રેચી—ત્યારે ૫૩૨ મી કલમનો તમે શું ખુલાસો આપી શકશો?

અત્રે એ વાગ્યાનો વખત થવાથી મિ. પ્યુએ જણાવ્યું કે તે કલમ હું વાંચીને તેને લગતો ખુલાસો નાસ્તો લીધા પછી આપીશ. તે પછી કોર્ટ નાસ્તો લેવા ઉઠી હતી.

નાસ્તો લીધા પછી કોર્ટ પાછી બેઠી તે વેળાએ મિ. પ્યુએ પોતાની તકરાર આગળ ચાલતાં જણાવ્યું હતું કે કામ ચલાવવા માટે સરકારે આપેલો હુકમ લખિત નહીં હતો; તથા પાછળથી તે લખિત પરવાનગી આપવામાં આવી છે તેમાં પણ કયાં લખાણોને દર્શાવવામાં આવ્યાં નથી. તે કામ ગેરકાયદેતું થયું છે, અને તેવાં ગેરકાયદેના કામને આધારે જે તપાસ ચલાવવામાં આવી છે તે પ્રીવી કાઉન્સીલે નિઝામ સરકારના યુસુફદીન નામે નોકર સામેના જાણીતા મુકરદમામાં આપેલા ચુકાદા પ્રમાણે ખોટી ગણાવી જોઇએ.

એડવોકેટ જનરલે જણાવ્યું કે લખિત હુકમ આપવાની કાંઈ ખાસ ફરજ સરકારને માથે મૂકવામાં આવી નથી અને કોર્ટ આગળ જે લખાણો હમણા લાવવામાં આવ્યાં છે તે તેમને આધારે જ કામ ચલાવવા તેણે જણાવ્યું હતું એમ આ દસ્તાવેજ પરથી જણાય છે.

નામદાર જડજે ચુકાદો આપતાં એડવોકેટ જનરલના અભિપ્રાય સાથે મળતાપણું બતાવી જણાવ્યું

કે લખીત હુકમ આપવાની ફરજ કાયદાએ સરકારને માથે મૂકી નથી; તેમજ આ દસ્તાવેજમાં ૧૫ મી જુનના "કેસરી" પત્રમાંનાં ચોકસ લખાણોને આ ધારે કામ ચલાવવું એમ જણાવી તે લખાણો કયાં તે જણાવ્યું નથી તેથી કાંઇ ખોટું થતું અથવા પ્રતિવાદીના લાભને નુકશાન પહોંચતું નથી. વળી એ બાબત જો કાંઇ પણ વાંધો લેવો હતો તો તે પહેલેથી મેજીસ્ટ્રેટની કોર્ટમાં લેવો હતો, પણ ત્યાં તેવો વાંધો લેવામાં આવેલો નહીં હોવાથી પંદરમી કલમ પ્રમાણે કોર્ટ પોતાની મુખત્યારીનો ઉપયોગ કરી ઠરાવે છે કે એ દસ્તાવેજ કાયદાસરનો છે અને તે કોર્ટમાં દાખલ કરવા દેછે.

મિ. લેગે તે પરથી તે દસ્તાવેજ દાખલ કર્યો હતો.

મિ. પ્યુએ નામદાર જડજને અરજ કરી કે એ સવાલ "ફુલબેંચ" આગળ તકરાર માટે લઇ જવાની પરવાનગી આપવી.

નામદાર જડજે તેના જવાબમાં જણાવ્યું કે હવે પછી બીજી કોઈ કાયદાની બારીકીઓ નિકળે તે સઘળી સાથે લઈ એકઠી અરજ કરશો તો ઠીક પડશે.

મિ. પ્યુએ તે સૂચના સ્વીકારી હતી.

મી. બેગની મિ. પ્યુએ કીધેલી ઉલટપાલટ તપાસ.

મિ. બેગને તે પછી મિ. પ્યુએ ઉલટપાલટ તપાસતાં તેણે જુબાની આપી કે,

સવાલ—તમારી દેશીભાષા છે ? જવાબ—ઉરદુ.

સ. તમારી કલાસીકલ ભાષા શું છે ? જવાબ-ફારસી.

સ૦—મરાઠી તમે જાણો છો ? જ૦—મેં તેનો અભ્યાસ કીધોછે. તે સંસ્કૃત પરથી નીકળી છે. હમણાં હું પુણે રહુંછું. મારાં બચપણથી પુણે રહેતો, આવ્યોછું. પેહેલા પ્રતિવાદી મિ. તિલક સાથે પાછળથી મને ઓળખાણ થઇ હતી. ઘણામાં ઘણા દોઢથી બે વર્ષ થયાં તેમને હું ઓળખતો આવ્યો છું. તેમનું નામ ત્રણ ચાર વર્ષ અગાઉ પહેલું મેં જાણ્યું હતું. શિવાજીના પહેલા મહોત્સવ આગમજ કે કેમ તેની મને યાદ નથી. તેઓ પુણાના જાથુકના રહેવાશી છે એમ હું માનું છું. મરાઠા તથા કેસરી પત્રો બંને ત્યાંજ પ્રગટ થાય છે.

સ૦—તમે એમ કહો છો કે સરકારની સૂચનાથી મુંબઇમાં ફરિયાદી તમે માંડી હતી ?

જ૦—સરકારના હુકમથી.

સ૦—ઓરિયન્ટલ ટ્રાન્સલેટર તરીકે તમારી ફરજ શું છે? દેશીપત્રોના તરજુમા કરવાની?

જ૦—સરકાર જે પસંદ કરી ફરમાવે તે.

સ૦—તા૦ ૧૫ મી જુને તમને આ "કેસરી" પત્ર મળ્યું હતું ?

જ૦— એકાદ પખવાડિયું અથવા તેથી થોડો વખત આગમચ મળ્યું હશે.

સ૦—મુંબઇનાં થોડાંક પત્રો તમો વાંચતા હશો ? જ૦—હા.

સ૦—તમે જાણોછો કે કેટલાંક પત્રો મિ૦ તિલક સામે કામ ચલાવવાનો પોકાર ઉઠાવતાં આવ્યાં છે? જ૦—મિ. તિલકની સામે ખાસ કરીને નહીં પણ કેટલાક ફીતુરી પત્રો સામે.

સ૦—તમે જાણતા નથી કે એ આર્ટીકલોપર મુંબઇમાં ટીકા ચલાવવામાં આવી હતી ?

જ૦—આર્ટીકલો નહીં પણ ભાષણો વિષે છે.

સ૦—ભાષણોમાં કોના ભાષણ સામે વાંધો લેવામાં આવ્યો હતો. પ્રોફેસર ભાનુના ? જ૦—નહીં, મિ૦ તિલકનાં ભાષણ વિષે "જસ્ટીસ"ની સહીનાં પત્રમાં તે વિષે વાંધો લેવામાં આવ્યો હતો.

સ૦—વાંધો લેવામાં આવ્યો તે વખતે તેનો તરજુમો તમારી આગળ તૈયાર હતો ? જ૦—તે હું ધારૂ છું કે તરજુમો કરવામાં આવતો હતો, નક્કી પણે કહી શકતો નથી. મેં "જસ્ટીસ" નો પત્ર વાંચ્યો તે આગમચ તરજુમો તૈયાર કરેલો હતો. આમની સભામાં સર એમ. ભાવનગરીએ સવાલ પુછયો તે વખતે તરજુમો તૈયાર હતો.

સ૦—શિવાજી મહોત્સવ વિષે તમે કયારે જાણીતા થયા હતા ? જ૦— મેં કદી તે જાણવાની દરકાર કરી નથી. શિવાજીનો ઇતિહાસ બધા જાણે છે. ૧૮૮૫ની સાલમાં શિવાજીની સમાધી સુધારવા માટે મિ. જસ્ટીસ રાનડેએ જે જાહેરસભા બોલાવી હતી તેના હેવાલ મેં વર્તમાન પત્રોમાં વાંચ્યા હતા.

સ૦—"બુકઑફ બોમ્બે" તમે વાંચી છે ?

જ૦—મુંબઈ શહેર હું જાણું છું. ચોપડી શા માટે વાંચુ? (હસાહસ)

સ૦—લોર્ડ રેએ એ'હીલચાલ તરફ દીલસોજી બતાવી હતી તે તમે જાણો છો? જ૦—વર્તમાનપત્રોમાં મેં તેમ વાંચ્યું હતું. શિવાજીની સમાધી મેં જોઇ નથી, અને લોર્ડ રેએ તેની મરામત માટે ખર્ચ આપ્યો હતો તેની મને ખબર નથી. મિ. એકવર્થના "મરાઠી બેલેડસ" વિષે મેં સાંભળયું છે, તે જોયાં નથી.

મિ. પ્યુએ અત્રે "કેસરી" પત્રના તા. ૨૩ મી અને તા. ૩૦ મી એપ્રીલના તેમજ ૪ થી જુન ૧૮૯૫ ના અંકો, તેમજ ટાઇમ્સ ઑફ ઈંડિયાના તા. ૨૯ મીએ અને ૧૧ મી જુન ૧૮૯૫ ના અંકોમાં શિવાજી વિષે કરવામાં આવેલાં ચોકસ લખાણો કોર્ટમાં દાખલ કર્યાં હતાં. તે પછી મિ બેગને તેણે આ પ્રમાણે વધુ તપાસ્યા હતા:—

સ૦—"બાલબોધ" નામે ચોપડી તમે જાણો છો? સરકારી શાળાઓમાં તે ચાલે છે તેની તમને ખબર છે. જ૦—નહીં, (જોઇને) મેં નિશાળ છોડયા પછી ઘણા વખતે દાખલ કરવામાં આવેલી જણાય છે.

સ૦—મરાઠી સાહિત્યમાં મોલસવર્ડની ડીક્ષનરી મુખ્ય ગણાય છે? જ૦—હા.

સ૦—તમારો તરજુમો લગાર અતિસ્યોક્તિ ભરેલો છે? જ૦—આ તરજુમો તો હાઇકોર્ટનો છે, અને પોલીસ કોર્ટમાં તે રજુ કર્યો હતો પણ તે મારો નહોતો.

સ૦—જે આર્ટીકલો કોર્ટમાં દાખલ કરવામાં આવ્યા છે તે તમે વાંચ્યા છે? જ૦—હા.

સ૦—હવે છટથી કરેલા સત્તાવાર અને બોલે, બોલ કરેલા જે તરજુમા આમાં બાજુ બાજુમાં આપ્યા છે તે જુઓ?

મિ. પ્યુએ અત્રે જણાવ્યું કે બોલે બોલ તરજુમો ખરોછે તે વિષે હાઇકોર્ટના દુભાષ્યાએ ખાત્રી પત્રક આપ્યું છે.

સ. —બોલેબોલનો તરજુમો વધારે ખરો છે?

જ.—નહીં. અસલ લખાણ બોલે બોલ કરતાં વધારે સખ્ત છે. તેના બે અર્થ થાયછે જે બોલે બોલ તરજુમામાં આપવામાં આવ્યા નથી.

સ૦—બોલેબોલ તરજુમો બરાબર છે, પણ કેટલાક શબ્દોના બીજા અર્થો પણ થાયછે એમ તમે કહો છો? જ૦—હા.

સ૦—તેવા શબ્દો અસલમાંથી બતાવો. જ.—દાખલા તરીકે "કરે" નો અર્થ "હાથવડે" તેમજ "કર મારફતે" એમ પણ થાયછે "લક્ષ્મી" નો અર્થ દોલત અથવા દોલતની દેવી થાયછે. આખા વાકયનો એક અર્થ એવો થાયછે કે પરદેશીઓ કર મારફતે લોકો ઉપર જુલમ કરી દોલત લઇ જાય છે, અને બીજો અર્થ પરદેશીઓ લક્ષ્મી પર જુલમ કરી તેને હાથવડે ખેંચી જાય છે.

સ૦—અસલ લખાણમાં "લોકો" શબ્દ નથી?

જ૦—નહીં.

સ૦—"છળુની"નો અર્થ જુલમ કરવો થાય છે એમ કોઇ પણ ડીક્ષનરીમાંથી બતાવશો?

જ૦—તે અર્થે તે વપરાય છે.

સ૦—તમે મરાઠીમાં વિદ્વાન હશો, પણ હું નથી, તેથી ડીક્ષનરીમાંથી અર્થ બતાવશો.

જ૦—મારી ખાત્રી છે કે તેનો અર્થ એવોજ થાય છે.

અત્રે વખત થઇ ગયાથી કોર્ટ તપાસ અધુરી રાખી બીજે દિવસ ઉપર મુલતવી રહી હતી.

બીજી બેઠક.

આન. મી. ટીલક અને તેમના પ્રીન્ટર મી. બાલના મુકરદમાની તપાસ પાછી ગઇ તા. ૯મી ગુરૂવારના રોજ નીકળી હતી. તમાસગીરોની સંખ્યા આગલા દિવસના જેટલીજ હતી. પક્ષકારોના વકીલ બારીસ્ટરો પણ આગલા દીવસે જે હાજર થયા હતા તેજ હતા. બરોબર અગીયાર વાગે મુકરદમાની શરૂઆત કરવામાં આવી હતી." ઓરીયન્ટલ ટ્રાન્સલેટર મી. મીરઝાં આબાસ અલીબેગ અધુરી રહેલી ઉલટ પાલટ તપાસ આપવા માટે પાંજરામાં આવી ઉભા રહ્યા; પણ તે પહેલાં મી. પ્યુએ 'કેસરી' પત્રના ગઇ તા. ૧૫ મી ડિસેમ્બ

રના અંકમાં શ્રીશિવાજીની સમાધીના સંબંધમાં પ્રકટ કરવામાં આવેલું લખાણ તથા તેની પેહેલાંના એજ પત્રના અંકમાં તે બાબત વિષેનાં પ્રકટ થયેલાં લખાણો જુબાની તરીકે દાખલ કરવાની અરજી કરી અને કોરટે તે અરજ બહાલ રાખવાથી તે લખાણો દાખલ કરવામાં આવ્યાં. વળી તે શિવાય 'કેસરી' તથા 'મરાઠા' પત્રોના જુદા જુદા અંકોમાં સરકારની તરફેણમાં કરવામાં આવેલાં કેટલાંક લખાણો પર કોર્ટની પરવાનગીથી જુબાની તરીકે રજુ કરવામાં આવ્યાં હતાં. આ સર્વ લખાણો વાંચવામાં આવતાં લગભગ ચાર વાગ્યાનો સમય થઇ ગયો હતો. એ લખાંણો નીચે પ્રમાણેનાં હતાં.

'કેસરી' તથા 'મરાઠા'ના જુબાની તરીક દાખલ કરવામાં આવેલાં લખાણો.

કેસરી પત્રના તા. ૧૫મી ડીસેમ્બર ૧૮૮૫ના અંકમાં આવેલું દાખલ કરેલું લખાણઃ—

"શિવાજી મહારાજની જીર્ણ થયેલી સમાધી મરામત કરવા માટે લાંબો વખત થયાં ફંડ ઉભું કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અમારા સાંભળવામાં આવ્યું છે કે સરકારે એ કામ હાથમાં લીધું છે અને નામદાર લોર્ડરેએ તે માટેના ખરચના અડસટ્ટા તથા નકશા તૈયાર કરવાને હુકમ આપ્યો છે. માહારાષ્ટનો કોઇ પણ રેહેવાશી એવો હશે કે એ કામ માટે નામદાર લોર્ડ રેનો ઉપકાર નહીં માનશે?"

"કેસરી" પત્રના તા. ૨૩મી એપ્રીલ સન ૧૮૯૫ના અંકમાં આવેલું દાખલ કરેલું લખાણઃ—

"શિવાજીના નામનો પડા પાડે" એ શરૂ થતી કવિતા અમે સાંભળી. તેને ઘણા દિવસો થઇ ગયા છે પણ તેમાં આપેલી સલાહ મુજબ વર્તતો કોઇ પણ શખ્સ મળી આવતો નથી. રાયગઢ ખાતેની મહારાજા શિવાજીની તીર્થની શોકજનક સ્થિતિ નજરે નજર જોનાર તરફથી આવેલો પત્ર થોડા દિવસ ઉપર અમારા બાઇબંધ નેટિવ ઓફ ઓપિનિયને પ્રકટ કર્યોછે. તે વાંચતાં મહારાષ્ટના રહેવાશીઓની અને ખાસ કરીને તે મહાન પુરૂષના વંશના સરદારોની જીંદગી નકામી થઇ પડી હોય એમ આપણને લાગે છે. મહારાજા શિવાજીના બળની હકીકત ઇતિહાસમાં જણાયલી છે. સાધારણ હલકાં વાક્યોથી તેનું વર્ણન કરવાની કશી પણ જરૂર નથી. લોર્ડ હેરીસ જે મરાઠાઓના લાભોનો કટ્ટો શત્રુ થયો હતો તેણે જ્યારે શિવાજીનાં બળ વિષે વખાણ કરી મહારાજાએ પોતાનું નામ ઇતિહાસમાં પ્રખ્યાત કર્યું છે એવો ખુલાસો કર્યો છે ત્યારે તેમની અમર કીર્તિ માટે વધુ પુરાવો રજુ કરવાની અમો જરૂર જોતા નથી. મહારાજા શિવાજીની ઘોર કોલાબા જીલ્લામાં આવેલી છે તેજ કીલ્લામાં માહારાજા શિવાજીને સન ૧૬૭૪માં તાજ પેહેરાવવામાં આવ્યું હતું. એ કિલ્લાના અજીતપણા વિષે મહારાજાને એટલો બધો વિશ્વાસ હતો કે દૂરની ચડાઇઓની લુટમાંથી મેળવેલું તેમાં નાંખી તેનો દીલ્લી દરવાજો બંધ કરી તેમાં નિરાંતે તેઓ પોહોડી શકતા હતા. જાલનાની લડાઇ પછી શિવાજીનું શબ એજ કિલ્લામાં દાટવામાં આવ્યું હતું અને તે તીર્થ પણ આ કિલ્લોજ છે. ડગલાસ સાહેબ "મુંબઇ અને પશ્ચિમ હિંદુસ્તાન" નામની ચોપડીમાં જણાવે છે કે—"મહારાજાની ઘોર પેલા દૂરની ટેકરી ઉપર છે. તેના અંદરનો ભગ ઝાડોથી ઢંકાઇ ગયો છે. ધર્મસાળાના પથરોમાંથી મોટાં ઝાડ ઉગી નીકળ્યાં છે. તેની નજીકનું દેહેરું જીર્ણ થઇ ગયું છે અને અંદરની મૂર્તિ જમીન ઉપર ફેંકવામાં આવી છે." તે વધુ જણાવે છે કે શિવાજીને માટે હવે કોઇ દરકાર કરતું નથી. શિવાજી મહારાજની ઘોરની મરામત પાછળ એક રૂપિયો પણ ખરચવામાં આવતો નથી! જો કે તેજ શિવાજી મહારાજ પુષ્કળ ખરચ અને લોહી રેડયા પછી વિશાળ મુલકના ધણી થયા હતા, અને તેઓ મરાઠી રાજ્યગાદીના સ્થાપક હતા, અને તેઓ અતિશય સંભાળ લેઇને તેઓમાંના એકની માફતે કોલાહપોરના રાજાઓ, સતારાના ભોંસલેઓ અને પુનાના પેશવાઓ માટે બાદશાહી મેળવી હતી." આટલું તો સારી પેઠે જણાયલું છે કે આપણી હાલની માયાળુ બ્રીટીશ સરકાર જીર્ણ થઇ ગયલી ઇમારતો, દેહેરાંઓ અને ગુફાંઓની મરામત કરાવવા પાછળ નાણાં ખરચે છે. સન ૧૮૮૫માં આપણા

પ્રજા પ્રિય ગવર્નર લોર્ડ રેએ મી. સેંકલેરની ભલામણ ઉપરથી રાયગઢખાતે મહારાજાનું તિર્થ નવેસરથી બાંધવા માટે હુકમો કહાડયા હતા, અને તે ઉપરથી તે વખતે મરામત કરવામાં આવી હતી, ત્યાર પછીથી ઘોરની મરામત માટે પાંચ રૂપિયાનો વાર્ષિક ખરચ સરકાર તરફથી કરવામાં આવે છે. સભા તરફથી ઘણી મોટી રકમ એ કામ માટે ખરચવામાં આવે છે તે પણ મી. સીંકલેરની કોશિષને લીધેજ છે. આ બાબતમાં સરકારને ઠપકો આપવો નકામો છે; કારણ કે જેઓ મહારાજા શિવાજીના પરાક્રમોને લીધે આ મહારાષ્ટ્ર ભૂમિપર પોતાના પગ મૂકવાને સામર્થવાન થયા હતા. અને અદ્યાપિ પર્યંત જેઓ તેમનાથી નિર્વાહ ચલાવે છે એમ કહી શકાય તેમનુંજ એ કામ છે. તેઓ જો પોતાની એ ફરજમાં નિષ્ફળ નિવડે. તો પરદેશીઓ તરફથી તેમના ઉપર બેઇમાનીનો જે આરોપ મૂકવામાં આવે છે તેને તેઓ બીલકુલ પાત્ર થઈ પડશે. 'શિવાજીના નામને ઇન્સાફ આપવાને માટે' મહારાષ્ટ્રના લોકોએ આ તકનો લાભ લેવો જોઇએ. અમારે માટે ટીકા કરવાની કાંઈ જરૂર નથી કે મહારાજાના ઉદાર અને આભારી વંશજો જેઓએ લોર્ડ હેરીસની યાદગીરી, રાખવા માટે પોતાની થેલીઓ ઉઘાડી હતી તેઓએ પરદેશીઓ તેમની વિરૂદ્ધમાં જે ટીકા કરે છે તે ઉપર ધ્યાન આપી કાંઇ નહી તો હવે મહારાજાનું તિર્થ નવેસરથી બાંધવું જોઇએ છે. મી. ડગલાસ જેવા ટીકાકારો તેમને આ કામ ઉપાડી લેવાને જણાવશે તો આ સંસ્થાનિકો અને સરદારો ઝડપથી તે હાર પાડશે એ ચોક્કસ છે, પણ મહારાષ્ટ્રના સાધારણ વતનીઓ જેઓ શિવાજીનાં પરાક્રમો અને ઉદારતા માટે મોટું માન ધરાવે છે તેઓએ પોતાની આળસ તજી દઈ ફંડો ઉઘડાવવા માટે જૂદે જૂદે સ્થળે સભાઓ ભરવી જોઇએ અને તેમ કરી આભારનો બદલો તેઓ કેવી રીતે વાળે છે તે તેઓએ દુનિયાને ખુલ્લી રીતે દેખાડી આપી પોતાને ઇન્સાફ આપવો જોઇએ એમ કહેવાનું તેઓએ અમારે માટે રહેવા દેવું જોઈતું નથી."

કેસરી પત્રના તા. ૩૦ મી એપ્રીલ સન ૧૮૯૫ ના અંકમાં આવેલું દાખલ કરેલું લખાણ:—"અમે જાણીને ઘણા ખુશી થયા છીએ કે રાયગઢ ખાતેની શિવાજી મહારાજની ઘોરની શોકજનક સ્થિતિ વિષે ગયા વખતે (અમે) છાપેલાં લખાણની અસરથી તેને માટે કાંઈ નહીં તો થોડે સ્થળે હીલચાલ કરવામાં આવે છે. સીંગલગઢ ખાતે રાજારામ મહારાજની ઘોરના સંબંધમાં કરવામાં આવેલી ગોઠવણ ઘણી ઉત્તમ પ્રકારની છે. ફાલ્ગુન માસમાં ત્યાં મહોત્સવ પાળવામાં આવે છે અને તે ઉપરાંત દરરોજની પુજા માટે એક પુજારી, નૈવેદ્ય માટે એક ગુરૂ અને બગીચાના ફુલોની સંભાળ માટે એક માળી એ રીતે ત્રણ શખસોને રાખવામાં આવ્યા છે. આ ખરચ સરકાર તરફથી કરવામાં આવે છે. શીવાજીના વંશજોમાંના એકની ઘોર માટે આવી ગોઠવણ કરવામાં આવી છે તો ખુદ શિવાજીની પોતાની ઘોર આટલી બધી શોકજનક સ્થિતિમાં શાથી રહે છે તેનું કારણ અમો જોઇ શકતા નથી. એક વિદ્યાર્થીએ આ મતલબ પાર પાડવા માટે અમારા ઉપર બે આના મોકલી આપ્યા છે. આ રકમ જોકે ઘણી ન્હાની છે તો પણ એ વિદ્યાર્થીના મનમાં સ્વરાજ્ય વિષેની જે મગરૂરી જાગૃત થઈ છે તે જોઇને મહારાષ્ટ્રના લોકો ખુશી થશે તે વિષે કશો શક નથી. અમે આશા રાખીએ છીએ કે, એક વિદ્યાર્થીની આ બક્ષિસ જોઇ મહારાષ્ટ્રના સરદારો અને બીજા રહેવાશીઓ બહાર પડશે. આ માટે જે કાંઇ રકમ જે કોઇ મોકલી આપશે તેની પહોંચ અમારા પત્રમાં અમે સ્વિકારીશું."

"કેસરી" પત્રના તા. ૪થી જુન સન ૧૮૯૫ ના અંકમાં તા. ૩૦ મી મેને દિવસે શિવાજી મહોત્સવના સંબંધમાં હીરા બાગમાં મળેલી જાહેર સભાનો અને ૧૮૮૫ના વરસથી તેના સંબંધમાં શું કરવામાં આવ્યું હતું તેનો હેવાલ પ્રકટ કરેલો હતો. તે લખાણ દાખલ કરવામાં આવ્યું હતું.

"કેસરી" પત્રના તા. ૧૪ મી એપ્રીલ સન ૧૮૯૬ ના અંકમાંનું આવેલું દાખલ કરેલું લખાણ:—શિવાજી મહોત્સવનો હેતુ સમજાવવામાં આવ્યો હતો અને મહોત્સવ ભરવા દેવાના મારગમાં અમલદારોએ કેવી અડચણો નાંખી હતી તેમજ લોર્ડ રેએ તે દૂર કરી

રજા આપવાની કેવી મેહેરબાની કરી હતી તેનું વર્ણન કરી સઘળાઓને આગ્રહ કર્યો હતો કે અમલદાર વર્ગનો હાલનો સ્વભાવ જોઇ લોકોએ મહોત્સવમાં મધ્યમપણાથી વિચાર આપવા તથા કામ લેવું.

તા. ૨૧ મી એપ્રીલ સન ૧૮૯૬ના અંકમાંનું દાખલ કરેલું લખાણ એજ બાબતનું લખાણ હતું.

"ટાઇમ્સ ઓફ ઇંડિયામાં અફ્ઝુલખાન અને શિવાજી વિષે ચર્ચા.

ટાઇમ્સ ઓફ ઇંડિયાના તા. ૨૧ મી. એપ્રીલ ૧૮૯૪ ના અંકમાં અફ્ઝુલખાનના મરણ અને શિવાજી મહારાજ વિષે રાયલ એશિયાટીક આગળ પ્રોફેસર કરકરયા એ આપેલા ભાષણ વિષેનું લખાણ, એજ પત્રના તા. ૭ મી. મારચના અંકમાં તે વષે " એમ. જે. " ની સહીથી, તા. ૧૦ મી. મારચના અંકમા પ્રોફેસર કરકરયા તરફથી અને તા. ૭ મી એપ્રીલના અંકમાં " એમ. જે. " ની સહીથી આવેલાં લખાણ મી. ય્યુએ દાખલ કર્યાં હતાં.

અફ્ઝુલખાન વિષે પ્રોફેસર ભાનુએ આપેલું ભાષણ.

કેસરી પત્રના તા. ૨૪ મી. મારચ ૧૮૯૬ ના અંકમાં, પ્રોફેસર ભાનુએ દખણ કોલેજમાં આપેલાં એક ભાષણ વિષે આવેલું લખાણ દાખલ કરેલું તે આ પ્રમાણેઃ—"દખણ કોલેજ ઇન્ડિયન હીસ્ટરી કલબની ૭ માસિક સભા તા. ૨૮મી મારચના શનીવારે ભરવામાં આવશે. તે વખતે પ્રોફેસર ભાનુ અફ્ઝુલખાનના મરણ વિષે એક ભાષણ આપશે. કલબના સઘળા સભાસદો તથા હિંદના ઇતિહાસના બીજા સઘળા શોખીનોને હાજર થવાનું આમંત્રણ કરવામાં આવશે." મી. ય્યુએ તે પછી ભાષણ અને ભાષણ વખતે પ્રમુખપદ થયલા પ્રોફેસર બેનસ ભાષણ કર્તા સાથે મળતો થયો હતો કે શિવાજી ઉપર ખુનનો વાંક ટકી શકતો નથી તે બાબતનું બાષણ દાખલ કર્યું હતું.

શિવાજી વિષે મી. આરથર કાર્ફેડે આપેલું મત.

" ટાઇમ્સ ઓફ ઇંડિયા " ના તા. ૫મી મારચ ૧૮૯૭ના અંકમાંનું મી. આરથર ત્રેવરસ કાફર્ડે મી. કરકરયાના ભાષણ ઉપર કરેલું વિવેચન મી. ય્યુએ દાખલ કર્યું હતું. તેમાં તેણે મત આપ્યું હતું કે મી. ગ્રાંટ ડફનાં લખાણને કાંઇ સત્તા તરીકે લેખવામાં આવતુંજ નથીઃ મી. કરકરયાએ ખરી હકીકત મેળવવાને જે શહાદતો હાથ કરી છે તે ઘટતીજ છે, હું હમેશાં અફ્ઝુલખાનને ધીકારતો આવ્યો છું. જય શિવાજી મહારાજ, જય. "

મી. ટિલકે લખેલો પત્ર.

પ્રોફેસર ભાનુએ ટાઇમ્સ ઓફ ઇંડિયાના તા. ૮ મી જુલાઇ ૧૮૯૭ ના અંકમાં શિવાજી વિષેના પોતાના ભાષણ વિષે કરેલો ખુલાસો તે પછી મી. ય્યુએ દાખલ કર્યો હતો. બાદ ટાઇમ્સ ઓફ ઇંડિયાના તા. ૩૦ મી જુલાઈ ૧૮૯૭ ના અંકમાં પ્રકટ કરવામાં આવેલો મી. ટીલક તરફનો પત્ર મી. ય્યુએ દાખલ કર્યો હતો, જેમાં ટાઇમ્સ ઓફ ઇંડિયાએ તેમના ઉપર કરેલા હુમલા કેટલા અઘટિત અને નાપાયાદાર હતા તે તેઓએ દેખાડ્યું હતું.

જડજ—આ લખાણ તમે શાના જવાબમાં દાખલ કરવા માંગો છો ?

ય્યુ—'જસ્ટીસ' અને 'શેકલસ' ની સહીથી તેમના ઉપર મરકીના કારોબારમાં અગવડ કરવાનો તથા શિવાજીના સંબંધમાં જે હુમલા કરવામાં આવેલા તે નાપાયાદાર હતા એવું એ લખાણપરથી જણાશે.

જડજ—એડવોકેટ જનરલે પ્રતિવાદી સામે મરકીના સંબંધમાં હરકત કરવા સંબંધી કોઇ લખાણ દાખલ કર્યું છે. અને તેના જવાબમાં તમે એ દાખલ કરો છો ?

ય્યુ—એડવોકેટ જનરલે પોતાના ભાષણમાં તેમજ ઉપર તે મતલબના હુમલા કર્યા છે તેના જવાબમાં અમે એ દાખલ કરીએ છીએ. અમે દેખાડીએ છીએ કે અમે તો સરકારને મદદ આપી હતી.

મી. તીલક પર નામદાર ગવરનરના ખાનગી સેક્રેટરીએ લખેલો પત્ર.

ગઇ તા૦ ૯ મી મારચ ૧૮૯૭ ને દિવસે મી. તીલક પર નામદાર ગવરનરના ખાનગી સેક્રેટરીએ લખેલો નીચેનો પત્ર મી. ય્યુએ દાખલ કર્યો હતોઃ

—"પ્યારા મી. તીલક,—મરકીના કારોબાર સંબંધી તમારી યાદી નામદાર ગવરનરે ઉલટથી વાંચી છે અને તે પ્લેગ કમીટી ઉપર મોકલી આપવા મને ફરમાસ કરી છે."

મી. પ્યુએ એડવોકેટ જેનરલથી જાણવા માંગ્યું કે તે યાદીની અસલ નકલ કોર્ટમાં તે રજુ કરશે કે કેમ? એડવોકેટ જનરલે નકલ દાખલ કરવા સામે વાંધો લઇ જણાવ્યું કે મારી પાસે તે નથી.

પ્લેગ કમીટીના માજી વડા મરનાર મી. રેંગ આગળ ગયેલા ડેપ્યુટેશનનો હેવાલ "મરાઠા" ના તા૦ ૪ થી મે ૧૮૯૭ ના અંકમાં પ્રકટ કરેલો તે મી. પ્યુએ દાખલ કરવા માગ્યું.

જડજ—જે લખાણોને આધારે પ્રતિવાદી સામે આરોપ મુકવામાં આવ્યો છે તેમાં મરકી વિષે કાંઇ નથી.

પ્યુ—પ્રતિવાદી સરકારને ઉંધી વાળવા માગતો હતો એવું મારા કાબેલ મિત્રે પોતાના ભાષણમાં જણાવ્યું છે, પણ હું દેખાડવા માગું છું કે તેઓ તો સરકારના કામમાં મદદ આપતા હતા.

જડજ—એડવોકેટ જનરલે એમ જણાવ્યું છે કે બેદીલીની લાગણી તેઓ ઉશ્કેરવા માગતા હતા તે તમો દેખાડવા માગો છો કે તેવી નિષ્ટા તેઓ નહીં ધરાવતા હતા?

પ્યુ—હું જણાવું છું કે તેઓ તેવી નિષ્ટા ધરાવતા નહોત, એટલું નહી પણ તેઓ તો આગળ રહીને સરકારના કામમાં મદદ કરતા હતા અને ઉંધી વાળવાને બદલે ટેકવતા હતા.

જડજ—સરકારને ઉંધી વાળવાનો આરોપ પ્રતિવાદી સામે મુકવામાં આવ્યોજ નથી?

પ્યુ—મારા વિદ્વાન મિત્રે પોતાના ભાષણમાં વખતો વખત જણાવ્યું છે કે પ્રતિવાદી સરકારને ઉંધી વાળવાની તજવીજ કરતા હતા અને તમો નામદાર તમારી નોંધ જોશો તો માલમ પડશે.

કોર્ટે તે પછી "મરાઠા" પત્રનો તા. ૪ થી મેનો અંક દાખલ કરવા દીધો હતો. ત્યાર પછી તા. ૯ અને ૧૬ મી ફેબ્રુઆરીના, તા. ૯ અને ૧૬ મી માર્ચના, ૮ મી મેના તથા તા. ૧, ૮, ૧૫ અને ૨૨ મી જુનના કેસરી પત્રના અંકોમાં આવેલાં લખાણો મી. પ્યુએ દાખલ કર્યા હતાં.

પ્લેગ કમીટી ઉપર મોકલવામાં આવેલી અરજી.

સાહેબ,—પુનામાં મરકી દાબી દેવાના ઉપાયો લેવામાં આવે છે તેના સંબંધમાં નીચેની સૂચનાઓ મોકલવાની રજા લેઇએ છીએ અને આશા રાખીએ છીએ કે પ્લેગ કમીટી તરફથી તે ઉપર ઘટતું લક્ષ આપવામાં આવશે.

તપાસ ચલાવતી ટોળકી સાથે ફરતાં હાલની ગોઠવણો કયાં અને કેમ લોકો ઉપર સખ્તાઇ ગુજારવા જેવી થઇ પડે છે તે જાણવાની બીજી પણ ઘણી તકો અમને મળી છે. એ મુશીબતો જો દૂર કરવામાં આવે તો અમે માનીએ છીએ કે કમીટી તરફથી લેવામાં આવતા ઉપાયો હાલના કરતાં વધારે સરલતાથી અને વધારે ફતેહમંદી સાથે અમલમાં મુકી શકાશે.

૨ હાલની ગોઠવણમાં ત્રણ મતલબો સમાવવામાં આવી છે-(૧) મરકીથી પીડાતા દરદીને શોધીને હોસ્પિતાલમાં મોકલવા. (૨) તેના સમાગમમાં આવેલા શખસોને અલગ રાખવા. (૩) જે મકાનમાં મરકીનો બનાવ બન્યો હોય તેને સ્વચ્છ કરવું અને જે ચીજો સ્વચ્છ ન કરી શકાય તેનો નાશ કરવો.

૩ પહેલી મતલબને માટે શહેરને જુદા જુદા વિભાગોમાં વહેંચવામાં આવ્યું છે તેમાંના એક ભાગમાં ઇંગ્રેજી સિપાઇઓ દરરોજ તપાસ ચલાવે છે તેમની સાથે દેશી ગૃહસ્થોને જવાની અરજ કરવામાં આવે છે પણ એ ગૃહસ્થોને ગુજરતી જારતીઓ અટકાવવાની સત્તા નહીં હોવાથી તેમજ તેમનું કશું વજન તપાસ ચલાવનારી ટોળકીઓમાં નહીં હોવાથી તેમાંના ઘણાકોને લાગે છે કે હવે લોકો ઘરેઘરની તપાસનો અર્થ સમજેલા હોવાથી તેમની હાજરી કશા ઉપયોગની નથી. માલેકોની ગેરહાજરીમાં ઉઘાડેલાં ઘરોમાંથી રોકડ નાણું અથવા બીજી મતા ગુમ થવાની ફરિયાદ ઉઠી છે અને કેટલાક બનાવોમાં તો નાની પેટીઓ જબરાઇથી ઉઘાડવામાં આવી છે. ત

ખાસ ચલાવનારી ટોળકી સાથે જવામાં હિંદુ ગૃહસ્થોના વાંધા છતાં સિપાઇઓ હિંદુ મંદિરોમાં કે પુનાની બીજી જગાઓમાં ઘુસી જવાના પણ કેટલાક બનાવો બન્યા છે. વળી કેટલીક વેળા એવું પણ બને છે કે મરકીથી નહીં પીડાતા કેટલાક શખસોને પણ વિગર જરૂરે મરકીની આસ્પિતાલમાં લઇ જવામાં આવે છે એવો એક બનાવ (જે વિષેની ખબર આવા સંજોગોમાં ઝડપથી ફેલાઇ જાય છે) બનવાથી લોકોની બેચેનીમાં વધારો થાય છે અને આવા એકાદ અને ઘણામાં ઘણું તો શકમદ બનાવોમાં વચે નહીં પડવું વધારે ઠીક થઇ પડશે કારણ કે આવા દરદીઓને ઓસ્પીતાલમાં લઇ જવાથી ગભરાટ વધી પડે છે. અમો ધારીએ છીએ કે આ સઘળી બેદંગી અને કચવાટ ઉપજાવતી ગોઠવણોનો નીચે પ્રમાણે અટકાવ કરી શકાશે.—

(ક) દરેક ગલી અથવા વિભાગ માટે રાજીખુશીથી બહાર પડેલા ગૃહસ્થોની કમીટીઓ ઉભી કરવી અને તેમને તપાસ ચલાવતી વખતે જે કાંઇ જાસ્તી ગુજારવામાં આવે તે વિષે રીપોર્ટ કરવાની સત્તા આપવી.

(ખ) જે કાનુનોના આધારે ઘરે ઘરની તપાસ ચલાવવામાં આવે છે તે જાહેરમાં મૂકવી.

(ગ) જે ઘરના માલેકો પુનામાં નહીં હોય તેઓનાં ઘર તપાસ્યા પછી તેને બરાબર તાળાં દેઈ કમીટીએ તે ઉપર સીલો કરવા કે ફરીથી તપાસવાની જરૂર રહે નહીં.

(ઘ) હિંદુઓની પુજાની જાહેર જગાઓની તપાસ ટોળીમાંના હિંદુ ગૃહસ્થો પાસે અને મોહામેદનોની પવિત્ર જગ્યાઓમાં મોહામેદન ગૃહસ્થો પાસે તપાસ ચલાવવી.

(ચ) જે ઘરનો માલીક ઘરમાં તપાસ ચલાવનારાઓને ફેરવવાની મરજી દેખાડે ત્યાં સઘળાઓએ એક સાથે પેસી જઇ ધણીને ગભરાવે નહીં તે માટે ઘટતો હુકમ કરવો.

(છ) શકવાળા દરદીઓની પુરેપુરી તપાસ કમીટીના દાકતરોની પાસે કરાવ્યા પછીજ તેમને ઓસ્પીતાલમાં લેઈ જવા.

૪. તંદુરસ્તોને અલાએદા રાખવાના સંબંધમાં પડતી કેટલીક અગવડો હાલના કાનુનોને લીધે ઓછી થઇ છે તો પણ, અલાયદા રાખવામાં આવનાર લોકોને સગવડ આપવા માટે તેના સંબંધમાં ઘણું કરવાની જરૂર છે. અલાયદા રાખવામાં આવનાર લોકોને પોતાનાં ઢોરોનો અને બીજા સામાનનો બંદોબસ્ત કરવાને પુરતો વખત આપવો.

૫. દાકતરોના હુકમ વિના દરદીઓનાં બીછાનાં અને કપડાં શિવાયની બીજી કાંઇપણ જણસોનો નાશ નહીં કરવાને કમીટીનો હુકમ છે એ બરાબર અમલમાં આવવો જોઇએ. (તે માટે અરજદારોએ અત્રે કેટલીક સુચનાઓ કરી છે.)

૬. ઘરેઘરની તપાસ કરવા દેવા માટે લોકો તરફથી કાંઇ પણ વિરૂદ્ધતા બતાવવામાં આવતી નથી. તેઓ માત્ર એટલુંજ ઇચ્છે છે કે તેમના રિવાજોની આડે આવ્યા વિના અને તેમને બને એટલો ઓછો કંટાળો આપે એવી રીતે એ તપાસ ચલાવવી. અમારી ખાત્રી છે કે ઉપરની સુચનાઓ જો સ્વિકારવામાં આવશે તો હાલની ગોઠવણોને કાંઈ પણ હરકત થયા વિના મતલબ પાર પાડી શકાશે તેમજ લોકોની મદદ અને ટેકાથી મતલબ વધારે સારી રીતે પૂરી પાડી શકાશે. અમો છીએ, ઇત્યાદિ. બી. આર. વૈદ્ય, જી. કે. ગારડે; વી. એન. ફાટક, બી. પી. જોશી, બી. જી. તીલક.

મેહેસુલ એકઠું કરવાની રાજનીતિ વિષે કરવામાં આવેલી ટીકા.

જમીનનું મેહેસુલ મુલતવી રાખવાના સંબંધમાં અમને કેટલાક પત્રો મળ્યા છે તે ઉપરથી જણાય છે કે, કોલાબા, ખાનદેશ અને બીજા જીલ્લાઓના ખેડૂતો ઉપર સરકારી અમલદારો તરફથી ભારે દબાણ ચલાવવામાં આવે છે. અગાઉ જણાવ્યા પ્રમાણે શાહુકારો, જમીનદારો, મારટગેજ મુકનારાઓ અને બીજાઓ જેઓ ભાડુતો પાસે પોતાની જમીનની ખેતી કરાવે છે તેઓએ પુરે પુરં મેહેસુલ ભરી દેવાનો હુકમ પુનાના કલેકટરે કહાડેલો છે તે દુકાળને લગતા કાયદાની કલમોને અનુસરતો નથી, અને સ્થાનિક સાર્વજનિક સભાએ તેના સંબંધમાં

દલીલોથી ભરપૂર એવી એક અરજી સરકાર ઉપર મોકલાવી છે. વાયવ્યપ્રાંતો અને મધ્યપ્રાંતોની સરકારોએ એ પ્રાંતના તાલુકદારોના અને માલગુઝારના સંબંધમાં એવો બંદોબસ્ત કર્યો છે કે, જે શાહુકાર પોતાના ભાડુત કનેથી મેહેસુલ થોડું લે અથવા તે લેવાનું મુલતવી રાખે તેને સરકાર પાસેથી તેવોજ હક મેળવવાનો હક છે. એ નિયમ મુંબઇ ઇલાકાના શાહુકારોને કેમ લાગુ પાડવામાં નહીં આવે તેનું કાંઇ પણ કારણ અમો જોઇ શકતા નથી. આટલું બધું છતાં મુંબઇ સરકાર શાહુકારો પાસેથી જો પુરેપુરૂં મેહેસુલ લેશે તો તેની વર્તણુકને આપ ખુદીભરેલી અને જુલમગાર કહેવામાં આવશે. આ બાબત વિષે એક સ્થાનિક બાઇબંધે ઘણો વિચિત્ર વાંધો ઉઠાતે એવો મત આપ્યો છે કે, સરકારે શાહુકારોને કશી છુટ મુકવી નહીં. પોતાના એવા અભિપ્રાયના ટેકામાં અમારો બાઇબંધ નાગપોરના વડા કમીશનરના ભાષણોમાંનો એક ફકરો ટાંકે છે પરંતુ જે ભાષણોમાંથી એ ફકરો ચુંટી કહાડવામાં આવ્યો છે તેમાં માલગુઝારોને એમ પણ જણાવવામાં આવ્યું છે કે, "તમારી પાસેથી મેહેસુલ લેવાનું એવી સરતે મુલતવી રાખવામાં આવ્યું છે કે તમારા ભાડુતોને પણ તમે એવીજ સગવડો કરી આપો. સરકાર તમારી પાસેથી અરધું મેહેસુલ લે તો તમોએ પણ ભાડુતો પાસેથી અરધો હીસ્સો લેવો જોઇએ." નાગપોર ખાતે કેવો મામલો છે અને ત્યાંના કમીશનરનો શું અભિપ્રાય છે તે એ ઉપરથી સાફ માલમ પડે છે પણ આ કોણ જોઇ શકશે? જેને એ બાબત વિષે થોડી ઘણી સમજ હશે અથવા જેને આંખો હશે તેજ જોઈ શકશે. સંસાર સુધારાની બાબત જે ઉપર છુટથી વિચાર આપી શકાય તેવીજ આ બાબત સમજીને અથવા તો કાંઈ બીજો હેતુ પાર પાડવાની મતલબથી કાંઇ પણ ખબર નહીં હોવાની અથવા તો કાંઇ પણ ખબર મેળવવાનો યત્ન કર્યા વિના જ્યારે લખાણ કરવામાં આવે ત્યારે ઉપરના લખાણ જેવું એટલે વગર આધારનું અને ભુલ ભરેલું રહેવું જોઇએ. આવી બાબત ઉપર લખાણ ન કરવું તે વધારે સારૂં છે. આવા લખનારાઓની વધારે લાંબી તપાસ લેવાની અમારી મરજી નથી. સાર્વજનિક સભાએ કરેલી માગણીઓ ઘટિત છે અને સરકાર જો તે બાહાલ રાખશે નહીં તો સરકારે પોતે નિર્માણ કરેલા દુકાળ કમીશનના રીપોર્ટ ઉપર રંગની પીંછી ફેરવવી પડશે. દુકાળ કમીશનના સભાસદો સરકારના લાભો વિષે બેદરકાર નહોતા અને કમીશનરોએ કરેલી સૂચનાઓ સરકારને ફાયદાવાળી હતી નહીં એવી સરકારને સલાહ આપવાની અમે જરૂર ધારશું નહીં. એક કામ કરવું કે નહીં તે સરકારની મરજી ઉપર છે અને આપણો મજબુત હક છે કે નહીં તે ઉપર આપણી માગણી કરવાનો આધાર રહે છે. કોઇ પણ જોઇ શકશે કે સાર્વજનિક સભાએ મોકલાવેલી અરજી ઘટિત છે. શાહુકારોએ માત્ર ધીરજથી પોતાની માગણી સરકાર આગળ રજુ કરવી જોઇએ. જ્યાં તેમની સામે નોટીસો કહાડવામાં આવી હોય ત્યાં તેઓએ કલેકટર મારફતે સરકાર ઉપર અરજી મોકલાવવી અને અમે માનીએ છીએ કે ખરા દિલથી એવી અરજીઓ કરવામાં આવશે તો કાંઇ નહીં તો પણ થોડી ઘણી ફરીઆદો ઉપર ખચીત ધ્યાન આપવામાં આવશે.

મરકી અને સરકારની રાજ્યનીતિ.

શહેરને સ્વચ્છ કરવાં માટે લાખો રૂપિયાને ખરચ કરવા છતાં મુંબઇ ખાતે મરકીનું જોર નરમ નહીં પડતાં વધતું જાય છે તેથી નાસભાગને લીધે મુંબઇની વસ્તી પોણા ભાગ જેટલી ઘટવા છતાં મરણનું પ્રમાણ હજી વધતું જાય છે, અને મુંબઇના લોકો જ્યાં જ્યાં જઇને રહેલાં છે ત્યાં ત્યાં મરકી ફેલાતી જાય છે એવી ખબર યુરોપની પ્રજાને પહોંચતાંવાર તેઓમાં ઘણી દીલગીરી ફેલાઇ હતી. સઘળી પ્રજાઓએ દેશપરદેશના વિદ્વાનોનું એક કાન્ફરન્સ વેનીસ ખાતે ભરી તેમની મારફત મરકીના ગુણદોષ અને તેનો થતો ફેલાવો અટકાવવાના ઉપાયો માટે વાદવિવાદ ચલાવવાનો ઠરાવ કર્યો. હિંદુસ્તાનથી આવતાં કોઇ પણ પારસલોને કોઇ પણ યુરોપના દેશમાં દાખલ થતાં અટકાવવાના અને યુરોપ હિંદી માલની આયાત થતી અટકાવવાના ઉ

લેવા યુરોપની પ્રજા માગે છે એમ જ્યારે હિંદુસ્થાનના પ્રધાનના જાણુવામાં આવ્યું ત્યારે તે પોતે ગભરાયો. મુંબઇ સરકાર અને હિંદી સરકારની શરૂઆતની બેદરકારીને લીધે એવો મામલો થઇ પડયો છે એમ વિચારીને તેણે એ બાબતમાં ખાસ ઉપાયો લેવાને નામદાર વાઇસરાયને તાકીદના હુકમો આપ્યા હતા. એ સઘળા પ્રસંગોને લીધે નામદાર વાઇસરાયની કાઉન્સિલે તા. ૪ ફેબ્રુઆરી ૧૮૯૭ ને દિવસે ખાસ કાયદો પસાર કરી દીધો, જેની મતલબ મરકીનો ફેલાવો થતો અટકાવવાને પોતાને માટે ખાસ સત્તા મેળવવાની અને ઇલાકેદાર સરકારોને તેવી સત્તા આપવાની હતી. તે પછી મરકીને લગતું કેટલુંક વર્ણન કરવામાં આવ્યું કે, આપણા કમનસીબે સરકારી ડાકતરો ભવિષ્યમાં મરકી કેવું રૂપ પકડશે તે સમજી શકયા નહી તેથી અથવા તેમની બેદરકારીથી કે પછી બીજા કોઇ કારણને લીધે દરદીઓ અને તેમની ચીજોને માટે ઘટતો ઇલાજ લઇ સકયા નહીં. મરકી જોસમાં ફાટી નીકળવા પછીજ દરદીઓ તથા તંદુરસ્ત માણસોને છુટા રાખવાના ઇલાજો લેવાવા માંડયા. ખરૂં જોતાં દરદીઓને જુદાં રાખવાં તે ઉત્તમ છે; પણ લોકોના હૉસ્પિટલ વિરૂદ્ધના વિચારો, હૉસ્પિટલની ગોઠવણો, રાજકર્તાનું પ્રજા પ્રત્યેનું વર્ત્તન અને બીજા કારણોને લીધે મુંબઇ અને પુનામાં મળેલા અનુભવ મુજબ દરદીઓને જુદાં રાખવા એ અશકય થઇ પડયું છે. હૉસ્પિટલમાં દરદીઓને મારી નાખવામાં આવે છે એવો ખ્યાલ લોકોના મનમાં જડ ઘાલી રહ્યો છે તે લોકોમાં ઉડી રહેલી વિચિત્ર પ્રકારની અફવાઓથી જણાઇ આવશે; પરંતુ એ અફવા અમને તો મુર્ખાઈ ભરેલી લાગે છે. કેટલાક બેદરકાર પોલીસ અમલદારોના કામને લીધે હૉસ્પિટલ માટે લોકોની બ્હીક બહુ વધી પડી હતી. હૉસ્પિટલની વિરૂદ્ધના વિચારો જોકે પાયા વિનાના હોય તોપણ તે લોકોના હૃદયમાંથી દૂર કરવા ઘણા મુશ્કેલ છે. દરદીને હૉસ્પિટલમાં નહીં મોકલવાના પ્રજાના દૃઢ નિશ્ચયને લીધે મ્યુનિસિપલ અમલદારોને મરકીની ખબર પણ પડતી નથી. એટલુંજ નહીં, પરંતુ અમલદારો તપાસ કરતાં માલમ પડે છે કે લોકો દરદીઓને એક જગાએથી બીજી જગાએ લઇ જાય છે. ગણેશ, રવિવાર, બુધવાર, વિઠલ સદાશીવ, ભવાની, શનવાર, કસ્બા અને બીજી પેઠોમાંથી દરદીઓને ખસાડી લઇ જવામાં આવેલા અમારી જાણમાં આવ્યા છે. એ રીતે દરદનો અટકાવ થવાને બદલે ફેલાવો થઇ પડે છે. જુદાં રાખવાનું કામ લોકોની મદદ શિવાય ફતેહમંદ નીવડી શકે નહીં. રાજકર્ત્તા અમલદારો એ વાત સમજતા નહીં હોય એમ જણાય છે; કારણ કે જો તેમ હોત તો મ્યુનિસિપાલીટીએ તેના સંબંધમાં કરેલા ધારાઓ સરકાર રદ કરત નહીં. સરકાર દરદીઓ જુદાં રાખવાં માગે છે; પરંતુ ભાગ્યેજ એકાદ દરદીને હૉસ્પિટલમાં લઇ જવામાં આવતો હશે! ત્રણ મ્યુનિસિપાલીટીએ સાથે મળીને ઉભી કરેલી હૉસ્પિટલની અમે જાતે મુલાકાત લીધી હતી; પરંતુ તે હલકા વર્ગના લોકોને માટે અનુકૂલ છે પણ મધ્યમ કે ઉંચા વર્ગના લોકો માટે અનુકૂળ થઈ પડશે નહીં એમ અમારી ખાત્રી છે. (અત્રે હૉસ્પિટલના સત્તાવાળાઓને કેવા પ્રકારની સુચના કરવામાં આવી હતી તે જણાવવામાં આવ્યું છે ને પછી મી. રેન્ડની નીમણુક અને તેમને સોંપવામાં આવેલા કામ વિષે ઇસારો કરવામાં આવ્યો છે.) પણ જુદા રાખતી વેળા જે બનાવો બન્યા છે તે ઉપરથી એમ કહીશકાય છે કે આવો સખત વહીવટ અનુકૂળ નીવડશે નહીં; પરંતુ અમે ધારીએ છીએ કે લોકોની ભેગા મદદથી એ કામ વધારે સારી રીતે પાર પડવા સંભવ છે. સખત ઉપાયો લેવાથી લોકાના દીલ ઉંચા થાય છે અને તેથી ખરાબીનો અટકાવ કરતાં ફેલાવો વિશેષ થવા સંભવ છે. મુંબઇ અને પુનાની પ્રજા મરકી કરતાં સરકારના ઉપાયોથી વધારે ગભરાટમાં પડયા છે. આવો મામલો કોઇ પણ રીતે સારો નથી કારણકે ધાસ્તી અને ચિંતા એજ રોગનું કારણ છે. સરકારે એટલું તો યાદ રાખવું કે એક વખત પ્રસાર પામેલા રોગને દૂર કરવો એ અશકય છે. યુરોપિયન પ્રજા ગભરાઇ ગઇ હોય તો તેથી આપણે મુર્ખાઇ ભરેલા ઉપાયો લેવા જોઇતા નથી, અને જોકે સરકારે સખત કાયદો પસાર કીધો છે તો પણ અમે આશા રાખીએ છીએ કે જ્યાં મરકી પૂર

જોસમાં ચાલતી હોય ત્યાં તેનો ઘટતો ઉપયોગ કરવો.

મરકીનો ફેલાવો થતો અટકાવવા માટે નવી યોજના.

આગળ મરકી વિષે બોલતાં અમે જણાવી ગયા છીએ કે ગલીચીથી તે જન્મ પામતી નથી કે ગલીચી દૂર કરવાથી તે નાશ પામતી નથી. રોગ એક ઘરમાં દાખલ થયો એટલે તે સેહેલાઇથી નીકળી શકે નહીં. લોકોએ બે વાત ધ્યાનમાં રાખવી જોઇએ:—(૧) જીવતા ઝેરી જંતુઓ એક ઘર કે દેશમાં દાખલ થાય છે અને તેઓનો બંધ હવા, અંધારી અથવા ભેજવાળી જગા અને ગલીચીમાં વધારો થાય છે. (૨) ઘર કે દેશમાંથી તેને તદન દૂર કરવા હોય તો આખા દેશની ગલીચી દૂર કરવાથી નાશ પામે તેમ નથી. તાવનો બને તેટલો અટકાવ થવો જોઇએ. એ અટકાવ માટે ઈંગ્રેજી રૂઢી પ્રમાણે જુદાં રાખવાની સલાહ આપવામાં આવે છે. અને "શુશ્રુત" નામના વૈદક ગ્રંથમાં તે માટે ચેપવાળી જગા છોડી જવાની સલાહ આપવામાં આવે છે. એક ઘરમાં બે સ્ત્રીઓને મરકી લાગુ પડવાથી તેમને હૉસ્પિટલમાં લઇ જવામાં આવી હતી; પણ બીજા લોકોને ત્યાંજ રહેવા દેવાથી પાછળથી બે પુરૂષોને તે લાગુ પડી હતી. એવા બીજા ઘણાક દાખલા બનેલા છે. એક ઘરમાં એ તાવ લાગુ પડવા પછી જો તે ન્હાનું હોય તો તે છોડયા શિવાય એમાંથી બચવું મુશ્કેલ છે. મુંબઇ હાલ પૂર્ણ રીતિયે સ્વચ્છ બનાવવામાં આવ્યું છે; પરંતુ મરકીનું જોર ત્યાં જેવું ને તેવુંજ છે. આ ભયનો છેડો લાવવા માટે સરકારે નવો રસ્તો શોધ્યો છે અને મુંબઇની મ્યુનિસિપાલીટીના પ્રમુખ તથા પ્લેગ કમીટીના પ્રમુખ જનરલ ગેટેકરપરનાં પત્રોમાં નામદાર ગવરનરે તે દેખાડયો છે. (અત્રે પ્લેગ કમીટીને શું કામ સોંપવામાં આવ્યું છે તેનું વર્ણન છે.) પુનાની પ્લેગ કમીટીના પ્રમુખ મીઃ રેન્ડને પણ તેજ કરવાનું છે. નામદાર ગવરનરને ખાત્રી છે કે આ રોગનો અટકાવ નહીં કરવાથી તે કદી શાંત પડનાર નથી. (તે પછી કમીટી તરફથી ભરવામાં આવનારાં પગલાંઓની સમજ તથા ઘેરેઘરની તપાસ વિષે ખુલાસો આપવામાં આવ્યો છે.) ઘેરેઘરની તપાસ લેવા વિષે એવું જણાવ્યું છે કે; તપાસનારાઓ તરફથી લોકો પર જુલમ ગુજારવામાં આવશે એવી તરેહવાર અફવાઓ પાયા વિનાની ને ખોટી છે. તપાસની મતલબ દરદીઓને ઘરમાં છુપાઈ રહેતાં અટકાવવાની છે. લોકો દરદીઓને છુપાવવાની હીલચાલ કરશે તોજ દરદીને જબરીથી ઘર બહાર કહાડવામાં આવશે, અને તેમ નહીં કરનારને આવી તપાસથી કાંઈ પણ હરકત કરવામાં નહીં આવે. નામદાર ગવરનરનો એવો હુકમ છે. કોઇપણ અમલદાર સ્ત્રીઓને હાથ લગાડે નહીં એવી સખત તાકીદ આપવામાં આવી છે અને સ્ત્રીઓની તપાસ માટે ખાસ સ્ત્રી ડાકતરો નીમવામાં આવનાર છે. નામદાર ગવરનરે મરકીને લગતા અમલદારોને જણાવ્યું છે કે વિના કારણે ઘરના કોઇપણ ભાગમાં જઇ લોકોની ધર્મ સંબંધી લાગણી કે મન દુખાય નહીં તેની સંભાળ રાખવી. વળી તપાસ કરતી વખતે તપાસ કરનારાઓ સાથે આગેવાન શેહેરીઓ ફરતા રહેશે. ટુંકામાં સરકાર કોઇપણ પ્રકારે લોકોના રીવાજ અને રીતભાતની વચ્ચે પડવા માગતી નથી. અને જરૂર પડે તે કરતાં વિશેષ અમલ ચલાવવાની ઈચ્છા પણ રાખતી નથી. લોકોના લાભ માટે એ ઉપાયો લેવામાં આવનાર છે. અને નામદાર ગવરનર ઇચ્છે છે કે લોકોએ નકામો ગભરાટ કરી પોતાના ઘરો તજી જવાં જોઇતા નથી. લોકોમાં ગેરસમજુતી નહીં થાય માટે સરકાર આગેવાનોની મદદ માગે છે. ગવરનરની એ અરજ માટે લોકો તેના આભારી થાય છે. લોકો સાથે મળીને આગલા યુરોપિયન અમલદારો સરકારના લાભો જાળવતા ત્યારે હાલના યુરોપિયન અમલદારો તે જાણતા નથી એ પણ એક દિલગીરીની વાત છે. નામદાર ગવરનરની ગોઠવણ મુજબ જો ઉપાય લેવામાં આવે તો કોઇ તે માટે દિલગીર થશે નહીં પણ સરકારના સબોર્ડિનેટ અમલદારો તે મુજબ ચાલશે કે નહીં તેનો શક છે અને તે શક પાયા વિનાનો છે એમ અમે કહી શકતા નથી. ઉપાયો તો જરૂરના છે; પણ તે લેવા માટે બે રસ્તા છે. એક લોકો સાથે મળી જવાનો અને

બીજો ભબરાઈ વાપરવાનો. નામદાર ગવરનરનો ઉપાય પેહેલા વર્ગનો છે અને સરકારી અમલદારો જો તે મુજબ વર્તે તો તે લેવામાં કશું વાંધા ભરેલું નથી. લોકો મરકી કરતાં નકામી મહેનત અને જુલમથી વધુ બીહે છે. નામદાર ગવરનરે આપેલી ખાત્રી મુજબ અને સઘળી ગોઠવણો લોકોના વિચારને અનુકુળ થઇ પડે એવી કરવામાં આવે તો પછી ફરિયાદનું કશું કારણ રહેશે નહી. હજુ સુધી કોઇ પણ જાતનો જુલમ ગુજારવામાં આવ્યો નથી. અને જે હજારો લોકો જેમ ફાવે તેમ શેહેર છોડી નાશી ગયાં છે તેમાં તેઓએ ડહાપણ વાપર્યું નથી એમ કહેવાની અમને ફરજ પડે છે. નામદાર ગવરનરે જે કહ્યું છે તે પર ધ્યાન પહોંચાડી અને અશ્વસ્થામાએ કહ્યું છે કે:—"લડાઇનું મેદાન છોડી જવા પછી મોતની ધાસ્તી ન હોય તો બીજે ઠેકાણે જવું." તે ધ્યાનમાં લઇ નાશી ગયેલાં લોકો જો પાછા ફરશે તો તે તેમને માટે ઠીક થઇ પડશે. નામદાર ગવરનર ખાસ મુંબઇથી આવી લોકોને ખાત્રી આપે છે કે તેમના પર નાહકનો જુલમ ગુજારવામાં નહી આવે અને જ્યાં સુધી જુલમ ગુજારવામાં ન આવે ત્યાં સુધી વહેમ રાખવો તે કેવળ મુર્ખાઇ ભરેલું છે. અમે ધારીએ છીએ કે હોલકરે પુના શેહેર લુટ્યું ત્યારે પણ આટલા બધા લોકો નાશી ગયા નહીં હોય.

નામદાર મહારાણીનો જય.

(તા. ૮ મી જુનના "કેસરી" પત્રમાં પ્રકટ થયેલું લખાણ.)

નામદાર મહાણી વિકટોરીઆએ સાઠ વર્ષ સુધી રાજ્ય ભોગવવાની ખુશાલીમાં તા૰ ૨૧ મી અને ૨૨ મી જુનને દિવસે જ્યાં ઈંગ્રેજી અમલ હશે ત્યાં મોટા પાયાપર ખુશાલીના મેલાવડા થશે તે વિષે સર્વ જણા જાણે છે. ઇંગ્લાંડમાં તે ખુશાલી મોટા પાયા પર થનાર છે. અંગ્રેજ સરકારના અમલ તળેના મુલકમાં તે ખુશાલી પાળવામાં આવશે. ઈંગ્રેજી ગાદી પર અત્યાર સુધી આવી ગયેલા કોઈ પણ રાજા કે રાણીએ આટલી બધી લાંબી મુદત સુધી રાજ્ય કર્યું નથી. આપણા લોકોમાં એક મોટો ઓચ્છવ સાધારણ રીતે ખાવા પીવાના, રોશની કરવાના તથા મોજમજાહ કરવાના વિચારોથી પળાય છે; પરંતુ ઈંગ્લંડના વેપારી તે જુદીજ રીતે પાળે છે.

સઘળાઓ જોકે નામદાર મહારાણીની ખુશાલીમાં ચકચુર થાય છે છતાં દરેક જણ છેલ્લાં સાઠ વર્ષ દરમ્યાન તેમનો વેપાર કેટલો વધ્યો છે, તેમનો મૂલક કેટલોક વધ્યો છે તથા તેમની દોલતમાં કેટલી વૃદ્ધિ થઇ છે તે વિષે પોતાને સવાલ કરે છે. ટુંકમાં આ જ્યુબીલીનો ઓચ્છવ તે છેલ્લાં સાઠ વર્ષ દરમ્યાન અંગ્રેજી પ્રજા કેટલી આગળ વધી છે તેનો હિસાબ તપાસવાનો ઓચ્છવ છે, પણ તે સર્વેમાં એક વાત લખી લેવા જેવી છે તે એ છે કે જ્યુબીલીનો ઓચ્છવ છેલ્લાં સાઠ વર્ષ દરમ્યાન અંગ્રેજ પ્રજાના વધારાની ખુશાલી દેખાડનારો જેટલો છે તેટલોજ તે બનાવ નામદાર મહારાણી તરફ તેમની પ્રજાનો ચાહ અને માન બતાવે છે. ન્હાના પ્રતિહાસ વાંચનારાઓ પણ સમજી શકે છે કે ઈંગ્લાંડની હાલની રાણીના અમલ અને આગલી રાણીઓ એલીઝાબેથ, મેરી અને એનના અમલ વચ્ચે ઘણો મોટો તફાવત છે. આપણે જેમ આપણા દેવને પુજીએ છીએ, બલીદાન આપીએ છીએ તથા ઓચ્છવો કરીએ છીએ તેટલાજ ભાવથી અંગ્રેજ લોકો પોતાના રાજ્યકર્ત્તા તરફ પ્યાર અને પ્રમાણિકપણું બતાવે છે. એક રાજ્યકર્ત્તાની મૂખ્ય ફરજ પોતાની પ્રજાની મરજી પ્રમાણે ચલાવવાની છે એવા નિયમ જોકે નામદાર મહારાણી પસંદ કરે છે તોપણ તે નામદારનું ડહાપણ તેમના જુદા જુદા વડા પ્રધાનો જેવા કે, પીલ, પામરસ્ટન, ડીઝરાયલી, ગ્લાડસ્ટન, રોઝબરી અને સાલસબરી સાથે મૂખ્ય રાજદ્વારી બબતો પર તકરાર કરતી વેળા પ્રકટી નીકળ્યું હતું તે સઘળાઓએ તે નામદારની રાજનીતિના વખાણ કર્યા છે. વળી આ નસીબવાળી રાણીની ખાનગી જીંદગી એટલી તો પવિત્ર, સાદી અને પ્યાર ઉપજે એવી છે કે અંગ્રેજોની ઘર સંબંધી જીંદગીમાં જે કાંઇ ચડીઆતું છે તે નામદાર મહારાણીની ખાનગી વર્તણુકમાં જણાય આવે છે. ઇશ્વર કૃપાથી મ

હારાણીનું રાજ્ય દુનિયાના સઘળા ભાગમાં હાલ ફેલાયેલું છે અને સામાન્ય રીતે બોલતાં દુનિયાની વસ્તીનો ચોથો ભાગ તે નામદારના અમલ નીચે છે. તે બાબત વિષે હવે પછી લખશું; પણ હાલ તો એટલુંજ લખવું જરૂરનું છે કે અંગ્રેજી રાજ્ય હાલના જેટલું આગળ કદી પણ વૃદ્ધિ પામ્યું નહોતું તેમજ તેના ઉપર કોઇ પણ રાજ્યકર્તા થયો નથી કે જેણે લોકોના હક જાળવવાને આટલો બધો લાંબો સમય રાજ્ય ભોગવ્યું હોય! આગલા રાજ્યકર્તાઓ પોતાની મરજી મુંજબ પ્રધાનોને દૂર કરતા હતા તથા નીમતા હતા અને કોઇ પણ રીતે રાજ કારોબારમાં વચ્ચે પડતા હતા, પણ નામદાર મહારાણી વિક્ટોરીઆની રાજનીતિ પેહેલેથીજ જુદા પ્રકારની હતી. એ વાત ખરી છે કે અંગ્રેજી રાજ્યબંધારણની રૂએ તે નામદાર કેટલાક મોટા હકો ભોગવે છે, પણ તે નામદારે કોઇપણ વેળાએ તેનો ગેરઉપયોગ કર્યો નથી. પણ છેલ્લાં સાઠ વર્ષ દરમ્યાન આપણે શું મેળવ્યું છે એ સવાલનો જવાબ જેટલી મગરૂરી, ખુશાલી અને ફતેહથી અંગ્રેજો આપે છે તેટલીજ ખુશાલીથી જો હિંદુસ્તાનના અથવા મહારાષ્ટ્રના લોકો આપી શકત તો આ જ્યુબીલીનો તેહેવાર બહુ અગત્યનો નીવડત. એ બાબત વિષે અમે આગળ લખવાના છીએ તે વખતે વિવેચન કરશું. આજનું લખાણ પ્રસ્તાવનારૂપી છે અને તેથી આ ઓચ્છવની મતલબ સમજાવવાની છે. નામદાર મહારાણીનો રાજ્યઅમલનો જ્યુબીલી ઓચ્છવ એક રાજ્યકર્તાને માત્ર ચડાવવા સારૂ નથી; પરંતુ તે તો આટલા વર્ષો દરમ્યાન અંગ્રેજ પ્રજાએ બજાવેલા મહાભારત કામો, મેળવેલી સત્તા, એકઠી કરેલી દોલત, વેપાર, હુન્નર અને ઉદ્યોગમાં કરેલો વધારો વગેરે જાહેર કરવાનો ઓચ્છવ છે. ટુંકમાં તે વર્ષો દરમ્યાન અંગ્રેજી પ્રજાએ દુનિયાની બીજી પ્રજાથી ચડવા માટે શું શું યત્ન કર્યા તે જાહેર કરવાનુ છે. યત્નો કેવી રીતે કરવામાં આવ્યા હતા અને તેને અંગે ઇંગ્લાંડ હાલ ચડતી પંક્તિએ કેવી રીતે આવ્યું અને તેની લાગવગ આજે આખી દુનિયાપર કેવી રીતે પ્રસરી તેનું વૃત્તાંત હવે પછીના અંકમાં અમે આપીશું અને પછી અમે આપણા પોતાના દેશની સ્થિતિ વિષે બોલશું એટલે નામદાર મહારાણી જ્યુબીલીના આ પ્રસંગ ઉપર એક ચોક્કસ બાબતમાં લોકોને સુખી બનાવી આ બહોળા અંગ્રેજી રાજ્યને ભવિષ્યમાં કેમ વધારો કરી શકે તે વિષે વિવેચન કરશું.

નામદાર મહારાણીનો જય.

(તા૦ ૧૫ મી જુનના "કેસરી" પત્રમાં પ્રકટ થયેલું લખાણ.)

આગળ કહેવામાં આવ્યું છે કે નામદાર મહારાણીની જ્યુબીલીનો હાલનો ઓચ્છવ અંગ્રેજી રાજ્યની આબાદી પ્રકટ કરવાનો છે અને અંગ્રેજ પ્રજા તે બનાવને છેલ્લાં સાઠ વર્ષ દરમ્યાન પોતે કરેલા વધારાની ખુબી ગાવા માટે યોગ્ય માને છે. કોઇપણ પ્રજા એવી તક કદાચજ મેળવે છે અને આપણા રાજ્યકર્તાઓ તેવી એક મેળવેલી તકનો લાભ લે એ સ્વાભાવિક છે. ઠીક, હવે આપણે છેલ્લાં સાઠ વર્ષ દરમ્યાન અંગ્રેજી રાજ્યના થયેલા વધારાની નોંધ લઇશું. તે વધારો કાંઇ એકજ બાબતમાંથયો નથી. નામદાર મહારાણીના રાજ્યઅમલ દરમ્યાન ઇંગ્લાંડે સર્વ બાબતોમાં વધારો કર્યો છે એટલે કે પોતાના રાજ્યમાં, વેપારમાં, રાજદ્વારી ચડીઆતાપણામાં અને સાંસારિક તથા રાજદ્વારી બાબતમાં વધારો કર્યો છે. તે વધારો એટલો બધો થયો છે કે પરદેશીઓ તે જોઇ આશ્ચર્યતા પામે છે. જો કોઇ મનુષ્ય દુનિયાનો નકશો લઇ અંગ્રેજી રાજ્યનો વિસ્તાર જોવા બેસે છે તો અંગ્રેજી રાજ્ય ઉપર સૂર્ય કદી પણ અસ્ત પામતો નથી એ કહેવત તેને ખરેખરી જણાય. ૧૮૩૭ માં અંગ્રેજી રાજ્યનો વિસ્તાર ૭૫ લાખ ચોરસ માઇલ જેટલો હતો અને તેની વસ્તી ૨૧ કરોડ માણુસની હતી; પણ હાલ તે વિસ્તાર વધીને ૧ કરોડ ૧૫ લાખ ચોરસ માઇલ થયો છે. ત્યારે વસ્તી ૩૮ કરોડ કરતાં પણ વિશેષ છે, પણ તે ગણતરીમાં એવા દેશો છે કે જે ઇંગ્લાંડના રક્ષણ તળે હોય અને જ્યાં તેનાં વેપારને લાગતું વળગતું હોય તે ગણવામાં આવ્યા નથી. ૧૭૭૫ માં જ્યારે અમેરિકા સ્વતંત્ર થયુ અને ઇંગ્લાંડે પોતાના રાજ્યનો એક મોટો ભાગ ખોયો ત્યારે એવો ભય રાખવામાં આવતો હતો કે

અંગ્રેજી અમલને હવે કાંઇક ધકો પહોંચશે; પણ છેલ્લી સદીમાં અંગ્રેજ પ્રજાએ પોતાની શક્તિથી હિંદુસ્તાન અને દક્ષિણ આફ્રિકા એ બે મૂલકો અમેરિકા કરતાં મ્હોટા વિસ્તારવાળા મેળવ્યા છે અને તેથી પોતાની આગલી કીર્તિ કરતાં પણ તેમની હાલની કીર્તિ ચડતી થઇ છે. અંગ્રેજોએ પોતાના હાથમાં ઇજીપ્ત કેવી રીતે રાખ્યું છે તે સારી રીતે જાણીતું છે; પણ તેઓએ દક્ષિણ આફ્રિકામાં કરેલો યત્ન વધારે અગત્યતાવાળો અને ફાયદાકારક છે. નાઇલ, ઝેમબીસી અને કોંગો નદીના કાંઠા ઉપરના રસાળ મૂલકો નામદાર મહારાણીના અમલ દરમ્યાન મેળવ્યા હતા. તેમાં જોકે યુરોપની લગભગ સઘળી પ્રજાએ હાથ નાખ્યો છે, છતાં અંગ્રેજો હસ્તક વધુ મૂલક છે અને તેઓ તે વધારવાના યત્નમાંજ છે. તે ઉપરાંત મધ્ય સમુદ્ર, અરબી સમુદ્ર અને પાસીફિક તથા આટલાંટિક મહાસાગરોમાંના સેંકડો ટાપુઓ તેમના તાબામાં છે. માત્ર અંગ્રેજી રાજ્યનો વધારોજ આપણે જોવાનો નથી; પણ અંગ્રેજનો વેપાર કેટલો વધ્યો છે તે પણ આપણે જોવાનું છે. છેલ્લાં સાઠ વર્ષ દરમ્યાન અંગ્રેજોના વેપારમાં નવ ગણો વધારો થયો છે. દુનિયાની વસ્તી આશરે ૧,૪૦,૦૦,૦૦,૦૦૦ ની ગણવામાં આવે છે, જેમાંની આશરે ૩૮,૦૦,૦૦,૦૦૦ માણસો અંગ્રેજી રાજ્ય નીચે વસે છે; પણ તેમાં આપણે અંગ્રેજી અમલની બહારના મૂલકો કે જ્યાં તેનો વેપાર ચાલે છે તે જો ઉમેરીએ તો જણાશે કે દુનિયાનો અરધો અરધ વેપાર અંગ્રેજોજ ચલાવે છે. એકલા ઇંગ્લાંડનો બીજા દેશ સાથનો વેપાર નેવુ કરોડ પૌંડની કિંમત જેટલો હાલ થવા જાય છે. સાઠ વર્ષ ઉપર તે માત્ર ૧૧ કરોડ પૌંડનો હતો. તેનું કારણ અંગ્રેજોની સાવચેત રહેવાની શક્તિ તથા બીજા દેશો કરતાં તેમના વધારે મજબૂત દરિયાઇ કાફલાને લીધે છે. ઇંગ્લાંડ છેલ્લાં સાઠ વર્ષ દરમ્યાન બહુજ પૈસાદાર બન્યું છે. તેની વસ્તી તે દરમ્યાન જો કે બેવડી થઇ છે તો પણ યંત્રકામના મ્હોળા ઉપયોગથી તેનો વેપાર ચારગણો વધી ગયો છે. વળી એ એકલી પ્રજાએ ૩૦થી ૪૦ અબજ જેટલા રૂપિયા બીજી પ્રજાને ધીર્યા છે. તેનું વ્યાજ તે મેળવે છે. ઇંગ્લાંડનો તે મ્હોળો વેપાર અંગ્રેજી વહાણોથીજ ચલાવવામાં આવે છે. દુનિયાનો એવો એક પણ ભાગ નથી કે જ્યાં એક ઇંગ્રેજ વેપારી નહીં હોય. આવા મ્હોળા વેપારને બરાબર નિયમસર ચલાવવા માટે અંગ્રેજ પ્રજાને અલબત તાર, રેલવે અને સ્ટીમરોની સગવડ છે અને તે મદદ વગર તેમનું રાજ્ય આટલું મ્હોળું થાત નહીં; પણ તેથી કાંઇ તેમના ઉમંગ, બુદ્ધિ, બહાદુરી, સાહસ અને બીજા ગુણો ઓછા થતાં નથી. આપણે કહેવાને શકિતવાન છીએ કે રાજ્યના ફેલાવા સાથે તે ગુણો વધુ પ્રકાશી નીકળ્યા છે. તેમના તે ગુણોને લીધેજ હિંદુસ્તાનના ૩૦ કરોડની વસ્તી પર બે થી ત્રણ લાખ અંગ્રેજો રાજ્ય ચલાવી શકે છે. જો કોઈ પણ વિદ્યાની નવી શોધ શોધી કહાડવામાં આવે છે તો તેનો ઉપયોગ કરવામાં અંગ્રેજો પેહેલા છે. પોતાના મ્હોળાં રાજ્યના બચાવ માટે ઇંગ્લાંડ, હિંદુસ્તાન અને સંસ્થાનોમાં સઘળું મળી છથી સાત લાખ માણસોનું લશ્કર ઇંગ્લાંડ ધરાવે છે. તે ઉપરાંત દરિયાઇ કાફલામાં એક લાખ માણસોનું લશ્કર છે. યુરોપની બીજી કોઈ પણ પ્રજાના દરિયાઇ કાફલા કરતાં ઇંગ્લાંડનો કાફલો બધારે બળવાન છે. આવા મ્હોટા અને મ્હોળા વધારા માટે જ્યુબીલીનો ઓચ્છવ મોટી ધામધુમ સાથે પાળવામાં આવે એ મોટાઇની નજરે જોતાં બરોબર છે. અંગ્રેજો આપણા રાજ્યકર્તા હોવાથી આપણે પણ તેમની ખુશાલીમાં ભાગ લઇએ છીએ; પણ છેલ્લા સાઠ વર્ષ દરમિયાન આપણે તેમના જેટલો વધારો કર્યો છે એમ કહેવાઈ શકાશે નહીં. અમારા વાંચનારાઓને આપણી સ્થિતિનું વર્ણન આપી અમે લખાણ હવે બંધ કરીશું.

નામદાર મહારાણીનો જય.

(તા. ૨૨ મી જુનના "કેસરી" પત્રમાં પ્રકટ થયેલું લખાણ.)

નામદાર મહારાણી શહેનશાહબાનુની જય થાઓ એવા મથાળા હેઠળ તા. ૨૨ મી જુનના કેસરી પત્રમાં હિંદુસ્તાનની સ્થિતિ વિષે એક લખાણ પ્રકટ કરવામાં આવ્યું છે. છેલ્લાં સાઠ વર્ષો દરમ્યાન હિંદુસ્તાનનો વેપાર વધ્યો છે. તથા સઘળી રીતે જોતાં

તે દેશ પોતાની સ્થિતિમાં મોટો સુધારો કર્યો છે એમ કહેવામાં આવતી વાતને અંગે ઉપજતાં કારણો ઉપલા લખાણમાં દર્શાવવામાં આવ્યાં છે તે લખાણની છેવટે નીચલા શબ્દો જોવામાં આવે છે. હિંદુસ્તાન આવી રીતે (અંગ્રેજો તેનો મોટો લાભ મેળવી જાય તે રીતે) કદી પણ આબાદ થનાર નથી. એક વર્ષ વરસાદ નહીં પડવાથી લાખો લોકો ભુખમરાની સ્થિતિ ભોગવે છે તે ઉપરથી હિંદુસ્તાનના લોકો કેટલી ગરીબાઇ ભોગવે છે તેનો ખ્યાલ કોઇ પણ કરી શકે. સનંદી અને લશ્કરી ખાતાંઓને લગતા મુખ્ય ઓદ્ધાઓ જેમાં કળા, બુદ્ધિ અને શકિતની જરૂર પડે તે સઘળા અંગ્રેજો માટે રાખવામાં આવે છે, જેથી આપણી તે શકિતઓ મરતી જાય છે. સુલેહે વસ્તીના વધારાને કારણ આપ્યું છે. વળી પ્રજાના હથિયાર છોડાવી લેવાથી તેઓ પોતાનો બચાવ કરવા જેટલી શક્તિ પણ હવે ધરાવતા નથી. જુના વખતના હુન્નરો અને ઉદ્યોગો લગભગ નાશ પામ્યા છે. જે થોડી કેળવણી આપવામાં આવે છે તે એક તરફી અને વજન વગરની છે. લશ્કરી અને હુન્નર ઉદ્યોગની કેળવણી તદન નહીં જેવી છે. રાજનો કારોબારી ખર્ચ તેના પ્રમાણ કરતાં વધારે થતો જાય છે, જેથી લોકો ઉપર તે એક બોજા સમાન થઇ પડે છે. આગળ માત્ર પૈસા ધીરનારાઓજ ખેડુતોને પીડતા હતા; પણ હવે તે સરકાર અને પૈસા ધીરનારા બંને જણા ખેડુતોને હેરાન કરે છે, જ્યારે ખેતીવાડી શિવાય કોઇ પણ ઉદ્યોગ રહ્યો નથી. દેશી રાજ્યો તરફ જોતાં તેમને પણ દરેક રીતિયે શરમીંદા બનાવવામાં આવ્યા છે અને તેઓ અંગ્રેજ પ્રજાના મિત્રોના પોતાના મોભાપરથી ઉતરીને તાબેદાર પ્રજાની સ્થિતિએ આવી પહોંચ્યા છે. તેઓમાંનું કોઇ પણ જાતી ઉલટ કે શકિત ધરાવતું નથી. ટુંકમાં જે દેશ એક સદીની વાત ઉપર થોડી પણ ઉલટ ધરાવતો હતો તે હવે તદન નિરાધાર અને ગરીબ થઇ પડયો છે. ખાસ કરી આ વર્ષે દુકાળ, મરકી અને ધરતીકંપે લોકોને તેમની છેલ્લી સ્થિતિએ લાવી મૂકયા છે. ખરી રીતે જોતાં હાલનો વખત જ્યુબીલીનો ઓચ્છવ હિંદુસ્તાનમાં પાળવા લાયક નથી. એ વાત ખરી છે કે આપણે ગરીબ પ્રજાએ આપણી નામદાર મહારાણીની જ્યુબીલીની ધામધુમમાં ભાગ લેવો જોઇએ; પણ તે ક્યારે? દેશમાં જ્યારે આબાદી હોય ત્યારે. હિંદુસ્તાનની સરકારના હુકમો પણ તેજ મતલબને અનુસરતા છે, પણ કેટલેક ઠેકાણે વધુ ઉલટમંદ મદદનીશ અમલદારોની ખંતથી તે માટેનો ખર્ચ લોકોપર પડે તેમ ન થવું જોઇએ. એક તાબેદાર પ્રજાએ પોતાના રાજ્યકર્તા તરફની ફરજ તરીકે તેમની આબાદી ઇચ્છવા માટે પ્રાર્થના કરવી જોઇએ એવું શીખવવા માટે આપણને કોઇની જરૂર નથી; પણ બીજી રીતે જોતાં પ્રજાની માફક રાજ્યકર્તાઓને માથે પણ પોતાની પ્રજા પ્રત્યેની ફરજ છે અને તે ફરજ બરાબર બજાવેલી નહીં હોવાથી આપણા પાડોશી જપાને છેલ્લાં ૩૦ વર્ષમાં જેટલો વધારો કર્યો છે તેટલો છેલ્લાં સાઠ વર્ષ દરમ્યાન આપણે કમનસીબે કરી શકયા નથી એટલા માટે હિંદુસ્થાનના લોકો તરફથી અમો નામદાર મહારાણી વિકટોરીઆને અરજ કરીએ છીએ કે તે નામદારે આ મોટા ઓચ્છવ વખતે પોતાની હિંદી પ્રજાને વધુ હકો આપી તેમને આબાદ સ્થિતિપર લાવવા. અંગ્રેજી રાજ્ય બહુ ભ્હોળું છે અને અમે અંગ્રેજી અમલ હેઠળ રહેવા ખુશી છીએ; પણ નામદાર મહારાણીની બીજી પ્રજાની માફક આપણને હકો મળવા જોઇએ. આપણે સઘળાઓ જો નામદાર મહારાણીના બાળકો હોઇએ તો એક ભાગના બાળકો બીજા ભાગના બાળકો કરતાં શા માટે વધુ કમનસીબ છે તે આપણે સમજી શકતા નથી.

મી. મીરઝાં આબાસ અલીબેગની વધુ ઉલટપાલટ તપાસ.

ટીફીન લઇ કોર્ટ પાછી બેઠી તે પછી મી. બેગને મી. પ્યુએ નીચે પ્રમાણે વધુ ઉલટપાલટ તપાસ્યા હતા.

સ૦—પ્રોફેસર ભાનુને તમે ઓળખો છો?

જ૦—તેમની સાથે અંગત ઓળખાણ હું ધરાવતો નથી. ફરગ્યુસન કાલેજમાં તેઓ પ્રોફેસર છે

તેની મને ખબર છે. તે કોલેજને સરકાર મદદ આપે છે. પ્રોફેસર બેન દખણ કોલેજમાં છે; દખણ કોલેજ સરકારી છે.

સ૦—સરકાર જ્યારે તરજુમો કરવા પત્રો મોકલે છે ત્યારે તમો તે ઉતાવળે કરી મોકલો છો કે?

જ૦—હા, બનતી ઉતાવળે; કેટલીક વાર બે, ત્રણ અથવા ચાર દિવસ પણ લાગે છે.

સ૦—દેશી પત્રોના લખાણોનો સાર જે સાર સરકાર આગળ રજુ કરવામાં આવે છે તેમાં તમારો પણ હાથ છે કે?

જ૦—નહી, મરાઠી શબ્દોના મરાઠીમાંજ અર્થ સમજાવનારા સાત શબ્દકોષ સાત શાસ્ત્રીઓએ તૈયાર બનાવેલા છે તેની મને ખબર છે. મોલ્સવર્થે તેમને આધારે પોતાનો શબ્દકોષ તૈયાર કર્યો છે એમ હું જાણુતો નથી.

સ૦—ગઈ કાલે તમે "ટાઇમ્સ ઓફ ઇંડિયા" માં આવેલાં "જસ્ટિસ" ના ચરચાપત્ર વિષે બોલ્યા છોની?

જ૦—હા, તે ચરચાપત્ર ઉપર કેસરીના ૧૫ મી જુનના અંકમાં આવેલા લખાણનો તરજુમો કરતાં મારૂં ધ્યાન ખેંચાયું હતું.

સ૦—"જસ્ટિસે" એમ નથી કહ્યું કે પ્રોફેસર ભાનુ કે પ્રોફેસર જીનસીવાલેના ભાષણમાં વાંધા ભરેલું કાંઇ નથી?

જ૦—પ્રોફેસર ભાનુના ભાષણ વિષે તેણે તેમ કહેલું મને ખબર છે. પ્રોફેસર જીનસીવાલેના ભાષણ વિષે તેમ કહેવાની મને ખબર નથી.

શીવાજીના શબ્દો અને પ્રોફેસર ભાનુના ભાષણોનો હાઇકોર્ટના દુભાષિયા પાસે કરવામાં આવેલો તરજુમો તથા "દાવ" "સહણે," વગેરે તેમાં આવેલ મરાઠી શબ્દોના મરાઠા શાસ્ત્રીઓના શબ્દકોષમાં આપેલા અર્થ મી. પ્યુએ અત્રે કોર્ટમાં દાખલ કર્યા હતા.

કોર્ટના એક સવાલના જવાબમાં મી. પ્યુએ જણાવ્યું કે "દાવ" ચડતી પંક્તિઓની પાસે ઉતરતી પંક્તિના લોકો માગે છે અને ચડતી પંક્તિના લોકો તે આપે છે. એજ શાસ્ત્રીઓના શબ્દકોષને આધારે દાખલ કરેલા તરજુમા ઉપરથી તમારા જોવામાં આવશે. "સોસને" શબ્દનો અર્થ ખમવું, સહન કરવું એટલોજ થાય છે; પણ સરકાર તરફના તરજુમામાં ખોટી સુચના કરનારો "ચલાવી લેવું" એવો તેનો અર્થ કરવામાં આવ્યો છે. વળી અસલ લખાણમાં વાક્યને છેડે આશ્ચર્યતાનું ચિન્હ છે તેને બદલે તરજુમામાં સવાલનું ચિન્હ મૂકવામાં આવ્યું છે, તે તમે નામદાર જોશો, અને તરજુમો તે રીતે ખોટો કરવામાં આવ્યો છે. અસલ લખાણમાં એટલુંજ છે કે તમે સુખ સહન કરોછો, ત્યારે સરકારી તરજુમામાં ખોટી રીતે એમ જણાવવામાં આવ્યું છે કે તમે દુઃખ શા માટે ચલાવી લેઓ છો? મી. પ્યુએ તે પછી જણાવ્યું કે તરજુમામાં "ઉપરથી ફરમાવવામાં આવે છે" એવા જે શબ્દો આવ્યા છે તે બરાબર નથી. પ્રથમ તો અસલ લખાણમાં "વરૂન" એટલે "ઉપર" શબ્દ આવેલો છે ખરો; પણ તે શબ્દ મરાઠી ભાષાની એક રૂઢી તરીકે નકામો વપરાયેલો છે, અને તેનો અર્થ કરવો નહીં જોઇએ.

મી. બેગને પૂછવામાં આવતાં તેઓએ જણાવ્યું કે "વરૂન" શબ્દનો પણ અર્થ કરવો જોઇએ અને તે માત્ર રૂઢીને ખાતર વપરાતો નથી; તે ઉપરથી મી. પ્યુએ તેમની નીચે પ્રમાણે ઉલટપાલટ તપાસ કરી હતી.

સ૦—નીચે આવવું એમ કહેવા માટે મરાઠીમાં "વરૂન ઉતરલા" એમ સાધારણ રીતે બોલાય છે કે નહીં?

જ૦—"ઉતરલા" અથવા 'ખાલી ઉતરલા' એમ બોલાય છે.

સ૦—ઉતરલાનો અર્થ નીચે આવ્યો થાય છે ત્યારે ખાલી શબ્દ નકામો વાપરી નીચે નીચે ઉતર્યો એમ બતાવનાર નીચે શબ્દ વપરાય છે ની?

જ૦—હા.

સ૦—અને તેજ પ્રમાણે "વરૂન ઉતરલા" એમ પણ બોલાય છે ની?

જ૦—એમ બોલી શકાય; પણ તેમ સાધારણ રીતે નથી બોલાતું.

સ૦—"ઇસપનીતિ" ની આ મરાઠી ચોપડી સરકારી શાળાઓમાં શીખવવામાં આવે છેની?

જ.—હા. તેમાં "વરૂન ખાલી ઉતરલા" એવા શબ્દો આવ્યા છે તે હું જોઉં છું. તેનો અર્થ

હેઠળ આવ્યો એટલોજ થતો હોય પણ.

મી. પ્યુ—અરે, મી. બેગ, તમે તો ઓરીએન્ટલ ટ્રાન્સલેટર છો, અને તમે એમ શું બોલો છો ? તમારે જાણવું જોઇએ.

મી. બેગ—મેં એ લખાણ વાંચ્યું નથી.

મી. પ્યુ—ત્યારે વાંચીને કહો.

મી. બેગ—અહીં "વરન" એટલે "ઉપરથી" શબ્દ છે તે કદાચ "કાતરિયાં" ઉપરથી એમ કહેવાની મતલબ હશે. (હસાહસ.)

સ.—"દરપત" શબ્દના "દાબવું" અને "બીજાને ભોગે પોતે ચડવું." એવા બે અર્થ થાય છે ને ?

જ.—હા.

સ.—સ્વતંત્ર શબ્દ "સ્વ" એટલે "પોતાનો" અને "તંત્ર" એટલે "કાબુ" એવા શબ્દોનો બનેલો છેની ?

જ.—હા.

સ.—સ્ત્રીઓના સંબંધમાં સ્વતંત્ર શબ્દ વપરાય છે ?

જ.—મને કોઇ વાકયમાં તે મેલી બતાવો.

જડજ—એક માણસ પર બીજાનો કાબુ હોય તો તે બતાવવાને માટે સ્વતંત્ર શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે ?

મી૦ બેગ—હું તે વિષે જાણતો નથી.

મી૦ પ્યુ—સ્ત્રી પોતાના ભરતારથી સ્વતંત્ર નથી એમ બોલાય છેની ?

જ૦—હા, અને તેનો અર્થ એવો થઇ શકે કે તેણી પોતાના ભરતારના કાબુ હેઠળ છે.

સ૦—મી૦ મીલના "એસે ઑન લીબરટી" નો અર્થ કરતાં "લીબરટી" નો અર્થ તમે સ્વતંત્ર કરશો ?

જ૦—સ્વતંત્રતો વિશેષણ છે અને "લીબરટી" તો નામ છે.

સ૦—ત્યારે શું બોલ જોઈએ ?

જ૦—સ્વતંત્રતા.

મી૦પ્યુ—મને ઉચ્ચાર બરાબર નથી આવડતા તેથી મારા ઉચ્ચાર ઉપર તમે રમત કરો છો.

જડજ—ત્યારે "લીબરટી" નો અર્થ કરતાં "સ્વતંત્ર" શબ્દ વાપરી શકાય ?

મી૦ બેગ—હા.

મી૦ પ્યુના એક વધુ સવાલના જવાબમાં મી૦ બેગે જણાવ્યું કે વિચારના છુટાપણા, બોલવાના અને તકરાર કરવાના છુટાપણા, છાપાના છુટાપણા, ઇચ્છા અથવા કામના છુટાપણા, પ્રત્યેક માણસના અથવા અંગતના છુટાપણા, સંસારી છુટાપણા તથા ધર્મ સંબંધી છુટાપણા એ સઘળામાં "છુટાપણા" ને બદલે "સ્વતંત્રતા" શબ્દ વાપરી શકાય.

એડવોકેટ જનરલે મી૦ બેગની ફરીથી કરેલી તપાસ.

એડવોકેટ જનરલ ઑનરેબલ મી. લેંગે આ પછી મી. બેગને ફરીથી તપાસતાં તેમણે નીચે પ્રમાણે સવાલો પુછ્યા હતા:—

સ૦—બોલવાનું છુટાપણું એમ કહેવા માટે સ્વતંત્ર શબ્દ એકલો વાપરી શકાય ?

જ૦—નહીં, તેની સાથે બીજો કોઇ શબ્દ આવવો જોઇએ.

સ૦—"દરપત" શબ્દનો અર્થ મોલ્સવર્થના શબ્દકોષમાં શું આપવામાં આવ્યો છે ?

જ૦—નીચે દાબવું, સંકોચવું, હાથ હેઠળ રાખવું, તાબા હેઠળ લાવવું અને જુલમ કરવો.

સ૦—"છલુને" શબ્દ વિષે ગઇ કાલે તમને પુછવામાં આવ્યું હતું. તેનો અર્થ શો થાય છે?

જ૦—કેંડીના ઇંગ્રેજી મરાઠી કોષમાં અંગ્રેજી શબ્દ "પરસીકયુટ" (જુલમ કરવો)નો અર્થ દર્શાવવા "સતાવને" અને "છલુને" એવા મરાઠી શબ્દો વપરાયા છે.

નામદાર જડજે શાક્ષીને પૂછેલા સવાલો.

નામદાર જડજે મી. બેગને આ પછી નીચે પ્રમાણે સવાલો પુછ્યા હતા:—

સ૦—મોલ્સવર્થના શબ્દકોષમાં "છલુને" શબ્દનો અર્થ શો કરવામાં આવ્યો છે ?

જ૦—હેરાન કરવું.

સ૦—"સ્વતંત્રતા" શબ્દનો અર્થ રાજ્યકિય છુટાપણું એ બે થાય છે ?

જ૦—હા, પણ ખાસ કરીને તેજ અર્થે તે વપરાતો નથી; લખાણના બીજા ભાગ ઉપરથી સમજ પડી શકે કે કઇ જાતના છુટાપણાં વિષે બોલવામાં આવે છે.

સ૦—"દાદ"નો અર્થ શો થાય છે?

જ૦—એ ફારશી શબ્દ છે અને તેનો અર્થ ફરિયાદ અથવા વિલાપ તેમાં કરવામાં આવે છે; પણ આ લખાણમાં "દાદ લાવને" શબ્દો વાપર્યા છે. અને તેનો અર્થ મોલ્સવર્થ પ્રમાણે "ફરિયાદોનો ઉપાય કરાવવો" એવો થાય છે.

સ૦—ઉપાય કેવી રીતે કરાવવો તેની કોઇ સુચના ને શબ્દોમાં સમાયેલી છે?

જ૦—ખાસ કરીને નહીં. "દાદ લાવને" ને બદલે "દાદ માગને" શબ્દો હોત તો તેમના અર્થ વિષે કશો શક રહેત નહીં. અહીં જે શબ્દ છે તે ઉપરથી એવો અર્થ પણ કરી શકાય કે ઉપાય તમારે હાથે કરી લેવો અને હું પોતે વાંચનાર હોઉં તો હું તેનો એવોજ અર્થ કરૂં. ચડતા સત્તાવાળાઓ પાસે ઉપાય કરાવવો એમ કહેવા માટે "દાદ માંગુન ગયા" એવા શબ્દો વાપરવામાં આવે.

મી. પ્યુએ અત્રે કોર્ટની મારફતે સાક્ષીને થોડાક સવાલ પૂછવા માગ્યા; પણ નામદાર જડજે જણાવ્યું કે હજુ મારે વધારે સવાલો પૂછવાના છે. તે પુરા થયા પછી પુછજો. હમણા વખત થઇ ગયો છે માટે તપાસ આવતી કાલ ઉપર મૂલતવી રાખી કોર્ટ બંધ કરવામાં આવે છે.

ત્રીજી બેઠક.

ગઇ તા. ૧૦ મી શુકરવારના રોજ સદરહુ મુકરદમાની અગિયાર વાગતાથી પાછી તપાસ શરૂ થઇ હતી. કોર્ટમાં આગલા દિવસના જેટલીજ લોકોની ગરદી હતી. પક્ષકારોના વકીલ બારીસ્ટરો પણ આગલા દિવસના જેટલાજ હાજર થયેલા હતા.

"ટાઇમ્સ ઑફ ઇન્ડિયા"ની ટીકા સામે ફરિયાદ.

કોર્ટ બેસતાંવેંત મિ. પ્યુએ નામદાર જડજને જણાવ્યું કે આજનું કામ શરૂ કરવામાં આવે તે પહેલાં "ટાઇમ્સ ઑફ ઇન્ડિયા" ના આજના અંકમાં ચાલતા મુકરદમાના ગઇ કાલના કામકાજના સંબંધમાં અઘટિત રીતે કરવામાં આવેલી અર્ધો કોલમ જેટલી ટીકા ઉપર ઘણી દિલગીરી સાથે લક્ષ ખેંચવા માગું છું. તે લાંબા લખાણમાંથી તુરત વેળા એકજ ફકરા પર હું ધ્યાન ખેંચીશ, જેની નેમ જુરીના મન પર ખોટી અસર કર્યાની દેખાય છે. તેમાં જણાવ્યું છે કે, મરકીના સંબંધમાં કરવામાં આવેલ કામોનું વર્ણન કરનારાં લાંબા લખાણો તથા "ટાઇમ્સ ઑફ ઇન્ડિયા" માં ચાલેલા પત્ર વ્યવહાર સાથે બ્રીટીશ હિંદુસ્તાનમાં સ્થાપન થયેલી સરકાર સામે બેદીલી ઉશ્કેરનારા આરોપને શું સંબંધ છે તે સમજવું એ કાયદાની માહીતી નહીં ધરાવનારા એક શખ્સ માટે સહેલું નથી મુકરદમા સાથે તે લખાણોને શું સંબંધ હતો તે પૂછવાની નામદાર જડજને પણ ફરજ પડી હતી, અને મિ. પ્યુના જવાબ પરથી બચાવ તરફનો મુકરદમો કયા વલણ પર ચલાવવામાં આવનાર છે તે જણાયું હતું. મિ. પ્યુએ જણાવ્યું કે તે લખાણો એવું બતાવે છે કે પુનામાંથી મરકી દૂર કરવા માટે સરકારે જે ઉપાયો લીધા હતા તેની તરફથી મિ. ટીલક કામ કરતા હતા." આ ટીકા દેખીતી રીતે જુરીને તથા પ્રજાનાં મનપર મુકરદમાંના સંબંધમાં ખોટી છાપ બેસાડે છે. ચાલતા મુકરદમાના સંબંધમાં કોઇનાં મનપર ખોટી છાપ બેસાડવા કરતાં વધારે ચહડતો બીજો ગુન્હો ગણાતો નથી. તમો નામદાર જાણતા હશો કે "બંગબાસી" પત્ર સામેનો પ્રખ્યાત મુકરદમો ચાલતો હતો તે દરમ્યાન તેનાં સંબંધમાં ટીકા કરવાના વાંક માટે બંગાળાના એક દેશી પત્ર સામે નોટીસ કાઢવામાં આવી હતી, પણ સરકારે તેના સંબંધમાં દબાણ નહીં કર્યાથી તેને પાછળથી જતો કરવામાં આવ્યો હતો. મારાં કુલ પાસે આ બાબતમાં નોટીસ કાઢવાનો વખત નથી તેમજ તેઓ તે માટે ખર્ચ કરવાની જોગવાઇ ધરાવતા નથી તેટલાજ માટે તે તમો નામદારનો આશરો માગી અરજ કરે છે કે આ મુકરદમો ચાલે તે દરમ્યાન "ટાઇમ્સ ઑફ ઇન્ડિયા" એ જે ટીકા હમણાં કરી છે તેવી ટીકા ફરીથી નહીં કરે એવી ચેતવણી તમે તેને આપશો.

જડજ—મેં એ લખાણ વાંચ્યું નથી, પણ તમે જે ભાગ વાંચ્યો છે તે પરથી જણાય છે કે રીપોર્ટ આપતાં તે વિષે પોતાની તરફથી સમજ આપવાનો યત્ન કરવામાં આવ્યો છે. જુરીના મનપર કોઇ પણ પ્રકારની અસર થાય એવી ટીકા ચાલતા મુકરદમાના સંબંધમાં કરવાની ઘણી સંભાળ રાખવી જોઇએ. મુકરદમાનાં કામકાજની પોતાની તરફથી સમજ આપવા જતાં હદની બહાર નીકળી જવાનો ઘણો ભય રહે છે. પ્રતિવાદીના નિર્દોષપણા અને દોષિતપણા વિષે તેમજ જુબાનીની કિમ્મત વિષે કાંઇપણ ટીકા થઇ શકે નહીં. મેં કહ્યું છે તેમ એ લખાણ મેં વાંચ્યું નથી; પણ મિ૦ પ્યુ કહે છે તે પરથી લાગે છે કે તેમાં હદની બહાર જવામાં આવ્યું છે. એમ બનતું જોઇએ તેની ઘણી સંભાળ રાખવી. જુરીના ગૃહસ્થો, મારી ખાત્રી છે કે તમે વર્તમાનપત્રો વાંચતાં મુકરદમાના સંબંધમાં તેમાં કોઇ પણ ટીકા તમારા જોવામાં આવે તેને બિલકુલ વજન આપવું નહીં.

મિ૦ મીરઝાં આબાસઅલી બેગની ઉલટપાલટ તપાસ.

સ૦—આ તરજુમો જુઓ તે ખરો છે?

જ૦—નહીં. અગત્યની બાબતમાં તે ભુલ ભરેલો છે.

સ૦—કઇ બાબતમાં? જ૦—"દીલેલે નાહી" શબ્દ અનિયમિત વર્તમાનકાળ છે.

સ૦—"નાહી" એ શબ્દ ક્રિયાવિશેષણ છે?

જ૦—હા.

સ૦—"દીલેલે" કૃદંત છે કે? જ૦—અનિયમિત વર્તમાનકાળ છે.

સ૦—"દીલેલે" કૃદંત છે કે નહીં તેટલુંજ કહો.

જ૦—હા. તેનો અર્થ "અપાયલી" થાય છે.

સ૦—હિંદુસ્તાનીમાં "દીયા નહીં" એ સાથે તે મળતો આવે છે?

જ૦—બરાબર નહીં.

સ૦—શા પરથી "અપાયલી નથી" એવો અર્થ અહીં થતો નથી એમ તમે કહોછો? જ૦—"દીલે નાહીં" એમ લખ્યું હોત તો થાત.

સ૦—સમજ મેળવવા તેની તુરત આગમચના અને તેની તુરત પછીના શબ્દો લેવા જોઇએની?

જ૦—હા.

સ૦—ત્યારે એની પછી એવા શબ્દો છેની કે મહારાજાએ તેમને હાંકી મુકવાની તજવીજ કરી હતી? જ૦—મને અસલ મરાઠી લખાણ જોવા દો.

સ૦—જુઓ, અને કહો કે તેની પછી શબ્દો ભુતકાળમાં છેને? જ૦—હા, અને તેમ કરવામાં તેઓએ ગુન્હો કર્યો નહીં હશે, તે ભુતકાળમાં છે.

સ૦—હવે તેની આગમચ "શિવાજીએ પોતાનું પેટ ભરવાને કામ કર્યું નહીં હતું" એવા જે શબ્દો છે તે ભૂતકાળમાં છે?

મિ. લેંગના સવાલના જવાબમાં સાક્ષીએ જણાવ્યું કે જો કોઇ આપણા ઘરપર હુમલો લાવે તો તેને માટે ઉપાય લેવો એવા જે શબ્દો તેમાં છે તે વર્તમાનકાળમાં છે.

સ૦—તા. ૨૨ મી જુનનું "કેસરી" જુઓ. તેમાં "કોઇએ મોહોમેડનોને સનંદ આપી નહોતી" એવા જે શબ્દો છે તે માટે અસલ મરાઠીમાં શા શબ્દો વાપરેલા છે? જ.—"મુસલમાનાસ કોણી રાજ્ય કરણ્યા સાઠી સનંદ દીલી નહોતી"

મિ. પ્યુ—મારૂં કુળ સાક્ષીને મરાઠીમાં પ્રશ્નો પુછવા માગે છે કેમકે હું પોતે મરાઠી સમજી શકતો નથી.

જડજ—હું તમારા કુળ પાસે ખુલાસો માગીશ, તે વખતે તેઓ તે વિષે ખુલાસો આપશે તો કેમ?

મિ. પ્યુ—તેથી મારી નેમ સરશે.

નામદાર જડજે સાક્ષીને પુછેલા સવાલો.

નામદાર જડજે મિ. બેગને તે પછી આ પ્રમાણે સવાલો પુછ્યા હતા:—

સ.—"ગોરા" શબ્દનો અર્થ યુરોપિયન થાય છે? જ.—હા.

સ૦—તે કોઈ ખાસ વર્ગના યુરોપિયનો માટે નથી? જ.—નહીં, યુરોપિયનોને સામાન્ય રીતે.

સ.—તે મોહમેડનો માટે વપરાય છે? જ.—મેં તેમ વપરાતો સાંભળયું નથી.

સ.—સ્વરાજ્ય એટલે શું? જ.—તેના બે અર્થ થાય છે. "મારૂં પોતાનું રાજ્ય" અથવા "શિવાજીનું રાજ્ય."

સ૦—"કાપી નાંખો" એવા જે શબ્દો છે તેને માટે અસલમાં શું છે? જ૦—"છાટુન કહાડા"

સ૦—"કાપી નાખવા" નો અર્થ કોઇ ખાસ અર્થ છે કે અંગ્રેજી માફક બળતો છે? જ૦—નહી નહી, એનો અર્થ "મારી નાખો," "છુટું પાડો," અથવા "જુદું કરો" એમ પણ થઇ શકે. મોલ્સવર્થ એના દશ અરથ આપે છે.

સ૦—અસલ લખાણ જોઇ કહો કે અહીં શા પરથી એનો અરથ "મારી નાખવો" થવો જોઇએ. જ૦—"ધર પડે" એ શબ્દ અહી વાપર્યો છે, અને તેની સાથે "વરૂન" અને "ખાલી" શબ્દો વાપર્યા છે તે પરથી એમ લાગે છે કે ઉપરથી કોઇ નિચે દાબે છે; અને તે કોઇને દુર કરી પોતાની જીંદગી બચાવવાની છે; એટલે અહીં તેનો અરથ "મારી નાંખવો" થવો જોઇએ. હું ધારૂં છું કે એ વાકય ઘણુંજ સખ્ત છે. "ધર પડે" શબ્દ ગુંગળાઈ જવાય એવું દબાણ કરવા જેવો અરથ ધરાવે છે.

સ૦—હવે હું તમને આ સવાલ પુછું છું કે એવો અરથ ખાસ કરીને થવો જોઇએ? દુર કરવો જોઈએ એ શબ્દનો અર્થ બીજો પણ થઇ શકે કે નહીં?

જ૦—મારો મત એવો છેકે અહીં તેનો અર્થ મારી નાખવો એવો. થવોજ જોઈએ. કેટલાક મરાઠા વિદ્વાનોએ એ વાંચીને મત આપ્યો છે:—

મી. પ્યુએ શાક્ષીને વધુ પુછેલા સવાલો.

મી. પ્યુએ કોર્ટની રજાથી શાક્ષીને અત્રે વધુ સવાલો નીચે પ્રમાણે પુછયા હતા:—

સ૦—રાજદ્વારી સ્વતંત્રપણું બતાવવા માટે "રાજકિય સ્વાતંત્રય" એમ બોલવામાં આવે છેની?

જ૦—હા.

સ૦—દેશનું સ્વતંત્રપણુંનો શબ્દ "દેશાએ સ્વાતંત્રય" એમ બોલાય છેની?

જ૦—હા.

જડજ—"સ્વાતંત્રય" શબ્દ એકલો હોય તો?

જ૦—હું તો તેનો અર્થ રાજદ્વારી છુટાપણાનો કરૂં; તે સમજવા આસપાસનું લખાણ જોવું જોઇએ.

મી. લેગે શાક્ષીને પુછેલા વધુ સવાલો.

મી. લેંગના સવાલના જવાબમાં શાક્ષીએ જણાવ્યું કે, 'સ્વતંત્ર'માં "સ્વ" એટલે પોતાનું અને "તંત્ર" એટલે તાબો, કબજો એવો થાય છે. મોલ્સવર્થના શબ્દકોશમાં તેનો અર્થ છુટું અને મુખત્યાર એવો થાય છે.

મી. લેંગે રજુ કરેલા દસ્તાવેજો.

મી૦ લેંગે અત્રે પ્રતિવાદીઓ "કેસરી" તથા "મરાઠા" પત્રોના માલેક, પ્રકટ કર્તા અને છાપનાર હોવા સંબંધી તેઓએ પુનાની પોલીસ કોર્ટમાં દાખલ કરેલું એકરારનામું દાખલ કર્યું હતું. "કેસરી" પત્રના નીચલાં લખાણ મી૦ લેંગે તે પછી દાખલ કર્યાં હતાં.

તા૦ ૨૭ અકટોબરના "કેસરી"માં આવેલું લખાણ.

સરકારના કેટલાક અમલદારો હિંદુઓ તથા મહોમેદનો વચ્ચેના અણબનાવનું ખરૂં કારણ શોધી કાઢવા અને તે દૂર કરવા ઉપર ધ્યાન આપવાને બદલે મહોમેદનો સાથે મળી ગયા છે અને હિંદુઓને તથા વિશેષે કરીને બ્રાહ્મણોને હેરાન કરવા મંડયા છે. યેવલા ખાતે પોલીસે બંધીવાન કરેલા શખ્સોને મી. અનવીન છોડી મેલવા લાગ્યો છે ત્યારે વાઇ ખાતે મી. કેનેડી વાજીંત્ર વગાડનારાઓને તેમજ વાજીંત્ર નહીં વગાડવા દેનારાઓને બંનેને સામસામા કરવા લાગ્યો છે. સરકાર જો સામસામા જતા આ ચુકાદાઓ પોતાની આગળ હોવા છતાં નજર ઉઘાડે નહીં અને પછી સાધારણ લોકો સરકારના ભલા ઇરાદા વિષે ખોટો મત બાંધે તો પછી તેમાં તેમની કસુર કેમ કાઢવામાં આવે? અને અમે પુછીએ છીએ કે નીચે જણાવ્યા પ્રમાણે ચાર ઠેકાણે ચાર પ્રકારે કામ લેવામાં આવે છે તો સરકાર શા માટે છે? નાશકમાં મી. અનવીન એક પ્રકારે ઇનસાફ કરે છે. ચોપડા તથા રાવર ખાતે મી. કુમીન કાંઇક જુદાજ પ્રકારની પોતાને ગમતી ગોઠવણ કરે છે. પુનામાં મેસર્સ ઓમાની અને મેકફરસન વચ્ચે મનભેદ ચાલે છે અને સતારા

જીલ્લામાં વાઇ ખાતે માજીસ્ટ્રેટ અગિયાર આબરૂદાર હિંદુઓને બંદીખાનાની સજા ફરમાવી પગે ચાલતા તેમને સતારા મોકલાવે છે.

* * * *

સરકારના કેટલાક અમલદારોને અમારો આ મત પસંદ આવતો નથી અને કમનશીબે એવા અમલદારોની હમણા ચડતી હોવાથી ગાયો અને બ્રાહ્મણોને હેરાન કરવામાં આવે છે. એ અમલદારો એવા ખોટા વિચારના છે કે મહોમેદન તથા હિંદુઓ વચ્ચેની હમણા વધતી જતી શત્રુતા ભરેલી લાગણી સરકારી અમલદારોની ભુલોનું નહીં; પણ હિંદુ જાતિના આગેવાનોની અને તેમાં વિશેષ કરી બ્રાહ્મણોની હઠીલાઈનું છે.

* * * * *

હાલ તુરત આ બાબત વિષે વિવેચન કરવું અમે યોગ્ય ધારતા નથી; પરંતુ આ લખાણ બંધ કરતાં એકવાર ફરીથી ખુલ્લી રીતે અને ભાર મુકીને અમને કહ્યા વિના ચાલતું નથી કે હિંદુ આગેવાનોને કચરવાની જે તજવીજ સરકાર અથવા તેના અમલદારો હમણા કરે છે તે વગર વિચારની, ગેરવાજબી, અને લાભ વિનાની તથા આખાં રાજ્યને નુકશાન કરનારી છે. ગાયો તથા બ્રાહ્મણો ઉપરનો જુલમ હિંદુસ્તાનના કોઇ પણ રાજ્યકર્ત્તાને ફાયદા ભરેલો નિવડ્યો નથી.

* * * * *

અમો તેટલા માટે આ લખાણ બંધ કરતાં લોર્ડ હેરીસને અરજ કરીએ છીએ કે તેના અમલમાં કરવામાં આવેલી ભૂલો તેની પછીના આવનાર હાકેમોને સુધારવી પડે એવું થવું ન જોઇએ. અને માન પુર્વક તેમને અમે જણાવવાની રજા લઇએ છીએ કે દક્ષિણમાં આગેવાન બ્રાહ્મણોપર ગુજારવામાં આવતી સખ્તાનું પરિણામ સારૂં નહીં આવે.

તા. ૧૪ મી જુન ૧૮૯૨ ના " કેસરી " માં આવેલું લખાણ.

સતારાના જંગલ ખાતાના એક અમલદાર મી. ફેગને એક ધનગરની સ્ત્રીને રીંછ સમજી તેની સામે ગોળી ફેંકવાની ખબર આગળ પ્રકટ કરી ગયા છીએ. તે બાબતમાં કામ ચલાવવામાં આવતાં સરકારનો છેવટનો ઠરાવ પ્રકટ કરવામાં આવ્યો છે. તેમાં મી૦ ફેગનને ઠપકો નહીં દેતાં, મજકુર સાહેબની માફક થોડાંક આંસુ સરકારે પાડયાં છે, જેની કિંમત કાંઈ થતી નથી અને તેટલું કરી તે બનાવનો નિકાલ લાવ્યા છે. ખુલ્લું છે કે સરકાર તથા ફેગનનાં આંસુ એક બીજાની સાથે મળી ગયાં છે અને હવે તેમાંથી ધુમાડો પણ નીકળવાનો નથી. અમે પણ કબુલ રાખીએ છીએ કે મજકુર સાહેબ ફેગને જે ગોળી પેલી ધનગર સ્ત્રી સામે ફેંકી હતી તે તેણે તેણીને રીંછ સમજીને ફેંકી હશે; પણ ભુલથી ખુન કરનારને માટે પીનલકોડમાં બે વર્ષના કેદખાનાની શિક્ષા ઠરાવવામાં આવી છે. તે શા માટે છે ખરેજ, શિકાર અને ભુલ માણુસની સાથે સાથે ચાલે છે. પણ તેથી તળાવમાંનાં દેડકાં અને જંગલમાંનાં રીંછોનેજ જીવ ખોવા પડે છે. આકાશમાંથી એકાએક પડતી વિજળીના સરખી મી૦ ફેગનની ભુલ હોત તો તે માફ કરવા જેવી થાત; પણ જે સાહેબ દેખતી આંખે પોતાની બંદુકનો ઘોડો દાબે તે કેટલે દરજ્જે માફ કરવા લાયક છે તે વિષે મજબૂત શક અમે ધરાવીએ છીએ. પેલી સ્ત્રીની જગોએ જો ફેગન હોત અને ફેગનની જગોએ તે સ્ત્રી હોત તો ઇનસાફ શું એવીજ રીતે કરવામાં આવત? ભુલથી ખુન કરવાનો અપરાધ તપાસવાનો અખત્યાર માત્ર દિવાની કોર્ટનો હતો, તો પીનલકોડ સુધાર્યો તે વખતે પણ તેમાં ઉપર જણાવેલ ગુન્હો રહેવા દેવાનું કાંઇ કારણ નહોતું. શિક્ષાની ધાસ્તી એવી ભુલો થતી અટકાવવા માટેજ જરૂરની છે. અમારા સાંભળવામાં આવ્યું છે કે મી. ફેગને તે સ્ત્રીના લાગતાવળગતાં સાથે કોઇ રીતે સમજુતી કરી છે; પણ તે કેવી રીતે તે જણાયું નથી. વળી ગોરા છોકરાઓ જો એમ ધારતા હોય કે એવી રીતે સમજુતીથી છેવટ લાવ્યાથી અને થોડાક આંસુ લખાણુ મારફતે પાડયાથી એવી ભૂલોનો અંત આવી જાય છે, તો પછી કાળાં રીંછોને થોડા વખતમાં હિંદુસ્તાન છોડી ચાલ્યા જવાની અને સ્વર્ગમાં જઇ રહેવાની જરૂર પડશે. એ ઇનસા

ક્ષ લૉર્ડ હેરીસના વખતમાં તદન યોગ્ય થઇ પડે છે, એટલા માટે એ વિષે વધારે લખવાની જરૂર નથી

દત્તાત્રય દામોદરની જુબાની.

દત્તાત્રય દામોદર નામના એ મરેઠાએ તે પછી મી. લેંગની તપાસમાં જુબાની આપતાં જણાવ્યું કે, મારૂં નામ દત્તાત્રય દામોદર છે. મુંબઇની પોલીસ કમીશનરની આફીસમાં હું એક કલાર્ક છું. "કેસરી" પત્રનો હું એક ગ્રાહક છું. મુંબઇ ખાતેના એજંટ મારફતે તે પત્ર મને પહેલાં મળતું હતું; પણ મરકીના વખતમાં ટપાલ મારફતે તે મને મળતું હતું. આ (કોર્ટમાં રજુ કરવામાં આવેલી) નકલ મને ટપાલ મારફતે ગઇ તા. ૧૫ મી જુને મળી હતી.

જડજ—તેની ઉપર પુના તથા મુંબઇની ટપાલ ઑફિસની છાપો છે કે?

મી. લેંગ—હા.

શાક્ષી—ગ્રાહક તરીકેની આ રીસીટ હું અત્રે રજુ કરૂં છું. તે મુંબઇના એજંટ તરફથી મને મળી હતી.

મી. પ્યુએ આ શાક્ષીને ઉલટપાલટ તપાસવા ના પાડી હતી.

નામદાર જડજના પુછવાથી બીજા તોહોમતદારે પણ શાક્ષીને ઉલટ પાલટ સવાલો પુછવાની ના પાડી હતી.

આર્યભૂષણ છાપખાનાના એક કલાર્ક નારાયણ મહાદેવ પુરાણીકની જુબાની.

નારાયણ મહાદેવ પુરાણીક નામના મહાએ તે પછી મી. લેંગની તપાસમાં જુબાની આપતાં જણાવ્યું કે, હું પુને રહું છું અને આર્યભુષણ છાપખાનામાં કલાર્ક તરીકે કામ કરૂ છુ. છાપખાનાનો પ્રિન્ટર હરી નારાયણ ગોખલે છે. ગયા જુન મહિનામાં તે પુને નહોતો. તેની ગેરહાજરી દરમ્યાન તેનું કામ કેશવ મહાદેવ બાળ ચલાવતો હતો. (બીજા તોહોમતદારને દેખાડી શાક્ષીએ જણાવ્યું કે) તેજ [illegible] છે. ગોખલે આઠ નવ મહિનાની વાત પર દેશાવર ગયો હતો. તે મહિનો પોષ અથવા મહા હોય. "કેસરી" તેજ છાપખાનામાં છપાય છે તથા પ્રકટ થાય છે. "મરાઠા" પત્ર પણ ત્યાંજ પ્રકટ થાય છે. હું જાણું છું ત્યારથી "કેસરી" પત્ર ત્યાંજ છપાય છે. "મરાઠા" પત્ર પણ હું નોકરીએ રહ્યો તે અગાઉ ત્યાંજ છપાતું હતું અને હજી પણ છપાય છે. "મરાઠા"નો માલેક મી. બાળ ગંગાધર તીલક (પહેલો તોહોમતદાર) છે. "કેસરી" પત્રનો માલેક પણ તેજ છે. કોર્ટમાં રજુ કરવામાં આવેલી તે પત્રની નકલ આર્યભૂષણ છાપખાનામાં છાપવામાં આવી છે. આ (રજુ કરવામાં આવેલી) ચોપડી "મરાઠા" વર્તમાનપત્રની રોજમેળની ચોપડી છે. આ પત્ર (કોર્ટમાં રજુ કરવામાં આવેલો) ઉપરની સહી બીજા તોહોમતદારની છે. આ (કોર્ટમાં રજુ કરવામાં આવેલું) બીલ ઉપરની સહી તોહોમતદારની છે.

શાક્ષીની મી. પ્યુએ લીધેલી ઉલટપાલટ તપાસ.

મી. પ્યુની ઉલટપાલટ તપાસમાં શાક્ષીએ વધુ જણાવ્યું કે મારૂં વતન પુના છે. ત્યાં મારો જન્મ થયો નથી; પણ સતારા જીલ્લાના તાજગામમાં મારો જન્મ થયો હતો. મારી પાંચ સાત મહિનાની વયે હું પુને રહેવા આવ્યો હતો. મેં થોડી કેળવણી ચીંચવડ ખાતે અને થોડી પુના ખાતે લીધી હતી. મરાઠી મારી સ્વભાષા છે અને તે હું ઠીક જાણું છું. થોડીઘણી સંસ્કૃત ભાષા પણ જાણું છું. છાપખાનામાં મને શાસ્ત્રીબાવા તરીકે બીજાઓ કહેતા હતા. શાસ્ત્રીનો અર્થ જેઓ શાસ્ત્રમાં સંપૂર્ણ ભણેલો હોય તેને કહે છે; પણ લોકોમાં જેણે થોડુંઘણું જ્ઞાન મેળવ્યું હોય તેને પણ શાસ્ત્રી કહેવામાં આવે છે. હું થોડુંઘણું અંગ્રેજી પણ જાણું છું, પુનાના હિંદુઓમાં તડ પડેલાં છે તે હું જાણું છું. મોટાં તડ બે છે. એક સુધારાવાળાઓનો અને બીજો જુના વિચાર ધરાવનારાઓનો છે. તે બંને વચ્ચે મતભેદ છે તે વિષે ટુંકમાં હું એટલું જણાવીશ કે જુના વિચારવાળાઓ એવું જણાવે છે કે જેમ શાસ્ત્રમાં જણાવવામાં આવ્યું હોય તેમ અમને આપો. અને સુધારાવાળાઓ શાસ્ત્રમાં જે લખેલું છે તેનો પોતાની મરજી પ્રમા

અર્થ કરે છે. પેહેલો આરોપી બાળ ગંગાધર તીલક જુના વિચારવાળાઓની તડને લગતો છે એમ હું જાણું છું. મુંબઇ યુનિવર્સીટીનો તે ફેલો છે. મુંબઇ ધારાસભામાં બે વાર તેમની નીમણુક કરવામાં આવી છે. પ્રોફેસર ભાનુને મેં જોયેલ છે. તે સુધારાવાળાના પક્ષને લગતો છે. મી૦ સ્પેનસરે "ઇનસાફ" ઉપર લખેલા પુસ્તકનો પ્રોફેસર ભાનુએ તરજુમો કર્યો છે એમ હું જાણતો નથી; પણ મી૦ સ્પેનસરના કોઇ પુસ્તકનો તેણે તરજુમો કર્યો છે એમ હું જાણું છું. આ (રજુ કરવામાં આવેલી) ચોપડી તેજ છે. તેમાં આવેલું "શારીરિક સ્વાતંત્રય" વાળું પ્રકરણ હું જોઉં છું. ગમન સ્વાતંત્રય, દાન સ્વાતંત્રય, કરાર સ્વાતંત્રય, ઉદ્યોગ સ્વાતંત્રય મન સ્વાતંત્રય, ધર્મ સ્વાતંત્રય, ઇત્યાદિ, સ્વાતંત્રય વાળાં પ્રકરણ હું જોઉં છું. આ (રજુ કરવામાં આવેલું) બાળબોધ પુસ્તક છે. તે કોણે રચ્યું છે તે હું જાણતો નથી. નહીં, નહીં મને તે યાદ આવે છે. તે મી. બોક નામના સરકારી નોકરી માં હેલા ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરે રચ્યું છે. બાળબોધનો અર્થ બાળકોનું શિક્ષણ એવો થાય છે. તેમાં એક નિબંધ છે તેમાં જણાવવામાં આવ્યું છે કે, "હિંદુસ્તાન તવંગર થાય છે કે નિર્ધન થાય છે" તે હું જોઉં છું. પાને ૨૯મે શિવાજી મહારાજનો "સ્વર્ગમાંથી ઉદ્ગાર" વાળું લખાણ હું જોઉં છું.

મી. ક્યુએ તે પછી ઉપલાં લખાણો કોર્ટમાં જુબાની તરીકે દાખલ કર્યાં હતાં, જે નીચે મુજબ છેઃ—

"બાળબોધ" નામની ચોપડીમાં પ્રકટ થયેલી હકીકતનો તરજુમો.

હિંદુસ્તાન દહાડે દહાડે તવંગર થતું જાય છે કે ગરીબ એ સવાલ એટલો તો કઠિન છે કે વિચારવંત (અને) ઉંચી કેળવણી પામેલા ગૃહસ્થો તે વિષે એકેકથી તદ્દન ઉલટા અભિપ્રાયો ધરાવે છે. તેમ છતાં યુવાન તથા વૃદ્ધોએ એક સરખી રીતે તે વિષે વિચાર ચલાવવાની જરૂર છે; કારણ કે આ બાબત આપણી જીંદગીનાં સઘળાં કામકાજો સાથે ઘણો ગાઢો સંબંધ ધરાવે છે. અથવા તો કદાચ તેને તેમના જીવ જેવી સલામતી સાથે કહી શકાશે.

હકુમત એ શબ્દનો અર્થ શું થાય છે, તેની આપણે પ્રથમ તપાસ કરીશું. અર્થવિદ્યામાં આ શબ્દનો ભાવાર્થ ગમે તેટલી લંબાણ અને કઠિન રીતે કરવામાં આવ્યો હોય તો પણ અભણમાં અભણથી તે વિદ્વાનમાં વિદ્વાન સઘળા વર્ણના લોકો જેની પાસે પુષ્કળ દોલત હોય તેને એક મતથી તવંગર વિચારે છે અને અનુભવથી એ વિચારને ખરા તરીકે ટેકો આપે છે. એ હકિકત ધ્યાનમાં રાખીને વ્યવહારિક નજરે સઘળા લોકોને નીચલા સાત વર્ગોમાં વહેંચી શકાય:—(૧) રાજકર્તાઓ; (૨) ઉમરાવો. (જેમાં દરબારી સરદારો, માનકરીઓ અને જાગીરદારો સમાઇ જાય છે.) (૩) વેપારીઓ અને ધંધાદારીઓ. (૪) કારીગરો અને કીશબીઓ. (૫) ધંધો ચલાવનારાઓ. (૬) નોકરો અને (૭) ભીખારીઓ અથવા ગરીબો.

જ્યારે આ (સાત વર્ગો) માંના પેહેલા વર્ગ વિષે (આપણે) વિચાર ચલાવીએ છીએ, ત્યારે ખુલ્લે ખુલ્લું જણાઇ આવે છે કે આગલા વખતમાં રાજ્યકર્તાઓ આપણા (પોતાના) દેશીઓ હતા; (અને) તેટલા માટે રાજકર્તાઓના એ વર્ગને લાગે વળગે છે ત્યાં સુધી આટલું તો દેખીતું છે કે હિંદુસ્તાન ગરીબ થતું જાય છે.

બે વર્ગ ઉમરાવોનો છે, જેમાં સરદારો, જાગીરદારો (અને) માનકરીઓનો સમાવેશ થાય છે. તેમની સ્થિતિ પણ તેવીજ છે; કારણ કે રાજ્યકર્તાઓ જેમની ઉપર તેમનો સઘળો આધાર છે, તેમની સત્તા જતી રહી છે અને તેટલા માટે એ વર્ગના લોકોની સંખ્યા આગળ હતી તે સાથે સરખાવતાં ઘણી ઘટી ગઇ છે. કદાચ લગભગ તે નાશ પામી છે. એટલા માટે તે હિસાબે જે દોલત દેશમાં રહેવી જોઇતી હતી તે હવે (તેમાં) રહેતી નથી.

વેપારીઓ અને ધંધાદારીઓનો ત્રીજા વર્ગમાં સમાવેશ થાય છે. તેમનાં વિષે અં[illegible]ખાનેનો કશો ફેર જોવામાં આવતો નથી તોપણ પુષ્કળ પરદેશી દોલત રેલવે અને

તેના જેવાં બીજાં ખાતાઓમાં થાપણ તરીકે રોકવા માટે આ દેશમાં આવે છે, પણ એ થાપણના વ્યાજ તરીકે લાખો રૂપિયા બહાર જાય છે. વળી આ દેશનો પરદેશો સાથેનો ઘણોખરો વેપાર પરદેશીઓના હાથમાં છે અને તેથી પણ દેશની દોલતનો ઝરો બીજી તરફ વહે છે.

કારીગરો અને ફાસબીઓનો વર્ગ ધ્યાનમાં લેતાં જણાય છે કે આ દેશમાં પરદેશી માલની માગણી પુષ્કળ થતી હોવાથી આ દેશના ઉદ્યોગો મરતા જાય છે અને તેને લીધે આપણા કારીગરો ભીખ માગવા જેવી સ્થિતિમાં આવી પડયા છે. બત્રીશ કરોડ રૂપિયા અંગ્રેજી બનાવટની ચીજોનો દર વર્ષે હિંદુસ્તાનમાં ઉઠાવ થાય છે. ? આ પ્રમાણે વેપાર પણ ખુલ્લી રીતે દેશની દોલત બહાર ઘસડી જાય છે.

બાકીના ત્રણ વર્ગોમાં ધંધો ચલાવનાઓ જેવા કે, ડાકતરો, વકીલો અને બીજા નોકરો અને ભીખારીઓ (અથવા ગરીબો) સમાઇ જાય છે. આ સઘળા લોકો એવા છે કે જેઓ અરસપરસ દોલતની બદલી કરે છે (એટલે કે તેઓ દોલત ખાનારાઓ છે.) પણ તેઓ દોલત ઉત્પન્ન કરનારાઓ નથી. તેમનાં સઘળાં કામકાજો અરસપરસની બદલી જેવાં હોવાથી તેઓ બીજા દેશોમાંથી કરી દોલત ઘસડી લાવતા નથી, એટલા માટે તેમને માટે (વધુ) બોલવાની જરૂર નથી.

એ ઉપરથી તમે જોશો કે આપણા દેશમાં ગમે એટલી નવી ઈમારતો ઉભી કરવામાં આવે, ગમે તેટલી રેલવે સડકો બાંધવામાં આવે, ગમે તેટલાં તારનાં દોરડાં નાખવામાં આવે, ગમે તેટલી મીલો બાંધવામાં આવે અને એવી એવી બીજી ગમે તેટલી ચીજો હૈયાતીમાં આવે જે ઉપરથી એમ ધારવામાં આવે કે દોલત વધતી જાય છે તો તેમાં આપણે તદ્દન ભૂલાવો ખાઇએ છીએ અને આટલું તો ચોકસ સમજવું જોઇએ કે હિંદુસ્તાન દિવસે દિવસે વધારે ગરીબ સ્થિતિમાં આવતું જાય છે. શરીર ફુલવાથી કે તેમાં માંસ અને લોહીનો જથ્થો વધવાથી તે માતેલું થાય છે, પરંતુ ફુગવાથી માતેલાં શરીર અને માંસ [illegible]ને લોહીના જથ્થાના વધવાથી માતેલાં શરીર વચ્ચે [illegible]ણે તફાવત રાખવો જોઇએ."

"બાળબોધ" નામની ચોપડીમાં આવેલી મરાઠી કવિતાઓનો તરજુમો.

મારી જાતમાં ઉછરેલાઓ ક્યાં ગયા છે (?) મારા રાજ્યનું શું થયું છે (?) મારી સારા સ્વભાવની માતા મોટેમોટે બુમો પાડી કાં વિલાપ કરે છે, ગાયો અને બ્રાહ્મણોનું રક્ષણ કરવા અને હિંદુ ધર્મનો બચાવ કરવા માટે કરવામાં આવેલી સઘળી મેહેનત (આ) યવનો (મહોમેદનો અથવા પરદેશીઓ)ને લીધે વ્યર્થ ગઇ છે. મારી જાતનું રક્ષણ કરનારી ભવાની માતાએ દીધેલું દાન કેમ નકામું થઇ પડયું છે. શું સરજનહાર પણ કાળીમાતાથી બીહે છે? અરે! ખરેખર મારા માણસોના સઘળા ઉચ્ચ ગુણો એકદમ નાશ પામ્યા છે તે માટે મને બહુ અજાયબી લાગે છે. ઘણા બળવાળા યવનો (મહોમેદનો અથવા પરદેશીઓ) સામે લડવાને મારા વ્હાલા લોકો જેમના હાથો ચળકતા હતા તેમનું જોર કયાં ગયું છે. મરેઠાઓ મરવા માટે લડાઇના મેદાનમાં મક્કમપણે જતા હતા તે અસાધારણ મક્કમપણું કેમ નાશ થઇ ગયું? ભગવા ઝુંડા (લાલ વાવટો) જોતાં જેમનું શૂરાતન ઉશ્કેરાઇ આવતું હતું તેમના વંશજો કેમ નકામા થઇ પડયા છે તેનું કારણ મને સમજાતું નથી. ગાયોને સઘળી વાતે દેવીઓ લેખીને આપણે અંતઃકરણપૂર્વક તેમની પૂજા કરતા હતા; પણ હવે પેટ ભરવા માટે તેમનો વધ કરવામાં આવે છે તે આપણે કેમ સાંખી શકીએ. બ્રાહ્મણો બીજા શબ્દોમાં ધરતી ઉપરના દેવતાઓ છે. તેમના પગને હમેશા નમન કરવું જોઇએ છે. તેઓ યવનો (મહોમેદનો અથવા પરદેશીઓ)ને દરવાજે "અરે, આપો," "અરે, આપો" એમ બોલતા જાય (તે ખરે દયા ઉપજાવવા જોગ છે.) જેમના પગો ધરતી ઉપરની ધુળને લાગતા નહ હતા તેમના વંશજો ભીખ માગતા જણાય છે, કારણકે તેમની પાસે ખાવાનું કશું નથી. આવો ફેરફાર જોઇને મારૂં મન ઘણું દિલગીર થયું છે, હવે શું કરૂં (?) જે બનવાનું હશે તે ટળવાનું નથી. એ ખરેખર ઘણું બળવંત છે. જે પરમેશ્વર ચાહે છે તે મારે શું કામ

નાપસંદ કરવું જોઇએ. દેવતાઓ અને દેવો સઘળા ઓને નાઇલાજે સર્વ શક્તિમાન સરજનહારને તાબે થવું પડે છે.

શાક્ષીની વધુ ઉલટપાલટ તપાસ.

ઉપલાં બંને લખાણો દાખલ થયા પછી શાક્ષીએ મી. પ્યુની વધુ ઉલટપાલટ તપાસમાં જણાવ્યું કે (આ રજુ કરવામાં આવેલી) "પુષ્પ વાટિકા" ચોપડી જ્યારે હું નિશાળમાં શીખતો હતો ત્યારે ચાલતી હતી. વિનાયક એક નામના શખ્સે તે રચેલી છે. "પુષ્પ વાટિકા"નો અર્થ ફૂલનો બગીચો થાય છે. આ "કેટલોગ" સરકારી સેન્ટ્રલ બુકડીપોમાં મળતી ચોપડીઓનું છે. "પુષ્પ વાટિકા"ના ૧૪ મા અને ૧૫ મા પાનાઉપર "સ્વદેશાભિમાન" પ્રકરણ છે.

મી. પ્યુએ અત્રે તે પ્રકરણમાંનો થોડો ભાગ વાંચી સંભળાવ્યો હતો, જે તે પછી જુબાની તરીકે દાખલ કરવામાં આવ્યો હતો.

આગળ ચાલતાં શાક્ષીએ મી. પ્યુએ પૂછેલા સવાલના જવાબમાં જણાવ્યું કે આ હિતોપદેશ ચોપડી મેક્ષ મુલર સાહેબે રચેલી છે એમ હું જોઉં છું. તેનો તરજુમો પણ તેણે કરેલો છે. હિતોપદેશ પ્રાચિન કાળનો સંસ્કૃત ભાષાનો એક ગ્રંથ છે.

નામદાર જડજના પૂછવાથી કોર્ટના ઇન્ટરપ્રીન્ટરે જણાવ્યું કે,

"બાળબોધ" દર મહિને નીકળતું એક ચોપાનિયું છે. આ ચોપડી ૧૮૮૭ ના વરસનો સાતમો અંક છે અને તે બાળકોને શિખામણ દેવા માટે છે. "પુષ્પ વાટિકા" વિનાયક કોંડે ઓકે પ્રકટ કરેલું છે એમ તે ચોપડી ઉપરથી માલમ પડે છે અને તે સરકારી છાપખાનામાં છાપવામાં આવેલું છે.

શાક્ષીએ મી. પ્યુની તપાસમાં વધુ જણાવ્યું કે આ (રજુ કરવામાં આવેલી) ચોપડીનું નામ મરાઠી પાંચમી ચોપડી છે. તે મેજર કેનેડીએ રચેલી અને સરકાર તરફની ચોપડીઓ માંહેલી એક છે. તેના પેહેલા ફકરામાં શિવાજી મહારાજને લગતો એક ફકરો છે.

મી. પ્યુએ તે ફકરો અત્રે કોર્ટને વાંચી સંભળાવ્યો હતો.

બીજા તોહોમતદારે પુછેલા સવાલોના જવાબમાં શાક્ષીએ તે પછી જણાવ્યું કે આર્યભૂષણ છાપખાનામાં તમો (બીજો તોહોમતદાર) પગારદાર નોકર હતા. "કેસરી" પત્રના પ્રુફ તપાસવાનું કામ તમારૂં હતું નહીં, તે કામ માટે બીજો માણસ હતો.

સાક્ષીની ફરી કરેલી તપાસ.

મી૦ લેંગની ફરી તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે, "બાલબોધ" ચોપડી સરકારી શાળાઓમાં શીખવવામાં આવે છે એમ હું જાણતો નથી; તેમજ તે ચોપડી સરકારી શાળાઓમાં શીખવવામ આવે છે કે નહીં, તે હું જાણતો નથી; પરંતુ પાસ થયલા વિદ્યાર્થીઓને તે વહેંચવામાં આવતી હતી તે હું જાણું છું.

મી૦ લેંગ—કયે ઠેકાણે વહેંચાતી તમે જોઇ હતી?

આ સવાલ સામે મી૦ પ્યુએ વાંધો લીધો પણ કોરટે તે કબુલ નહી રાખવાથી સાક્ષીએ જવાબ આપ્યો કે,—શાળામાં હું હતો ત્યારે મને પણ તે ચોપડી ઇનામમાં મળી હતી.

મી૦ લેંગ—તમને કઇ શાળામાં તે મળી હતી

સાક્ષી—ચીંચવડ ખાતેની

મી૦ લેંગ—તે કોની માલેકીની હતી?

સાક્ષી—સરકારી શાળા હતી.

મી૦ લેંગ—કોણે તે ચોપડી તમને ઇનામમાં આપી હતી?

સાક્ષી—પરીક્ષા લેનાર ઇન્સપેક્ટરે.

નામદાર જડજના પૂછવાથી સાક્ષીએ જણાવ્યું કે કેસરીનાં પ્રુફ વાંચવાનું કામ રીડર ગણેશ બલવંત તંત્રેનું હતું. બીજા તહોમતદારનું નહોતું. રીડર પ્રુફ વાંચીને કોને આપતો હતો તે હું જાણતો નથી. કારણ કે પ્રુફ સાથે મને કાંઇ લાગતું વળગતું હતું નહીં અને હું તે વિષે માહીતી ધરાવતો નથી. મારું કામ ગ્રાહકોના લવાજમ લેવું, તે માટેની તેમને

રશીટો આપવાનું, વહી લખવાનું વિગેરે હતું. છાપવાને લગતી બાબતો વિષે હું જાણતો નથી અને તે વિષે હું કંઈ પણ કહી શકીશ નહીં. "કેસરી" નો છાપનાર બાલ હતો એમ હું જાણું છું. માજીસ્ટ્રેટ હજુર છાપનાર તરીકે સોગંદનામું નોંધાવનાર મી. ગોખલે હતા. પણ તેમના ગયા પછી ગઇ તા. ૧૫ મી જુન સુધી છાપનાર તરીકેનું કામ બાળ તપાસતો હતો.

જુબાની પુરી થવાથી સાક્ષીએ પુને જવાની રજા માગી તેથી નામદાર જડજે બંને પક્ષના ધારાના હિમાયતીઓને તે વિષે પુછી પુના જવાની રજા આપી હતી.

મુખ્ય કમ્પાઝીટરની જુબાની.

બળવંત કીષ્ણા કોલગે મી. લેંગની તપાસમાં જુબાની આપતાં જણાવ્યું કે આર્યભૂષણ છાપખાનામાં હું મુખ્ય કંપાઝીટર છું. સોળ વરસ થયાં ત્યાં નોકરી કરૂં છું. "મરાઠા" તથા "કેસરી" પત્રો ત્યાંજ છાપવામાંવે આવે છે. તે પ્રકટ કરવા માટેનાં અસલ લખાણો બીબામાં ગોઠવવાના કામ ઉપર દેખરેખ રાખતો હતો. મેનેજર પાસેથી છાપવા માટેનું અસલ લખાણ હું માગતો હતો અને મેનેજરને લખાણ મી. તીલક પાસેથી મળતું હતું. પુરૂફમાં સુધારો કરાવવા "કરેકટર" અથવા પ્રુફરીડરના ટેબલપર તે પ્રુફ મૂકીએ છીએ. પ્રુફરીડરના કરેલા સુધારા પ્રમાણે સુધારીને ફરીથી પ્રુફ કહડાવી મેનેજરને આપતા હતા. મેનેજર તરફથી તે પ્રુફ મી. તીલક ઉપર મોકલવામાં આવતાં હતાં. તેમાં કરેલા ફેરફાર મુજબ ફેરફાર કરી પ્રુફ પાછા પ્રુફરીડરને અમે આપતા હતા તે સુધરાઇ આવ્યા પછી પત્ર છાપવામાં આવતું હતું. લખાણોનાં પ્રુફ અમે મી. તીલક ઉપર મોકલતા હતા. સોળ વરસ થયાં મારી છાપખાનામાં નોકરી છે, જે દરમ્યાન "કેસરી" પત્ર હાલનાજ છાપખાનામાંથી પ્રકટ થાય છે. "મરાઠા" પત્ર છાપવાનું કામ મારૂં નથી પ્રીન્ટર ગોખલે અકટોબર માસમાં અ... તેની આસપાસ છાપખાનુ છોડી ગયા હતા.

બે વાગવાનો વખત થવાથી કોર્ટ ટીફીન લેવા ઉઠી હતી, તે ફરીથી બેઠા પછી મી. લેંગની વધુ તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે હું ધારૂં છું કે મી ગોખલે થોડા દિવસ થયાં રજા ઉપરથી પાછા ફર્યા છે. તેમની ગેરહાજરીમાં છાપખાનાનો વહીવટ બીજા પ્રતિવાદી કર્યા હતા.

સાક્ષીની ઉલટપાલટ તપાસ.

મી. બ્યુએ નીચે પ્રમાણે સવાલો સાક્ષીને પુછયા હતા.

સવાલ—પેહેલા પ્રતિવાદી ગયા મે તથા જુન માસમાં પુનામાં હતા?

જ૦—નહીં; તા. ૪ થી કે ૫ મી મેના દિવસે પુનાથી બહાર ગયા હતા અને જુન માસમાં અથવા તે પછી તેઓ પુને પાછા ફર્યા હતા.

બીજા પ્રતિવાદીએ પુછેલા સવાલના જવાબમાં સાક્ષીએ જણાવ્યું કે "કેસરી" પત્રનાં પ્રુફ તપાસવાનું કામ બીજા પ્રતિવાદીનું નહોતું.

મી. લેંગ—ત્યારે તે કોણ તપાસતું હતું?

સાક્ષી—કરેકટરો.

જુરીના ફોરમેનના સવાલના જવાબમાં સાક્ષીએ જણાવ્યું કે બીજા પ્રતિવાદીનો પગાર શું હતો તે હું જાણતો નથી.

કોર્ટના સવાલના જવાબમાં સાક્ષીએ જણાવ્યુ કે બીજો પ્રતિવાદી તા. ૧૫ મી જુને મેનેજર તથા છાપનાર હતો.

મી. લેંગની તપાસમાં સી. જે. એ. ગાઇડરે જણાવ્યું કે હું પુનામાં મદદનીસ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ છું અને વડા પ્રેસિડન્સી માજીસ્ટ્રેટ તરફના વારંટની રૂઇએ તા, ૨૮ અને ૩૦ મી જુલાઇએ "આર્યભૂષણ" છાપખાનાની મેં જડતી લીધી હતી અને રજુ કરેલા ચોપડા મેં ત્યાંથી મેળવ્યા હતા.

મી. ખ્યુએ ઉલટપાલટ તપાસ નીચે પ્રમાણે કરી હતી.

સ.—તા. ૩૦ મી જુલાઇ પછી તમે જડતી લીધી નથી ?

જ.—નહીં.

મી. લેંગની તપાસમાં મી. જનારધન ક્રીષ્ણા પુરોહીતે જુબાની આપી કે પુનાની પોસ્ટ હારીસમાં હું કલાર્ક છું. ટપાલના ઓછા ભાવનો હક મેળવવા ને તા. ૩૦ મી જુન ૧૮૯૭ને દિવસે આખર થયલા ત્રણ માસ માટે " કેસરી " પત્રનું આ એકરારના મું છે.

ઉલટપાલટ તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે હું પુનામાં પંદર વરસ થયાં રહુ છું. પેહેલા પ્રતિવાદી મી. તીલકને પાંચ સાત વરસથી ઓળખું છું.

સ.—પુનામાં હિંદુઓના બે પક્ષ છે ?

જ —હા.

સ.—મી. તીલક જુના વિચારવાળાઓના વડા છેની ? જ.-હા. સુધારાવાળાઓના આગેવાન ભાનુ, ગોખલે, ભંડારકર વગેરે છે. હિંદુ વર્તમાન પત્રો પણ એ બે પક્ષના છે અને એક બીજા ઉપર હુમલા કરે છે.

સ.—મરકી વખતે તમે પુનામાં હતા ? જ.-હા

સ.—મરકી વખતે મી. તીલક કેવી રીતે કામ કરતા હતા તે તમે જાણો છો ? જ.—હા. મારી સ્ત્રીને મરકી થવાથી હિંદુ ઓસ્પિતાલમાં લઇ જવામાં આવી હતી અને ત્યાં મી. તીલક સાથે સમાગમમાં આવ્યો હતો. ત્યાં મને ખબર મળી હતી કે એ ઓસ્પિતાલ તેમનીજ તજવીજથી ઉભી કરવામાં આવી હતી.

સ૦—સેગ્રેગેશન છાવણીમાં ખાસ રસોડાની ગોઠવણ કરેલી હતી ?

જ૦—હા, અને તે પણ મી. તીલકની તજવીજથી ઉભી કરવામાં આવી હતી. મરકી વખતે હિંદુઓના ઘણા આગેવાનો પુનાથી બાહેર ગયા હતા.

સ૦—મી. તીલકે તેમના સંબંધમાં શું કર્યું હતું તે તમે જાણો છો ?

જ૦—મી. તીલક લોકોને કહેતા હતા કે સરકાર કરે છે તે સારૂં કામ છે તેની સામે અડચણ કરશો નહીં.

સ૦—પણ પેલા ન્હાસી ગયેલાઓ માટે તેઓ શું કહેતા હતા ?

જ૦—તેઓ કહેતા કે તેઓએ પુના છોડી જવામાં ઘટતું કર્યું નહોતું.

બીજા પ્રતિવાદીના સવાલના જવાબમાં સાક્ષીએ જણાવ્યું કે પોહોંચ ઉપર તમે મેનેજરની વતી સહી કરી છે.

મી. લેંગની ફરી તપાસમાં સાક્ષીએ જણાવ્યું કે ઓસ્પીતાલમાં મારી સ્ત્રીને દાખલ કરવા માટે રૂ. ૧૦ અને રોજના લવાજમ તરીકે રૂ. ૫ મારી પાસેથી લેવામાં આવ્યા હતા. પાંચથી વધારે દિવસ મારી સ્ત્રી રહી હોત તો તે માટે વધારે લવાજમ આપવું પડત.

સ૦—એ ઓસ્પિતાલમાં કયા હિંદુઓને લેવામાં આવતા ?

જ૦—સઘળા વર્ગના હિંદુઓને.

સ૦—સઘળા પાસેથી લવાજમ લેવામાં આવતું હતું ?

જ૦—હું તે જાણતો નથી.

સ૦—રસોડું કોને માટે હતું ?

જ૦—સઘળા હિંદુઓ માટે, અને અહીં બનાવેલો ખોરાક મહોમેદનોને પણ કેટલીક વાર પુરો પાડવામાં આવતો.

મી. લેંગની તપાસમાં મી. વિષ્ણુ જગનનાથ દાતારે જણાવ્યું કે હું કાંદાવાડીમાં રહું છું. "કેસરી" પત્રનો મુંબઈમાંનો હું આડતીઓ છું. એ આડત કેટલાંક વરસ થયાં હું કરૂં છું મંગળવારે સાંજે

"કેસરી"ની નકલો મારા ઉપર મુંબઈના ગ્રાહકોમાં વહેંચવા મોકલવામાં આવે છે.

અત્રે મી. લેંગે જણાવ્યું કે અમારી તરફના સાક્ષીઓની જબાની પુરી થઇ છે અને બંને પ્રતિવાદીઓએ મેજીસ્ટ્રેટ આગળ કરેલો એકરાર પુરાવા તરીકે દાખલ કરૂં છું.

મી. પ્યુએ નામદાર જડજના સવાલના જવાબમાં જણાવ્યું કે અમે અમારા તરફથી કોઈ સાક્ષીને બોલાવવા ધારતા નથી.

આન. મી. તીલકે પોતાના લખાણ તથા ભાષણમાંના અમુક શબ્દો વિષે વ્યાકરણ તથા શબ્દકોષને આધારે કરેલો ખુલાસો.

મી. પ્યુને નામદાર જડજે જણાવ્યું કે મી. તીલક અમુક શબ્દો વિષે ખુલાસો કરવા માગતા હતા તે એમની ઇચ્છા હોય તો હમણાં કરે. તેના જવાબમાં મી. પ્યુએ કહ્યું કે વ્યાકરણની સમજણ વિના તરજુમા કરવામાં આવેલા છે એમ તેઓ દેખાડવા માગે છે- ત્યારપછી આન. મી. તીલક તથા નામદાર જડજ વચ્ચે નીચે પ્રમાણે સવાલ જવાબ થયા હતા:—

સ૦—હિંદુસ્તાનમાં હકુમત ભોગવવાને તામ્રપત્ર ઉપર મ્લેચ્છોને સનંદ પરમેશ્વરે આપી નથી એ વાક્યના સંબંધમાં તમો ખુલાસો કરવા માગોછો એમ હું સમજું છું. જ૦—હા.

સ૦—તે વિષે શું કહેવા માગોછો.

જ૦—એ વાક્યમાં જે ક્રિયાપદ છે તેના કાળ વિષે મારે ખુલાસો કરવો છે. અસલ લખાણમાં નીચે પ્રમાણે શબ્દો વાપરેલા છે—"મ્લેચ્છાના હિંદુસ્થાનચ્યા રાજ્યાચે તામ્રપત્ર પરમેશ્વરાને દીલેલે નાહીં." એમાં "મ્લેચ્છાના" મ્લેચ્છ શબ્દની બીજી વિભક્તિમાં છે; "હિંદુસ્થાનચ્યા" વિશેષણ રૂપે નામ છઠ્ઠી વિભક્તિમાં છે" "રાજ્યાચે" શબ્દ છઠ્ઠી વિભક્તિમાં છે; "તામ્રપત્ર" શબ્દને "નાહી" ના કર્ત્તા તરીકે માની શકાય. "પરમેશ્વરાને" ત્રીજી વિભક્તિમાં છે અને તેને તેની પછીના શબ્દ "દીલેલે" સાથે સંબંધ નથી. "દીલેલે" શબ્દ ભૂત કૃદંત છે. "નાહી" નકાર બતાવનાર ક્રિયાપદ છે.

સ.—"નાહી" તો ક્રિયા વિશેષણ છેની ?

જ.—નહીં, એ ક્રિયાપદ છે અને તેનો અર્થ હમેશાં "છે નહીં" એવો થાય છે. મરાઠી ભાષામાં "નાહી" ક્રિયાપદ માટે ભૂતકાળનો આકાર આવતો નથી અને તે વર્તમાન, ભૂત તથા ભવિષ્યકાળ બતાવે છે તે દેખાડવાને તેની સામે વર્તમાન, ભૂત તથા ભવિષ્યકાળનાં કૃદંતો જોડવામાં આવ છે. કૃદંત ઉપરથી તેનો કાળ નક્કી કરી શકાય છે. અને "નાહી" શબ્દ કોઇ બીના અથવા હકીકતની હસ્તી ના પાડે છે.

સ.—"મેં નહીં આપ્યું" એમ કહેવું હોય તે કયા શબ્દો વાપરવામાં આવે ?

જ.—"દીલે નાહી" અથવા "દીલેલે નાહી.

સ૦—"મેં આપેલું નથી" એમ કહેવું હોય તો ?

જ૦—તે માટે પણ એજ શબ્દો વાપરવામાં આવે છે. મરાઠી ભાષામાં નકાર બતાવનાર વર્તમાન, ભૂતકાળ (પરફેક્ટટેન્સ) નથી.

સ૦—ત્યારે "આપેલું નથી" અને "આપ્યું નહી" એ વચ્ચેનો તફાવત કેમ જાણી શકાય ?

જ૦—લખાણની આસપાસની મતલબ ઉપરથી. મરાઠીમાં કોઈ ચીજ ના પાડવામાટેના વર્તમાન ભૂતકાળનો આકાર મળે છે, પણ નકાર બતાવનાર આકાર તેને મળતો નથી.

સ૦—હું તમારી ઉલટપાલટ તપાસ કરવા માગતો નથી, પણ "અપાયલી નથી" એમ કહેવાનું હોત તો વાક્યમાં કેવા શબ્દો વાપરવામાં આવ્યા હોત ?

જ૦—"દીલેલે નહોતે." સરકારી તરજુમામાં આ વાક્યની ઉપરના જે વાક્યનો તરજુમો કરવામાં આવ્યો છે તેમાં એને મળતો આકાર બતાવનારા શબ્દો "કેલે નાહી" છે. મરાઠી ભાષામાં ભૂતકાળ પ્રત્યય તરીકે "લે" અથવા "લે લે" વપરાય છે; તેને બંને પ્રત્યયો એકસરખી રીતે વપરાય છે. અને તેઓ વચ્ચે તફાવત કશો નથી. "મહારાજાએ તેમને હાંકી મેલવાની તજવીજ કરી હતી" તે વાક્યમાં "તેમને"

શબ્દ આગલા વાક્યમાંના "મ્લેચ્છો" શબ્દને બદલે વપરાયેલો છે, અને તે બતાવે છે કે આગાઉનું વાક્ય ભૂતકાળની વાત કરે છે. વ્યાકરણ સંબંધી મારી આ તકરારના ટેકામાં ક્રીષ્ણશાસ્ત્રી ગોડબોલે, દાદોબા પાંડુરંગ તથા રામચંદ્ર ભીખાજી જોશીનાં બનાવેલાં વ્યાકરણો હું રજુ કરું છું.

મી. ક્યુએ નામદાર જડજના સવાલના જવાબમાં જણાવ્યું કે એ ચોપડીઓમાંની જે કલમો ઉપર મી. તીલકે પોતાનો આધાર લીધો છે તેના અંગરેજી તરજુમા હાઈકોર્ટના દુભાશીઆ પાસે તૈયાર કરાવી આવતી કાલે હું દાખલ કરીશ.

મી. તીલકે જણાવ્યું કે બીજો ખુલાસો "સ્વતંત્રતા" શબ્દ વીષે મારે કરવો છે. એ શબ્દ સંસ્કૃત "સ્વ" અને "તંત્ર" શબ્દો ઉપરથી નીકળ્યો છે અને તેને ભાવવાચક નામનો પ્રત્યય લાગ્યો છે. કામના છુટાપણા અથવા સામાન્ય પ્રકારના છુટાપણાની સમજણથી સંસ્કૃતમાં તે વપરાય છે. તે માટેની મારી સત્તા મનુ અને યાજ્ઞાવલક્યમાંનાં લખાણો છે. મી. તીલકે તે બને લખાણો કોર્ટમાં રજુ કરી જણાવ્યું કે તેમાં એ શબ્દ સ્ત્રીઓના તેમજ બાળકોના સંબંધમાં પણ વાપરવામાં આવ્યો છે.

જડજ—મી. ક્યુ, હવે એ શબ્દ વિષે કાંઇ મતભેદ જેવું રહ્યું છે?

મી. ક્યુ—હવે નહીં, મી. બેગ પાસે તે વિષે આપણે એકરાર કરાવી ચુકયા છીએ.

ત્યાર પછી મી. તીલકે તે પછી "વરન ખાલી દરપત અસે" શબ્દો વિષે ખુલાસો કરવા માગ્યો અને જણાવ્યું કે એનો અર્થ અહીં "બીજાને ભોગે પોતે મોટા થવું" એવો થાય છે. અંગબળનો ઉપયોગ કરવાની સુચના તેમાં સમાયલી નથી "છાટુનકર" શબ્દોમાં "છાટુન" શબ્દનો અર્થ "કાપીકહાડ" કરી શકાય, પણ તે "કાપી કહાડવા"નો અર્થ મારી નાંખવાનો થતો નથી; અગ્રેજોની માફક તેનો અર્થ "બાજુએ મેલી દો," "તેને બીલકુલ ના છેડો" એવો થાય છે. મેજર ક્રેંડીની અંગ્રેજી—મરાઠી ડીકસનરી તેના ટેકામાં મી. તીલકે રજુ કરી હતી અને દેખાડ્યું કે મારી નાખવાને અર્થે મરાઠીમાં "કતલ કરને" અથવા "કાતને" શબ્દોજ વપરાય છે. "વરન ખાલી"નો અર્થ મરાઠીમાં માત્ર "નીચે" એવો થાય છે, અને "વરન" માત્ર રૂઢી તરીકે બોલવામાં આવે છે તેના ટેકામાં સરકારી શાળાઓ માટેની મરાઠી પાંચમી ચોપડી તથા ઈસપનીતિના મરાઠીમાં કરેલા તરજુમાની ચોપડી મી. તીલકે રજુ કરી તેમાંથી "વરન ખાલી" નો તેઓએ જણાવ્યા પ્રમાણેજ અર્થ થાય છે એમ દેખાડનારાં વાક્યો ટાંકી બતાવ્યા હતા. પ્રોફેસર ભાનુનાં ભાષણમાં એ શબ્દો આવેલા છે અને તેમનો હું કહું છું તેવોજ અર્થ થાય છે એમ સમજીને જ પ્રમુખ તરીકે છેવટે બોલતાં તે ભાગ વિષે ખાસ ઇસારો કરી મેં જણાવ્યું હતું કે, આવા પ્રસગો ઉપર પણ આપણે આપણા વચેના મતભેદ અને અંટસ ભૂલી જઇને એકત્ર ન થઈએ તો દેશ કદી પણ આબાદ થવા પામે નહીં. "લાવુન દયા દાદતી" એ શબ્દો વિષે હવે મારે ખુલાસો કરવો છે. "દાદ" શબ્દ પોતે એવો છે કે તેમાં જબરીથી કામ મેળવવાનો વિચાર દાખલ થઇ શકેજ નહીં. "દાદ"નો અર્થ કોઇ દુઃખ માટે ફરિયાદ ઊઠાવવાનો થાય છે. "લાવુન દયા" એ "લાવ" ક્રિયાપદનો પ્રેરક ભેદ છે અને હું ખાત્રીથી કહું છું કે મરાઠી સાહિત્યમાંથી કોઇ પણ એવું વાક્ય બતાવી નહી શકાસે કે જેમાં "દાદ" ના સંબંધમાં જબરાઇ વાપરવાની સુચના આવતી હોય. "દાદ માગતે" અને "દાદ લાઊનગેને" એ બે જુદાં વાકયો છે. "દાદ માગણે" પ્રમાણે જાતે દાદ માગવા જવાનું અને "દાદ લાવુન દયા" પ્રમાણે અરજી અથવા બીજાની મારફતે દાદ માગવાનું હોય છે.

જડજ—તમે એમ કહો છો કે "દાદ લાવુન દયા" માં દાદ જબરાઇથી મેલવવી એઓ અરથ થતો નથી, પણ અરજી કરીને તે માગવી એવો થાય છે.

મી૦ તીલક—હા, પ્રોફેસર પ્રાંજપેના ભાષણમાંના જે શ્લોકોનો સરકારી તરજુમો ખો[illegible] છે તે બને મહાભારતમાંથી લીધેલા છે. તે[illegible] અરથ એવો થાય છે કે "અસતોષ આબાદ[illegible] છે. પણ સંતોષ આબાદીનો નાશ કરે[illegible] લમાં તે બે વાકયો છે અને તે બે શ[illegible]

છે, પણ સરકારી તરજુમામાં ખોટી રીતે તે એકજ વાકય હોય એમ તેનો તરજુમો કરવામાં આવ્યો છે. વળી આ શબ્દો રાજા દુર્યોધન પોતે બોલે છે અને તે એમ કહેવા માગે છે કે રાજાઓએ હમેશાં અસંતોષ રહેવું જોઇએ. એવોજ વિચાર "હિતોપદેશ" માં પણ આપવામાં આવેલો છે.

ત્યાર પછી નામદાર જડજને મી. તીલકે જણાવ્યું કે હવે તમો નામદાર બીજો જે ખુલાસો માગો તે આપવાને હું તૈયાર છું.

નામદાર જડજે જણાવ્યું કે હું પોતે કાંઈ પૂછવા માગતો નથી.

કોર્ટના પૂછવાથી બીજા પ્રતિવાદીએ નીચેનો લખીત ખુલાસો રજુ કર્યો હતો.

બીજા તહોમતદાર મી. કેશવ મહાદેવ બાળ તરફનો ખુલાસો.

હું કબુલ કરૂં છું કે આર્યભૂષણ પ્રેસના મેનેજરની વિનતિથી ૧૮૯૬ ના અકટોબર માસથી તે હાલના આરોપ માટે મને પકડવામાં આવ્યો ત્યાં સુધી પુણા ખાતે મેં તેમના બદલે કામ ચલાવ્યું હતું. હું વધારે કબૂલ કરૂં છું કે કામ ચલાઉ મેનેજરની ફરજ તરીકે "કેસરી" અને "મરાઠા" પત્રોમાં પ્રકટ કરવામાં આવતાં લખાણોનાં પ્રુફો સુધારા માટે મી. તીલક ઉપર અથવા તેમની ગેરહાજરીમાં તેઓ કહી જાય તેમના ઉપર હું મોકલી આપતો હતો. પ્રુફો હું જાતે વાંચતો અથવા સુધારતો અથવા તે પ્રકટ થયા અગાઉ તેમાંના લખાણથી હું માહીતગાર રહેતો હતો તે બીના હું તદન નાકબુલ કરૂંછું. હું માનપૂર્વક જાહેર કરૂં છું કે લખાણો પ્રકટ થવા અગાઉ હું તે વિષે માહીતગાર રહેતો હતો એવું દેખાડનારી કાંઇપણ જુબાની કોર્ટ હજુર પડી નથી. એક વાર કબુલપણ કરીએ કે તે લખાણો અથવા તેમાંના કોઈ લખાણો ફોજદારી કાયદાની કલમ ૧૨૪ એમાં બતાવ્યાપ્રમાણેની નલબથી પ્રકટ કરવામાં આવ્યા હતા (હું તદન બુલ કરૂં છું.) તો પણ હું કહું છું કે તે કલમમાં મતલબ મારી હતી એ વાત ખરી નથી, કોઈ મારી મતલબ વિષે જુરીના ગૃહસ્થો ૧ જુબાની પડી નથી. વળી નામદાર કોર્ટ હજુર બહુજ માનપૂર્વક રીતે હું ખુલાસો કરવા માગું છું કે આ મુકરદમામાં મારો બચાવ કરવા માટે કલકત્તાના એક બારીસ્ટરને મેં રોકયા હતા તથા મારો મુકરદમો તેમને સોંપ્યો હતો પણ તે બારીસ્ટરને મારા બચાવ માટે કામ કરવા દેવાની પરવાનગી આપવામાં આવી નહોતી. આ મુકરદમો મારે પુના ખાતે ચલાવવો હતો, અને મને મળેલી સલાહ મુજબ જો તે પુના ખાતે ચલાવવામાં આવ્યો હોત તો મારો બારીસ્ટર ત્યાં પોતાના હકની રૂએ આવ્યો હોત. એટલી ટીકા સાથે હું મારો મુકરદમો નામદાર કોર્ટ અને જુરીના ગૃહસ્થોની મુનસફી ઉપર નમનતાઈથી સોંપું છું.

ઉપરનો ખુલાસો નામદાર જડજે જુરી આગળ વાંચી સંભળાવ્યા પછી બીજા પ્રતિવાદીએ જણાવ્યું કે જુરીએ મારો પગાર જાણવાની ઇચ્છા બતાવ્યાથી હું જણાવું છું કે મને દર માસે રૂ. ૩૦ નો પગાર મળે છે.

મરાઠી ભાષાના કોઇ વિદ્વાનને શાક્ષી તરીકે બોલાવવાની નામદાર જડજની ઈચ્છા.

નામદાર જડજે આ પછી એડવોકેટ જનરલ તરફ ફરીને જણાવ્યું કે અત્રે જે તરજુમા રજુ કરવામાં આવ્યા છે તેમના સંબંધમાં ઘણો વાંધો લેવામાં આવ્યો છે. તેમાંના જે શબ્દો વિષે વાંધો લેવામાં આવ્યો છે. તેમાંના કેટલાક ઘણી અગત્યતા ધરાવતા નથી. મને તથા જુરી બંનેને તેથી કેટલીક અગવડ થાય એમ લાગે છે. જો કે મેં સંપૂર્ણ રીતે હજી વિચાર કર્યો નથી તોપણ મને હમણાં એવો વિચાર આવે છે કે મરાઠી ભાષામાં જેનું બોલવું પ્રમાણ થાય એવા કોઇ ગ્રહસ્થને શાક્ષી આપવાને મારે બોલાવવો.

એડવોકેટ જનરલ—મને તે સામે કશો વાંધો નથી.

જડજ—જુરીને તેથી મુકરદમો સમજવામાં વધારે સગવડ થશે એમ હું ધારૂં છું.

એડવોકેટ જનરલ—ત્યારે તે જુબાની લેવામાં આવે તેટલા વખત સુધી મારૂં ભાષણ મારે મુલતવી રાખવું. ?

જડજ—હા; હું શાક્ષી બોલાવીશજ એવા નક્કી ઠરાવ ઉપર હજી આવ્યો નથી. મારી નોંધ હું ફરીથી વાંચી જોઇશ અને તે પછી તે વિષે હું ઠરાવ કરીશ. તમારા ભાષણની વચ્ચે ખલલ નહીં થાય તે માટે તમારૂં ભાષણ તમે આવતી કાલ ઊપર મુલતવી રાખશો તો અડચણ નથી. હમણા સાડાચાર તો વાગ્યા છે તેટલા વખતમાં તમો ઝાઝું કરી શકવાના નથી.

મી. પ્યુ—જો તમો નામદાર શાક્ષી બોલાવવાના ઠરાવ ઉપર આવો તો હું માનપૂર્વક અરજ કરીશ કે કોઇ મહોમેડનને નહીં બોલાવશો; કેમકે જે બે લખાણોને આધારે પ્રતિવાદી સામે આરોપ મેલવામાં આવ્યો છે ને મહોમેડન સાથે સંબંધ ધરાવે છે.

જડજ—હું એવા શાક્ષીને બોલાવીશ કે જેના નિષ્પક્ષપાતપણા વિષે કોઇને કોઇ પણ શક નહીં રહે. કોર્ટ આ પછી બીજા દિવસપર મુલતવી રહી હતી.

ચોથી બેઠક.

તા૦ ૧૧ મી સપટેમ્બર શનીવાર ૧૮૯૭ ના રોજ આન. મી. ટીલક અને "કેસરી" પત્રના પ્રીન્ટર મી. બાલવાળા મુકરદમાની તપાસ બપોરબર અગિયાર વાગે હાઇકોર્ટમાં ચાલી હતી. પક્ષકારોના વકીલ બેરારટરો આગલે દિવસે જે હતા, તેજ હાજર થયા હતા. લોકોની ગરદી આગલા દિવસના કરતા વધારે હતી. મુકરદમો સાંભળવામાં લોકોનો ઉત્સાહ વિશેષ જણાતો હતો.

અર્થ કરવા કોઇ સ્વતંત્ર વિદ્વાનને બોલાવવાની જરૂર નથી.

કોર્ટનું કામ શરૂ થતાં નામદાર જડજે એડવોકેટ જેનરલને જણાવ્યું કે વાંધાવાળા તરજુમાઓના સંબંધમાં કોઇ સ્વતંત્ર મરાઠી વિદ્વાનને કોર્ટ તરફથી સાક્ષી દાખલ બોલાવવાના સવાલ વિષે મેં વધુ વિચાર કર્યો છે અને તે પરથી હું એવા નિશ્ચયપર આવ્યો છું કે કોર્ટે કોઈ સાક્ષી બોલાવવા નહીં.

એડવોકેટ જેનરલે સરકાર તરફથી કરેલું છેવટનું ભાષણ.

એડવોકેટ જેનરલ મી૦ લેંગે તે પરથી સરકાર તરફનું છેવટનું ભાષણ કર્યું હતું. તેણે જણાવ્યું કે. મારા વિદ્વાન મિત્ર મી૦ પ્યુએ પોતાના ક્ળ તરફથી કોઇ પણ સાક્ષીને નહી બોલાવવાનુ પસંદ કર્યું છે, અને બીજા પ્રતિવાદીએ પણ પોતાના તરફથી કોઇને નહી બોલાવવાનું પસંદ કર્યું છે: એટલે કોર્ટ આગળ ફરિયાદીપક્ષ તરફથી જે જુબાની રજુ કરવામાં આવી છે તેનો સાર તમારી આગળ કહી જવાની ફરજ મારે માથે આવી પડી છે. જુરીના ગૃહસ્થો જાણીને સંતોષ પામશે કે કોર્ટ આગળ જે લખાણો તથા દસ્તાવેજો રજુ કરવામાં આવ્યાં છે તે ફરીથી આખાં વાંચી જવાનો હું ઇરાદો રાખતો નથી. તેમાંના જુદા જુદા ફકરાઓ પર હું તમારૂ લક્ષ ખેંચીશ, પણ તેમ કરતાં હું માની લઇશ કે તે સઘળાં લખાણોની આખી મતલબ તમાવાં ધ્યાનમાં છે; કેમકે છુટા છવાયા ફકરાઓ પર નહીં પણ આખાં લખાણો પર સામાન્ય રીતે તમારા આધાર રાખવો જોઇશે. વાંધાવાળાં લખાણો પર જવા પેહેલાં બીજા પ્રતિવાદીની સ્થિતિ પર તેમજ ગઇ કાલે (શુક્રવારે) તમારી આગળ જે લખીત ખુલાસો તેઓએ જે રજુ કર્યો છે તેમાં તેઓએ જે ટીકા કરીછે તે પર તમારૂં ધ્યાન ખેંચીશ.

મુકરદમો પુનામાં નહીં ચલાવતાં મુંબઇમાં ચલાવવાનાં કારણો.

બીજા પ્રતિવાદીએ ફરિયાદ કરી છે કે મુકરદમો પુના ખાતે ચલાવવાને બદલે મુંબઇમાં ચલાવવામાં આવ્યો છે. પેહેલા પ્રતિવાદી તરફથી પણ એવો જ વાંધો લેવામાં આવશે કે કેમ તે હું જાણતો નથી. પુનામાં છાપવામાં તથા પ્રકટ કરવામાં આવતાં એક પત્રપર અલબત પુનાની કોર્ટ સત્તા ધરાવે છે, પણ જે પત્ર મુંબઇમાં પણ ફેલાતું હોય તેપર મુંબઇના પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટને પણ સત્તા છે, અને સત્તાની રૂઇએ મુંબઇના માજીસ્ટ્રેટે મુકરદમો
ટમાં મોકલી આપ્યો છે. મુંબઇમાં આ મુકર
વાની ગોઠવણ કરવામાં આવી હતી તેના

રીના ગૃહસ્થો મારી સાથે મળતા થશે કે તેવી ગોઠવણ કરવામાં ફરિયાદી પક્ષ તદ્દન વ્યાજબી હતો. મુંબઇમાં પ્રતિવાદીઓની તપાસ ખાસ જુરી મારફતે ચલાવી શકાય, અને થોડા વખતની વાતપર પુના અને ત્યાંના રહેવાસીઓ જે સ્થિતિમાં હતા તે જોતાં—જોકે મને ઉમેદ છે કે હવે તે સ્થિતિ પાછી ફેરવાઇ ગઇ છે—ત્યાં તપાસ ચલાવવી ઠીક સમજવામાં આવી ન હોતી, મુંબઇની સ્થિતિ બીજા હાથપર વધારે શાંત હતી અને તેટલા માટે મુકરદમાની તપાસ માટે તે વધારે પસંદ કરવા જેવી હતી.

કાયદા પ્રમાણે બીજા પ્રતિવાદીને જોખમદાર ગણવોજ જોઇએ.

હવે બીજા પ્રતિવાદીએ પોતાના બચાવમાં જણાવ્યું છે તે ખરૂં છે કે જે લખાણો વિષે કામ ચલાવવામાં આવ્યું છે તે છાપવા પેહેલાં તેનાં પ્રુફ તેને મળ્યા નહીં હતા, પણ નામદાર જડજ તમારી આગળ ખુલાસો કરશે કે તેથી તેમની સામેના મુકરદમાપર કશી અસર થતી નથી. જે છાપખાનામાં તે લખાણો છાપવામાં આવ્યાં હતાં. ત્યાં તેઓ મેનેજર હતા, અને તેટલા માટે કાયદાની નજરે જોતાં તે છાપખાનામાંથી જે કાંઇ લખાણ પ્રકટ કરવામાં આવે તે માટે તેઓજ જોખમદાર છે. તેઓ છાપખાનાના મેનેજર હતા તે વિષે ખાત્રી ભરેલી જુબાની તમારી આગળ આપવામાં આવી છે, અને તે એવી મતલબની છે કે જાથુકના મેનેજર મિ. ગોખલે અકટોબર માસમાં રજા પર ગયા ત્યારથી છાપખાનાનો વહીવટ બીજા પ્રતિવાદી કરતા હતા. વાંધાવાળાં લખાણોનો જે અર્થ ફરિયાદી પક્ષ કરે છે તેવોજ થતો હોય તો પણ અલબત બીજા પ્રતિવાદીનો અપરાધ તે લખાણો પત્રમાં દાખલ કરનાર પેહેલા પ્રતિવાદીના જેટલો ગંભીર નહીં ગણાશે; પણ તે સવાલ સાથે તો ગૃહસ્થોને કશું લાગતું વળગતું નથી; તે સવાલ સજા ફરમાવતી વખતે નામદાર જડજ પોતે લેશે.

:—ધારો કે લખાણ છપાવા આગમચ બીજા પ્રતિવાદી તે વિષે તદ્દન અજાણ્યા હતા એમ જણાય તો તેટલું છતાં પણ તેમને ૧૨૪ A કલમ પ્રમાણે અપરાધી ઠરાવી શકાય?

મિ. લેંગ—હું ધારૂં છું કે તેઓ તે લખાણો માટે મેનેજર દાખલ જોખમદાર હતા.

જડજ—પિનલકોડની કલમપર તમે ધ્યાન આપશો. તે કલમમાં બેદીલી ઉશ્કેરવા અથવા ઉશ્કેરવાની તજવીજ કરવાનું કામ ગુન્હા ભરેલું ગણ્યું છે, અને પ્રતિવાદી જો જુરીને એવી ખાત્રી આપે કે તેઓ તે લખાણો વિષે કશી માહિતી ધરાવતા નહીં હતા તો તેટલું છતાં પણ તેમની સામે બેદીલી ઉશ્કેરવા તજવીજ કરવાનો અપરાધ મૂકી શકાય કે?

મિ૦ લેંગ—પ્રતિવાદીએ એ લખાણ છાપખાનાની બહાર જવા દીધાં એટલે તેઓ આ કલમ પ્રમાણે અપરાધી છે, પણ એ બીના પર હું ભાર મુકવા ઇચ્છતો નથી, કેમકે બીજા પ્રતિવાદી સામેનો મુકરદમો પેહેલાં મુકરદમાના જેટલી અગત્યતા ધરાવતો નથી.

કાયદાની જે કલમને આધારે પ્રતિવાદીઓ સામે અપરાધ મૂકવામાં આવ્યો છે તે જુરીના ગૃહસ્થ આગળ હું ફરીથી વાંચી સંભળાવીશ એમ જણાવી તે તથા બંગાળાના માજી વડા જડજ સર કમર પેટેરમે તે વિષે "બંગબાસી" પત્ર સામેના મુકરદમામાં કરેલો ખુલાસો મિ. લેંગે અત્રે ફરીથી વાંચી સંભળાવ્યો, અને જણાવ્યું કે જે શબ્દો માટે ફરિયાદ ઉઠાવવામાં આવી છે તેથી કોઇ અમુક શખ્સ બેદીલ થયો હતો એમ બતાવવાની ફરજ ફરિયાદી પક્ષ ધરાવતો નથી; ફરિયાદી પક્ષ એટલુંજ બતાવે તો બસ છે કે એ શબ્દોની અસર તેવી બેદીલી ઉપ્પન્ન કરે તેવી છે અને પ્રસંગ મળવે તેની અસરથી કોઇ શખ્સ સરકારની સત્તાની સામે થવાને અથવા તેનો અનાદર કરવાને તૈયાર થાય.

પેહેલા પ્રતિવાદી તેમની કોમમાં આગેવાન અને લાગવગ ધરાવનારા છે—તેમના પત્રનો મ્હોટો ફેલાવો.

હવે "કેસરી" પત્રના જોખમદાર અધિપતિ અને પ્રકટ કરનાર પેહેલા પ્રતિવાદી કોણ છે તે ઉલ

ટમાલટ તપાસમાં પડેલી જુબાની પરથી જુરીના જા ણવામાં આવ્યું હશે. તેઓએ જોયું હશે કે તેઓ એ પત્રના માલેક, ધારાસભાના એક સભાસદ પુનાના જૂના વિચારવાળા હિંદુઓના પક્ષના એક આગેવાન અને મુંબઇની યુનિવર્સિટીની બી. એ. તથા એલ. એલ. બી. ની પદ્વી ધરાવ્યા ઉપરાંત તે યુનિવર્સિટીના એક ફેલોછે. હિંદુમંડળમાં તેઓ સારો દરજ્જો ધરાવેછે, અને તેટલા માટે તે મંડળમાં કેટ લાક લાગવગ ધરાવનારા તેઓ હોવા જોઇએ તે સ મજી શકાશે. વળી તેમનાં પત્રનો ફેલાવો મ્હોટોછે, અને તા૦ ૧૫ મી જુનનો "કેસરી" પત્રનો અંક જેને આધારે આ ફરિયાદી માંડવામાં આવીછે તેના સંબંધમાં તમને યાદ હશે કે અત્રે પડેલી જુબાની પ્રમાણે મુંબઇ ઈલાકામાં તથા બીજી તરફ મળીને લગભગ, સાત હજાર નકલોનો ફેલાવો કરવામાં આ વ્યો હતો, તથા તે મધેની લગભગ નવસો અથવા એક હજાર નકલો એકલાં મુંબઇ શહેરમાં ફેલાવવામાં આવી હતી. તે બીના ધ્યાનમાં લેતાં એ પત્રને એક નિર્જીવ પત્ર તરીકે લેખીને બા જુએ મુકી દેવામાં આવશે નહીં. દરજ્જાવાળા એક આસામી એ પત્રના અધિપતિ છે, તેનો મ્હોટો ફે લાવો છે અને મુખ્ય કરીને હિંદુઓ માટે મરાઠી ભાષામાં તે પ્રકટ કરવામાં આવે છે. ગૃહસ્થો, જો ત મે એવા મતપર આવો કે વાંધાવાળાં લખાણો બે દીલી ઉત્પન્ન કરે એવાં છે એવો સાર ખેંચવામાં ફરિયાદી પક્ષ વ્યાજબી છે તો પછી તમોએ સરકાર અને પ્રજા વચ્ચેના સંબંધને ધ્યાનમાં લેવો જોઇશે, અને સરકારની ખાસ સ્થિતિને ધ્યાનમાં લીધા પછી તમને વિચાર કરવાનો છે કે લોકો બેદીલ થાય એટલે દર જ્જે તેમની લાગણી ઉશ્કેરવાની તજવીજ કરવામાં આવી હતી કે નહીં. સરકારને માટે પેહેલા પ્રતિવાદીએ શું શબ્દો વાપર્યા છે તે તમો જાણોછો. તેણે તેને પારકી સરકાર અને પરદેશીઓની બનેલી સરકાર એવી ઉપમા આપી છે તથા દેશના રહેવાશીઓને જીતાયલી પ્રજા તરીકે ઓળખાવ્યા છે. તેના સબંધમાં તમારૂં ધ્યાન તા૦ ૩૦ મી મેના 'મરાઠા' પત્રના અંકમાં "વડોદરાનાં રાજ્યમાં હથિઆરોને લગતો કાયદો" એવાં મથાળા નિચે કરવામાં આવેલાં લખાણ પર ખેંચીશ. તેમાં જણાવ્યું છે કે "અંગ્રેજ રાજ કર્તાઓ એમ માને છે કે પ્રજાના અર્થમાં હથિયાર રાખવામાં આવે તો કોઇ દિવસે તે હથિઆરો તે ઓ તેનીજ સામે વાપરે. એ વિચાર થોડે દરજ્જે લાભદાયક છે, કેમકે અંગ્રેજ સરકાર એક પારકી સરકાર છે અને કાયદાસર છૂટાપણું મેળવવાની તજવીજમાં નિષ્ફળ જાય તો કોઇક દિવસે હથિયારો તેમને વાપરવાં પડે." પહેલા પ્રતિવાદી અંગ્રેજ સર કાર માટે એવો વિચાર ધરાવે છે.

શિવાજીના મહોત્સવને પ્રતિવાદીએ આપેલું રાજદ્વારી રૂપ.

હવે હું તમારૂં ધ્યાન મારા વિદ્વાન મિત્ર પ્રતિ વાદીની વફાદારી બતાવવા અર્થે રજુ કરેલાં લખા ણમાંના એક ફકરાપર ખેંચીશ. તેમાં તેઓએ સરકા રને પારકી સરકાર કહી છે તથા પ્રજાને પારકા અમલના જુલમથી ખમવું પડતું જણાવ્યું છે. તમો ગૃહસ્થોએ ધ્યાનમાં રાખવાનું છે કે ૧૨૪ A કલમમાં જે સરકાર વિષે બોલવામાં આવ્યું તે અંગ્રેજ સર કાર છે. દેશના લોકો અંગ્રેજ સરકારની સામા થવામાં કેટલેક દરજ્જે વ્યાજબી ગણાય તે વિચાર તમોએ વ્યાજબી ગણવો નહીં. તમારે ફકત એટલુંજ જોવાનું છે કે લખાણ બેદીલી ઉત્પન્ન કરે એવું છે કે નહીં. હવે હું તમારૂં ધ્યાન શિવાજી મહોત્સવ પર ખેંચીશ. હું તમોને પ્રથમથીજ કહી ગયોછું તેમ ફરીથી કહી શ કે દખણના કે દેશના બીજા કોઇપણ ભાગના લોકો શિવાજીની જન્મગાંઠ અથવા તેઓ ગાદીએ બે સવાના દિવસનો મહોત્સવ પાળે તે સામે ફરિયાદી પક્ષ કે કોઇપણ પક્ષ ફરિયાદ ઉઠાવે નહીં. શિવાજી ખરેખર એ મહાન પુરૂષ હતા અને તેઓએ પોતા ના સ્વદેશ માટે ઘણું કર્યું છે અને તેમની યાદગીરી કાયમ રાખવા સામે કોઇ પણ સરકાર વિષેશ કરીને અંગ્રેજ સરકાર વાંધો ઉઠાવે નહીં; પણ જે દસ્તાવે જો કોર્ટમાં રજુ કરવામાં આવ્યા છે તે પરથી ત[illegible] જોશો કે થોડુંક થયાં શિવાજી મહોત્સવને રાજ્ય[illegible] રૂપ આપવામાં આવ્યુંછે તથા તેનો લાભ લ[illegible] લના રાજ્યકર્તાઓ સામે બેદીલી ઉત્પન્ન કરવ[illegible]

જ કરવામાં આવી છે. શિવાજીએ પોતાના દેશને મુસલમાનોના અમલમાંથી છોડવ્યો હતો તથા દેશના એક મ્હોટા ભાગ પર સ્વરાજ્ય સ્થાપ્યું તે તમારે ધ્યાનમાં રાખવું. મહોત્સવની નેમ શરૂઆતમાં ગમે તેવી હોય પણ પાછળથી રાજ્યદ્વારી વિચારો લોકોમાં ફેલાવવાનું સાધન તેને બનાવવામાં આવ્યું હતું. તે બીના બે લખાણો દ્વારે હું તમને દેખાડીશ. તેમાંનું એક તો મારા વિદ્વાન મિત્રે પોતેજ રજુ કરેલું 'યોદ્ધાઓની પુજા' એવાં મથાળા નિચે "કેસરી પત્રના તા૰ ૧ લી જુનના અંકમાં કરવામાં આવેલું લખાણ છે. તેમાં એમ જણાવ્યું છે કે, "જેમ યુરોપિયન દાની, શેક્સપિયર, ગીથે અને બીજા કવિઓના લખાણો માટે મગરૂર છે અને તેમના ભણી પોતાનો ભક્તિ ભાવ દેખાડવાને ચૂકતા નથી. તેમ કાલિદાસ, ભવભુતિ, મોરોપંત, તુકારામ તથા બીજા મ્હોટા સંસ્કૃત તથા મરાઠી કવિઓ ભણીનો આપણો પ્રેમ અથવા માન આપણા મનમાંથી નીકળી ગયાં નથી; એટલુંજ નહી પણ આ અમલ નિચે એ યોદ્ધાઓની ખાસ રીતે પુજા કરવાનો પ્રસંગ આપણુને મળ્યો છે. પરદેશી અમલ નિચે માત્ર રાજ્યધારી મહોત્સવજ બંધ પડ્યા છે અને તે બંધ પડે તે પરદેશી અમલનું સ્વાભાવિક પરિણામ છે. તે કારણથી શ્રી શિવાજી મહારાજ જેવા મ્હોટા યોદ્ધાઓને આપણે ભુલી ગયા અને તેથી જે રાજ્યદ્વારી લાગણીઓ અને ઉભરાઓ આપણા હૃદયમા ઉભરાવા જોઇએ અને જે રાજ્યદ્વારી કેળવણી આપણાને મળવી જોઇએ તેથી આપણે લગભગ સદંતર બે નશીબ રહ્યા છીએ "—તા. ૪ થી મેનો જે અંક મેં રજુ કર્યો છે તેમાં એ હકીકત વધારે જોરથી લખી છે અને મુકરદમો શરૂ થતાં મેં તે લખાણ રજુ કર્યું ત્યારે મી. પ્યુએ તે સામે વાંધો લીધો હતો કે તે તો માત્ર એક ચર્ચાપત્રીનું લખાણ છે, અને તેને માટે "કેસરી"ના અધિપતિને જોખમદાર ગણવા જોઇએ નહીં. પણ ...ગ મિત્રને તે લખાણની સામે મત ધરાવતું બીજું ...લખાણ દાખલ કરવાની જોગવાઇ હતી પણ તેવું કોઈ લખાણ દાખલ કર્યું નથી. વળી તે લખાણ ચર્ચાપત્ર જેવું લાગતું નથી. એ લખાણ ઘણી રીતે જાણવા લાયક છે. તેમાં એમ બતાવવામાં આવ્યું છે કે બ્રાહ્મણો ઉપર જુલમ ગુજારવામાં આવે છે અને વાઇ ખાતે બનેલા બનાવને લીધે સરકારે એવો જુલમ કરવો ચાલુ રાખ્યો છે. તેમાં શીવાજીના જેવો બીજો માણસ ઉભો થાય એવી ઇચ્છા બતાવવામાં આવી છે, અને તેનો અર્થ એવોજ થાય કે હમણાના પરદેશી અમલને શીવાજીની માફક ઊખેડી નાંખનાર કોઇ બીજો શીવાજી થાય. શીવાજી મહોત્સવ પાળવાની હાલની મતલબતે કેવી છે તે તે ઉપરથી સમજી શકાશે.

તરજુમાં સામે લીધેલો વાંધો વાંધાવાળા શબ્દો ઉપર વજન નહી રાખવાની સુચના.

કોર્ટ આગળ રજુ કરેલા તરજુમાના સંબંધમાં વાંધા ઊઠાવવાને પ્રતિવાદી તરફથી કરવામાં આવેલી તરેહવાર તજવીજ ઉપર જુરીઓ ધ્યાન આપવાનું છે. તે તરજુમા મહેરૂનો નહીં પણ કોર્ટના એક હિંદુ દુભાશીઆએ કરેલા છે. મી૰ બેગને તેની સાથે કોઇ સંબંધ ન હોતો પણ તે બાબદ તેમની ઉલટ પાલટ તપાસ કરવાનો હક મારા વિદ્વાન મિત્ર ધરાવતા હતા અને તે વિષે મારે ફરીઆદ પણ કરવી નથી, પણ એ તરજુમા ખોટા હતા તો તે માટે મરાઠી સાહિત્યના કોઇ પ્રવિણ ગૃહસ્થને પ્રતિવાદી પોતાની તરફથી બોલાવી શકત, પણ તેઓએ એવા સાક્ષીને બોલાવેલા નહીં હોવાથી તેમની જુબાની તથા શબ્દકોષના આધારે જુરીએ પોતાનું મત બાંધવું. આ મુકરદમામાં વાંધાવાળા અથવા કોઇ પણ અમુક શબ્દોને આધારે તમે તમારો મત બાંધશો એવું હું ધારતો નથી. જુરીએ કયો તરજુમો કબુલ રાખવો તેની મારે દરકાર નથી. તમો એ છુટા છવાયા શબ્દો ઉપરથી તમારૂં મત નહીં બાંધતાં સઘળાં લખાણો. વંચીને તે ઉપરથી મત બાંધવું જોઇએ.

બેદીલી કેવી રીતે ફેલવવાની તજવીજ પ્રતિવાદીએ કરી હતી?

હવે જે બે લખાણોને આધારે ફરિયાદી માંડવામાં આવી છે તેમાંનાં પેહેલા ઉપર હું તમારૂં ધ્યાન ખેંચીશ. તે લખાણ ઉપર "શિવાજીના શબ્દો"

એવું મથાળું કરેલું છે. તેની મતલબ એવી છે કે શિવાજી જાગ્રત થઇને બોલે છે કે મેં સ્વદેશનો છુટ કારો કરી સ્વરાજ્ય અને ધર્મની સ્થાપના કરી હતી. તે પછી હમણાની દેશની સ્થિતિ જોઇ તેઓ બોલે છે કે પરદેશીઓ લક્ષ્મીને હાથવડે જબરાઇથી અને જુલમ કરીને ઘસડી જાય છે. 'જુલમ કરીને' એ શબ્દો સામે વાંધો લેવામાં આવ્યો છે; પણ તે ખરો નથી, પણ મી૦ બેગ કહે છે કે તે ખરો છે. પણ એ શબ્દને હું ઘણી અગત્યનો ધારતો નથી. પ્રતિવાદીઓ કહે છે તેમ તેનો અર્થ ખીજવાટ ઉપજાવે એવી રીતે અથવા હેરાન કરીને એવો લઇએ તોપણ વાકયના સામાન્ય અર્થમાં ફેર પડતો નથી. તેમાં એવું સૂચવવામાં આવ્યું છે કે અંગ્રેજી અમલમાં દોલત હેરાન કરીને અથવા જુલમ કરીને ઘસડી લઇ જવામાં આવે છે. મારા વિદ્વાન મિત્ર મી. પ્યુએ "બાળબોધ" એ નામની એક ચોપડીમાંથી ચોકસ લખાણ "હિંદુસ્તાન વધારે પૈસાદાર કે વધારે ગરીબ થતું જાય છે?" એવા મથાળા હેઠળનું રજુ કર્યું છે; પણ હિંદુસ્તાન આખરે વધારે પૈસાદાર કે વધારે ગરીબ થતું જાય છે એ સવાલ ઉપર વિવેચન કરવામાં આવે તે સામે કોઇપણ વાંધો લે નહીં, પણ શિવાજીના શબ્દોને તે ધોરણપર લઇ શકય કે નહીં તે વિષે તમને વિચાર કરવા હું અરજ કરૂં છું કારણ કે તેમાં એ વિષયપર કાંઇ તકરાર કરવામાં આવી નથી, અથવા તે ખરૂં છે એમ દેખાડવાની પણ તજવીજ કરવામાં આવી નથી. અહીં તો એટલુંજ જણાવવામાં આવ્યું છે કે દેશ પાયમાલ થાય છે કેમકે પરદેશીઓ જબરાઇથી અથવા ખીજવાટ ઉપજાવે એવી રીતે દોલત ઘસડી જાય છે અને પછી એમ જણાવવામાં આવ્યું છે કે લોકો ભુખે મરે છે તથા છેવટે દિલગીરી બતાવવામાં આવી છે કે શિવાજીના અમલમાં જે સિપાઇઓએ પોતાનાં લોહી રેડયાં હતાં તેઓ હવે હૈયાતી ભોગવતા નથી. ખરી વાત એ છે કે જેઓ આગળ શિવાજીની સાથે લુટફાટ કરતા હતા તેઓ હવે ખેતીના સુલેહ ભરેલાં કામમાં રોકાયા છે અને દુકાળ પડે ત્યારે અલબત તેઓને ખોરાકીની તંગી પડે તે સ્વાભાવિક છે; પણ તે બનાવને સરકારની સામે બેદીલી ઉશ્કેરવા માટેના એક કારણ તરીકે લેખવામાં આવ્યું છે. તે પછી વળી એવી વાત કરવામાં આવી છે કે ધર્મના આગેવાનો એટલે બ્રાહ્મણોને હેરાન કરવામાં આવે છે તેમાં વાઇ ખાતે ચુકવવામાં આવેલા એક મુકરદમાનો ગેરવાજબી રીતે ઇસારો કરવામાં આવ્યો છે. સરકાર કોઇના પણ ધર્મની આડે આવતી નથી. વાત એમ છે કે ચોકસ બ્રાહ્મણોએ મેજીસ્ટ્રેટના હુકમનો અનાદર કરી મુસલમાનોની મસજીદ આગળથી પસાર થતાં વાજીંત્ર વગાડયાં હતાં અને તે માટે તેમને શિક્ષા ફરમાવવામાં આવી હતી. અલબત અંગ્રેજી અમલમાં બ્રાહ્મણના કે કોઇના પણ ધર્મ વચ્ચે તફાવત ગણવામાં આવતો નથી. સઘળાંઓ કાયદાની આગળ એક સરખાં છે; પણ જ્યારે બ્રાહ્મણોને કાયદાનો ભંગ કરવા માટે શિક્ષા કરવામાં આવી ત્યારે ઉશ્કેરવાનાં એક કારણ તરીકે ઉપયોગમાં લેવામાં આવ્યું છે.

વળી આગળ ચાલતાં એ લખાણમાં એમ જણાવવામાં આવ્યું છે કે ગોરાઓ અને દેશીઓ વચ્ચેના મુકરદમામાં અર્થ વગરના બ્હાનાં લાવી ગોરાઓ છટકી જાય છે. હવે અહીં જે ખાસ મુકરદમાઓ વિષે ઇસારો છે તે વિષે આગળ હું તમારૂં ધ્યાન ખેંચી ગયો છું અને તે જંગલખાતાના એક અમલદાર મી. ક્રેગને અકસ્માતરીતે એક સ્ત્રીનું ખુન કરવાને લગતો છે. તે અમલદાર ઉપર ગેરવાજબી રીતે અને સાંકડા મનથી હુમલો કરવામાં આવ્યો છે. શિકારમાં અકસ્માત ભુલો થવાનો સંભવ હોય છે અને મી. ક્રેગને તે સ્ત્રીને રીંછ સમજી ગોળી મારી હતી. પછી લખાણમાં એમ જણાવવામાં આવ્યું છે કે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની એક કલમ પ્રમાણે ભૂલથી ખુન કરવા માટે બે વર્ષના કેદખાનાની શિક્ષા થઇ શકે; પણ હું કહું છું કે એવી કોઇ કલમ છેજ નહીં.

વળી લખાણમાં એમ જણાવવામાં આવ્યું છે કે હમણા સ્ત્રીઓનું અપમાન કરવામાં આવે છે પણ તેના સંબંધમાં દાદ મેળવવામાં આવતી ન "દાદ લાવુન ઘા" એ શબ્દોના અર્થ ઉપર

વાદીઓ તરફથી બાર મેલવામાં આવ્યો છે, અને જણાવવામાં આવ્યું છે કે તેનો અર્થ કાયદાસર ફરિયાદ કરી ઉપાય કરાવવાનોજ થાય છે પણ મારી ખાત્રી છે કે આસપાસના લખાણ ઉપરથી તે બચાવને તમો વજનદાર ગણશો નહીં; કેમકે તેની સાથે એમ જણાવવામાં આવ્યું છે કે શિવાજીના વખતમાં તો એવા બનાવ વખતે હજારો તલવારોનો ઉપયોગ કરવામાં આવે. વળી તેમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે તમો નપુંશક અથવા હિચકારાની માફક એ સઘળું ખમી કેમ જાઓછો? તે શબ્દો બતાવે છે કે સત્તાવાળાઓને અરજ કરીને દાદ મેલવવાની વાત અહીં કરવામાં આવી નથી. વળી આગળ વધી હિંદી રાજાઓ વિષે ઇસારો કરવામાં આવ્યો છે કે કાંઇ પણ વાજબી કારણ વિના તેમની સતા લઇ લેવામાં આવે છે અને શેત્રંજની રમતના રાજાઓ જેવા તેઓ બાયલા બની ગયા છે. તે શબ્દમાં દેખીતી રીતે સુચવવામાં આવ્યું છે કે તેઓ બળ વાપરી સામે થતા નહીં. છેવટે એમ જણાવવામાં આવ્યું છે કે શિવાજી ચાહેત તો અંગ્રેજોને દેશમાંથી હાંકી શકત અને પછી શિવાજી અંગ્રેજોને કહે છે કે તમારી ઉપર મેં આભાર કર્યો છે તેના બદલા તરીકે મારાં બચ્ચાંઓ ઉપર કૃપા રાખો. શું તમે એમ નથી ધારતા કે આવું લખાણ હિંદુઓ વચ્ચે અંગ્રેજી રાજ્ય સામે બેદીલી ઉત્પન્ન કરવાનું છે? શું એમાં સરકારની સત્તાને માન આપવાની ઇચ્છા સાથે સરકારના કામ સામે માત્ર નાપસંદગી બતાવવાનીજ મતલબ રાખવામાં આવી છે? વળી એક રીતે આ લખાણમાં જણાવવામાં આવેલી સઘળી વાતો ખરી હોય તોપણ ન્ફેદારી કાયદા સંબંધી પોતાના પુસ્તકમાં મી. મેજજાણાવે છે કે બચાવ તરીકે તે હકિકત ચાલી શકે નહીં. સરકારની તકરાર હું ધારૂં છું કે વાજબી છે કેમકે આ લખાણની મતલબ વાંચનારાઓના મનમાં સરકાર વિરૂદ્ધ બેદીલીની લાગણી ઉત્પન્ન કરવાની છે.

અંગ્રેજી રાજ્ય ઉંધું વાળવા ઉસ્કેરવાની તેમની સમજાવટ.

હવે હું પ્રતિવાદીના બીજા લખાણ ઉપર આવું. આગળ કહ્યું છે તેમ અફઝુલખાનના મરણને લગતા ઇતિહાસ વિષે તકરાર ચલાવવામાં આવે અથવા સર ગ્રાન્ડ ડફ અને બીજા લખનારાઓ તેની વિગત આપવામાં ભૂલ કરી ગયા છે એમ બતાવવાની પ્રોફેસર ભાનુ અથવા બીજા કોઇપણ તજવીજ કરે તેમાં કાંઇપણ વાંધા જેવું નથી. જો પ્રોફેસર ભાનુના ભાષણનો સારજ માત્ર આપવામાં આવ્યો હોતતો તે માટે વાંધો નહોતો. દખણ કોલેજમાં પ્રોફેસર ભાનુએ તે બાબત આપેલું ભાષણ અને પ્રોફેસર બેને તે ઉપર કરેલી ટીકા પ્રતિવાદીઓ તરફથી બચાવમાં અત્રે રજુ કરવામાં આવી છે; પણ હું કહું છું કે તેને આ મુકદમાં સાથે કશો સંબંધ નથી. શિવાજીએ અફઝુલખાનને મારી નાખ્યો તે તેમનું કામ વાજબી દેખાડવામાં આવે તેમાં કાંઇ વાંધો નથી પણ તપાસવાનો સવાલ તે નથી. સવાલ એ છે કે શિવાજી મ્હોત્સવની હકિકત આપવાને બ્હાને પ્રતિવાદીએ હમણાની સરકાર સામે બેદીલી ઉત્પન્ન કરવાની તજવીજ કરી છે કે નહીં. આખું લખાણ વાંચતાં પ્રતિવાદીનો હેતુ જણાઇ આવે છે. પ્રોફેસર પ્રાંજપેના ભાષણમાં ડાયમંડ જ્યુબીલી સાથે ધર્મરાજે કરેલા મહાભારતમાં કરેલા રાજસુયજ્ઞને સરખાવી સાંભળનારાઓને એમ સૂચના કરવામાં આવી છે કે અંગ્રેજી અમલથી તેઓએ સંતોષ રાખવો નહીં, અસંતોષે આબાદી વધે છે અને દુસ્મનને હાથે અપમાન સહન કરવા કરતાં મરણ પામવું ભલું છે. ટુંકમાં લોકોને એમ સમજાવવાની તજવીજ કરવામાં આવી છે કે આપણે માથે જે ભયંકર બોજો છે તે દુર કરો અને ખોયેલી સ્વતંત્રતા વિષે તેમાં યાદ આપવામાં આવી છે. તે બતાવે છે કે જે ભયંકર બોજા વિષે તેમાં બોલવામાં આવ્યું છે તે અંગ્રેજી રાજ્ય છે. સ્વતત્રતાના અમોએ કરેલા અર્થ સામો વાંધો ઉઠાવવામાં આવ્યો છે; પણ જો તે અર્થ ખોટો હોય તો તે દેખાડવાને પ્રોફેસર ભાનુને પ્રતિવાદી તરફથી શાક્ષી તરીકે બોલાવવા હતા. વળી તમોએ ધ્યાનમાં રાખવાનું છે કે એ શબ્દોનો ઉપયોગ કયે વખતે કરવામાં આવ્યો હતો. સ્વરાજ્ય તેમને પાછું અપાવનાર શિવાજી ગાદીએ બેઠા તે દિવસની જન્મગાંઠના મ્હોત્સવ વખતે તે વાપરવામાં આવ્યા હતા. વળી

તેમાં એમ જણાવ્યું છે કે કોઇ વચ્ચે હરકત કરે તેને કાપી નાખો એટલે કે શિવાજીએ અફઝુલ ખાનને કાપી નાખ્યો હતો તેમ તમોએ પણ તમારી વચ્ચે આવનારને કાપી નાખવો. પ્રોફેસર જીનસીવાળાએ પોતાના ભાષણમાં ફ્રાન્સમાંથી રાજા નું રાજ્ય કહાડી નાખવાના સંબંધમાં થયેલા હુલ્લડ નો દાખલો આપી જણાવ્યું હતું કે પ્રજાના માર્ગમાં કાંટા સમાન થયેલાઓને કહાડી નાખવા માટે હુલ્લડ કરવામાં આવ્યું હતું એમ જણાવી ઘણા સારા માણસો તેનો બચાવ કરે છે. કાંટા કહાડવાની આ વાત ઉપરથી અંગ્રેજી રાજ્યને ઉખેડી નાખવાની સૂચના કરવામાં આવેલી સમજી શકાશે. પ્રોફેસર તીલકે પોતાના ભાષણમાં ભગવદ્ગિતાનો દાખલો આપ્યો છે કે દેશના ભલા માટે પોતાના ગુરૂ કે સગાને પણ મારવામાં કાંઇ અપરાધ નથી. એ શબ્દો હાલના વખત માટે કે શિવાજીના વખત માટે વાપરવામાં આવ્યા છે તેનો તોલ તમોએ કરવો. મ્લેચ્છોને હિંદુસ્તાન ઉપર રાજ્ય કરવાની સનંદ પરમેશ્વરે આપી નથી એ પાકવમાંની કાળ વિષે વાંધો લેવામાં આવ્યો છે; પણ તે વાંધો ઘણી અગત્યનો નથી, કેમકે કયા વખત માટે તેમાં બોલવામાં આવ્યું છે તે આખું લખાણ વાંચતાં સમજી શકાશે. તમોએ આખું લખાણ વાંચીને તે ઉપરથી સાર કહાડવો.

મરકીના સંબંધમાં તેઓએ બજાવેલી સેવા તથા સરકારી અમલદારોએ મ્હોત્સવના સંબંધમાં લીધેલો ભાગ ધ્યાનમાં નહીં લેવાની સૂચના.

પ્રતિવાદીઓ તરફથી જે કેટલાંક લખાણો તથા દસ્તાવેજો રજુ કરવામાં આવ્યાં છે તે મારા વિચાર પ્રમાણે આ મુકરદમા ઉપર કાંઇ પણ અસર કરે એવાં નથી. દાખલા તરીકે શિવાજીની ઘોરના સંબંધમાં ૧૮૮૪-૮૫ ના વર્ષમાં રાયગઢ તરફના અમલદારોએ ધ્યાન ખેંચવા વિષેનું લખાણ રજુ કરવામાં આવ્યું છે.શિવાજીની ઘોર શું તે હું સમજી શકતો નથી. હું તો એમ ધારતો હતો કે તેમની લાશને બાળી નાખવામાં આવી હશે. ગમે તે હોય પણ એમ જણાય છે કે તે ઘોરની મરામત માટે પાંચ રૂપિયાનું વર્ષાસન સરકારે બાંધી આપ્યું હતું; પણ સરકારે એવી મદદ આપી તે ઉપરથી કાંઇ એમ ઠરતું નથી કે શિવાજી ગાદીએ બેઠા તેના વાર્ષિક મ્હોત્સવનો લાભ લઇ અંગ્રેજ સરકાર સામે રાજદ્વારી ઉશ્કેરણી ચલાવવામાં આવે. એજ પ્રમાણે વળી પેહેલા પ્રતિવાદી મી. તીલકે મરકીના વખતમાં શું કર્યું તે બનાવને પણ મુકરદમા સાથે સંબંધ નથી. પુનામાં હિંદુ હોસ્પિટલ તેઓએ ઉભી કરાવી હતી એમ જણાવવામાં આવે છે. તે હકિકત ખરી હશે; પણ તે ઉપરથી કાંઈ તેમની વફાદારી અથવા પોતાના લખાણમાં બેદીલી ઉત્પન્ન કરવાની તેમની મતલબ નહોતી એમ સાબીત થતું નથી. વળી મરકી કેવી રીતે દાબી દેવી તે વિષે સૂચના કરનારૂં તેમનું એક લખાણ દાખલ કરવામાં આવ્યું છે. તેમની સૂચના સારી કે નઠારી હતી તે હું જાણતો નથી; પણ તા૦ ૪ થી મેના "મરાઠા" પત્રમાંનું જે લખાણ મેં દાખલ કર્યું તે ઉપરથી જોવામાં આવે છે કે સરકારે જે ઉપાયો લીધા હતા તે તેમને પસંદ નહોતા અને જે લશ્કરી સિપાઇઓ પોતાની જીંદગીના જોખમે મરકી દાબી દેવા રોકાયા હતા તેમના ઉપર તેમાં હુમલો કરવામાં આવ્યો છે. વળી જ્યુબીલીના વખતમાં પ્રતિવાદીએ તે વિષે કરેલાં જે લખાણો દાખલ કરવામાં આવ્યાં છે તે પણ અગત્યતા ધરાવતાં નથી. તેમાનાં ત્રીજા લખાણમાં તો એમ જણાવવામાં આવ્યું છે કે છેલ્લાં આઠ વર્ષમાં હિંદુસ્તાનને તો લાભ થયો નથી. તે હકિકત કાંઇ પ્રતિવાદીની વફાદારી જાહેર કરતી નથી. વળી જ્યુબીલીના પ્રસંગે જે રાજાઓ પોતાના ખર્ચે ઈંગ્લાંડ ગયા હતા તેમને કેવું અપમાન કરવામાં આવ્યું છે તે વિષે મેં જે લખાણ આગળ તમારી આગળ વાંચ્યું હતું તે પણ તમો ધ્યાનમાં રાખશો. નામદાર ગવરનરના ખાનગી સેક્રેટરીએ પ્રતિવાદી ઉપર મોકલાવેલા જે પત્ર તમારી આગળ વાંચવામાં આવ્યા છે તે ઉપરથી પણ તમે દોરાઇ ન જતા. મરકીના સંબંધમાં પ્રતિવાદીએ નામદાર ગવરનર ઉપર એક યાદી મોકલી હતી એ વાત ખરી છે; પણ તેને આ મુકરદમા સાથે કાંઇ લાગતું વળગતું નથી.

સરકારી અમલદારોએ પ્રકટ કરેલા લખાણ માટે સરકાર જોખમદાર નહીં અને તેનો આધાર પ્રતિવાદીને મલી શકે નહીં.

"બાળબોધ" નામે એક ચોપડીમાંથી ગઇ કાલે "હિંદ પૈસાદાર છે કે ગરીબ" અને "શિવાજીના શબ્દો" એ નામના બે લખાણ પ્રતિવાદીઓ તરફથી અત્રે દાખલ કરવામાં આવ્યાં છે. એ લખાણો દાખલ કરવાની મતલબ શું છે તે હું સમજી શકતો નથી. તે ચોપડી લખનાર સામે કામ ચલાવવામાં આવ્યું ન હોતું એટલા માટે પ્રતિવાદી પોતાનું લખાણ કરવામાં વાજબી હતા એવી તકરાર જો લાવવામાં આવતી હોય તો તે વજનદાર નથી. દેશમાં સેંકડો તથા હજારો ઉશ્કેરણી ભરેલાં પ્રકટ થતાં હશે; પણ તે સઘળાં કાંઇ સરકારની જાણમાં આવી શકે એમ નથી. જે લખાણ પ્રતિવાદીઓએ અત્રે રજુ કર્યાં છે તેમના સંબંધમાં ફરિયાદ ઉઠાવવામાં આવી નથી, તેથી કાંઈ પ્રતિવાદીનું લખાણ વાજબી ઠરતું નથી. શિવાજીના જે શબ્દો તેમાં આવ્યા છે તેમાંના કેટલાક વિચારો અમોએ જે લખાણ વિષે ફરિયાદ ઉઠાવી છે તેના જેવા છે તેમાં શક નથી; પણ તેમ છતાં તેમાં કાંઇ ફરિયાદોનો ઉપાય જબરાઇથી કરાવી લેવાની સૂચના કરવામાં આવી નથી. "પુષ્પ વાટિકા" નામની માત્ર છ આનાની કિંમતની એક નાની ચોપડીમાં આવેલા "દેશ હિતકારીપણા" વિષે આવેલી એક કવિતા પ્રતિવાદીઓ તરફથી અત્રે રજુ કરવામાં આવી છે. તે ૧૮૭૫ના વર્ષમાં પ્રકટ કરવામાં આવી હતી. તે સરકારી બુકડીપોમાં વેચાતી હતી અને એક સાક્ષીને ઇનામમાં એક સરકારી શાળામાં આપવામાં આવી હતી એમ જણાવવામાં આવ્યું છે; પણ સરકારના જોખમદાર અમલદારોની જાણમાં તે લાવવામાં આવી હતી કે કેમ તે કાંઇ જણાતું નથી. વળી એ કવિતા તેમજ ઉપર જણાવેલી "બાળબોધ" ચોપડી કેળવણી ખાતાના એક મદદનીશ ઇન્સ્પેકટરે રચી હતી તે ઉપરથી કાંઇ તમો ભોળવાતા નહીં. સરકારને પોતાના એવા અમલદારોનાં લખાણ માટે જોખમદાર ગણવી જોઇતી નથી. મેજર કેનડીએ રચેલી મરાઠી પાંચમી ચોપડીમાં શિવાજી વિષે કરવામાં આવેલું જે લખાણ દાખલ કરવામાં આવ્યું છે તે નિર્દોષ છે અને ગમે તેવો સખ્ત ટીકાકાર પણ તે સામે વાંધો નહીં લઇ શકે. વળી એ સઘળાં લખાણો હમણાના વખતની નહીં, પણ આગલા વખતની વાતો કરે છે.

જુરીને એડવોકેટ જનરલની છેવટની ભલામણ.

હું ધારૂં છું કે પ્રતિવાદીઓ તરફથી દાખલ કરવામાં આવેલાં એટલાંજ લખાણો વિષે મારે બોલવું છે અને તેમના વિષે વધારે ટીકા હવે હું નહીં કરીશ. આ મુકરદમાપર તમો ચુકાદો આપો તે પહેલાં વડોદરા રાજ્યમાં હથિયારોને લગતો કાયદો અને લન્ડન ગયેલા હિંદી રાજાઓ વિષે મરાઠા પત્રમાં આવેલાં જે લખાણો મેં દાખલ કર્યાં છે તેપર તમે ધ્યાન પહોંચાડશો. જે લખાણો વિષે અમે ફરિયાદ ઉઠાવી છે તે કરવામાં પ્રતિવાદીની નેમ શું હતી તેની તુલના કરવા માટે તે તમે ધ્યાનપર લેશો અને અલબત નામદાર જડજ તમને સૂચવશે તેમ છૂટાછવાયા વાકયોને લઇને નહીં પણ આખાં લખાણોને સામટાં વાંચીને તમોએ મત આપવો કે ફરિયાદી પક્ષ તેમનો જે અર્થ કરે છે તે ખરો છે કે નહીં. તમારી આગળ આ મ્હારૂં છેવટનું ભાષણ છે, અને તે કરતાં મારા પોતાના કાંઇ શબ્દોથી તમારી તાજુબી અથવા તમારો જુસ્સો ઉશ્કેરવાની તજવીજ કરીશ નહીં. ફરિયાદી પક્ષ તરફના ધારાના હિમાયતી તરીકે મારૂં તે કામ નથી. ધારાના હિમાયતીનું કામ મુકરદમાની હકીકત માત્ર જુરી આગળ મુકવાનું હું સમજું છું. તેનો જવાબ પ્રતિવાદી શો ધરાવે છે તે જાણવાની તક મારા વિદ્વાન મિત્રના ભાષણપરથી તમને મળશે અને બેશક તમે તેપર સંપૂર્ણ ધ્યાન આપશો. જો તમારી એવી ખાત્રી થાય કે સરકારને મદદ આપવાની અથવા સરકારને તાબે થવાની ઇચ્છા સાથે બેસતું થવાય એવી રીતે સરકારનાં કામો સામે નાપસંદગી માત્ર જાહેર કરવાની નેમ તેમાં રાખવામાં આવી છે અને "શિવાજીના શબ્દો" વાળા લખાણમાં માત્ર ઐતિહાસીક બનાવો વિષે વિવેચન કર

વામાં આવ્યું છે તો અલબત તમે પ્રતિવાદીને નિર પરાધી જાહેર કરશો. પણ બીજા હાથપર જો તમે એવો મત ધરાવોકે એ લખાણોનો અર્થ મેં સૂચવ્યો છે તેવો થાય છે, અને તે લખાણો દાબી દેવા જેવાં તથા દેશમાં ઘણું નુકશાન કરે એવાં છે; અ ને હું માનું છું કે તમે તેવાજ મતપર આવશો તો તમોએ કાંઇ પણ આંચકા વિના અને એક મતથી પ્રતિવાદીને જાહેર કરવા.

પ્રતિવાદી તરફનો બચાવ—મિ. પ્યુનું ભાષણ.

એડવોકેટ જનરલે પોતાનું ભાષણ સમાપ્ત ક ર્યા પછી પેહેલા પ્રતિવાદી તરફથી મી. પ્યુએ તેના જવાબમાં ભાષણ શરૂ કર્યું હતું. તેણે જણાવ્યું કે ગંભીર પ્રકારની જોખમદારી સાથે તમારી આગળ હું ઉભો થાઉં છું. મારા કૂળની સ્થિતિ અને તેમની સામે મેલવામાં આવેલા આરોપ માટે ઠરાવવામાં આવેલી મોટી શિક્ષા ધ્યાનમાં રાખવાની વિનતિ હું તમને કરૂં છું, તેમજ તમો આ હકિકત પણ ધ્યા નમાં રાખશો કે દેશની સરકાર એક પ્રજા સામે જે અપરાધ મેલે તેનો બચાવ કરવાનું કામ ઘણું ગંભીર છે. વળી આ હકીકતથી તમે વાકેફ છો કે આ સવાલની બાબતમાં પ્રજામત ઘણુંજ ઉશ્કેરાયલું છે. તમોને તેટલા માટે આતુરતાથી હું અરજ કરૂં છું કે મારા મિત્ર એડવોકેટ જનરલે શરૂઆતમાં ત મને સમજાવ્યું હતું તેમ આ કોર્ટની બહાર તમોએ જે કાંઇ વાંચ્યું અથવા સાંભળ્યું હોય તેને બાજુએ મેલીને કાંઇપણ તાજુબી વગર તમારી આગળ તે જુબાની રજુ કરવામાં આવે છે, તે ઉપરજ તમો એ ધ્યાન આપવું. જે લખાણો આપણા હિંદી અં ગ્રેજોના મોટા ભાગને પસંદ નથી તેવાં લખાણોને લીધે સ્વાભાવિક રીતે ઉત્પન્ન થતી ગંભીર પ્રકારની તાજુબીની સામે પ્રતિવાદીએ ઉભું રહેવાનું છે. એટ લુંજ નહીં પણ તે ઉપરાંત મી. રેન્ડ અને લેફટે નન્ટ એયરસ્ટનાં તા. ૨૨ મી જુને કરવામાં આવે લાં ખુનના દિલગીરી ભરેલા બનાવથી ઉત્પન્ન થયે લી વધારે ગંભીર પ્રકારની તાજુબી વચ્ચે પ્રતિવાદી એ જવાબ આપવાનો છે. અને આ વાતમાં કશો સંદેહ નથી કે એ ખુન કરવામાં આવ્યાં નહીં હોત તો આ મુકરદમો જન્મ પામ્યો નહોત.

મુકદમાની તપાસ પુના ખાતે ચલાવવાની જરૂર કાં હતી?

આ મુકરદમામાં પ્રતિવાદીઓની સામે મરાઠી ભાષામાં કરવામાં આવેલાં ચોકસ લખાણોનાં સંબંધમાં કામ ચલાવવામા આવ્યું છે અને જુરીએ જોયું છે કે તેની આગળ તેના સંબંધમાં જે સાક્ષીઓ ફરિયાદી પક્ષેરજુ કર્યા છે તે સઘળા પુનાના રહેવા શીઓ છે. પ્રતિવાદી પોતે પણ પુને રહે છે. તેમનું પત્ર પુનામાં પ્રકટ થાય છે. અને આર્યભૂષણ છાપખાનું પણ પુનામાં જ આવેલું છે. પુનાની તથા ત્યાંની કોર્ટની ભાષા મરાઠી છે. આ કોર્ટની ભાષા તે નથી અને પુના અથવા બીજા જે ઠેકાણાની કોર્ટની ભાષા મરાઠી હોય ત્યાં જે મુકરદમાની તપાસ ચલાવવી વધારે યો ગ્ય ગણાત તેની તપાસ તમારી આગળ લાવવામાં આવી છે. અહીં વળી આ વિચિત્ર સ્થિતિ ઉભી થ ઈ છે કે જુરીના ગ્રહસ્થોનો મોટો ભાગ મરાઠી ભા ષા જાણતો નથી. જડજને પણ તે ભાષાની માહી તી નથી. કોર્ટ આગળ જે મરાઠી શબ્દો વિષે ગં ભીર પ્રકારનો શક ઉભો કરવામાં આવ્યો છે તે વિષે હું પણ તમને ઝાઝી મદદ આપવાની સ્થિતિમાં નથી. પુનાના લોકો વચ્ચે ઉશ્કેરાણી ચાલતી હતી અને ત્યાં તપાસ ચલાવવી સરકારને યોગ્ય લાગ્યું નહોતું તોપણ પુનાને બદલે બીજો કોઇ જીલ્લો જ્યાંની કોર્ટની ભાષા મરાઠી હોય ત્યાં તપાસનું કામ તેણે લઇ જવું હતું.

એડવોકેટ જનરલનાં છેવટના અને શરૂ આતના ભાષણ વચ્ચે તફાવત.

તમો ગ્રહસ્થોને યાદ હશે કે એડવોકેટ જનર લે તમારી આગળ મુકરદમો ઉઘાડયો ત્યારે તેણે આવી “ ” નિશાની વચ્ચે મેલવામાં આવેલા ફકરાઓ અને વાકયો ઉપર ખાસ અને ઘણો ભાર મેલ્યો હતો અને તે ઉપર ઘણું વજન મેલવામાં તે ણે તમને જણાવ્યું હતું; પણ તમે જોયું છે કે હ વે તે ફકરા અને વાકયોને પડતા મેલવાની તેને ફ

રજા પડી છે અને લખાણ આખાં લઇ તે ઉપરથી મત બાંધવાની સુચના તેણે તમને કરી છે. જે મ રાઠી વાકયો અને શબ્દો જુરીનો મોટો ભાગ તથા ધારા ના હિમાયતીઓ તથા જડજ સમજી શકતા નથી તે મને આધારે જન્મ દેશનિકાલની શિક્ષા કરવા જેવા અ પરાધ માટે પ્રતિવાદીને અપરાધી ઠરાવવાની સુચ ના કરવી તદન વિચિત્ર છે; પણ મારા વિદ્વાન મિત્રે તે મુશ્કેલી જોઇ લીધી છે અને આજે સવારે તેણે તમને સૂચના કરી છે કે લખાણો આખાં અને સામટાં લઇને તે ઉપરથી તમારે મત બાંધવો. જે ધોરણે જુરી આગળ મારા મિત્રે મુકરદમો રજુ કર્યો છે તે સામે મારે ફરિયાદ કરવી નથી, કેમકે તેમાં તેણે સામાન્ય રીતે ઇનસાફી વલણ બતાવ્યું છે; પ ણ તેણે જુદાં જુદાં લખાણોનો જે અર્થ કર્યો છે તે જણાવવાની રજા હુ લઇશ કે તદન ભૂલ ભરેલો અને ગેરવાજબી છે પણ એટલા મતભેદ શિવાય તેની સામે મારે બીજી ફરિયાદ કરવી નથી.

સરકારે લધેલો માર્ગ ફરિયાદ ઉઠાવવા જેવો છે.

તેની સામે અમોને ફરિયાદ કરવાની નથી; પ ણ આ મુકરદમાના સંબંધમાં સરકારે જે માર્ગ લી ધો છે, તે સામે ખચિતજ અમોને ફરિયાદ કરવાની છે. મારા વિદ્વાન મિત્રે જણાવ્યું છે કે પ્રતિવાદી સામે મુંબઇમાં કામ ચલાવવામાં સરકાર તદન વાજ બી હતી કેમકે "કેસરી" ના જે અંકો તકરારી લખાણ આવ્યાં હતાં તે અંકો મુંબઇમાં ફેલાવવા માં આવ્યાં હતાં અને એટલા માટે મુંબઇના મેજીસ્ટ્રેટ ની પણ આ મુકરદમો સાંભળવાની સત્તા છે. તેની સત્તા છે તે વાતની ના કોઇ પાડતુંજ નથી, કેમકે તેની સત્તા નહીં હોત તો આ મુકરદમો તે અહીં મોકલી શકતજ નહીં; પણ વાંધાનું કારણ એ છે કે જે ભાષામાં એ લખાણો છે તે ભાષાથી લાગતા વળગતા અજાણ્યા છે. પ્રથમ તો એ મુકરદમાના સાક્ષીઓ મુંબઇમાં રહેતા નથી. મુકરદમો જો પુના માં ચલાવવામાં આવ્યો હોત અને એમ ધારીએ કે પ્રતિવાદીને ગેરવાજબી રીતે નિર્દોષ ઠરાવી ઇન સાફને જુરીએ ઉંધો વાળ્યો હોત, તો તેના સંબંધ માં હાઇકોર્ટને અપીલ કરવાનો હક સરકાર ધરાવી શકત; પણ તપાસ જ્યાં ચલાવવી જોઇતી હતી ત્યાં તે ચલાવવામાં આવી નહીં અને તેથી પરીણામ એવું આવ્યું કે મારા કૂળને તમારી આગળ આવી ઉભું રહેવું પડ્યું છે, પણ તમારા હાથમાં મારા કૂળનો મુકરદમો મેલવાને મને કાંઇપણ આંચકો લાગતો નથી, કારણકે તમો બહારથી કાંઇ સાંભળેલી કે વાંચેલી વાતોપર બિલકુલ આધાર રાખશો નહીં અને પ્રતિવાદીને અપરાધી ઠરાવવા જેવો પૂરાવો બિલકુલ નથી એમ જો તમને જણાય તો તમો તેમને નિર્દોષ જાહેર કરશો એવી મારી ખાત્રી છે. મારૂં કૂળ પણ એવીજ લાગણી ધરાવે છે અને તે ઓ પોતાનો મુકરદમો તમારીજ મુનસફીપર છોડે છે.

સરકારને પ્રતિવાદીનાં લખાણમાં વાંધા ભરેલું જણાયું નહોતું એમ માનવાના કારણો

તમોને યાદ હશે કે પ્રતિવાદી સામે કામ ચ લાવવામાં ઢીલ કાં કરવામાં આવી હતી તેનું કારણ તમને સમજાવતાં મારા વિદ્વાન મિત્રને ઘણી મુશ્કે લી લાગી હતી. તમો ગ્રહસ્થોએ જોયું છે કે લખાણ છેક ૧૫ મી જુને કરવામાં આવ્યું હતું અને તે ઉપર "ટાઇમ્સ ઑફ ઇન્ડિયા" એ ધ્યાન ખેંચવા માં વખત લગાડ્યો નહોતો તથા વળી એજ પત્ર ના તા૦ ૧૯ મી જુનના અંકમાં "જસ્ટીસ" ની સહીના એક ચર્ચાપત્રીએ પણ તે ઉપર ધ્યાન ખેં ચ્યું હતું. ઓરીએન્ટલ ટ્રાન્સ્લેટર મી. બેગે આ પેલી જુબાની પ્રમાણે તે હકિકત ઉપર તેજ વખતે સરકારનું ધ્યાન ખેંચવામાં આવેલું હોવું જોઇએ, કેમકે એ શાક્ષીએ કહ્યું છે કે વાંધાવાળાં લખાણો પ્રકટ થયાં પછી થોડે વખતે અને "જસ્ટીસ" ની સહીનું ચાર્ચાપત્ર પ્રકટ કરવામાં આવ્યું તે વખતે તે લખાણોનો તરજુમો કરવાનો હુકમ શાક્ષીને મ ળ્યો હતો. મારા વિદ્વાન મિત્રે કહ્યું છે કે સરકાર ના અમલદારો "કેસરી" પત્ર વાંચતા નથી, પણ તેઓમાંના થોડાકોએ "ટાઇમ્સ ઑફ ઇન્ડિયા" તો વાંચેલું હોવુંજ જોઇએ અને તેમનું ધ્યાન એ લખાણોના અર્થ અને હેતુ ઉપર તે ઉપરથી ખેંચા યલું હોવું જોઇએ. મારા વિદ્વાન મિત્રે કહ્યું છે કે આવા પ્રકારના મુકરદમામાં તરજુમા કરતાં સામાન્ય

રીતે લાંબો વખત નીકળી જાય છે અને સરકારની માહીતી તથા ઉપયોગ માટે જે તરજુમા મેલવામાં આવ્યા હતા તે મી. એગે કરેલા હતા. તે તરજુમા તમારી આગળ રજુ કરવામાં આવ્યા નથી; કેમકે તમો જોશો કે જે તરજુમા પોલિસ કોર્ટમાં વાપરવામાં આવ્યા હતા તે તા. ૩૦ મી જુલાઇ સુધી કરવામાં આવ્યા નહોતા અને તેટલા માટે તમો સલામતીથી એવા અનુમાનપર આવી શકશો કે લખાણો પ્રકટ થયા પછીના એક અઠવાડિયામાં સરકાર આગળ જે તરજુમા મેલવામાં આવ્યા હતા તે તમારી આગળ મેલવામાં આવેલા તરજુમાથી જુદાજ પ્રકારના હતા. સરકારને તે લખાણ વિષે વિચાર કરવાનો પૂરતો વખત મળ્યો હતો; પણ તેમને તે વખતે નાપસંદ કરવાને બદલે તેઓએ શું કર્યું હતું ? મી. રેન્ડ તથા લેફટેનન્ટ એયર્સ્ટનાં મરણ બાદ તા. ૨૪ મી જુનને સુમારે પેહેલા પ્રતિવાદીની ધારાસભાના એક સભાસદ તરીકેની નીમણુક સરકારે મંજુર કરી હતી અને તે ઉપરથી ખાતરી ભરેલી રીતે પુરવાર થાય છે કે " ટાઇમ્સ ઑફ ઇન્ડિયા "માં કરવામાં આવેલા હોહાકારથી સરકાર ઉપર કાંઇપણ અસર થઇ નહોતી.

મી. ભાવનગરી વગેરેએ સરકાર ઉપર ઘણું દબાણ કર્યાથી મુકરદમો ચલાવવા પ્રધાને હુકમ કર્યો હતો.

સરકાર આગળ ઓરીયેન્ટલ ટ્રાન્સ્લેટરે તરજુમા રજુ કર્યા પછી પણ તે લખાણ વખોડી કહાડવા જેવાં છે એવી ખાત્રી સરકારની થઇ નહોતી એમ જણાય છે, કેમકે તેણે તે સમયે તેના સંબંધમાં કાંઇપણ પગલાં ભર્યાં નહોતાં. ધારાસભામાં પેહેલા પ્રતિવાદીની નીમણુક મંજુર થયા પછી પણ " ટાઇમ્સ ઑફ ઇન્ડિયા"માં તેના સંબંધમાં ચર્ચાપત્રો આવવાં ચાલુ રહ્યાં હતાં. પ્રતિવાદીએ પોતે તે પત્રના તા. ૨૨ મી જુનના અંકમાં અને તે પછી તા૦ ૩૦ મી જુનના અંકમાં પોતાનાં લખાણો વિષે ખુલાસો આપનારાં લખાણો પ્રકટ કર્યાં હતાં, તથા તે પછી તા. ૮ મી જુલાઇના અંકમાં પ્રોફેસર ભાનુએ એક પત્ર લખ્યો હતો. જાહેર વર્તમાનપત્રો ઉપરથી આપણે જાણ્યું છે કે એ લખાણોના સંબંધમાં પાર્લામેંટમાં સવાલો પુછવામાં આવ્યા હતા અને તેઓમાંનો એક વધારે અગત્યનો મી. ભાવનગરીએ પૂછયો હતો. ઘણું કરીને " ટાઇમ્સ ઑફ ઇન્ડિયા "માં આવેલાં લખાણોને આધારે તાર મારફતે ઈંગ્લાંડ જે ખબરો મોકલવામાં આવી હતી તે ઉપરથી અથવા સરકારે મોકલી આપ્યા હોય તે ઘણું સંભવિત નથી; પણ આટલું ચોકસ છે કે ઇગ્લાંડની સરકાર ઉપર પાર્લામેંટમાં ઘણું દબાણ કરવામાં આવ્યાથી અહીંની સરકાર ઉપર પ્રધાન તરફથી દબાણ કરવામાં આવ્યું કે આ હકિકતની તપાસ કરાવી છેવટ લાવો અને તે ઉપરથીજ હાલની ફરિયાદીને જન્મ મળ્યો છે.

સાક્ષી તરીકેની મી૦ એગની વલણ.

તમારું ધ્યાન હવે મી. એગે તમારી આગળ જુબાની કેવી રીતે આપી છે તે ઉપર હું ખેંચીશ. તેઓએ પોતાની જુબાનીમાં કહ્યું છે કે લખાણમાંનાં ચોકસ વાકયોનો અર્થ વધારે સખ્ત પ્રકારનો હું કરૂં છું. નામદાર જડજે પૂછેલા સવાલોના જવાબમાં અનેકવાર તેઓએ એમ કહ્યું હતું. મુકરદમો ચલાવવાને સરકાર તરફની જે લખીત મંજુરી નોંધ ઉપર ચડાવવામાં આવી છે તે ઉપરથી જણાય છે કે મુકરદમો ચલાવવાને હિંદી સરકારને ઇંગ્લાંડથી હુકમ મળેલો હોવો જોઇએ અને તે ઉપરથી હિંદી સરકારે ઓરીયેન્ટલ ટ્રાન્સ્લેટરને ૧૨૪ A કલમ પ્રમાણે પ્રતિવાદી સામે મુકરદમો ચલાવવાનો હુકમ આપેલો હોવો જોઇએ. સઘળું કામ મી. એગના હાથમાં મેલવામાં આવ્યું હતું અને તેના પરીણામમાં આ મુકરદમો તમારી આગળ આવ્યો છે.

સરકારી તરજુમા ખોટા નથી એમ બતાવવાને સાક્ષીઓ કોણે લાવવા જોઇએ ?

મારા વિદ્વાન મિત્રે તકરાર ઉઠાવી છે કે મેં પ્રોફેસર ભાનુને અથવા કોઇ મરાઠી વિદ્વાનને, પ્રતિવાદી તરફથી જે તરજુમાઓ વિષે વાંધો ઉઠાવવામાં આવ્યો છે તેના સંબંધમાં જુબાની આપવાને અમોએ બોલાવ્યા નથી; પણ મારી ખાત્રી છેકે

વખત આવતાં નામદાર જડજ તમને સમજ પાડશે કે એવી બાબતમાં જુબાની લાવવાનું કામ પ્રતિવાદીનું નથી. ફરિયાદી પક્ષે પોતાનો મુકરદમો સાબી કર્યો નથી એમ ધારીએ અને નામદાર જડજ તમને જણાવશે કે અપરાધ સાબીત થયેલો ગણીએ એવી ખુલ્લી રીતે તકરારી ફકરાઓના સંબંધમાં મુકરદમો સાબીત કરવામાં આવ્યો નથી, તો તેવા સંજોગ વચ્ચે જુબાની લાવવાનું કામ પ્રતિવાદી પક્ષનું નથી. આ બાબતમાં સરકારે કામ ચલાવ્યું તે પહેલાં તેની આગળ ઓરીએન્ટલ ટ્રાન્સલેટર તરફના તરજુમા શિવાય વધારે કાંઇ ન હોતું અને હું ધારૂં છું કે કોર્ટ આગળ લાવવામાં આવ્યા છે તેવા તરજુમા તેની આગળ મેલવામાં આવ્યા હોત તો મુકરદમો ચલાવવાનો હુકમ ઘણું કરીને તે આપતજ નહીં.

સરકારી તરજુમા ખોટા શા માટે ગણવા તે બતાવનારો એક દાખલો.

ફરિયાદીપક્ષે જે સત્તાવાર તરજુમા રજુ કર્યા છે તે બોલેબોલના નહીં પણ છુટથી કરેલા છે, અને તેથી તમારૂં ધ્યાન અમારી તરફથી મુકવામાં આવેલા બોલેબોલના તરજુમા ઉપર હું ખેંચુ છું. જે પણ હાઇકોર્ટના દુભાષ્યાઓએ કરેલો છે. તે બંને સાથે સરખાવ્યાથી તમે સ્વભાવિક રીતે સવાલ કરશો કે એકજ માણસ બે પ્રકારના તરજુમા કેમ કરી શકે. પણ હું તમને સૂચવીશકે ફરિયાદીપક્ષ તરફનો તરજુમો મિ. બેગે કર્યો હતો પણ તેને હાઇકોર્ટના દુભાષ્યાઓએ નરમ કરી નાંખી તેમાંનું ઝેર કાઢી નાંખ્યું હતું. તમે જોયું હશે કે અસલ લખાણમાંના એક વાકયમાં આશ્ચર્યવિરામ મૂકેલ છે ત્યારે તરજુમામાં તે ફેરવીને સવાલની નિશાની? મૂકવામાં આવી છે અને તરજુમો તે નિશાનીને અનુસરતો કરવામાં આવ્યો છે કે જેથી મિ. બેગ કહે છે તેમ, તે વધારે સખ્ત દેખાય. અસલ લખાણ તેવું સખ્ત નથી. તમો ગૃહસ્થોને તેટલા માટે હું વિનતિ કરૂં છું કે બોલેબોલનો જે તરજુમો અમોએ રજુ કર્યો છે તેનો આધાર તમોએ લેવો.

અમુક લખાણમાંના વિચારો વિષે મતભેદ હોય તેથી તે ફીતુરી નહીં ઠરે.

મારૂં ભાષણ ટુંકમાં કેમ કરવું તે વિષે મેં વિચાર કર્યો હતો કેમકે તમને કંટાળો આપવા હું ઇચ્છતો નહીં હતો. પણ મારો વિદ્વાન મિત્ર પોતાની તરફના છેવટનાં ભાષણમાં એટલા મ્હોટા વિસ્તારપર ફરી ગયો છે કે તે સઘળાના સંબંધમાં તમારી આગળ ટીકા કર્યા વિના મને ચાલે તેમ નથી. પણ તેની તપાસ હાથ ધર્યા પહેલાં એડવોકેટ જનરલે પોતાનાં ભાષણની લગભગ છેવટે કરેલી એક ટીકા સામે તમોને ચેતવણી આપવા હું ઇચ્છું છું. તેણે એમ કહ્યું છે કે લખાણમાં કાંઇપણ નુકશાનકારક જેવું તમને જણાય તો પ્રતિવાદીને તેમની સામે મુકવામાં આવેલા વાંક માટે તમોએ અપરાધી ઠરાવવો. પણ હું તમને જણાવીશ કે તકરારી લખાણો ૧૨૪ A કલમની અંદર આવે છે કે નહીં તેજ તમોએ તપાસવું. લખાણોમાંના કેટલાક ભાગો હોય, મિ. તિલકે રાજદ્વારી સવાલો વિષે પોતાનો મત આપવામાં ભૂલો કરી હોય પણ તેથી કાંઇ તે ફીતુરી અથવા પ્રજાનાં મનમાં બેદીલીની લાગણી ઉત્પન્ન કરવા જેવાં ગણાય નહીં. દાખલા તરીકે "હિંદ વધારે માતબર કે વધારે ગરીબ થતું જાય છે." એ મથાળા વાળું લખાણ લો. અંગ્રેજી અમલનાં એક પરિણામ તરીકે હિંદમાંથી દોલત બહાર ઘસડાઇ જતી હોય અને હિંદ તેથી નિર્ધન થઇ જતું હોય, તો તે વિચાર બહાર મુકયાથી થોડીક બેદીલી અથવા અસંતોષની લાગણી પ્રજાના મનમાં ઉત્પન્ન થવીજ જોઇએ. પણ મારા વિદ્વાન મિત્રે પોતેજ તમને જણાવ્યું છે તેમ એ સવાલ વિષે વિવેચન કરવાનું કામ ૧૨૪ A કલમ પ્રમાણે ફીતુર કરવા જેવું તમારે સમજવાનું નથી.

કવીતાના લખાણ વિશે છુટ મુકવાની જરૂર.

તમારૂં ધ્યાન હવે જે બે લખાણો વિષે ફરિયાદ ઉઠાવવામાં આવી છે તેઓમાંનાં પેહેલાંપર હું ખેંચીશ. તે લખાણ એક કવિતો છે, અને તમે સઘળાઓ જાણો છો તેમ કવિતાની તપાસ ગદ્યના લખાણથી

જુદી રીતે કરવાની હોય છે. સારી રીતે વિચારીને લખવામાં આવતા એક નિબંધ સાથે સરખાવતાં કવિતાના ઉભરા માટે ઘણી વધારે છૂટ મૂકવામાં આવે છે. આ દેશમાંજ નહીં પણ આખી દુનિયામાં તેજ ધોરણે કામ લેવામાં આવતું તમે જોશો, વાંધાવાળા બીજાં લખાણમાં શિવાજી મહોત્સવના ત્રણ દિવસમાં શું કામો કરવામાં આવ્યાં હતાં તેનો હેવાલ આપવામાં આવ્યો છે, અને તે બહુજ ટુંકમાં સંકોચીને પ્રકટ કરવામાં આવ્યો નથી. સઘળાં ભાષણો વિગતવાર તેમાં આપવામાં આવ્યાં નથી તે તમે લક્ષમાં રાખશો.

શિવાજી મહોત્સવને જન્મ કેમ મળ્યો? ભવાનીમાતાની તરવારનો અર્થ.

શિવાજી મહોત્સવના સંબંધમાં જે લખાણો અમે દાખલ કર્યા તેના સંબંધમાં ફરિયાદી પક્ષ તરફથી હમણા જણાવવામાં આવ્યું છે કે તેની કાંઈ જરૂર નહીં હતી; પણ તમે જાણો છો કે મુકરદમો ઉપાડતી વેળાએ શરૂઆતમાં ખુદ એ મહોત્સવની સામેજ વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. મારો મિત્ર હમણા એમ જણાવે છે કે શિવાજીની જન્મગાંઠ અથવા તેઓ ગાદીએ બેસવાના દિવસનો મહોત્સવ ઘટતી રીતે પાળવામાં આવેતો તે સામે વાંધો હોયજ નહીં. એ મહોત્સવનું મૂળ આ પ્રમાણે છેઃ— ૧૮૮૩ના વર્ષમાં મિ૦ ડગલાસે પોતાની "બુક ઑફ બોમ્બે"માં શિવાજીની જીર્ણ હાલતમાં આવી ગયેલી ઘોર તરફ ધ્યાન ખેંચી અફસોસ કર્યો કે આવા યોદ્ધાની યાદગીરી જાળવવામાં આવતી નથી. તે પછી મિ૦ જોશી નામે એક ગૃહસ્થે શિવાજીના પરાક્રમો વિષે એક કવિતા રચી હતી; અને તેના પરિણામમાં ફંડ એકઠું કરવાને તા. ૨૪ મી મે ૧૮૮૫ ને દિવસે એક જાહેર સભા બોલાવવામાં આવી હતી. જે બોલાવવામાં હું ધારું છું કે નામદાર જસ્ટીસ મિ૦ રાનડેએ ભાગ લીધો હતો. લોર્ડ રે તે વખતે મુંબઇનો ગવર્નર હતો અને તેણે આ સભાની હીલચાલને ઉત્તેજન આપવા જેવી લેખી સરકાર તરફથી તે કામમાં દર વર્ષે ચોકસ રકમ આપવા ઠરાવી હતી, જે માટે તા૦ ૧૫ મી ડિસેમ્બર ૧૮૮૫નાં "કેસરી" પત્રમાં તેનો ઉપકાર માનવામાં આવ્યો હતો. પણ તે પછી તે સંબંધી ઉત્સાહ મંદ પડી ગયો હતો. બાદ મિ૦ એકવર્થે મરાઠી પવાડાની પોતાની ચોપડી પ્રકટ કરી હતી, અને આ બીના નોંધ લેવા જેવી છે કે તેણે તે ચોપડીના બહારના ભાગ ઉપર ભવાની માતાની તરવાર તથા શિવાજીએ વાપરેલા વાઘનખનું ચિત્ર આપ્યું છે. શિવાજીને લખતાં વાંચતાં આવડતું નહીં હતું, અને તેથી તેઓ પોતાની સહી તરીકે ચોકસ નિશાની કરતા હતા. જેમ લખી વાંચી નહી જાણનારા ખેડુતો પોતાની નિશાની તરીકે હળની આકૃતિ પાડે છે, ખ્રીસ્તીઓ ક્રૉસની નિશાની કરે છે, વાણિયાઓ ત્રાજવાની નિશાની કરે છે, તેમ શિવાજી પોતાની નિશાની તરીકે ભવાની માતાની તરવાર પાડતા હતા. અજબ વાત એ છે કે એડવોકેટ જેનરલે પોતાનાં ભાષણની શરૂઆતમાં ભવાની માતાની તરવાર પર ઘણો ભાર મુકયો છે, અને ભવાની માતાને તેણે નાશની દેવી ગણી છે પણ તેમ ખરેખર નથી. નાશની દેવી કાલી અથવા દુર્ગાને નામે ઓળખાય છે, અને ભવાની માતા તથા પાર્વતી દેવી એકજ છે તે મોલ્સવર્થ તથા કેન્ડીના શબ્દ કોષો પરથી માલુમ પડે છે. વાંધાવાળા લખાણમાં શિવાજીના શબ્દો મુકયા છે તેથી લખાણની છેવટે તેઓની હમેશની નિશાની તરીકે ભવાની માતાની તરવારની આકૃતિ મુકવામાં આવી છે. બીજી કોઇ રીતે તે અગત્યતા ધરાવતી નથી. મિ૦ એકવર્થવાળા પવાડા તેના અંગ્રેજી તરજુમા સાથે પ્રકટ કરવામાં આવ્યા પછી ૧૮૯૩માં "બુક ઑફ બોમ્બે ઇન વેસ્ટર્ન" એ નામની ચોપડી મિ. ડગલાસે પ્રકટ કરી જે તેણે નામદાર શાહજાદા ડયુક ઑફ કોનોટને અર્પણ કરી હતી; અને તેમાં તેણે પોતાની આગલી ચોપડીમાંનું શિવાજીવાળું લખાણ પાછું દાખલ કર્યું હતું. ડિસેમ્બર ૧૮૯૪ના "ટાઇમ્સ ઑફ ઇન્ડિયા"માં તે ચોપડીની ખબર લેવામાં આવી હતી. બાદ શિવાજી જયંતિ સંબંધી ૧૮૯૫માં કરવામાં આવેલી હીલચાલ વખતે મિ. તિલક પહેલી વાર તેમાં સામેલ થયા દેખાય છે. ૧૮૮૫માં પોતાનાં પત્ર મારફત

ફ્તે લોર્ડ રેનો તેણે આપેલી સહાયતા માટે ઉપકાર માન્યા પછી ૧૮૯૫ સુધી તેઓ એ હીલચાલથી અલગ રહેલા જણાય છે. ૧૮૯૫માં તેઓએ પોતાના પત્રમાં ૧૮૮૫ થી ૧૮૯૫ સુધીમાં એ હીલચાલના સંબંધમાં શું કરવામાં આવ્યું હતું તેનો ટૂંક સાર તેઓ આપી ગયા હતા, બાદ એજ વર્ષના મે માસમાં તેની વિરૂદ્ધમાં "ટાઇમ્સ ઑફ ઇન્ડિયા"માં લખાણ કરવામાં આવ્યું હતું. તમે જાણો છો કે જેમ ઈંગ્લાંડમાં તેમ અહીં પણ જ્યાં સુધી એક વિરૂદ્ધ પક્ષ ઉભો થતો નથી ત્યાં સુધી એવી હીલચાલ મજબુતી પામતી નથી અને તેને માટે નાણાં ભરાતાં નથી. "ટાઇમ્સ ઓફ ઇન્ડિયા"એ આ બાબતમાં વિરૂદ્ધ પક્ષનો ભાગ બજાવ્યો હતો, અને તેના પરિણામમાં રૂ. ૨૦૦૦૦નું ફંડ શિવાજી મહોત્સવ માટે ઉભું થવા પામ્યું હતું. બાદ તા૦ ૪ થી જુન ૧૮૯૫ના "કેસરી"માં શિવાજી જયંતિ ને દિવસે મળેલી સભાનો હેવાલ પ્રગટ કરવામાં આવ્યો હતો. એડવોકેટ જનરલે જણાવ્યું છે કે મિ૦ તિલક એ હિલચાલમાં સામેલ થયા પછી તેને નહારૂં રૂપ આપવામાં આવ્યુ હતું. પણ ૧૮૯૫ના વર્ષના મેળાવડા સામે વાંધો ઉઠાવવા જેવું કાંઇ પણ જણાયું નહીં હતું. ૧૮૯૭ માં જે મેળાંવડો કરવામાં આવ્યો હતો તે પણ આગલા બે વર્ષના મેળાવડના જેવોજ હતો.

પ્રજાકીય યોદ્ધાઓના મહોત્સવો પર સ્કાચ અને વેલ્સ લોકો તરફથી જણાવવામાં આવતા ફાટા ફાટા વિચારો—અંગ્રેજ પ્રજા તે સામે કદી વાંધો લેતી નથી.

બ્રુકસ તથા વૉલેસ જેવા પોતાના યોદ્ધાઓ માટે સ્કૉચલોકો કેટલા ઉત્સાહી છે અને તેમનાં સંબંધમાં દર વર્ષે જેમ સ્કૉટલાંડમાં તેમ હિંદુસ્તાનમાં કેવો ઉત્સાહ તેઓ બતાવે છે તે તમો ગ્રહસ્થોમાંના જેઓ સ્કાચ છે તેઓ સારી રીતે જાણે છે. તે સંબંધી કેટલાક મેળાવડાઓમાં પરોણા તરીકે હાજર થવાનું માન મને મળ્યું છે, અને હાલના વખતને જોતાં યોગ્ય નહીં ઠરાવી શકાય એવું કેટલું ફાટુંફાટું ત્યાં બોલવામાં આવે છે તે તમે જાણો છો. મારા સ્વદેશ વેલ્સમાં અમો વેલ્સમેનો અમારા ઇસ્તરફાર્ડના તેહેવારો ઉપર એવુંજ ફાટુંફાટું બોલીએ છીએ, અને અંગ્રેજો અમને અમારા એ તેહેવારો પર ખુશીથી તેવું બોલવા દે છે તે વખતે પ્રજાનો કોઈ વર્ગ ચોકસ ભાગને અથવા શાહનશાહતના સર્વ ભાગોને તેમની જુદી પાર્લામેન્ટ અપાવવાનો વિચાર આપે છે તો તે પરથી એમ ઠરતું નથી કે તેઓ અંગ્રેજી રાજ્ય સામે બેવફા છે. શિવાજી મહોત્સવની હીલચાલ યુરોપિયન ઢબ પ્રમાણે ઉભી કરવામાં આવી છે તે બીના તા. ૧લી જુન ૧૮૯૭ના "કેસરી" પત્રના અંક પરથી જણાઇ આવે છે. મારા મિત્રને તે કાંઇ અઘટિત જેવું દેખાયું છે, પણ મેં તમને આગલે દિવસે જણાવ્યું હતું તેમ તેમાં તો માત્ર "યોદ્ધાઓની પૂજા" વિષે નામિચા ફીલસુફ કાર્લાઇલનાં લખાણોનો સાર આપવામાં અથવા તેની નકલ કરવામાં આવી છે, અને તે વાંચી તમને જણાશે કે કાર્લાઇલે જે વિચારો પ્રદર્શિત કર્યા છે તેમાં હદની બહાર જવામાં આવ્યું નથી. તે લખાણ અત્રે પાછું વાંચી તમને હું કંટાળો આપીશ નહીં; તે હું તમારાજ હાથમાં વાંચી લેવાનું મુકું છું. એટલુંજ કહીશ કે તેમાં શિવાજી મહોત્સવ જેવા મેળાવડાની જરૂર બતાવવામાં આવી છે. તેમાં જે ફરીઆદ કરવામાં આવી છે તે સરકાર સામે નહીં પણ પ્રજાના આગેવાનો સામે છે, અને તે એવી મતલબની કે તેઓ બાયલા બની ગયા છે, અને મરકી જેવા વખતમાં પોતાની ફરજ ચૂકીને અને પોતાના ગરીબ ભાઇ બંધુઓ માટે કાંઇ પણ ગોઠવણ કર્યા વિના તેઓ પુના છોડી ગયા છે. એ પ્રમાણે તા૦ ૧લી જુન ૧૮૯૭ સુધીતો શિવાજી મહોત્સવને લગતી હીલચાલમાં વાંધા ભરેલું કાંઇ હતું નહીં.

અફઝુલખાનનાં મરણનો સવાલ મહોત્સવ વખતે હાથ ધરવાનાં કારણો—"ટાઇમ્સ આફ ઇંડિયા" પત્રની તે સંબંધી જોખમદારી.

ખુદ મહોત્સવના હેવાલપર આવવાં પહેલાં અફઝુલખાનને શિવાજીએ મારી નાંખવા સંબંધી સવાલપર હું આવીશ. મી૦ રેન્ડનું કરવામાં આવેલું

ખુન મારા કુળ સામે મ્હોટી તાજુબી ઉત્પન્ન કરનારૂં થઇ પડ્યું છે, તેના ખુન માટે બીજાઓ તેમજ મારૂં કુળ પણ ભારે અફસોસ કરે છે. એડવોકેટ જેનરલે એવી તકરાર ઉઠાવી છે કે મહોત્સવને દિવસે તે લાવવામાં રાજ્યદ્વારી ખુન કરાવવાની નેમ રાખવામાં આવી હતી અને મી૦ રેન્ડનું ખુન પણ તેનાજ પરિણામમાં કરવામાં આવ્યું હશે; પણ તે પોતેજ કહે છે તેમ તે બે બનાવો વચ્ચે સંબંધ દેખાડનારી કોઇ જુબાની તે ધરાવતો નથી. મી૦ રેન્ડ તથા બીજાના ખુન કરવાની ઉશ્કેરણી પ્રતિવાદીનાં કોઇ લખાણથી કરવામાં આવી હતી એમ જો સરકાર જાણતી હોત તો તેમની સામે ૧૨૪ A કલમ પ્રમાણે નહીં પણ કાયદાની જુદીજ કલમની રૂઇએ તે કામ ચલાવત. હું તમને બતાવવાની તજવીજ કરીશ અને મારી ખાત્રી છે કે તમારી તેથી ખાત્રી થશે કે મી૦ રેન્ડનું કે કોઇનું પણ ખુન કરવાની ઉશ્કેરણી કરવા જેવું કાંઇ પણ છેલ્લા મહોત્સવના હેવાલમાં છે નહીં. પ્રથમ તપાસવાનું જે છે તે એ છે કે મહોત્સવની ક્રિયા વખતે અફઝુલખાનનાં મરણનો સવાલ શા માટે હાથ ધરવામાં આવ્યો હતો? પ્રો૦ કરકરિયાએ રોયલ એશિયાટીક સોસાઇટીમાં તે વિષે એક નિબંધ વાંચ્યો હતો અને તે "ટાઇમ્સ ઑફ ઇન્ડિયા" એ પ્રકટ કર્યો હતો, જો તે તેણે પ્રકટ કર્યો ન હોત અને મંડળીના ચોપાનિયામાંજ તે રહ્યો હોત તો કદાચ તે વિષે તેપછી વિશેષ સાંભળવામાં આવત નહીં, પણ "ટાઇમ્સ ઑફ ઇન્ડિયા" ના ફેબ્રુઆરી ૧૮૯૬ ના અંકમાં તે પ્રકટ થયા પછી તે વિષે તકરાર ખુશ મીજાજથી આમનસામન તેજ પત્રમાં "એમ. જે" અને પ્રો૦ કરકરિયા વચ્ચે ચલાવવામાં આવી હતી, અને પ્રથમથીજ મેં તમને જણાવ્યું છે તેમ એક પત્રને પોતાની ગ્રાહકીના સબંધમાં ફતેહ મેળવવા અર્થે સામસામા વિચાર ધરાવનારાઓનાં લખાણો પ્રકટ કરવાની જરૂર હોય છે. તે બાદ માર્ચ ૧૮૯૬ માં પ્રો૦ ભાનુએ દખણ કોલેજમાં ભાષણ આપ્યું હતું અને પ્રો૦ બેનસે તે પર પોતાના વિચાર દર્શાવ્યા હતા. પ્રો૦ ભાનુએ લખેલા એક પત્ર ઉપરથી હું બતાવીશ કે તેઓ મિ૦ તિલક સાથે શિવાજીને લગતા સવાલ શિવાય બીજી કોઇ બાબતમાં મળતા નથી. મિ૦ તિલક જુના વિચારવાળાઓને લગતા છે અને પ્રો૦ ભાનુ તેમનાથી જુદાજ વિચાર ધરાવનારા છે. ત્યારે અંગ્રેજી અમલ ઊંધો વાળવામાં તેઓ સાથે મળે એ બનવું મુસ્કેલ છે. મિ૦ તિલક ધારે છે કે બંને પક્ષોને સાથે મળી જતાં સદીઓ જેટલો વખત લાગવો જોઇએ, અને તેટલા વખતમાં તો અંગ્રેજી અમલને ઊંધો વાળવાને એક સંપી થવાનો ભય આપણે મનમાંથી કાઢીજ નાંખવો. મૂળ બાબત પર પાછા આવતાં આપણે જોઈએ છીએ કે શિવાજી અને અફઝુલખાનવાળી તકરાર "ટાઇમ્સ ઑફ ઇન્ડિયા" એ ૧૮૯૭ માં પણ શરૂ રાખી હતી, અને તે વર્ષના માર્ચ માસમાં મિ૦ આર્થર ક્રાફર્ડે પ્રો૦ કરકરિયાને ટેકો આપ્યો હતો, આ પરથી તમે સમજી શકશો કે ૧૮૯૭ ના શિવાજી મહોત્સવના મેળાવડામાં સ્વભાવિક રીતે તે સવાલને બીજા સવાલ જોડે હાથ ધરવામાં આવ્યો હતો, અને વળી આપણે જાણીએ છીએ. પ્રો૦ ભાનુએ આપેલા ભાષણ સામે તે પ્રસંગે કશો વાંધો ઉઠાવવામાં આવ્યો નહોતો. મિ૦ બેગે પોતાની જુબાનીમાં આપણને જણાવ્યું છે કે વાંધો માત્ર મિ૦ તિલકનાં ભાષણ સામે હતો તથા "ટાઇમ્સ ઑફ ઈન્ડિયા" માં "જસ્ટીસ" ની સહીવાળા ચર્ચાપત્રીએ પણ તેવોજ વિચાર આપ્યો છે. મહોત્સવની હીલચાલ વગેરેની હકીકત આ પ્રમાણે તપાસ્યા પછી મારા કુળ સામે જે બે લખાણોને આધારે વાંધો ઉઠાવવામાં આવ્યો છે તેની વિગત ઉપર હું તમને લઇ જઇશ, અને હું તમને અરજ કરૂં છું કે તે તમોએ ઘણી સંભાળથી તપાસવાં કેમકે તે પર મારા કુળનાં છુટાપણાનો આધાર રહેલો છે.

ફીતુરી લખાણ વિષેની કલમ હિંદી કાયદામાં દાખલ કરાવનાર ધારાશાસ્ત્રીએજ ઈંગ્લંડમાં પણ તે દાખલ કરાવી હતી.

જે કલમને આધારે મારા કુળ સામે અપરાધ મુકવામાં આવ્યો છે તેના સંબંધમાં મારા વિદ્વાન મિત્રે એમ જણાવ્યું છે કે એ કલમને આધારે "બંગોબાસી" પત્રવાળા એકજ મુકરદમાનો ચુકાદો આપવામાં આવ્યો છે; પણ તેમ ખરેખર નથી. ઈંગ્લંડમાં એજ કલમને આધારે ઘણાજ મુકરદમાઓ ચૂક

વવામાં આવ્યા છે, અને તે સઘળાઓથી તમને કં ટાળો નહીં આપતાં તેમાંથી એક એજ તમારી આગળ નમુના તરીકે મુકીશ. જે કલમને આધારે આ મુકરદમો ચલાવવામાં આવે છે તે કાયદામાં દાખલ કરાવનાર સર જેમ્સ ફીટઝસ્ટીવનેજ ઇંગ્લાંડમાં પણ એ કલમ ત્યાંના કાયદામાં દાખલ કરાવી હતી, અને ત્યાંની તથા આંહીની કલમની ભાષા લગભગ એક સરખી છે. તેટલા માટે આ કલમનો અર્થ ઇંગ્લાંડમાં શું કરવામાં આવે છે તે અહીં તપાસવું ઠીક પડશે.

ફરિયાદ થોડોક અસંતોષ ફેલાવનારી તો હોવી જ જોઈએ પણ તેથી તે જાહેરમાં મુકવા સામે અટકાવ નહીં મુકાય.

પણ તેપર જવા પહેલાં ચોકસ દાખલાઓપર હું તમારૂં ધ્યાન ખેંચીશ. દેશ વધારે નિર્ધન થતો જાય છે એવો વિચાર જો કે દેખીતી રીતે કાંઈક અસંતોષ ઉત્પન્ન કરનારો થવો જોઇએ, પણ મારા વિદ્વાન મિત્રે તમને કહ્યું છે કે તેમ કહેવું નિર્દોષ છે. એજ પ્રમાણે આપણે જુદી જુદી ફરિયાદો જાહેરમાં મુકીએ તો તેથી બેદીલી ઉત્પન્ન થવીજ જોઇએ; પણ તે જાહેરમાં ન કરીએ તો દાદ મેળવી શકાય નહીં અને તેટલા માટે ફરિયાદો કરવાના કામને કાયદાએ ખોટું ઠરાવ્યું નથી. ઈંગ્લાંડના રાજા બીજા જેમ્સના વખતથી અરજીઓ કરવાનો તથા ફરિયાદો ઉઠાવવાનો પ્રજાનો હક સ્વીકારવામાં આવ્યો છે, અને સાત ધર્મ ગુરૂઓ સામેના મુકરદમામાં જુરીએ આપેલા ચુકાદાથી તે હક નક્કી થયો છે. રાજા ત્રીજા જ્યોર્જ ના અમલમાં ફ્રાન્સમાં ચાલેલા બખેડાથી ઈંગ્લાંડમાં એટલી બધી ચિંતા ઉત્પન્ન થઇ હતી કે સરકારની સામે એક શબ્દ પણ ઉચારનાર ને પકડવામાં આવતા પણ બદનક્ષીને લગતા કાયદા વિષેના પોતાના પુસ્તકમાં ડાકટર બ્રુમ જણાવે છે તેમ જુરીની સાદી સમજ એવી હસવા સરખી પકડાપકડીને તથા ઇંગ્લાંડમાં ફેલાયેલા ગભરાટને નરમ પાડવાને કામ લાગી હતી.

મિ૦ ભાવનગરી જેવા દબાણ કરત નહીં તો સરકાર આ મુકરદમો ચલાવત નહીં.

તમોએ પણ આ લખાણોની તપાસ કોઇ પ્રકારના ગભરાટની લાગણીથી કરવી નહીં. ગભરાટ કરવા જેવું શું છે તે હું જોઇ શકતો નથી. મેં ઉપર કહ્યું છે તેમ સરકાર પોતે તેવું કાંઈ જોતી નથી, અને પાર્લામેન્ટમાં મિ૦ ભાવનગરી જેવાઓએ સરકાર ઉપર દબાણ કર્યું નહીં હોત તો આ મુકરદમો ચાલત નહીં. એ લખાણોમાં સરકારને ઉંધીવાળવાની તજવીજ કરવા જેવું કાંઇ પણ નથી. મિ૦ રેન્ડના ખુનીનો પતો કાંઇ હાથ લાગ્યો નથી અને વખત જાય છે તેમ તેનો પતો મેળવવો વધારે અસંભવિત દેખાય છે. ખૂન એકજ હાથે કરવામાં આવ્યું છે અને તે કામમાં તે કરનારના કોઇ મળતિયા હશે, પણ ખુન કરવાને થોડાકોએ પ્રપંચ કર્યો હોય તેમાં રાજ્યદ્વારી કારણ સમાયેલું નથી. કલકત્તામાં થયેલા હુલ્લડ તથા સરહદ તરફનાં તોફાનનો કદાચ એવા પ્રસંગ સાથે સંબંધ ગણવામાં આવે પણ તમે જોશો કે શિવાજી મહોત્સવમાં મોહોમેદનો સાથે મળી જવાની સુચના બિલકુલ પણ કરવામાં આવી નથી. આ ખુનોના સંબંધમાં રાજ્યદ્વારી કારણસર એઓની રાખવાનું હું કોઇ પણ કારણ જોતો નથી. મિ૦ તિલકના જેવો આસામી તેવી હીલચાલમાં સામેલ થાય એમ ધારવુંજ અશક્ય છે, કેમકે તેથી તો તેના જેવા કેળવાયલા આસામીઓની ઉમેદ પાર ઉતરવાને બદલે ભ્રષ્ટ થવાનો ભય વધારે રહેવો જોઈએ.

જ્યુબીલીના સંબંધમાં પ્રતિવાદીએ કરેલાં તારીફ લાયક લખાણો.

જ્યુબીલીના સંબધમાં જે લખાણ તેઓએ કર્યાં છે તે મને તો ઘણીજ ચતુરાઇથી કરવામાં આવેલાં લાગેછે અને તેમાં ખરેખરી વફાદારી જણાઇ આવે છે. પ્રથમ લખાણમાં અંગ્રેજી શાહનશાહતની શરૂઆત અને તેના વધારા વિષે અને બીજામાં તે શાહનશાહતની મ્હોટાઈ વિષે લખવામાં આવ્યું છે ઇંગ્લાંડની સ્થિતિ અને તેનો બળ તેમજ તેનાં લશ્કર અને કાફલા વિષે તેમાં વિવેચન કરી દેખાડવામાં આવ્યું છે કે યુરોપનું કોઈ પણ રાજ્ય તેની બરોબરી કરી નહી શકે. એવું લખાણ કરનાર સામે અંગ્રેજી રાજ્યને ઉંધુંવાળવાનો યત્ન કરવાનો આરોપ મૂકવો તે ગેરવ્યાજબી છે. ઇંગ્લાંડનાં મ્હોટા બળ વિષે જે લખનાર લોકોને સમજાવે તેજ લખનાર તેનું રાજ્ય

ઉંધુંવાળવાની સમજ તે કેવી રીતે પોતાના વાચકોને પાડી શકે.

મરકીના સંબંધમાં પ્રતિવાદીએ સરકાર તરફથી લીધેલો ભાગ અને કોમના મ્હોટા ભાગને તેઓએ તેથી ખેંચી લીધેલો ક્રોધ.

મારા મિત્રે તકરાર લીધી છે કે મિ૦ તિલકે ઑસ્પિટલ ઉભી કરવામાં લીધેલા ભાગને આ મુકરદમા સાથે શું સંબંધ છે. તે કહેછે કે તેમાં તે વિષે જુબાની આપનાર સાક્ષી પાસે લવાજમ મેળવવામાં આવ્યું હતું પણ તેપરથી એમ નથી ઠરતું કે ગરીબોને તેમાં ફકત દાખલ કરવાની ગોઠવણ કરેલી નહીં હતી. મિ૦ તિલક લોર્ડ સેન્ડહર્સ્ટને પોતાને માટે તે ઘણું માન ધરાવેછે પણ તે પોતાના પત્રમાં ખુલ્લું જણાવેછે કે તે પોતાના સલાહકારોના હાથમાં ઘણો પડ્યો છે. જો તે એકલો સ્વતંત્રપણે કામ લે તો દેશને ઘણો લાભ કરી શકે. મરકીના સંબંધમાં મારા કુળે જે વલણથી કામ લીધું હતું તેથી તો હિંદુઓના મ્હોટા ભાગનો અણગમો તેઓએ પોતાની વિરૂદ્ધ ખેંચી લીધો હતો. તેઓએ પોતાના પત્રદ્વારાએ ફરિયાદ ઉઠાવી હતી કે કોમના આગેવાનો કોમને મૂકી દઇ પુનાથી ન્હાસી ગયા છે, તેને બદલે તેઓએ અહીં પાછા ફરી મરદોને યોગ્ય રીતે તેનો બચાવ કરવો જોઇએ. દરદીઓને અલાહેદાં રાખવાની જરૂર તેઓએ લોકોને સમજાવી હતી અને તેમને કહ્યું હતું કે સરકારે તે સંબંધી લીધેલા ઉપાય યોગ્ય જ છે. વળી તેઓએ લખ્યું છે કે ઑસ્પીટલોમાં દરદીઓને મારી નાંખવામાં આવેછે વગેરે જે વાતો ફેલાવવામાં આવીછે તે તદ્દન જુઠી છે, અને તો પણ એવાં લખાણ કરનારને માટે એડવોકેટ જેનરલ તમને સમજાવવા માગે છે કે તે અંગ્રેજી રાજ્યને ઉંધું વાળવા માગેછે. પોતાના એવાં લખાણોથી તો તેઓએ પોતાના કેટલાએક સ્વદેશીઓનો વિશ્વાસ ખોયો હતો; કેમકે તેઓએ પોતાની ફરજ બાજુએ મૂકી તે માટે તેમની સામે તેઓએ કડવા શબ્દો ઉચ્ચાર્યા હતા. તેઓ સરકારને ટેકો આપતા હતા તો પણ ખરૂં છે કે તેઓ સરકારના દરેક કામને પસંદ કરતા નહીં હતા. દાખલા તરી કે તેઓએ ફરિયાદ ઉઠાવી હતી કે લોર્ડસેન્ડહર્સ્ટની સૂચના પ્રમાણે મરકી દાબી દેવાના કામમાં પ્રજાના આગેવાનો વગેરેને સાથે લઇને તેમની સહાયતાની કામ કરવામાં આવતું નહીં. લશ્કરી સિપાઇઓપર હુમલો કરવાની જે ફરિયાદ એડવોકેટ જેનરલે કરીછે કે તેના સંબંધમાં ખરી હકીકત શું છે તે જુઓ. મારૂં કુળ કોમના આગેવાનો વગેરેને ઠપકો દેશે કે લશ્કરીઓથી આવી આવી જાતનાં કામો થવાની ફરિયાદ જ્યારે તમે કરોછો ત્યારે વાસ્તવિક ઉપાય તો એ છે કે તમો ઘેરઘેર લશ્કરીઓ જે તપાસ ચલાવેછે તેમાં ભાગ લેવો અને તેઓ શું કામો કરેછે તેપર નજર રાખી તેઓ ખોટું કરતાં જણાય તો તેમને પકડો. ખચિત્ત આ કરતાં વધારે પસંદકારક અને સારી સમજને યોગ્ય સૂચના બીજી કોઇ નહીં હોય.

મિ૦ પ્યુએ તે પછી જે લખાણોને આધારે મિ૦ તિલક સામે અપરાધ મૂકવામાં આવ્યો છે તેમની લંબાણથી અને વિગતથી તપાસ લઇ દેખાડયું હતુ કે તેમાં વાંધો ઉઠાવી શકાય એવુ કશું નથી.

પાંચમી બેઠક.

આ મુકરદમાની પાંચમા દિવસની તપાસ તા. ૧૩મી સોમવારના રોજ અગિયાર વાગતે પાછી શરૂ થઇ હતી. આગલા દિવસના જેટલાજ પક્ષકારોના વકીલ બારીસ્ટરો હાજર થયા હતા. આજે આ મુકરદમાનો છેવટનો નિકાલ આવવાનો સંભવ હોવાને લીધે તે સાંભળવાની ઉત્કંઠાથી નિત્યના કરતાં ઘણાં વધારે મનુષ્યો હાઇકોર્ટમાં એકઠાં થયાં હતાં. કોર્ટમાં નામદાર જડજ બરોબર અગિયાર વાગે ન્યાયાસન પર બિરાજ્યા હતા.

મી. પ્યુનું બાકી રહેલું ભાષણ.

તા. ૧૨–૮–૯૭ શનિવારે અધુરૂં રહેલું પોતાનું ભાષણ આગળ ચલાવતાં મિ૦ પ્યુએ જણાવ્યું કે ગયા શનિવારે કોર્ટ ઉઠી તે સમયે જે બે લખાણોને આધારે પ્રતિવાદીપર આરોપ મૂકવામાં આવ્યો છે તેમાંના બીજા લખાણનો બોલેબોલ તરજુમો તમારી આગળ હું વાંચી ગયો હતો. તે લખાણ શિવા

જી મહોત્સવના મેળાવડામાં થયેલાં કામકાજ સંબંધી હતું. તમારી આગળ બે પ્રકારના તરજુમા રજુ કરવામાં આવ્યા છે.—એક છૂટથી કરેલો અને બીજો બોલેબોલનો. તે બંને કોર્ટના દુભાષ્યાની સહી ધરાવે છે, અને તેટલા માટે તે બંને તરજુમાને એક સરખી સત્તાના તમારે ગણવા. ગઇ વેળાએ મેં તમને સૂચવ્યું હતું તેમ એક ત્રીજો તરજુમો પણ છે જે તમારી આગળ લાવવામાં આવ્યો નથી. ગઇ તા. ૩૦ મી જુલાઇ સુધી જે તરજુમાપર આધાર રાખીને સરકારે કામ લીધું હતું તે કોર્ટ આગળ લાવવામાં આવ્યો નથી, અને તમે તેપરથી એવા સારપર આવશો કે તે તરજુમો સરકારના ઓરીયન્ટલ ટ્રાન્સલેટર મિ. બેગે કર્યો હતો, પણ કોર્ટના દુભાષ્યાએ તે સ્વીકારવા ના પાડી તેમાંનું ઝેર કાઢી નાંખ્યું હતું. હવે હું તમારૂં ધ્યાન પ્રો. ભાનુના ભાષણનો જે બોલેબોલ તરજુમો પ્રતિવાદી તરફથી કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો છે તેમાંના પ્રજાએ લાંબો વખત થયા ખોયેલા છૂટાપણા સંબંધી વાકયોપર ખેંચવા માગું છું. પ્રો. ભાનુ તેમાં સર્વ વર્ગના હિંદુઓને આગ્રહ કરે છે કે તેઓએ આવા મેળાવડામાં પોતાનો સઘળો કુસંપ ત્યજીને સામેલ થવું. અહીં આ બીના તમે લક્ષમાં રાખજો કે પ્રો. ભાનુ પ્રતિવાદી સામેના પક્ષને લગતો છે અને તેઓ ખુલ્લું જણાવે છે કે શિવાજીને લગતા સવાલ શિવાય બીજા સઘળા સવાલોની બાબતમાં મિ. તિલક સાથે તેઓ મળતા થતા નથી. હિંદુઓને તેઓ તેમાં આગ્રહ કરે છે કે તમે કુસંપ છોડી દઇ તમારી કોમની અને દેશની સ્થિતિ સુધારવા સાથે મળી જાઓ. પ્રતિવાદી મિ. તિલકે તેજ ભલામણ પોતાના ભાષણમાં ઉપાડી લઈ પોતાના શ્રોતાઓને આગ્રહ કર્યો હતો કે વર્ષમાં માત્ર એક દિવસ પણ કુસંપ છોડી આવા મેળાવડામાં સામેલ થાઓ. એક દિવસમાં તો કાંઈ અંગ્રેજી રાજ્ય ઉંધું વાળવાની તજવીજ કરી નહીં શકાય. એ ભાષણોમાં રીતુર કરવાનો ઇરાદો બિલકુલ પણ જોવામાં આવતો નથી. તમો તાજુબી વિના સઘળી જુબાની તપાસશો—અને મારી ખાત્રી છે કે તમે તે રીતેજ તપાસ કરશો—તો તેમાં તમને કાંઇપણ એવું નહીં જણાશે કે જેપરથી પ્રતિવાદી સામે રીતુરી નિષ્ઠા ધરાવવાનો આરોપ મૂકી શકાય. શિવાજીના મહોત્સવની નેમ શું હતી અને તે કેવી રીતે ઉભો કરવામાં આવ્યો હતો તે ગઈ વેળા હું તમને જણાવી ગયો છું; તેમજ અફ્ઝુલખાનના મરણની વાત પણ ત્યાં સ્વભાવિક રીતે ઉભી કરવામાં આવી હતી તે તમે જોયું છે. ત્યાં મહાભારત અને પુરાણ વાંચવામાં આવ્યાં હતાં અને તેમને આધારે શ્રોતાઓનું ધ્યાન ખેંચવામાં આવ્યું હતું કે શિવાજી જેવાના કામોની તુલના સાધારણ માણસો માટે ઠરાવવામાં આવેલા નીતિને આધારે કરવાની નથી, અને તે સમજ પાડ્યા પછી ભાષણમાં કોમ વચ્ચે ઐકયતા વધારવાને ઉપદેશ આપવામાં આવ્યો હતો. આપણે સ્કોચ તથા વેલ્સ લોકો ઇંગ્લાંડની પ્રજા છતાં આપણી કોમ વચ્ચે ઐકયતા તથા દેશાભિમાન અથવા જાતિ અભિમાન વધારવાનો યત્ન કરીએ છીએ. તે કામ બેવફાઇનું ગણવામાં આવતું નથી. એક કોમના લોકો પોતાની કોમ અને તેના પ્રખ્યાત પુરૂષોના પરાક્રમ માટે અભિમાન ધરાવે અથવા ધરાવવા શીખે તેમાં કાંઇ ખોટું નથી.

ભાષણ આપનારાઓ સરકારના પગારદાર અમલદારો જેવા છે.

વળી તમારે લક્ષમાં રાખવાનું છે કે મહોત્સવ વખતે ભાષણ આપનારા બે પ્રોફેસરો—ભાનુ અને પ્રાંજપે—સરકારના પગારદાર અમલદારો છે, અને તેટલા માટે તેમના પગારનો કેટલોક ભાગ સરકાર તરફથી તેઓ મેળવે છે. એવા પ્રોફેસરો સરકાર સામે રીતુર કરવા જેવાં ભાષણો કેમ આપે તેનો તમારે વિચાર કરવાનો છે; અને તમે જોશો કે સરકારે તેઓ પાસે કશો ખુલાસો માગ્યો નથી અથવા તેમનાં ભાષણો સામે વાંધો પણ ઉઠાવ્યો નથી.

રીતુરી લખાણનો અર્થ કેમ કરવો તે વિષે ઇંગ્લાંડમાં આપવામાં આવેલા ચુકાદા.

રીતુરી લખાણ વિષેની હિંદી ફોજદારી કાયદાની કલમના સંબંધમાં વિદ્વાન એડવોકેટ જનરલે એમ જણાવ્યું હતું કે ઇંગ્લાંડમાં ચૂકવવામાં આવેલા કોઇનુ

મુકરદમાપર હું ધ્યાન ખેંચીશ નહીં તેવો માર્ગ તેણે શા માટે લીધો હતો તેનું કારણ હું સમજી શકું છું, કારણ કે જે એક મુકરદમાપર તમારૂં ધ્યાન ખેંચવા માગું છું તે પર તેણે તમારૂં ધ્યાન ખેંચ્યું હોત તો તેથી તેનાં હાજાં ગગડી ગયા હોત. શીતુરીનો અર્થ હિંદુસ્તાન કરતાં ઇંગ્લાંડમાં વધારે બ્હોળા પ્રકારનો કરવામાં આવે છે. ઇંગ્લાંડમાં ચાલતા કાયદા પ્રમાણે તો હુલ્લડ કે તોફાનની ઉશ્કેરણી કરનાર પણ શીતુર કરવાના વાંકમાં આવે છે: પણ અહીં તેવા અપરાધ માટે જુદીજ કલમ છે અને તે ૧૫૩ મી છે. જેની રૂઇએ આગળ એક મુકરદમો આ કોર્ટમાં તપાસવામાં પણ આવ્યો હતો, અને તે કલમ પછી બદનક્ષી કરવાના વાંક માટે એક જુદી કલમ દાખલ કરવામાં આવી છે. જે બીના પર પ્રથમમાં તમારૂં ધ્યાન હું ખેંચવા માગું છું તે એ છે કે કાયદાના જે ધારામાં ૧૨૪ A કલમ આવી છે તેમાં માત્ર રાજ્ય સામેના અપરાધોજ વર્ણવેલા છે.

જડજ—મિ. પ્યુ, તમને વિના કારણે અટકાવવા અથવા ગુચવવા હું માગતો નથી; પણ હું એમ ધારૂં છું કે કાયદાનો અર્થ કેમ કરવો અને ૧૨૪ A કલમનો અર્થ શો થાય છે તે વિષેની તકરાર તમોએ જુરી સાથે નહીં પણ મારી સાથે કરવી.

મિ. પ્યુ—કાયદાને લગતા સવાલની સમજ જુરીને આપવા હું માગતો નથી, પણ હું જણાવીશ કે કાયદાના સવાલો હકીકતને લગતા સવાલો સાથે એટલા બધા ભેળાઇ ગયેલા છે કે કાયદાને સાથે લીધા વિના જુરી આગળ ખુલાસો કરવો અશકય છે; અલબત કાયદાના સંબંધમાં હું જે કાંઇ બોલીશ તે તમો નામદાર જોતા ચાલશો અને જુરીના ગૃહસ્થો તે સંબંધી સમજ માટે તમારી ઉપજ આધાર રાખશે. હું તેમને કહીશ કે કાયદાની સમજ તેઓએ નામદાર જડજ પાસેથી મેળવવી; પણ તેજ વખતે શીતુર એટલે શું તે વિષે થોડી ટીકા તેમની સમીપ મારે કરવી જોઇશે. હું બતાવવા ઇચ્છું છું કે એક મુકરદમામાં નામદાર જડજ મી. કેવે જુરીને કાયદાની સમજ આપતાં જણાવ્યું હતું કે અસંતોષ ફેલાવવાનો અર્થ ખાસ કરીને શીતુર કરવાનો નહીં સમજવો, અને હું જો એક જુરર હોઉં તો મારા ભાઇબંધ જુરરોને હું એમજ કહું. તેમ હોવાથી શીતુર એટલે શુ તેની સમજ જુરીને આપવાનો હક્ક હું ધરાવું છું; કેમકે તેપરથી વાંધાવાળા લખાણ શીતુરી ગણી નહીં શકાય તે વિષે તેમની ખાત્રી કરવાને બની આવે. વિદ્વાન એડવોકેટ જનરલે મુકરદમો ઉઘાડતાં કાયદાની જે કલમને આધારે મુકરદમો ચલાવવામાં આવ્યો છે તે કલમ વાંચી સંભળાવી હતી, પણ તે માટે ઠરાવેલી શિક્ષાને લગતો ભાગ તેણે છોડી દીધો હતો.

જડજ— આ કોર્ટમાં એવો નિયમ ચાલતો આવ્યો છે કે સરકાર તરફના ધારાના હિમાયતીઓ જે કલમને આધારે મુકરદમો ચલાવવાનો હોય તેજ વાંચવી, અને શિક્ષાનો ભાગ છોડી દેવો.

મિ. પ્યુ—હું તે વિષે કાંઇ ફરિયાદ કરવા માગતો નથી. હું જે બતાવવા માગું છું તે એ છે કે, હિંદી ફોજદારી કાયદામાં શીતુરને ઘણો વધારે ગંભીર પ્રકારનો આરોપ ગણવામાં આવ્યો છે. (કાયદાની તે કલમ અત્રે વાંચી સંભળાવી મિ. પ્યુએ જણાવ્યું કે) એમાં સરકાર સામેનાજ અપરાધને શીતુરના વર્ગમાં મુકવામાં આવ્યો છે. વળી એમાં એ બીના ધ્યાનમાં રાખવાની છે કે સરકારને તાબે થવાની લાગણી ધરાવીને તેનાં કામો સામે નાપસંદગી બતાવવી તે કાંઇ શીતુર નથી. મારા વિદ્વાન મિત્રે એમ સમજાવવા માગ્યું હતું કે કલમમાં Measures શબ્દ છે અને તેનો અર્થ કાયદાના ખરડા એવો કરવો; પણ તેવો તેનો અર્થ થતો નથી. સરકારે કરેલાં અથવા નહીં કરેલાં કામોને માટે પણ એજ શબ્દ વપરાયછે. સરકારની સત્તાની અહીં વાત કરવામાં આવીછે અને કાયદામાં સરકાર એટલે કારોબારી સરકાર એમ જણાવેલુંછે. હવે હું તમારૂં ધ્યાન શીતુરનો અર્થ કેવી રીતે કરવો જોઇએ તે વિષે નામદાર જડજ મિ. કેવે આપેલા એક ચુકાદાપર ખેંચીશ. તે મુકરદમમાં મિ. જાન બરનસ અને બીજાઓ સામે કામ ચલાવવામાં આવ્યુ હતું. તેઓએ ત્રાફાલગર સ્કવેરમાં આપેલા ચોક્કસ

ભાષણનાં પરિણામમાં હુલ્લડ થયું હતું અને પેલ મેલ તથા સેંટ જેમ્સીસ સ્ટ્રીટમાંની દુકાનો લૂટવામાં તથા ત્યાં ભાંજફોડ કરવામાં આવી હતી. બરસ અને બીજાઓ સામે તેપરથી ઉશ્કેરણી ચલાવવાના વાંક માટે કામ ચલાવવામાં આવ્યું હતું, અને તેના સંબંધમાં નામદાર જડજ મિ. કેવે જુરી આગળ કાયદો સમજાવતાં રીતુરને લગતી હિંદી કાયદાની કલમ ઘડનાર, ધારાશાસ્ત્રી અને નામિચા જડજ સર જેમ્સ ફીટઝ સ્ટીવનનો તે વિષે ખુલાસો વાંચી સંભળાવ્યો હતો. તે ખુલાસો એવી મતલબનો હતો કે સરકારને તિરસ્કાર અને ધિક્કારમાં લાવવાની તજવીજ કરવી અથવા રાજ્ય બંધારણ કે સરકાર જે ધર્મ પાળતી હોય તે ધર્મને ઉંધો વાળવાની તજવીજ કરવી અથવા તે સામે અસંતોષ તથા દુશ્મનાઇ ભરી લાગણી ઉત્પન્ન કરવી તે રીતુર કરવા બરાબર છે. તે ખુલાસો વાંચ્યા પછી નામદાર જડજ મી. કેવે જુરીને જણાવ્યું હતું કે સરકારી દેવળ અથવા રાજ્ય બંધારણમાં કાયદાસરના ઉપાયોથી સુધારા કરાવવાની નેમથી ભાષણો આપવા અથવા મહારાણીની પ્રજા તરીકે ગણાતી કોમો વચ્ચે જે બાબતો તિરસ્કાર અથવા નઠારી લાગણી ઉત્પન્ન કરનારી થઇ પડી હોય તેમાં સુધારા કરાવવાની નેમથી ભાષણો આપવાં તે કાંઇ રીતુર નથી. રીતુરનાં ભાષણોનું વલણ પ્રજાને બળવો કરવા ઉશ્કેરવાનું હોવું જોઇએ. સરકારનાં કામકાજમાં અથવા રાજ્યબંધારણનાં ધોરણમાં ચૂકો અથવા ખામીઓ બતાવવામાં આવે તે કાંઇ રીતુર ગણાતું નથી. નામદાર જડજ મિ. કેવની આ ટીકાથી તમે જોશો કે અહીં ફકત કાયદાના ખરડા વિષેજ નહીં પણ સરકારના કોઇપણ કામો વિષે પસંદગી અથવા નાપસંદગી બતાવવાની છૂટ મૂકવામાં આવી છે. એક બીજો અગત્યનો ચુકાદો સરકાર વિરૂદ્ધ સુલીવાનસવાળા મુકરદમામાં નામદાર જડજ મિ. ફીટઝરાલ્ડે આપ્યો હતો. તેમાં તે નામદારે જુરીને આગ્રહ કર્યો હતો કે પ્રતિવાદીનાં લખાણોની તપાસ છુટથી અને મ્હોટાં દિલથી કરવી. તમારે યાદ રાખવું કે રાજ્યદ્વારી લખાણો માટે મ્હોટી છુટ મુકવામાં આવી છે. જો તે લખાણો સ્વતંત્રપણે અને સારી નિષ્ઠાથી કરવામાં આવે તો તેથી પ્રજાને ઘણો લાભ થાય છે. તમે છાપાનાં છુટાપણાના રક્ષક જેવાછો, અને તેનો ગેરઉપયોગ થતો જેમ તમોએ અટકાવવો તેમ તેનું રક્ષણ પણ તમારે કરવું. જે મુકરદમાના સંબંધમાં જુરીને આ પ્રમાણે તેણે સમજ પાડી હતી તેમાં તો અગ્રેજોના ગેરકારોબાર ને હથિયારોની મદદથી દુર કરવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો, પણ આવા સખ્ત વાકય છતાં જડજે જુરીને જણાવ્યું હતું કે ઘણા ઉદાર દિલથી લખાણની તપાસ લેજો, અને કોઇ છુટા છવાયા વાકય ને શબ્દોને આધારે તમે દોરવાઇ જશો નહીં. વળી નામદાર જડજ મિ૰ કેવે પહેલા ટાંકેલા મુકરદમામાં જુરીને જણાવ્યું હતું કે કાયદા કરતાં સાદી સમજને આધારે તમારે વધારે કામ લેવાનું છે, અને જાહેર સુલેહનો ભંગ કરવાની નેમથી પ્રતિવાદીઓએ ભાષણ કર્યા હતાં એમ પુરવાર નહી થાય તો તેમને તમોએ નિર્દોષ ઠરાવી છોડી મૂકવાજ જોઈએ. જે વખતમાં વાંધાવાળાં લખાણો તથા ભાષણો પ્રકટ કરવામાં આવ્યાં હતાં તે વખતમાં મિ૰ તિલક સરકારને અંતઃકરણથી મરકી દાબી દેવાના તેના કામમાં ટેકો આપતો હતો તે આપણે જોઇ ગયા છીએ, અને તેવું કામ કરનાર સરકારને ઉંધી વાળવાની નેમ ધરાવતો હતો એમ કેમ કહી શકાય? જડજ મિ. કેવે જુરીને વળી આ બીના પણ ધ્યાનમાં રાખવા જણાવી હતી કે કેટલાક શખ્સોનો સ્વભાવજ એવો હોય છે કે તેઓ ઘણા સખ્ત શબ્દો વાપરી દે છે, માટે તેવા શબ્દો ઉપરથીજ કામ લેવું નહીં જોઇએ.

સરકારના વલણ સામે ટીકા.

હું ઘણો દિલગીર છું કે બીજા પ્રતિવાદીને તેના બચાવ માટે ધારાનો હિમાયતી રોકવાની જોગવાઇ આપવામાં આવી નથી. હું કાંઇ તેના તરફથી અહીં ઉભો નથી. સરકારની સામે તેણે જે ધોરણ આ મુકરદમામાં કામ લીધું છે તે વિષે મારે ફરિયાદ કરવાની છે. મારી ખાત્રી છે કે કોર્ટમાં જે તરજુમા દાખલ કરવામાં આવ્યા છે તે જો તેણે મારા વિદ્વાન મિત્ર સમીપ રજુ કર્યા હોત તો તે

કરી પણ આ મુકરદમો ચલાવવાની સલાહ તેને આપત નહીં. વળી કેવા વલણથી તેણે કામ ચલાવ્યું છે તે પણ ધ્યાનમાં લેવા જેવી બીના છે. મિ. તિલક નાશી જશે એવો કાંઇ પણ સંભવ નહીં હતો, છતાં તેમને જામીનપર છોડવા સામે ઘણું મજબૂતીથી વલણ થયું હતું.

રાજ્યદ્વારી ખૂન કરવાની સૂચના.

શીતુરી નેમ ધરાવીને લખવું અને સખ્ત ભાષામાં લખવું કે બોલવું તે વચ્ચે ફેર છે. રાજ્યદ્વારી ખુન કરવાની સૂચના પ્રતિવાદીએ કરેલી મારા વિદ્વાન મિત્રે જણાવીછે, પણ ગયા વખતે જણાવી ગયો તેમ તેઓએ કોઇ સૂચના કરી હોત તો તેમની સામે હમણાની કલમને આધારે નહીં પણ ખુન કરવાની ઉશ્કેરણી કરવાના વાંક માટે ઠરાવેલી જુદીજ કલમની રૂઇએ કામ ચલાવવામાં આવત, પણ તેમ કરવામાં આવ્યું નથી તે પરથી તમારે એટલોજ સાર ખેંચવો જોઇએ કે તે માટે કોઇપણ પ્રકારનો પુરાવો નથી. અને તમારે જડજ મિ૦ રેલના આ શબ્દો યાદ રાખવા કે કાંઇપણ નઠારી નેમ ધરાવ્યા વિના સખ્ત ભાષામાં લખવું કે બોલવું તે કાંઇ શીતુર નથી.

શિવાજી મહોત્સવનો હેતુ રાજ્યને ઉંધું વાળવાનો નહી જોઇએ.

ફરિયાદીનો ઉપાય જબરી વાપરીને કરાવવો એવી સૂચના પ્રતિવાદીએ કરીછે એમ ફરિયાદી પક્ષ તરફથીજણાવવામાં આવ્યું છે, પણ તે વિષે વિચારકરતાં તમારે સાથે આ બીના ધ્યાનમાં રાખવાની છે કે તેમની સૂચના પાર ઉતરી શકવા જેવો સંભવ હતો કે કેમ. એક તરફથી પ્રતિવાદી ઇંગ્લાંડનાં લશ્કરી તથા દરિયાઇ બળને મ્હોટાઇમાં મ્હોટું દેખાડે અને બીજી તરફથી તેઓ આવી સૂચના કરે તે બનવા જોગ નથી. જડજ મિ. કેવે જુરીને જણાવ્યું છે કે નહીં બની શકે એવી સૂચનાઓ કોઇ કરેતો તેની તે સૂચનાઓને મૂર્ખાઇનું રૂપ આપીનેજ ચલાવી લેવી જોઇએ. શિવાજી મહોત્સવની ધામધુમ અંગ્રેજી રાજ્યને ઉંધુ વાળવાની નેમ બિલકુલ ધરાવતી હોવી નહીં જોઇએ, કેમકે હિંદુઓ તથા મુહોમેદનો સાથે જોડાયા વિના તે કામ બની શકે તેમ નથી; પણ શિવાજી મહોત્સવના ભાષણો માટે અફઝુલખાનના મરણનો જે વિષય હાથ ધરવામાં આવ્યો હતો તે તો હિંદુઓ તથા મ્હોમેદનો વચ્ચે વધારે ને વધારે અંતર પામવા જેવો હતો, અને તેવી સભામાં મહોમેદનો કદીપણ જાય નહીં

"ફીતુરી" વિષે સર જેમ્સ ફીટઝ સ્ટીવના વિચાર.

જે કલમને આધારે આ મુકરદમો ચલાવવામાં આવે છે, તેનો હેતુ શો હતો તે સમજવા માટે તે કલમ દાખલ કરનાર ધારાશાસ્ત્રી સર જેમ્સ ફીટઝ સ્ટીવને ધારાસભામાં જે ભાષણ કર્યું હતું, તેપર તમારૂં ધ્યાન હવે હું ખેંચીશ.

જડજ—તે કાંઇ વાંચી નહીં શકાય.

મિ. પ્યુ—મને તે વાંચવાનો હક છે, કેમકે મારા વિદ્વાન મિત્રે "બંગોબસી" પત્ર સામે જે મુકરદમાનો આધાર લીધો છે તે મુકરદમામાં તે વાંચવા દેવામાં આવ્યું હતું. હિંદી ધારાશાસ્ત્રીની સ્થિતિ ઉમરાવોની સભામાં કાયદાના ખરડા દાખલ થનાર લોર્ડ ચાન્સેલરના જેવી હોય છે, અને લોર્ડ ચાન્સેલર તે ખરડાનો હેતુ સમજાવતાં જે ભાષણ આપે છે તે કોર્ટમાં દાખલ કરવા દેવાનો બનાવ ઈંગ્લાંડમાં પણ બન્યો છે.

મિ. પ્યુએ અત્રે ઇંગ્લાંડમાં ચૂકવવામાં આવેલા બે મુકરદમા તેના ટેકામાં ટાંક્યા પછી તેજ બાબતના ટેકામાં કલકત્તા હાઇકોર્ટની ફુલબેન્ચનો તથા મુંબઇ અને મદ્રાસની હાઈકોર્ટે ચૂકવેલા કેટલાક મુકરદમા ટાંકી બતાવ્યા હતા. છેવટે મિ. પ્યુએ કોર્ટને એવી અરજ કરી હતી કે જો તમે મારી તકરાર કબુલ નહીં રાખો તો સર જેમ્સ ફીટઝ સ્ટીવનનું ભાષણ મારા ભાષણ તરીકે મને વાંચવા દેવું.

નામદાર જડજે ચુકાદો આપતાં મિ. પ્યુએ ટાંકેલા ચુકાદાઓપર વિવેચન કરી જણાવ્યું કે હિંદુસ્તાનની કેટલીક કોર્ટોમાં ધારાસભામાંનાં ભાષણો કાયદાની સમજ મેળવવા માટે ઉપયોગમાં લેવાની રૂઢી ચાલતી આવી છે તે ખરૂં છે, પણ ૧૮૯૫માં ઇંગ્લાંડની પ્રીવી કાઉન્સીલે તેની સામે મત આપ્યો છે અને તે કોર્ટના ચુકાદાથી આપણે સઘળા બંધાયેલા છીએ, અને

તેથી સર જેમ્સ ફીટઝ સ્ટીવને ધારાસભામાં કરેલાં ભાષણને તેનાં ભાષણ તરીકે હું અત્રે રજુ કરવા નહીં દઇશ. પણ મિ. પ્યુએ તે પોતાના ભાષણના એક ભાગ તરીકે તેનો ઉપયોગ કરવાની છુટ માગી છે તે હું આપું છું.

મિ. પ્યુએ તેપરથી તે ભાષણ વાંચ્યું હતું અને તેમ કરતાં જુરીને ચેતવણી આપી હતી કે તે ભાષણ તેનું પોતાનું છે એમ તેણે સમજવું. સર જેમ્સ ફીટઝ સ્ટીવને તેમાં એમ જણાવ્યું હતું કે ગમે તેવાં કડવાં લખાણ કરવામાં આવે તે સામે હિંદી સરકારને વાંધો નથી; તે એટલુંજ માગે છે કે તેવાં લખાણ સારી નિષ્ઠાથી કરવામાં આવે. ચોક્કસ શબ્દો અથવા લખાણ અસંતોષ ઉત્પન્ન કરે એવાં હોય તેટલા માટે તેમનો ઉપયોગ નહીં કરવો તો પછી વ્યાજબી લખાણ પણ કરી નહીં શકાય; પણ તેમ કાંઇ હિંદી સરકાર કહેતી નથી. મિ. પ્યુએ જણાવ્યું કે આ કરતાં વધારે સારા શબ્દોમાં ફીતુર ને લગતા કાયદાની સમજ હું તમને આપી નહીં શકું. મારા વિદ્વાન મિત્રે "બંગોબસી" પત્ર સામે ના મુકરદમા ઉપર ઘણો ભાર મુકયો છે. તે મુકરદમામાં તો પ્રતિવાદીએ એમ લખ્યું હતું કે બળવો કરવાને આપણે અશક્ત છીએ. પણ શક્તિવાન હોઇએ અને બળવો કર્યો તો તે અઘટિત નહીં કહેવાય. પણ પ્રતિવાદી તરફના કોઇપણ લખાણમાં એવું જોવામાં નહીં આવશે.

બેદીલી અથવા અસંતોષ ઉત્પન્ન કરવાના સંબંધમાં મુંબઇની હાઇકોર્ટ આગળ એક મુકરદમામાં આપેલા ચુકાદા પર મિ. પ્યુએ તે પછી જુરીનું ધ્યાન ખેંચ્યું હતું. તે મુકરદમામાં કહાનજી ધર્મસિંહ સામે હિંદુ અને મહોમેદન વચ્ચેનાં છેલ્લાં હુલ્લડ વખતે ઉશ્કેરણી કરવા જેવી એક કવિતા પ્રકટ કરવા માટે કામ ચલાવવામાં આવ્યું હતું, અને તે સામે કરવામાં આવેલી અપીલ ચુકાદા સામે નામદાર જડજો મેશર્સ જાર્ડીન અને રાનડે આગળ લાવવામાં આવી હતી. શિવાજીના શબ્દોવાળી જે કવિતાને આધારે પ્રતિવાદી પર અપરાધ મૂકવામાં આવ્યો છે તેના સંબંધમાં અપીલ કોર્ટનો તે ચુકાદો અગત્યતા ધરાવે છે. કોર્ટ તરફથી ચુકાદો આપતાં નામદાર જડજ મિ. રાનડેએ જણાવ્યું કે કવિતાઓના ઉભરાઓ માટે ઘણી છૂટ મૂકવામાં આવે છે, અને તેના ટેકામાં એડીસનનું કેટો નામે લખાણ તથા ખ્રીસ્તીઓનાં ભજનોમાંની કેટલીક લીટીઓ ટાંકી હતી. કવિતાની લીટીઓનો બોલેબોલ તરજુમો લઇને આગળ ચાલી નહીં શકાય. "ફરી લડો" એવા જે શબ્દો પ્રતિવાદી કહાનજીની કવિતામાં વાપરેલા હતા તેનો અર્થ મિ. રાનડેએ પોતાના ચુકાદામાં જણાવ્યો હતો કે બોલેબોલ લેવાયજ નહીં, અને તેની મતલબ દેશનાં ભલાં માટે કમર બાંધો એવીજ સમજવી જોઇએ. મિ. પ્યુએ જણાવ્યું કે આ ચુકાદા પર જુરીના ગૃહસ્થોએ ધ્યાન આપવા ઉપરાંત શિવાજીના શબ્દોને છેડે આવેલા વાકયોને પણ તેઓએ ધ્યાનમાં રાખવા. શિવાજીએ તેમાં એમ જણાવ્યું છે કે તમો અંગ્રેજો પર મેં જે આભાર કર્યો છે તે યાદ રાખી મારાં આ બચ્ચાંઓને તમારાં બચ્ચાં જેવાં લેખી તમારી કીર્તિમાં વધારો કરો.

"કેસરી" માં પ્રકટ થયેલા ચર્ચાપત્રોપર વિવેચન.

મારા મિત્રે પ્રતિવાદીનાં પત્ર "કેસરી" માં પ્રકટ કરવામાં આવેલાં "ગણેશ," "દાસાનુદાસ" અને "ફીલસુફી" એવી સહી સાથના ત્રણ ચર્ચાપત્રો તેમની નિષ્ઠા બતાવવાને મૂકયાં છે તે રીત ન્યાયી નથી. ચર્ચાપત્રીઓના વિચાર પ્રતિવાદીને માથે મૂકવા તે યોગ્ય નહીં કહેવાય. મારો વિદ્વાન મિત્ર જણાવે છે કે એથી જુદા પ્રકારના વલણ ધરાવનારાં લખાણો હોય તો તે દાખલ કરવા જોઇએ; પણ હવે આપણે એ ચર્ચાપત્રોમાં શું છે તે જોઇએ. "દાસાનુદાસ" સાર્વજનિક સભાના અરજ કરવાના સરકારે લઇ મૂકેલા હક્ક વિષે લખે છે, અને જણાવે છે કે તેથી સભાને લાભજ થશે. તે સૂચવે છે કે એ બાબતમાં દાદ મેળવવાને સભાએ હિંદી સરકારને અરજ કરવી, તથા સભાએ ઇલાકાના જુદા જુદા ભાગોમાં પોતાની શાખાઓ કાઢી તેમની ધારાએ ત્યાંના લોકો પાસે પણ હિંદી સરકારને અરજીઓ કરાવવી. કાયદેસર રીતે દાદ મેળવવાની

સુચના તેમાં છે અને તેની સામે વાંધો ઉઠાવવા જે વું કાંઇ દેખાતું નથી. "ગણેશ" ની સહીનો લખ નાર પ્રતિવાદીના પક્ષનો નથી તે તેનાં લખાણ ઉપ રથીજ જણાઈ આવે છે. તેનાં લખાણમાંના જે ફ કરા સામે વાંધો લેવામાં આવ્યો છે તે શિવાજી જે વો કોઇ નર પાછો ઉભો થવા પામે એવી તેણે બ તાવેલી ઇચ્છાને લગતો છે. સ્કાચ લોકો એવી ઇચ્છા બતાવે છે કે અમારામાં વૉલેસ જેવો બીજો વિર પુરૂ ષ પેદા થાય; પણ તેવી ઇચ્છાનો અર્થ એવો કરી નહીં શકાય કે વૉલેસે જે ઉપાયો પોતાની કોમનાં ભલાં માટે લીધા હતા તેજ ઉપાયો હાલમાં પણ તે કામ લગાડે. તેનો અર્થ એટલોજ થવો જોઇએ કે હાલના સમયને અનુરૂપ ઉપાયો લઇ પોતાની કોમ ત થા દેશનું ભલું કરે એવો નર ઉભો થાય. શિવાજી જેવો બીજો નર ઉભો થવા પામે એવી ઇચ્છાનો અર્થ તેજ પ્રકારનો કરવો જોઇએ છીએ. કવિતાના ઉભરા જેવું એ વાકય છે. તમે જોશો કે શિવાજી મહોત્સવના મે લાવડા કરવાની તો સામે તે લખનાર છે, અને તેમને તે નિરૂપયોગી ગણાવે છે. તે ભલામણ કરે છે કે એ મેલાવડાઓમાં ઘણું કરીને બુઢાઓ આવે છે અને તે ઓ શીખી શકે તેવી સ્થિતિમાં હોતા નથી. વળી તે ભલામણ કરે છે કે, કાંઇ પણ ઉપયોગી કામ કરવું હોય તો એવા મેલાવડા કરવાને બદલે આપણા જુવાનિયાઓને શિવાજીના ગુણોની નકલ કરવા શીખવવા તથા રામાયણમાં વર્ણવેલા સદ્‌ગુણો ગ્રહણ કરવા શીખવવા. મારી ખાત્રી છે કે તમે એ લખાણ વાંધા ભરેલું નહીં ગણશો, અને કદાચ ગણો તો તમે તે માટે પ્રતિવાદીને જોખમદાર નહીં ઠરાવશો.

તા. ૪ થી મેના 'કેસરી' માં આવેલું લખાણ.

તા. ૪થી મે ૧૮૯૭ના અંકમાંનું એક લખા ણ પ્રતિવાદીની સામે રજુ કરવામાં આવ્યું છે; પણ તે લખાણનો સાર શું છે? તેમાં તો પ્રજાના જે આગેવાનો મરકીના વખતમાં પુના છોડી ગયા હતા તેમને દોષ દેવામાં આવ્યો છે કે પ્રજાના આગેવાન તે ઓ થવા માગે છે; પણ જ્યારે પ્રજાની મદદે તેના આગેવાન તરીકે તેઓએ ઉભું રહેવું જોઇએ અને તેને કામે લાગવું જોઇએ ત્યારે તેઓ તેને છોડીને ચાલ્યા ગયા છે.

મરકી વેળા મી. તીલકે બજાવેલી સેવા.

મી. પ્યુએ આ પછી ઑન. મી. તીલકે 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' ઉપર લખેલા બે પત્રો વાંચી સંભળાવ્યા હતા. પેહેલામાં તેઓએ જણાવ્યું કે ત્ર ણ કલાક સુધી કરવામાં આવેલાં ભાષણો તો 'કેસ રી' પત્રની અરધી કાલમ જેટલી જગામાં સંકો ચવામાં આવ્યું હતું. તે ઉપરાંત તેઓએ જણા વ્યું હતું કે "મ્લેચ્છ" શબ્દ હમણાના વખત ના સંબંધમાં અને અંગ્રેજોને માટે વાપર વામાં આવ્યો હતો એવો અર્થ કરનાર ઘણો તુચ્છ મનનો હોવો જોઇએ, અને એવા માણસથી દેશનું ભલું કદી પણ થઈ શકે નહીં. બીજા લખાણમ "ટાઇમ્સ ઑફ ઇન્ડિયા" ને તથા તેના ચર્ચાપત્રી ઓને ખુલ્લી રીતે ચેલેંજ કરી છે કે, મરકી દાબવા ના કામમાં તેઓએ કોઇપણ પ્રકારે હરકત કરવાનો એક પણ દાખલો તેમના બંને પત્રો "મરાઠા" ત થા "કેસરી" માંથી બતાવી આપવો. તેમના આ બંને પત્રો એક પ્રમાણિક તથા હિંમતવાન પુરૂષને શોભારૂપ છે. તમો જાણોછો કે એડવોકેટ જનરલે પ ણ શરૂઆતમાં એવી વાત કરી હતી કે મરકી સર ખા વખતની પ્રજાની સ્થિતિનો લાભ લઈ પ્રજાને ઉશ્કેરવાની પ્રતિવાદીએ તજવીજ કરી હતી; પણ અમોએ જયારે તેથી જુદી રીતે મરકીના કામમાં સરકારને કેવી મદદ આપી હતી તેના દાખલા રજુ કર્યા ત્યારે છેવટે એડવોકેટ જનરલે પોતાનું વલણ ફેરવી નાખી જણાવ્યું કે મરકીને લગતાં કામ સાથે મુકરદમાને સંબંધ નથી. વળી આ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે જે ખુન થયાં હતાં તે મરકી દાબવાનું કામ પૂરૂં થઇ રહ્યા પછી તથા લશ્કરીઓને ઘેરઘેર તપાસ કરતાં બંધ પાડયા પછી ઘણે વખતે કરવામાં આવ્યાં હતાં. જો મરકીના સંબંધમાં લોકોને ઉશ્કેરવામાં આવ્યાં હોત તો તેની લાગણી જે વખતે ઘણી તાજી હતી તે વખતેજ ખુન કરવામાં આવ્યાં હોત. મી. તીલક

ના બંને પત્રો તેમની પ્રમાણિક નિષ્ટા જાહેર કરે છે અને તેઓ પોતાનો મત જાહેરમાં મુકવાને શરમાતા નથી, એમ તે ઉપરથી જણાઈ આવે છે. લોકોની લાગણી જોઇને કામ લેવાની તથા પ્રજાની મદદથી કામ લેવાની તેઓએ જે ભલામણ પોતાના પત્રમાં કરી છે, તેમાં તેઓ નામદાર ગવરનરના મતથી જુદા પડતા નથી. લોર્ડ સેંડહર્સ્ટે પ્રધાન ઉપર મોકલેલા લખીત પત્રો તથા તારના સંદેશા ઉપરથી આપણે જાણ્યું છે કે તે રીતે કામ લેવામાં નહીં આવે તો હુલ્લડ જાગવાનો ભય તે અને તેની કાઉન્સિલ ધરાવતી હતી.

જંગલખાતાના અમલદારે કરેલા એક ખુન વિષેની એક ચર્ચા.

જંગલખાતાના અમલદાર મી૦ ક્રેગને એક સ્ત્રીના અકસ્માતથી કરેલા ખુનના સંબંધમાં તેને સજા કરવી જોઇતી હતી, એવી પ્રતિવાદીએ જે માગણી કરી છે તે મુકરદમાની હકિકત જોતાં વાજબી લાગતી નથી; પણ તેટલા માટે તેમને તે સંબંધી પોતાનો મત જાહેર કરવામાં ખોટું નહીં ગણાય. દેશી રાજાઓ પોતાના રાજ્યમાં ફરજ બજાવવાની પડતી મેલી ઈંગ્લાંડમાં જ્યુબીલી પ્રસંગે મોજ કરવા અને તે પણ વગર આમંત્રણે જવા વિષે પ્રતિવાદીએ જે લખાણ કર્યું હતું, તેવાંજ લખાણ ખુદ હિંદી અંગ્રેજ તથા ઇંગ્લાંડના પત્રોમાં પણ મળશે. તેવાં લખાણમાં ફીતુરી લાગણી શું હોઇ શકે? વડોદરામાં હથીઆરોનો કાયદો દાખલ કરવાની હીલચાલ વિષે જે લખાણ આવ્યું છે તે પણ નિર્દોષ છે. તમો જાણો છો કે હથીઆરોને તથા દેશી છાપાને લગતો કાયદો લોર્ડ લીટનની સરકારે બાંધ્યા પછી તે સામે આ દેશમાં તેમજ ઈંગ્લાંડમાં ચર્ચા ઘણી ચલાવવામાં આવી હતી અને છેવટે છાપા સામેનો કાયદો કહાડી નાખવામાં આવ્યો હતો; પણ હથીઆરોને લગતો કાયદો કાયમ રાખવામાં આવ્યો છે અને તે સામેની ચર્ચા ચાલુજ છે. એ લખાણની મતલબ ટુંકમાં એટલુંજ પૂછવાની છે કે દેશી રાજ્ય છે અને તેને માટે હથીઆરોનો કાયદો શા માટે જોઇએ? એ લખાણમાંના જે વાકય સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે તે એવો છે કે પ્રજા કદાચ હથીઆરો અંગ્રેજો સામે વાપરે એવો ભય અંગ્રેજો રાખે છે અને તે ચોકસ દરજ્જે ખરું છે અને તે એમ કે જો "કાયદાસરના ઉપાયો" દાદ મેળવવામાં "નિષ્ફળ નીવડે" તો એવો બનાવ બને; પણ અહીં તમારે ધ્યાન રાખવાનું છે કે "કાયદાસરના ઉપાયો નિષ્ફળ નીવડે" તો એ શબ્દો અસલ લખાણમાં કાળા કરેલા છે. દાદ આપવા તમે બિલકુલ નાજ પાડો તો આવો બનાવ બને એમ તેમાં જણાવ્યું છે અને તેવા વિચારને ફીતુરી કેમ કહી શકાય?

પ્રોફેસર ભાનુનો તેમનાં ભાષણો વીષેનો ખુલાસો.

પ્રોફેસર ભાનુના ભાષણના સંબંધમાં એડવોકેટ જનરલ એવી તકરાર લાવે છે કે તે ભાષણ તેઓ એજ કર્યું હતું એવો પુરાવો સરકાર ધરાવતી નથી ત્યારે તેમની સામે તે ઉપાય કેમ લઇ શકે? પણ તે પ્રોફેસરે "ટાઇમ્સ ઑફ ઇન્ડિયા"ના તા. ૮ મી જુલાઇના અંકમાં પોતાના તે ભાષણ વિષે લંબાણથી કેટલોક ખુલાસો કર્યો છે, જેમાં તેઓ એમ કહેતાજ નથી કે તેમના ભાષણનો જે સાર "કેસરી" પત્રમાં આવ્યો છે તે ખરો નથી. તેમાં તેઓ પ્રથમ જણાવે છે કે શિવાજી મ્હોત્સવ શિવાય બીજા કોઇ સવાલના સંબંધમાં મી. તીલક સાથે તેઓ મળતા થતા નથી, ત્યારે હું તમને પુછું છું કે બેદીલી ફેલાવવાના કામમાં મી. તીલક સાથે તેઓ જોડાય તે શું બનવા જોગ છે? વળી પ્રોફેસર ભાનુ પોતાના પત્રમાં પોતાના ભાષણનો ભાવાર્થ લંબાણથી સમજાવે છે કે જે બોજા વિષે તેઓ પોતાના ભાષણમાં બોલ્યા હતા તે જ્ઞાતિ વચ્ચે ચાલતો કુસંપ છે અને તેઓએ જ્ઞાતિને ભલામણ કરી હતી કે તે બોજાને કાપી કહાડી જ્ઞાતિની સાંસારિક, ધર્મ તથા ઉદ્યોગ સંબંધી વૃદ્ધિ માટે ઐક્યતા વધારવાની તજવીજ કરો. શું ફરિયાદી પક્ષ એવી ફિકર રાખે છે કે એવી ઐક્યતાથી અંગ્રેજી રાજ્ય ઉંધું વળશે? પણ તેવી ફિકર તેણે રાખવી નહીં કેમકે તેવી ઐક્યતા થતાં વર્ષોના વર્ષ લાગશે. પ્રોફેસર ભાનુ એજ મતલબનું બોલ્યા

હતા તે મી. તીલકના છેવટના ભાષણ ઉપરથી જણાઇ આવે છે, કેમકે તેઓએ પણ કુસંપ દૂર કરવાનોજ આગ્રહ તેમાં કર્યો છે.

સરકાર સામે એક ફરિયાદ.

સરકારની સામે એક ફરિયાદ મારે કરવાની છે. મી. તીલકે મરકીના સંબંધમાં જે યાદી નામદાર ગવરનર ઉપર મોકલાવી હતી, તે અત્રે મેહેરબાનીની રાહે રજુ કરવાની માગણી અમે કરી હતી તે સ્વીકારવાને તેણે ખુલ્લી ના પાડી છે. મી. તીલક પ્રમાણિકપણે અને સરકારને મદદ આપવાની મતલબથી કામ લેતા હતા તે બતાવવા માટે તે અગત્યની હતી અને તોપણ તેમની સામે ફીતુર ઉઠાવવાનો આરોપ મેલનાર સરકારે તે અત્રે રજુ કરવાને ના પાડી તે હકિકત તમોએ ધ્યાનમાં રાખવાની છે; પણ તે યાદી કેવા પ્રકારની હતી તે મી. લેંડ આગળ ગયેલા ડેપ્યુટેશનને લગતો જે હેવાલ "મરાઠા" ના તા. ૪થી એપ્રિલ ૧૮૯૭ના અંકમાં પ્રકટ કરવામાં આવ્યો છે તે ઉપરથી તમોએ જોયું હશે. સરકારી મેહેસુલના સંબંધમાં શાહુકારોને તેઓએ આપેલી સલાહ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે; પણ તે સલાહ કેવા પ્રકારની છે? તેઓએ તેમને એમ જણાવ્યું છે કે દુકાળ કમીશને કરેલી ભલામણ તથા દુકાળને લગતા કાયદાની રૂએ ચોકસ સંજોગો વચ્ચે તેઓ પોતાનું મેહેસુલ ભરવાનું મુલતવી રખાવવાનો હક ધરાવે છે અને તે હક તેમને નહીં ભોગવવા દેવામાં આવતો હોય તો તેઓએ દાદ મેળવવા કલેકટરો તથા ગવરનરોને અરજીઓ કરવી. શાહુકારો તરફ લાગણી બતાવી તેમની ફરિયાદ માટે અરજી કરવાનો ઉપાય તેઓએ સુચવ્યો તેમાં તેઓએ ખોટું શું કર્યું?

કોર્ટ અત્રે ટીફીન લેવા ઉઠી હતી.

ટીફીન લીધા પછી કોર્ટ પાછી બેસતાં મી. પ્યુએ બચાવ તરફનું ભાષણ પાછું આગળ ચલાવ્યું હતું. ગઇ તા. ૧૬ મી ફેબ્રુઆરી ૧૮૯૭ ના "કેસરી" પત્રમાં પુના ખાતે મરકી દાબી દેવાના સરકારના વહિવટ વિષે આવેલું લખાણ વાંચી તેણે જણાવ્યું કે,

મરકીના સંબંધમાં મી. તીલકે સરકાર તરફથી બજાવેલો ભાગ.

એ લખાણનો સાર એવો છે કે મરકી દાબી દેવા માટે સરકારે લીધેલા ઉપાયોને પ્રતિવાદી પસંદ કરે છે; પણ જણાવે છે કે એ ઉપાયોમાં લોકોની પણ સાથે સાથે મદદ લેવી. વળી લોકોને તેમાં મદદ કરવા માટે ભલામણ કરવામાં આવી છે. મરકી કેવા પ્રકારનું દરદ છે તે વિષે પ્રતિવાદી પોતાના લખાણમાં લોકોને સમજ આપે છે કે એક આગના જેવું તે દરદ છે એટલે તે જ્યાં સુધી નાના વિસ્તારમાં હોય છે ત્યાં સુધી તેને કાબુમાં લઇ શકાય છે; પણ એકવાર આગ જેમ મોટા વિસ્તારમાં ફેલાઇ જેવી રીતે કાબુમાં આવી શકતી નથી તેમ તે દરદ પણ એક વાર મોટા વિસ્તારમાં દાખલ થવા પામ્યું તો તે કાબુમાં આવી શકતું નથી. કરાચી અને મુંબઇમાં મરકી લાંબો વખત સુધી ચાલુ રહેવા છતાં સરકારે મજબુત ઉપાયો નહીં લીધા તે માટે તેમાં તેને ઠપકો આપવામાં આવ્યો છે; પણ તે કામની ગંભીરતા જોતાં તે લખાણ બહુ મધ્યમ કહેવાય.

દરદીઓને મારી નાખવામાં આવે છે એવા ફેલાએલા વિચારને ખોટા પાડવામાં સરકારને કરેલી મદદ.

વળી એજ લખાણ ઉપરથી તમને જણાશે કે આસ્પિટલોમાં દરદીઓને મારી નાખવામાં આવે છે, એવા લોકોમાં ફેલાયેલા વિચારને પ્રતિવાદીએ પોતાના પત્રમાં ખોટા પાડયા હતા. વળી પુનામાં સ્થાપવામાં આવેલી આસ્પિટલોની પ્રતિવાદીએ જાતે મુલાકાત લઇ તેને લગતો અનુભવ મેળવ્યો હતો. તેજ ઉપરથી તેણે પોતાના પત્રમાં ભલામણ કરી હતી કે સરકારે ઠરાવેલા ઉપાયો માત્ર બળથી અમલમાં મેલવામાં આવે તેના કરતાં લોકોની તેમાં સામેલગીરી લેવામાં આવે તો વધારે સારૂં. ગ્રહસ્થો, એક લાયક શેહેરી આગેવાન તરીકે જે કિંમતી સેવા તેણે બજાવી છે તેવી કોઇ પણ અંગ્રેજ બતાવી શકે નહીં. આગળ ચાલતાં પ્રતિવાદી પોતાના લખાણમાં સરકારને

અરજ કરે છે કે મરકીને જેમ બને તેમ ફેલાતી અટકાવવી; કારણ કે એકવાર જો તે દાખલ થઇ તો ઘરો બાળવાથી, ખોદવાથી યા ભાગવાથી તે જતી રહેવાની નથી. મરકીના વહિવટના સંબંધમાં પ્રતિવાદી જણાવે છે કે શેહેરમાં તે વિષે લોકોમાં પુષ્કળ અફવા ચાલે છે; પણ તે તદન આધાર વગરની છે. સરકાર તરફથી સ્ત્રી દરદીઓ માટે કેવી સંભાળ રાખવામાં આવી હતી તે વિષે પ્રતિવાદીએ લોકોને ખબર કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે કોઇ સ્ત્રી દરદીને હાથ લગાડવાનો કોઇ પણ અમલદારને હક આપવામાં આવ્યો નથી; પણ સ્ત્રીઓ માટે ખાસ સ્ત્રી ડાકતર રાખવામાં આવી છે.

સરકાર સામે શક નહી લઇ જવાની લોકોને આપેલી શિખામણ.

મી. પ્યુએ તે પછી ગઇ તા. ૯ મી માર્ચ ૧૮૯૭ ના "કેસરી" પત્રના અંકમાં મરકી વિષે આવેલું લખાણ વાંચી સંભળાવ્યું હતું. તે વાંચ્યા પછી તેણે જણાવ્યું કે તેમાં તો પ્રતિવાદીએ મરકીને લીધે શેહેરમાંથી જતા રહેલા લોકોને ઠપકો આપ્યો છે અને જણાવ્યું છે કે માત્ર મુર્ખાઇને લીધેજ તેઓ નાશી ગયા હતા. મરકીના સરકારના વહિવટ વિષે લોકોમાં ફેલાયેલી અવિશ્વાસની લાગણી વિષે પ્રતિવાદીએ ઉલટું લોકોને જણાવ્યું હતું કે જ્યારે નામદાર ગવરનર સાહેબ જેવા અમલદાર પોતે પુને આવી લોકોને ખાત્રી આપે છે કે તેમના સાંસારિક અને ધર્મને લગતા રીવાજો મુજબ મરકીનો વહિવટ ચલાવવામાં આવશે ત્યારે કાંઇપણ વાજબી આધાર વિના તે સામે લોકોએ શક લઈ જવો જોઇતો નથી.

અંગ્રેજી લશ્કરી સિપાઇઓની વર્તણુક માટેનો સંતોષ—તેમની વર્તણુકને માટે આગેવાનો ઉપર મેલેલો દોષ.

ગઇ તા. ૧૬ મી માર્ચના "કેસરી" પત્રમાં આવેલા લખાણમાંનો એક ફકરો વાંચી મી. પ્યુએ તે પછી જણાવ્યું કે તેમાં પ્રતિવાદીએ જો કે જણાવ્યું છે કે ઘરેઘર ફરી દરદીઓની તપાસ ચલાવવાના કામ ઉપર લશ્કરી સિપાઇઓને રાખવાની શી જરૂર હતી? છતાં તેમને એક વાર નીમવામાં આવ્યા પછી તેઓએ ઉલટું જણાવ્યું છે કે અંગ્રેજ સિપાઇઓ પોતાનું કામ સંતોષ ભરેલી રીતે બજાવે છે. હિંદુઓના રસોડામાં તથા તેમની પવિત્ર જગામાં દાખલ થવાના અંગ્રેજ સિપાઈઓની ગેરવર્તણુકના કેટલાક દાખલા વિષેનો દોષ પ્રતિવાદી પોતાના લખાણમાં તે સિપાઇઓ સાથે જનારા દેશીઓ પર મેલે છે. તે જણાવે છે કે ઘરેઘર ફરી દરદીઓની તપાસ કરનારી અંગ્રેજ સિપાઇઓની દરેક ટોળી સાથે તે લતાના દેશીઓ જો ફરવા નીકળે તો એવા બનાવો બનવા પામેજ નહીં. વળી લોકો તરફ નરમાશથી વર્તવાનો હુકમ કહાડવા માટે પ્રતિવાદી પોતાના લખાણમાં લોર્ડ સેંડહર્સ્ટનો વારંવાર ઉપકાર માને છે. ગઇ તા.૧૮મી મેના 'કેસરી' પત્રનું એક લખાણ વાંચી મી. પ્યુએ તે પછી જુરીના ગ્રહસ્થોને વધુ જણાવ્યું કે,

સરકારને મદદ કરી પાછળથી તે સામે શા માટે મી. તીલક ફીતુરી લખાણ કરે?

ગૃહસ્થો, તમે અત્રે વિચાર કરશો કે જે શખસ ગઈ તા. ૧૮મી મે સુધી એક પછી એક લખાણો કરી સરકાર ખરા અંતઃકરણથી તેના કામમાં મદદ કરે અને તે રીતે તે તારીખ સુધી સરકાર તરફ વફાદાર રહે તે પાછળથી એકાએક ફરીને તા. ૧૫મી જુને સરકાર સામે શા માટે ફીતુરી ચલાવે? અને હું કહું છું કે અમોએ તેવી રીતે ફીતુરી ચલાવ્યુંજ નથી. મારૂં કુલ એ એક એવો માણસ છે કે જે જો ફીતુર કરવા માગતો હોત તો દર અઠવાડીએ તેવા પ્રકારના લખાણ પ્રગટ કર્યા જાત અને તે રીતે સરકારનો કારોબાર લોકોની નજરમાં હલકો પડયો જાત. તે માટે દુકાળ, મરકી, ધર્તીકંપ વગેરે બાબતો હતી, પણ તેઓએ તેમ કર્યું નથી. હું કહું છું, ગૃહસ્થો, મરકીના વખતમાં મી૦ તીલકે જે કામ કર્યું છે તેથી વધારે સારૂં કામ કોઇ યુરોપિયન પણ કરી શકત નહીં. મરકીની પોતાની કારકીર્દીના સઘળા વખત દરમીયાન મી૦ તિ

લક નામદાર લૉર્ડ સેન્ડહર્સ્ટના મિત્ર હતા. તેઓ તેને માટે ઘણું ઉંચો મત ધરાવેછે, પણ જણાવે છે કે તે ઘણો ખરો પોતાના અમલદારોના હાથમાં જઇ પડયો છે. વળી ગવર્નરની સારી ઇચ્છાઓ માટે પ્રતિવાદી સારો વિચાર ધરાવતા આવ્યા છે.

જ્યુબીલી વિષે મી૦ તીલકે કરેલું લખાણ.

પ્રતિવાદીએ જ્યુબીલી વિષે લખેલી જુદી જુદી આર્ટીકલોને લગતી બાબતો ઉપર આવતાં મી. પ્યુએ તે પછી જણાવ્યું કે મારા વિદ્વાન મીત્ર ઓનરેબલ મી. લેંગે તેના સંબંધમાં એવું જણાવ્યું છે કે તે લખાણો ઘણાં ખરાં સર રીચર્ડ ટેમ્પલે જ્યુબીલી વિષે કરેલાં લખાણને આધારે કરવામાં આવ્યાં હતાં. ગૃહસ્થો તે લખાણો ગમે તે ઉપરથી લેવામાં આવ્યાં હોય તે સાથે મને લાગતું વળગતું નથી. હું તો એટલુંજ જણાવીશ કે તે લખાણો ઘણાં સરસ રીતે રચવામાં આવ્યાં છે. કોઇ અંગ્રેજી પત્રોએ પણ તેના કરતાં સારાં લખાણો કર્યાં નહીં હશે. હું તે સઘળાં લખાણો અત્રે વાંચી તમને મહેનત આપવા માંગતો નથી, પણ અત્રે તેમાંનો એકજ ફકરો હું તમને વાંચી સંભળાવીશ.

અત્રે મી. પ્યુએ ગઇ તા. ૧૫ મી જુનના 'કેસરી' પત્રમાં ડાયમંડ જ્યુબીલીના સંબંધમાં હિંદુસ્તાનની સ્થીતિ વિષે કરવામાં આવેલાં લખાણમાંથી એક ફકરો વાંચી સંભળાવ્યો હતો. તે ફકરો "એકસો વર્ષની વાત ઉપર હિંદુસ્તાનમાં બાહોશ રાજદ્વારી અને લડવૈયા ઉત્પન્ન થતા હતા પણ હાલ તે થતા નથી" તે બાબતને લગતો હતો. તે વિષે બોલતાં મી. પ્યુ બોલ્યો કે તેમાં વાંધો લેવા જેવું શું છે તે હું સમજતો નથી કારણ કે કોઇ પણ સ્કોચમેન અથવા વેલ્શમેન તેમજ કહેશે કે હિંદુસ્તાનની સ્થીતિ નિર્ધન થવા વિષે સામી તરફથી તમને ફકરો વાંચી સંભળાવવામાં આવ્યો છે પણ તેજ ફકરા નીચે બીજો જે ફકરો હિંદુસ્તાનને છેલાં સાઠ વર્ષની અંદર થયલા ફાયદા વિષે આપવામાં આવ્યો છે તે તમો હજુર સામી તરફથી વાંચી સંભળાવવામાં આવ્યો નથી. તે ફકરામાં પ્રતિવાદીએ બતાવી આપ્યું છે કે છેલાં સાઠ વર્ષમાં રેલવે, વ્યાપાર, તાર, લોકોની વસ્તી, નહેર વગેરે હિંદુસ્તાનમાં વધ્યા છે. તે રીતે પ્રતિવાદીએ એક તરફથી હિંદુસ્તાનને થયેલા ફાયદા બતાવ્યા છે ત્યારે બીજી તરફથી તેને થયેલા ગેરફાયદા બતાવ્યા છે. તે રીતે જોતાં તેઓએ પોતાનું લખાણ બહુ વ્યાજબી રીતે કર્યું છે, એમ જણાય છે. અંગ્રેજી રાજ્યમાં છાપાને મળેલું છુટાપણું લોકોને જાહેર સભામાં પોતાના વિચાર દર્શાવવાની મળેલી છુટ વગેરે વિષે 'કેસરી' પત્રમાં આવેલી આર્ટિકલોના ફકરા વાંચી મી. પ્યુએ જ્યુરીના ગૃહસ્થોને અરજ કરતાં જણાવ્યું કે હું જે કહેવા માગું છું તે એજ કે બંને બાજુને તપાસી તમે ધ્યાનમાં લ્યો, કારણ કે તે રીતે જોતાં કોઇપણ સમજુ માણસ એમ નહી કહી શકે કે તે લખાણો ફીતુરી કહેવાય. પ્રતિવાદી જ્યુબીલીને લગતાં પોતાનાં લખાણોમાં મહારાણીની લાંબી જીંદગી ઈચ્છે છે, અને હિંદની પ્રજા તરફથી અરજ ગુજારે છે કે તેઓએ જ્યુબીલીના પ્રસંગમાં હિંદુસ્તાનના લોકોને વધારે છુટાપણું અને વિચારો દર્શાવવા માટે વધુ છુટ બક્ષીને તે બનાવ યાદ રાખવા લાયક બનાવે. તેઓ વળી પોતાના લખાણમાં ઇશ્વર પાસે માગે છે કે હિંદના લોકોની તેવી અરજ મહારાણી પોતાનેજ હાથે અમલમાં મેલે તેટલા માટે તે નામદારની જીંદગી તે લંબાવે એ ફકરાઓ વાંચ્યા પછી શું એ વાત બનવા યોગ્ય છે કે પ્રતિવાદી તા. ૨૨ મી જુનના પોતાના પત્રમાં સરકાર સામે ફીતુરી લખાણ કરે ? તમો ગૃહસ્થો વ્યાજબી રીતે ધ્યાનથી એ મુકરદમો તપાસશો તો તમે પ્રતિવાદીને અપરાધી ઠરાવવાના અભિપ્રાય ઉપર કદી આવશો નહી.

" ફૉર્ટ નાઇટલી રીવ્યુ " નામના ચોપાન્યાના છેલા અંકમાં એક લખાણ કરવામાં આવ્યું છે, જે હાલના મુકરદમાને તદન લાગુ પડે છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે સરકારે દુકાળનો અટકાવ કરવો જોઈતો હતો. વળી લશ્કર વિષે બોલતાં તેમાં જણાવવામાં આવ્યું છે કે દેશમાં સુલેહ જાળવવા જોઇએ તે કરતા હિંદુસ્તાનમાં વધારે લશ્કર છે, અને તે વધુ લશ્કર સરહદ તરફની શહેનસાહી રાજનીતિ

તે લીધે રાખવામાં આવ્યું છે. ઇંગ્લંડની સરકાર જો વ્યાજબી રીતે વર્તવા ઇચ્છતી હોય તો તેણે તે માટેના ખર્ચનો સારો જેવો ભાગ આપવો ઘટે છે, કે જેથી તે નાણું દુકાળ જેવાંર કામો માટે હિંદી સરકાર વાપરી શકે. હવે ગૃહસ્થો ઉપલું લખાણ પણ મી. તીલકના જેવુંજ છે તે સાથે આસામના હાલના કમીશનર મી. કોટને થોડા વખત પહેલાં "ન્યુ ઇન્ડિયા" નામની ચોપડી કહાડી હતી, તેમાં પણ ઉપલી મતલબનું લખાણ કરવામાં આવ્યું છે. તેમાં મી. કોટન જણાવે છે કે નવા હિંદુસ્તાનના કેળવાયેલા હિંદુઓની આશા દિવસેદિવસે વધતી જાય છે, પણ તે સાથે વધુ અને વધુ લાયક થતી જાય છે. પણ તેમની તે આશાઓ હિંદી અંગ્રેજોના વિચારરૂપી ખડક સાથે અથડાયછે. દેશીઓની કાયદા પ્રમાણેની અને વ્યાજબી તે આશાઓની જો આપણે દરકાર કરીએ નહી તો આપણી આંખો વીંચીને આપણે કામ કરતા હોઇએ એમ કહી શકાય. મી. પ્યુએ તે પછી તે ચોપડીમાં ટાંકેલા, લૉર્ડ રીપન, લૉર્ડ મેકોલે, પ્રોફેસર ફૉસેટ, મી. ગ્લાડસ્ટન, લૉર્ડ કોર્નવાલીસ, લૉર્ડ વિલ્યમ બેન્ટિક, લૉર્ડલૉરેન્સ અને લૉર્ડ લીટન વગેરેના દેશીઓને આગલ વધાર્યા જવાની રાજ્ય નીતિના ફકરાઓ જ્યુરીના ગ્રહસ્થો હજુર વાંચી સંભળાવ્યા હતા. તેમ કરી તેણે જણાવ્યું કે મી. કૉટન પોતાની તે ચોપડીમાં પોતાની શકિતને છેક સ્વપ્નવશ થયેલ હદ સુધી લઇ જઇ જણાવે છે કે ભવિષ્યમાં સઘળા હિંદુઓ એકત્ર થઇ પોતાનો કારોબાર પોતે ચલાવી શકશે. તે લખાણ જ્યારે કાયદા પૂર્વક છે ત્યારે તો મી. તીલકનું તેજ પ્રમાણેનું લખાણ કાયદા પૂર્વક કાં નહીં કહેવાય? ગૃહસ્થો તેટલા માટે હું તમને અરજ કરૂં છું કે તમોએ બહાર કાંઇ સાંભળ્યું હોય તે તમારા મનમાંથી દૂર કરશો. તેમ જો તમે કરશો તો જણાશે કે પ્રતિવાદીના લખાણમાં જો કે કેટલીક નહી લખવા જેવી બીના છે છતાં તે કાંઇ અંગ્રેજ સરકારને ઉંધી વાળવા માટે નથી. તેટલા માટે હું તમને અરજ કરૂં છું કે કાયદાને વધુ તાણુવો નહીં. મુકદમો માંડવાનો વિચાર સરકાર પહેલાં બીલકુલ ધરાવતી નહીં હતી. પાછળથી 'ટાઇમ્સ ઓફ ઇન્ડિઆ'માં આવેલાં લખાણોથી તથા પાર્લામેન્ટમાં સર એ સ્મીથ બાર્ટલેટ અને સર મંચેરજી ભાવનગરીએ પુછેલા સવાલોથી તે મુકદમો માંડવામાં આવ્યો છે. તેઓએ અંતે પોતાને મળેલી ખોટી ખબરો ઉપરથી સવાલો પૂછ્યા હતા. છેવટે હું જણાવીશ કે મુકદમાનું પરિણામ તમારા હાથમાં છે. તમને જણાવવામાં આવ્યું છે કે આ મુકદમો ઘણો અગત્યનો છે અને આખા ઈંગ્લંડની એકલાની આંખો નહી પણ આખી સુધરેલી દુનિયાની આંખો તમારી તરફ હાલ ફરતી છે, તેટલા માટે તમારે બહુ સંભાળથી વિચાર કરવાનો છે. તેમ કરી તમે બીજા બહારના વિચાર જો કાઢી નાખશો તો તહોમતદારનો નિર્દોષ ઠરાવવાના અભિપ્રાય વિના બીજા મત ઉપર કદી આવશો નહી. છેવટે એટલુંજ કહીશ કે આ મુકદમાના પરિણામ માટે તમે એકલા જોખમદાર છો તે પર તમારે ધ્યાન આપવાને ભુલવું નહી.

એટલું કહી બરોબર સાડા ત્રણ વાગે મી. પ્યુએ બચાવ તરફનું પોતાનું ભાષણ પુરૂં કરી પોતાની બેઠક લીધી હતી. મી. પ્યુએ સઘળા મળી સાત કલાક પોતાના ભાષણ માટે લીધા હતા.

નામદાર જડજે તે પછી જ્યુરીના ગૃહસ્થોને જણાવ્યું કે મુકદમામાં પડેલી જુબાનીનો સાર તમો હજુર કહેવાને મને વધારે વખત લાગશે તેથી આજે મુકદમો મુલતવી રાખું છું કે કાલે તમે વિશ્રાંતિ લઇને આવો અને તે ઉપર બરાબર ધ્યાન દઇ શકો એટલું કહી નામદાર જડજે મુકદમાની તપાસ તા.૧૫ મી. મંગળવારની સવારના અગ્યાર વાગતા ઉપર મુલતવી રાખી હતી.

છઠી બેઠક.

લોકોની અસાધારણ ઠઠ.

આગલા દિવસો કરતાં તા. ૧૫ મીએ લોકોની ઠઠ ઘણીજ હતી. પોલીસ તરફથી જેવા તેવા માણસોને અંદર આવવા દેવા માટે પૂરતી ચાંપ હતી તે છતાં પણ કોર્ટના મકાનની સઘળી જગ્યામાં સર્વે કોમના મા

ણુસો ભરાઈ ગયાં હતાં. યુરોપીયનો પણ ઘણી મોટી સંખ્યામાં હાજર હતા. જડજના માચડા ઉપર પણ માણસો ભરચક થઈ ગયાં હતાં. પોલીસને બંદોબસ્ત રાખવા માટે ઘણી કાળજી લેવી પડતી હતી. બીજા બંધવાએ, નામદાર જડજના સવાલના જવાબમાં જણાવ્યું કે તેણે પ્રુફો વાંચ્યાં હતા નહીં.

નામદાર જડજનું ભાષણ.

નામદાર જડજે સવારના અગીયાર વાગ્યાથી તે સાંજના પાંચ વાગ્યા લગી (બપોરના ટીફીન ટાઇમ શીવાય) તપસીલવાર જુરીના ગ્રહસ્થોને ભાષણ કરી સંભળાવ્યું હતું, જે નિચે પ્રમાણે હતું:—જુન ૧૮૯૭ ની ૧૫ મી તારીખના "કેસરી" પત્રમાં હિંદુસ્તાનની સરકાર સામે ઉશકેરણી કરવા માટે, અને ઉશકેરણી કરવાનો યત્ન કરવાના વાંક માટે બન્ને આરોપીઓની તપાસ ચલાવવામાં આવે છે. કાયદાની જે કલમ મુજબ આરોપ મુકવામાં આવ્યો છે તે પ્રમાણે ફીતુરી લખાણનો લેખકજ નહીં, પણ જે કોઈ તેવા લખાણનો ઉપયોગ કરે તેને પણ ગુનેહગાર ગણવામાં આવે છે.

આરોપીઓની જોખમદારી.

પહેલો આરોપી મુંબઇ ઇલાકામાં ફેલાવો પામેલા મંગળવારે પ્રગટ થતા "કેસરી" પત્રનો માલીક અને પ્રગટ કરતો છે; તા. ૧૫મી જુનનો અંક મુંબઇમાં વહેંચાયો હતો, અને તેથી કાયદા પ્રમાણે મુંબઇમાં આ ગુનાહની તપાસ કરવાની હકુમત છે. પહેલો આરોપી પ્રુફ વાંચતો હતો, અને કોરટમાં રજુ થયલા સોગનનામાની રૂએ પહેલા આરોપીએ ૧૫મી જુનનો અંક પ્રગટ કરેલો ગણવો જોઇએ. બીજો આરોપી ૧૫મી જુને આકટીંગ મેનેજરનું કામ કરતો હતો તે તેણે પોતે કબુલ કરેલું છે, પ્રુફો એની પાસેથી જતાં હતાં, તોપણ તે તપાસવાનું કામ એનું ન હતું. સદરહુ અંકના લખાણ માટે અગર જો તે જોખમદાર નહીં હોય તોપણ મેનેજર તરીકે એના હાથ નિચેથી જે લખાણ પસાર થયું તે માટે એ જોખમદાર નથી એ માનવું મુસકેલ છે.

કલકત્તાના બારીસ્ટરને ના પાડવાથી કાંઇ ગેરઇનસાફ થયો નથી.

બીજો આરોપી એમ જણાવે છે કે એણે કલકત્તાના બારમાંથી રોકેલા બારીસ્ટરને અહીં એના બચાવ માટે ઉભા રહેવાની ના પાડવાથી એને ગેરઇનસાફ થયો છે. ઓગસ્ટની બીજી તારીખથી તે ૮મી સપટેમબર સુધીમાં મુંબઇના બારીસ્ટરોમાંથી કોઈ પણ હુશીઆર ધારાના હિમાયતીને રોકવાની તેને પુરી તક હતી. બીજા ઇલાકાના બારીસ્ટરોને અમુક ખાસ કેસ માટેજ અત્રેની હાઈ કોરટમાં દાખલ ન કરવાની અત્રે રૂઢી છે. તે રૂઢી વાજબી છે કે કેમ તે વિષે કાંઇ પણ બોલ્યા વગર, હું એટલું જણાવું છું કે આરોપીને કાયદાની સલાહ પુરતી રીતે મળી શકે તેમ હતું.

પુનામાં તપાસ કેમ ચલાવી નહીં?

સદરહુ આર્ટીકલો મુંબઇમાં પણ ફેલાવો પામેલો હોવાથી, અત્રે આ કામ ચલાવવાની સત્તા કોરટ ધરાવે છે; અને જ્યાં વધારે સવડ પડે ત્યાં કામ ચલાવવાનું કામ સરકારની મેનસફી ઉપર છે. જો પુનામાં કામ ચાલત, તો તેની એસેસરોથી તપાસ થાત અને તેમના ચુકાદા ઉપર આતરે અપીલ રહેત. પુનામાં તપાસ ચલાવવાથી જે ગડબડાટ થઇ રહે તે તરફ જોતાં સરકારે અત્રે કામ ચલાવવું દુરસ્ત વિચાર્યું છે. સરકાર તરફથી આ મુકદ્દમો માંડવામાં આવ્યો છે એ વિચાર મારી તેમજ તમારી (જુરીની) ફરજની આડે આવતો નથી; કેમકે તમારે તો પુરાવા ઉપરથી તેઓનો ચુકાદો આપવાનો છે.

કાયદામાં શું કહ્યું છે?

આ કામમાં કાયદાનું વચન શું છે, અથવા તો તેમાં વપરાયલા શબ્દોનો અર્થ શું થાય છે તે માટે તો હું જે કહું તેજ તમારે ધ્યાનમાં લેવાનું છે, અને મારા કહેવા મુજબ કાયદાનો અર્થ સમજ્યા પછી, તમારી આગળ રજુ થયલા પુરાવા ઉપરથી, સદરહુ લખાણ કાયદાની રૂએ ગુનાહ પાત્ર

ગણાય કે નહીં તે તમારે કહેવાનું છે. શીતુરી લખાણને લગતો ઈંગ્લાંડનો કાયદો મેં બરાબર રીતે મનન કર્યો છે, અને હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે હિંદુસ્તાન અને ઈંગલાંડના કાયદામાં ફેર છે; અને તેથી ઈંગલાંડના કાયદાનો ખ્યાલ તમારે મનમાંથી ખસેડી નાંખવો.

નામદાર જડજે પીનલકોડની ૧૨૪ ' એ ' કલમ વાંચી સંભળાવી અને Disaffection (બેદીલી) નો અર્થ અપ્રસન્નતા, ધીકાર, કુબુદ્ધિ અથવા દુશમનાઈ વગેરે થાય છે, એમ જણાવ્યું. આ બેદીલી કેટલે દરજ્જે સુધી હોવી જોઈએ એ કાયદામાં જણાવ્યું નથી.

" ઉશ્કેરણી કરવી " એટલે શું ?

ઉશ્કેરણી કરવી અથવા તો તેનો યત્ન કરવો તે બન્ને સરખોજ અર્થ સૂચવે છે, અને અગર જો કોઈ માણસ ખરેખર ઉશ્કેરાયું નહીં પણ હોય, તો પણ કાયદા પ્રમાણે ઉશ્કેરણી કરવાનો યત્ન કરવો એ ગુનહો છે, કોઈ પણ પ્રકારના કાર્યની આમાં જરૂર નથી. ફક્ત લાગણી અને ઈરાદા ઉપર ગુનાહનો આધાર રહેલો છે; કોઈ પણ જાતની જબરજસ્તી અથવા અટકાવ પુરવાર કરવાની પણ જરૂર નથી, એ વાત જુરીના ગૃહસ્થોએ ખાસ ધ્યાનમાં લેવાની જરૂર છે.

સરકારના કામ માટે ટીકા કરવી એ ગુનાહ નથી.

સરકાર સામે બેદીલીની ઉશ્કેરણી કરવી એ ગુનાહ છે; પણ સરકારના કોઈ પણ પગલાં માટે ટીકા કરવી એ ગુનાહ નથી એમ સદરહુ કાલમના પાછલા ભાગમાં જણાવ્યું છે.

કાયદાસર ટીકા કોને કહેવી ?

ધારા પ્રકરણ, મરકી, દુષ્કાળ વગેરે બાબતોમાં સરકાર જે કાંઈ કરે અથવા કરવા પછાત પડે તે માટે ટીકા કરવી એ વાજબી ગણાય, પણ દુષ્કાળ, મરકી વગેરે બાબતો માટે સરકાર સામે વિરૂદ્ધ અને દુશમનાઈની લાગણી ઉશકેરવા માટે ટીકા કરવી એ કાયદેસર નહીં ગણાય. કલમમાં જે પુરવણી તરીકે " ખુલાસા " આપવામાં આવ્યો છે તે મુજબ એવો અર્થ નિકળે છે કે લેખક પોતાના વાંચનારાઓને અંગ્રેજ રાજ્યને ધિક્કારવા ઉશકેરે છે કે કેમ તે જોઈ તેનો લાભ આપવાનો છે.

તીલકના મનનો વિચાર શું હતો ?

એ કહેવું મુશકેલ છે. શિવાજીને લગતું સદરહુ લખાણ એક કાવ્યજ હતું કે કાવ્યના રૂપમાં સરકાર સામે ઉશકેરણી કરનારૂં લખાણ હતું એ પણ કહેવું મુશકેલ છે. આ બાબતનો ખરો નિર્ણય સદરહુ લખાણની ભાષા ઉપરથી અને સદરહુ લખાણ વાંચવાથી શું અસર થાય છે તે જોઈને કરવાનો છે. એ આર્ટિકલો સરકાર સામે ઉશકેરણી કરવાના વિચારથી લખવામાં આવ્યા હતા કે નહીં તેનો વિચાર કરીએ તો પહેલાં જે મુખ્ય બાબત ધ્યાનમાં લેવાની છે તે એ છે કે સદરહુ આર્ટિકલો પ્રસીદ્ધ થવા તેના સમય અને સ્થાન ઉપર લક્ષ આપવું જોઈએ. જુરીના ગૃહસ્થોએ પોતાને કેસરીના વાંચનારાઓની સ્થિતિમાં મુકાઈ, સામાન્ય હિંદુના મન ઉપર એ લખાણોથી શું અસર થાય છે તે નક્કી કરવાનું છે. તીલક એક ઘણીજ મોટી વગ ધરાવનાર માણસ હતો. બીજું એ લખાણોનો વિચાર સામાન્ય બુદ્ધીથી કરવાનો છે, એટલે કે લખાણનો ખરો અર્થ આખા લખાણના ભાવ ઉપરથી કરવાનો છે, નહીં કે અમૂક વાક્ય અથવા છુટક છુટક ફકરાઓ ઉપરથી. આ એક ફોજદારી મૂકરદમો છે, અને ફરીઆદીએ આરોપીઓ ઉપરનો વાંક સાબીત કરવાનો છે, અને સરકાર સામે બેદીલીની લાગણી ઉશકેરવામાં આવી છે તે પૂરવાર કરવાનું છે. સદરહુ લખાણના તરજુમા ઉપરથી એ પૂરાવો આપવાનો ફરીઆદીએ વિચાર રાખ્યો છે. મારા મત પ્રમાણે શબ્દે શબ્દના અર્થ મૂજબના તરજુમા કરતાં છુટા તરજુમા વધારે પસંદ કરવા જોગ છે. જે જગ્યાએ તરજુમામાં વાંધો હોય તે જગ્યાએ શબ્દે શબ્દના તરજુમા ઉપર જુરીએ ધ્યાન આપવાનું છે, અને તેમ કરતાં પણ જો તેમનાં મનમાં કાંઈ શક રહેવા પામે તો તેનો લાભ તેઓએ આરોપીને આપવાનો છે અને લખાણના સઘળા આસપાસના અર્થ ઉપર નિરાકકરણ કરવાનું છે. મી. જે મુખ્ય સવાલ નક્કી કરવાનો છે તે એ છે કે સદરહુ લખાણ વાંચનારના મનમાં શું અસર પેદા કરે છે? આ પછી નામદાર જડજે

શિવાજી મહોત્સવ વિષે જ્યુરીને સમજુત આપી હતી અને તે દરમ્યાન શીવાજી કોણ હતો, તેણે મરાઠી સત્તાનો પુનોદ્ધાર કેમ કિધો તે વિષે ટુંક વિવેચન કર્યુ હતું.

શિવાજી કોણ હતો.

અંગ્રેજી તવારીખમાં શિવાજીને એક મોટા યોદ્ધા અને કુશળ રાજકર્તા તરીકે માન આપવામાં આવ્યું છે અને તેથી તેની યાદગીરી કાયમ રાખવા માટે મરાઠાઓને પુર્ણ હક છે; પણ તેની સાથે યાદ રાખવુ જોઇએ કે અંગ્રેજોએ આ મુલક મરાઠાના હાથમાંથી જીતી લીધેલો છે; સને ૧૮૧૮ માં છેલ્લા પેશવાને વશ કરવામાં આવ્યો હતો. શિવાજીનો અંગ્રેજો સાથે જે સંબંધ હતો તેનો વિચાર શિવાજી મહોત્સવ સાથે કરવો જોઇએ. શીવાજી આજ ૨૦૦ વર્ષ પુર્વે મરણ પામ્યો. સને ૧૮૮૪ માં રાયગઢમાં આવેલી તેની કબરની બીસમાર હાલત ઉપર ધ્યાન ખેંચવામાં આવ્યું હતું. એ હિલચાલ દિનપરદિન વધતી ગઇ અને ૧૮૯૬ ની સાલમાં તે હિલચાલે શિવાજી મહોત્સવનું રૂપ ધારણ કર્યું, ત્યાં લગી એ હિલચાલમાં કાંઇ વાંધા ભરેલું નહીં હતુ. ત્યાર પછી અફઝલખાનના ખુન વિષેનો સવાલ ચર્ચાયો. ૧૮૯૮ માં પ્રો. કરકરીઆએ એક ભાષણ આપ્યું, અને તેમાં અંગ્રેજ તવારીખ લખનારાઓની દલીલને એણે તોડી નાંખી. ૧૮૯૯ માં "ટાઇમ્સ ઓફ ઈંડીઆ"માં એ સવાલ પાછો ઉપાડવામાં આવ્યો, અને આ વખતે પ્રો. ભાનુએ શિવાજી ઉપર એક ભાષણ આપ્યું. આ ચર્ચા વાજબી હતી; પણ ઘણીજ નાજુક અને જોખમકારક હતી અને જેથી કરીને અજ્ઞાન લોકોમાં તે ઉપરથી ખોટી અસર થવા ન પામે એની કાળજી રાખી એક પ્રજાના પ્રતિનિધીએ તેનો વાદવિવાદ કરવાનો છે.

રાજકિય કારણે ખુન થઇ શકે ?

રાજકીય કારણસર ખુન કરવાની ભલામણ વાજબી ગણવી કે કેમ તેનો આધાર કયા લોકોને તે કરવામાં આવે છે, અને તેનો સમય કયો છે તે ઉપર છે. ૧૮૯૭ ની સાલમાં દેશસ્થિતિ એ કામ માટે અનુકુળ ન હતી. દુષ્કાળ અને મરકી દેશમાં પ્રસરેલાં હતાં; અને તેની સામે ટક્કર લેવા સરકારને ઘણીજ તકલીફ વેઠવી પડી હતી. મરકી માટે લેવામાં આવેલા ઉપાયો પ્રજાને પસંદ પડયા નહીં હતા, ફરજીઆત હસ્પીટાલમાં લઇ જવા સામે લોકોને વાંધો હતો અને ઘેર ઘેર ફરી દર્દી શોધી કહાડવાનું કામ પુનામાં સોલજરોની મદદથી કરવામાં આવ્યું હતું. તેથી લોકોની ઉશકેરાયલી સ્થિતિ હતી. સોલજરો સામે અપમાન અને ચોરીના આરોપો મુકવામાં આવ્યાં હતાં અને પરદેશીઓ તેઓની વચ્ચે આવતા હોવાથી લોકો ભડકી ગયા હતા. અને તેથી કચવાટ ઉત્પન્ન થયો હતો. તે દરમ્યાન મરકીના કામ ઉપર ઉપરીપણું ધરાવનાર અમલદારનું ખુન થયું હતું. હું એમ કહેવા નથી માંગતો કે એ ખુનો સદરહુ લખાણને લીધે થયાં છે, અને તેથી તે વાત તો જુરીએ મનમાંથી ખસેડી નાંખવાની છે. તે વખતની લોકલાગણી કેટલી વધેલી હતી તે એ ફકત બતાવે છે. હું એમ પણ કહેવા નથી માગતો કે ટીલકે એ લખાણ કરતી વખતે એવો વિચાર રાખ્યો હતો.

તીલકને આ સર્વ વાત જાણીતી હતી.

અને તેમ છતાં પણ એવા સમયે સદરહુ એ આર્ટીકલો લખવાની એણે હિમત કરી. આવા ઉશકેરાયલા સમયમાં મીજાજ ઠંડા થવાની જરૂર હતી; અને તેમ છતાં પણ શિવાજી અને "મરાઠા વીર" વિષે એણે લખાણ કર્યું. ફરીયાદીનુ કહેવું એવુ છે કે પહેલો આર્ટિકલ અંગ્રેજ અને શિવાજીના રાજનો મુકાબલો છે અને આવા ઉશકેરાયલા સમયમાં લોકોની લાગણી વધારે ઉશકેરવાના ઇરાદાથી એ લખવામાં આવ્યો છે. બચાવ તરફનુ કહેવું એમ છે કે એ તો એક કાવ્ય છે અને શિવાજીનો વિજય ગાવા માટે તે રચવામાં આવ્યું હતુ.

યોગ્ય ટીકા કરવાની છુટ છે.

કર વિષે બોલતાં નામદાર જડજે જણાવ્યું કે તે વિષે વાદવિવાદ કરવો એ વાજબી છે. ત્યારબાદ વાકેના બ્રાહ્મણોને લગતો બનાવ, ગૌવધ, રેંગનની ગોળી વાગવાને લગતી બાબત વિષે નામદાર જડજે વિવેચન કર્યું હતુ.

દાદ લેવી તે કયે રસ્તે ?

મી૦ બેગનું કહેવુ એવું છે કે જોર જુલમના આધારે દાદ લેવાનું સુચવન કરવામાં આવ્યું છે. લખાણુને ભાવ ધ્યાનમાં લઇ જોર જુલમથી અથવા ત ઉપયોગથી દાદ મેળવવાની સુચના કરવામાં આવી છે તે જુરીના ગૃહસ્થોએ નક્કી કરવાનું છે. દેશી રાજ્યના સબંધમાં કરવામાં આવેલી ટીકા વિષે મી. બ્રુ એમ જણાવે છેકે દરેક અંગ્રેજી પત્રમાં એવી ટીકા જોવામાં આવે છે તે વાત ખરી છે; પણ સદરહુ લખાણમાં અંગ્રેજી અમલ નિચે જે દુઃખો કહેવામાં આવ્યાં છે તે સાથે તેને સામેલ કરવામાં આવ્યું છે. સમય અને સ્થાનને ધ્યાનમાં લઇ તે

લખાણ તે દિવસના ચાલતા સવાલો ઉપર ટીકા હતી કે એવકા અને ઉશ્કેરણી કરનારાં લખાણો હતાં તે વિચારવાનું કામ તમારૂં છે. જો તે વાજબી ટીકા લાગે તો તે તેઓએ આરોપીઓને બીન તકશીરવાન ઠરાવી છોડી મૂકવા.

આ વખતે બે વાગવાથી કોર્ટ ટીફીન માટે ઉઠી હતી. પોણાત્રણ વાગે પાછા બેસતાં નામદાર જડજે પોતાનું ભાષણ પાછું શરૂ કર્યું હતું.

શિવાજી મહોત્સવનો હેવાલ.

જો પહેલા આર્ટિકલને જુરી ઉશ્કેરણી કરનાર લેખે તો બીજો આર્ટિકલ પણ તેવોજ ગણાવો જોઇએ; પણ જો પહેલો આર્ટિકલ એક કાવ્ય તરીકે કોઈ પણ રીતે બેદીલી ઉશકેરે નહીં એવો જો તેઓ લેખે તો બીજો પણ તેવોજ રીતે ગણાવો જોઇએ. (બીજો આર્ટીકલ વાંચવામાં આવ્યો.) એ ઉપર ટીકા કરતાં નામદાર જડજે જણાવ્યું કે પોતાની આવેલી સ્વતંત્રતા પાછી મેળવવાનો એનો ઉદ્દેશ છે કે નહીં, અને તેમાં પાછલા કાળ માટે અર્થસૂચક ઈસારો કરવામાં આવ્યો છે કે નહીં તે તમારે જોવાનું છે. શીવાજીના **માવલા** એનો કેવો અર્થ કરે તે તમારે જોવાનું છે. તેઓ એમ ધારશે કે તીલક અને બીજાઓ મરાઠા રાજ્ય પાછું સ્થાપવા મથન કરે છે? "અંગ્રેજી રાજ્ય બોજા રૂપ છે, તેને ઉથલાવી નાંખવું જોઇએ" એવો અર્થ તીલકના લખાણ ઉપરથી નિકળી શકે છે કે નહીં તે જોવાનું પણ તેમનું કામ છે.

પૂરાવામાં રજુ કરવામાં આવેલાં બીજાં લખાણો.

ફરીયાદી તરફથી મી. તીલકની કુબુદ્ધિ બતાવવા સારૂ કેટલાંક લખાણો રજુ કરવામાં આવ્યાં છે; જ્યારે બચાવ તરફથી તે સામે કેટલાંક લખાણો રજુ થયાં છે. એ લખાણો ઉતરતા દરજ્જાનું મહત્વ ધરાવે છે, જો આરોપનાં લખાણોથીજ તેઓનું મન નક્કી થાય તો એ બીજા લખાણો વિશે તેઓએ કાંઈ વિચાર કરવાની જરૂર નથી. જો તેમના મનમાં કાંઇ શક રહેતો હોય તો તે બીજા લખાણો ઉપર નિગાહ પહોંચાડવાની જરૂર છે.

ત્યાર પછી તે લખાણો નામદાર જડજે વાંચી સંભળાવ્યાં હતાં. એ આર્ટિકલોની તારીફ કંઇ અગત્યતા ધરાવે છે. ફેબરવારીથી તે એપ્રીલ સુધીના લખાણોમાં તીલક ઘણીજ અગત્યની સુચનાઓ કરે છે. "સેગ્રીગેશન" ની એ હિમાયત કરે છે; મરકી માટે ઘણીજ ડહાપણ ભરેલી રીતો અમલમાં મૂકવા ભલામણ કરે છે. હિંદુઓસ્પીટલ સ્થાપવા માટે એણે મદદ કરી છે. પણ આ સાથે સરકારના કામ ઉપર ઘણીજ ટીકાઓ કરવામાં આવી છે. સોલજરોને કામે લગાડવાની રીત એણે વખોડી છે, પણ તેમ કરવામાં તે બીન ગુનેહગાર છે. પણ તેથી મેનો આર્ટીકલ જુદાજ રૂપમાં લખાયો છે. એ ફેરનું કારણ શું છે તે હું કહી શકતો નથી. તેમાં જણાવવામાં આવ્યું છે કે સોલજરોએ ઘણોજ જુલમ કર્યો છે; મી. રેન્ડ એક જુલમગાર અમલદાર છે; સરકાર જુલમ ગુજારે છે. અને સરકાર રાજ જુલમી છે.

જુરીનો વિચાર.

આ પછી બરાબર પાંચ વાગે જુરી વિચાર કરવા ગઈ હતી. લગભગ ૮૦ મીનીટ પછી બહુ તે મી. તીલકને ગુનેહગાર ઠેરવ્યો હતો અને બાલને બીન ગુનેહગાર ઠરાવ્યો હતો. મતની સખ્યા શું હતી તે જણાવ્યું નથી. છ તરફેણ અને ત્રણ વિરૂદ્ધ એમ કહેવામાં આવે છે. જુરી વિચાર કરવા ગઈ ત્યારે લોકોના મનમાં ઘણીજ આતુરતા વ્યાપી રહી હતી. મી. તીલકને પાંજરામાં લાવવામાં આવ્યો હતો અને કોરટમાં પહેલાં કદી એકઠી નહીં થયલી ઠઠ જોવામાં આવતી હતી.

મી. તીલકનો ખુલાસો.

કોર્ટના જવાબમાં મી. તીલકે જણાવ્યું કે તેને જે લખાણ માટે ગુનેહગાર ઠરાવવામાં આવ્યો છે તે લખાણો નો ખરો અર્થ મરાઠી લખાણના તરજુમા ઉપર રહેલો છે. તેમ છતાં પણ જે જુરીએ એને તકસીરવાર ઠેરવ્યો છે તેમાં કોઇ પણ હુશીઆર મરાઠી જાણનાર માણસ નથી એ મોટો અનર્થ છે. તે પોતે પહેલાંથીજ માને છે અને હાલમાં જણાવે છે કે એ લખાણ લખવામાં સરકાર સામે કોઇ પણ પ્રકારની લાગણી ઉશ્કેરવાનો તેનો જરા પણ વિચાર નહતો, તેમજ તેવા રીતની લાગણી તેના વાચનારાઓમાં ઉશ્કેરાવાની વકી પણ ન હતી અને તેવી લાગણી કોઇ રીતે ઉશ્કેરાઇ નથી.

સજા.

નામદાર જડજે સજા કરતાં જણાવ્યું કે મી. ટીલકની પ્રજામાં સ્થિતિ, તેની કેળવણી, તેના બીજાં લખાણો સર્વ તરફ જોતાં તેને કાયદામાં ફરમાવેલી થોડી શિક્ષા કરવામાં આવે છે અને ૧૨૪ એ કલમ મુજબ ગુનોહ કરવાના વાંક માટે તેને અઢાર મહીનાની સખત કેદખાનાની સજા ફરમાવવામાં આવે છે. બીજા આરોપીને છોડી દેવામાં આવે છે.